"જેઓ જીવનની યથાવત્ સ્થિતિથી ખુશ નથી. તેવા બધા માટે !"
વિવેક એસ. પટવર્ધન
એક્ઝીક્યુટીવ કોચ તથા ઓ.ડી. કન્સલ્ટન્ટ, પૂર્વ વીપી - એચ.આર. એશીયન પેઈન્ટસ.

સંતોષ નાયર



મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો

આજીવન નેતૃત્વ કરો

ELEVEN COMMANDMENTS of LIFE MAXIMIZATION

NOW IN GUJARATI

આમુખ - **શ્રી પવન ગોએન્કા**
પ્રેસીડન્ટ - ઓટોમેટીવ એન્ડ ફાર્મ ઈક્વીપમેન્ટ સેક્ટર ઑફ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લીમીટેડ

JAICO

VISIT…

LANZAROTE Caliente.com

“જેઓ જીવનની યથાવત્ સ્થિ

વિવેક એ

એક્ઝીક્યુટીવ કોચ તથા ઓ.ડી. કન્સલ્ટન

સંતોષ



લેખક વિશે

સંતોષ નાયર ભારતની સૌથી સરસ ઉદ્યોગપતિઓનું રૂપાંતરણ કરનારી કંપનીઓ પૈકીની એક એવી ‘સ્માર્ટ ટ્રેઇનીંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વીસીઝ પ્રા.લી.’ ના ચેરમેન તથા મુખ્ય સલાહકાર છે. એક કુશળ તાલીમ આપનાર, પ્રેરણાત્મક વક્તા તથા કોચ, એવા તેઓની તજજ્ઞતા સેલ્સ, લીડરશીપ તથા આંત્રપ્રેન્યોરશીપમાં રહેલી છે. તેઓ જીવનનું પરિવર્તન કરી નાખનાર તત્ત્વજ્ઞાન અતિ મહાન જીવનનાં સમકાલીન ઉદાહરણોનું જીવલેણ સંયોજન લાવે છે અને તેમની વાત કરવાની શક્તિશાળી શૈલી તેમને ટોળાં અને વિશિષ્ટ વર્ગમાં સૌથી વધુ પસંદ કરાતા તાલીમ આપનાર બનાવે છે.

સંતોષના સચોટ તાલીમ કાર્યક્રમો અને ઊર્જાસભર વક્તવ્યોએ વોડાફોન, એશીયન પેઇન્ટસ, પ્રોકટર એન્ડ ગેમ્બલ, એચડીએફસી, આઈસીઆઈસીઆઈ, કોકા કોલા, એરટેલ, બ્લોપ્લાસ્ટ, આઈટીડબલ્યુ ઇન્ડીયા, સોડેક્ષો પાસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સેન્ટ ગોબેન ગ્લાસ, ફિલીપ્સ, આયન એક્સચેન્જ, ગોંદરેજ, એલઆઈસી, ટાટા મોટર્સ, મોતીલાલ ઓસ્વાલ સીક્યોરીટીઝ લીમીટેડ, ન્યુ હોલેન્ડ ટ્રેક્ટર્સ, હુન્ડાઈ મોટર્સ વગેરે જેવા શ્રેષ્ઠ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કોર્પોરેશન્સને કુશળતા તથા ઉત્પાદન વધારવા તરફ દોરી ગયા છે.

૨ મીલીયન લોકો અને ૧૫૦૦ ઉદ્યોગપતિઓ કરતાં વધારે લોકોનાં જીવનમાં પરિવર્તન લાવનાર નાયરે તેમનું જીવન ઉદ્યોગપતિને લગતી શ્રેષ્ઠતા માટે સમર્પિત કર્યું છે તથા નાના તથા મધ્યમકદના ઉદ્યોગપતિઓને મહાન ભવિષ્યની કલ્પના કરવા તથા ત્યાં સુધી પહોંચવા માટે મદદ કરવા માટે એક ઉદ્યોગપતિ માટેના કોચ તરીકે કાર્ય કરે છે. માનવ પ્રતિભાને તેમની વર્તમાન વાસ્તવિક્તાને જગાડવાના તથા તેમની ખરી શક્તિને ખૂલ્લી કરવાના હેતુથી બનાવાયેલ જેનેરીક વિષયો પરના સેંકડો જીવન પરિવર્તન કરનાર ઓડીયો તથા વીડીયો તેમના જમા ખાતામાં છે. દરરોજ ઓછામાં ઓછા એક માણસને પ્રેરણા આપવી તે તેમના જીવનનું ધ્યેય છે.

પુસ્તક પ્રશંસા

આ પુસ્તકનો શ્રેષ્ઠ ભાગ એ છે કે તમે તેને એકી બેઠકે શરૂથી અંત સુધી વાંચી શકો છો... ખરા અર્થમાં પ્રેરણાત્મક છે.

– રાધા ક્રિષ્નન પિલ્લાઈ
લેખક – કોર્પોરેટ ચાણક્ય
ડાયરેક્ટર – ચાણક્ય ઇન્સ્ટીટ્યુટ ઑફ પબ્લિક લીડરશીપ,
યુનિવર્સિટી ઑફ મુંબઈ

સંતોષના સંઘર્ષો, નિષ્ફળતાઓ, ખંત તથા નોંધપાત્ર સફળતાઓની અંગત વાતો સ્વ-મદદ તથા નેતાગીરી માટેનાં બહાર પડેલાં અન્ય પુસ્તકો કરતાં આ પુસ્તકને અલગ તારવે છે. જરૂર વાંચો!

– અક્ષય ગાંવકર
નેશનલ હેડ-પ્રીપેઇડ એક્વીઝીશન્સ
કોર્પોરેટ પ્રોડક્ટ માર્કેટીંગ
આઈડીયા સેલ્યુલર

સંતોષ માટે ઉત્સાહ અને આગળનું જોવાની દૃષ્ટિએ તેમનો જુસ્સો છે જે આ પુસ્તકમાં પ્રતિબિંબીત થાય છે. આ પુસ્તક ઉદ્યોગપતિ માટે જરૂરી પ્રેરણા પ્રાપ્ત કરવા માટે "રચનાત્મક અજંપો" તથા "સકારાત્મક અસંતોષ"ને પ્રેરણા આપે છે.

– બી.ઓ મહેતા
સીનીયર પ્રેસીડન્ટ
પીડીલાઈટ ઇન્ડસ્ટ્રીઝ લી.

આલોચનાપૂર્ણ, મજબૂત અને વશ કરનાર. તમારા રસને જીવંત રાખે છે અને તમે કોણ છો અને ક્યાં પહોંચવા માંગો છો તેની શોધ કરવા માટે ઊંડી શોધમાં જવા માટે તમને દબાણ કરે છે. દરેક પ્રકરણ પછી તેમાં આપેલ ખ્યાલને વ્યવહારુ ઉપયોગમાં ફેરવવા માટે મદદ કરવા માટે આપેલ એક્સરસાઈઝ સાથે વાર્તાની જેમ લખાયેલ આ પુસ્તક તેને અદ્વિતિય બનાવે છે.

– રાજેન્દ્ર સૂદ
ડાયરેક્ટર એન્ડ હેડ – ન્યુ ઇનીશીએટીવ્સ
મેક્ષ લાઇફ ઇન્સ્યુરન્સ કં.લી.

આ પુસ્તક ખરેખર આનંદપ્રદ છે. બધાજ નવા ઊભરતા ઉદ્યોગપતિઓ માટે વાંચવું ફરજિયાત

– મહેશ શેટ્ટી
સીએમડી
એમ.ટી એજ્યુકેર લીમીટેડ
(મહેશ ટ્યુટોરીયલ્સ શરૂ કરનાર)

આ પુસ્તકમાં અપાયેલ સંતોષનો સીધો હૃદયમાંથી આવતો ઊર્જાવાન સંદેશ, અસામાન્ય જીવન જીવવા માટેના માર્ગદર્શક સિધ્ધાંતો આપતા અગીયાર આદેશો પૂરા પાડીને વાચકોને પ્રેરણા આપે છે તથા તેની સાથે જોડાયેલા રાખે છે.

– વૉરન પેટ્રીક
સીનીયર વાઇસ પ્રેસીડન્ટ એન્ડ ગ્રુપ હેડ ઑફ લર્નીંગ
એડલવીસ કેપીટલ
ફોર્મર વાઇસ પ્રેસીડન્ટ – ટ્રેઇનીંગ એન્ડ ડેવલપમેન્ટ -
એચએસબીસી બેન્ક

આ પુસ્તક ઘણાં જીવનસૂત્રો ધરાવે છે જે એક “પ્રગતિશીલ માનસિક્તા” કેવી હોવી જોઈએ તે કહે છે! તે આજીવન વિકાસ અને એક અર્થપૂર્ણ જીવન જીવવા માટેનું પ્રીસ્ક્રીપ્શન આપે છે. કંઈક એવું જે સંતોષ પોતે કરે છે. જેઓ “સુસંગત” બનવા એ “સુસંગત રહેવા” માંગે છે તે સર્વએ વાંચવા યોગ્ય.

અનીલ ઝા
સીનીયર બીઝનેસ એસોસીએટ
લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેન્સ ઑફ ઇન્ડીયા
(ભારતના આગળ પડતા ડેવલપમેન્ટ ઑફિસર)

આ પુસ્તક દ્વારા સંતોષે પોતાનો ઉત્સાહ વાંચકોમાં પ્રેર્યો છે. આ પુસ્તક આપને પગલાં ભરવા પ્રેરિત કરશે, તમારાં વ્યક્તિત્વમાં અકલ્પ્ય પરિવર્તન લાવશે, તમારી રચનાત્મક પરંતુ છૂપી ઊર્જાને ખૂલ્લી કરશે અને તમને શ્રેષ્ઠતાની ટોચ તરફ જવાનું માર્ગદર્શન આપશે.

– ભરત પારેખ
(ભારતના નં-૧. જીવનવીમા એજન્ટ)
૧૮ વખત MDRT ક્વોલીફાયર (મીલીયન રાઉન્ડ ટેબલ)
૧૨ વખત COT ક્વોલીફાયર (કોર્ટ ઑફ ધ ટેબલ)
૮ વખત TOT ક્વોલીફાયર (ટોપ ઑફ ધ ટેબલ)

સંતોષ નાયરનો લોકોને પ્રેરિત કરવાનો તથા તેમની શક્તિને મહત્તમ બનાવવાનો ઉદ્યોગપતિને લગતો જુસ્સો તથા ગૂઢ ક્ષમતા, તેનાં શરૂઆતનાં વર્ષોથી જ વિસ્તારપૂર્વક દેખાતો હતો. તેનું થોડાક લોકો માટેના ઊગતા મોટીવેટરમાંથી અનેકો માટે મુખ્ય મોટીવેટરમાં ખીલવું, તે મારે માટે અંગત ખુશીની બાબત છે. મને ખાતરી છે કે તેનાં જીવનની ફીલોસોફીને સ્પષ્ટ કરતું આ પુસ્તક તેને વાંચનાર સર્વે માટે બદલાવનું શક્તિશાળી દ્યોતક બનશે.

– સીન્થીયા ડી'સોઝા
મેનેજીંગ ડાયરેક્ટર
સીન્થેસીસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ પ્રા.લી.
ફોર્મર હેડ ઑફ એચ આર + લર્નીંગ – કોકા કોલા – ઇન્ડીયા
ફોર્મર ગ્રુપ ડાયરેક્ટર, એચઆર પાર્ક – ડેવીસ વોર્નર – લેમ્બર્ટ

જે કોઈ પણ સામે પૂરે તરવા ઇચ્છતું હોય અને ઇતિહાસ બનવાને અથવા ઇતિહાસ વાંચવાને બદલે ઇતિહાસ બનાવીને એક અસામાન્ય જીવન જીવવા માંગતું હોય તો 'જીવનને મહત્તમ બનાવવાના અગીયાર આદેશો' પુસ્તક તમારે માટે જ છે.

રાજેશ એગ્નેલો અથૈડે
સીએમડી
સેન્ટ એન્જેલોઝ પ્રોફેશનલ એજ્યુકેશન

પ્રેરણાત્મક રીતે સમજાવયેલ મુશ્કેલ વિષય એવું આ પુસ્તક એવા લોકો માટે છે જેઓ યથાવત સ્થિતિથી ખુશ નથી, અને સૂચિત રીતે તે બધાંને માટે છે!

– વિવેક એસ. પટવર્ધન
એક્ઝીક્યુટીવ કોચ તથા ઓ.ડી.કન્સલ્ટન્ટ
ફોર્મર વાઇસ પ્રેસીડન્ટ, એચઆર – એશીયન પેઇન્ટ્સ

આ પુસ્તક 'સંતોષ નાયર'નું સત્વ પકડે છે – એક સમર્પિત શિક્ષક, જે શીખે છે, શ્રેષ્ઠ આચરણો કરે છે અને પછી તેમને પુનરાવર્તન અને ચિંતન દ્વારા આગળ વધારે છે. આ પુસ્તક વાંચવામાં સરળ છે અને સ્વ-સુધારણ કોટિમાં મહાન ઉમેરો છે.

– ઉમા દેવગુપ્તાપુ
કોર્પોરેટ ડાયરેક્ટર – એચઆર
ઇન્ડીયા MEA SE એશીયા, ઇલીનોઇસ ટુલ વર્કસ (ITW India Ltd .)

"મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો" પુસ્તક આત્મ-મહત્તા કરતાં કંઈ જ ઓછું ન હોય તેવાં પરિણામને ઢંઢોળવા માટે સંવેગશીલ અને બળવાન રીતે લખાયેલ પ્રેરણાત્મક, ઉત્તેજક, ક્રિયાલક્ષી શ્રેષ્ઠ કાર્ય છે.

એલ. જયપાલ રેડ્ડી
પૂર્વ એમડી ઑફ વીઆઈપી અંડર ગાર્મેન્ટ અને
ડાયરેક્ટર ઑફ લવેબલ લીંગર

આ પુસ્તકમાં પ્રકાશ ફેંકાયો છે તે માન્યતાઓનો સ્વીકાર તમને તમારાં આંતરિક સ્વમાં ઉંડાણપૂર્વક ડૂબકી મારવામાં મદદ કરશે અને તમને જીવનના નેતા બનાવવા માટેની તમારી અંદર રહેલી અમાપ શક્તિને મુક્ત કરશે.

– સેમ્સન સેક્વેરા
ઇન્ટરનેશનલ અલ્ટ્રા મેરેથોનર
મેરેથોન એન્ડ ફીટનેસ ટ્રેઇનર

'મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો' નાં પાનાંઓની અંદર રહેલું જ્ઞાન એવા પ્રકારના વ્યવહારુ બોધપાઠો છે જેમાં મોટાભાગની વ્યક્તિઓ આજીવન પ્રયાસ કરવા છતાં નિપુણ બની શકતી નથી. સંતોષ નાયરે જીવનને મહત્તમ બનાવવા માટે એક અદભૂત માર્ગદર્શિકા તૈયાર કરી છે... એક વાંચવું જ પડે અને વધુ મહત્ત્વનું એ છે કે તે મુજબ કરવું જ પડે તેવું પુસ્તક.

– એ.ડબલ્યુ. જ્યોર્જ
મેનેજીંગ ડાયરેક્ટર
ટીપીસીઆઈ, ઇન્ડીયા
પૂર્વ બીઝનેસ હેડ, હીરો માઇન્ડમાઇન
(હીરો ગ્રુપ)

આ પુસ્તક તમને જીવનની સફળતાની રીત આપે છે, જેને જો અંદર ઉતારવામાં આવે તો તે ચોક્કસપણે તમને એક "ભટકતી સામાન્ય વ્યક્તિ" ને બદલે "અર્થપૂર્ણ વિશિષ્ટ" બનાવશે.

– નયન કામત
એસોસીએટ વાઇસ પ્રેસીડન્ટ – સેલ્સ વોડાફોન

"એક સૌથી ચતુર અને સફળ સેલ્સમેન તથા ટ્રેઇનર સંતોષ નાયરના આ પુસ્તકમાં ઝીલાયેલા વાસ્તવિક જીવનના અનુભવો ચોક્કસ ઘણા યુવાન તથા મહત્ત્વાકાંક્ષી ભારતીયોને પ્રેરણા આપશે."

– અપોરેશ આચાર્ય
ડાયરેક્ટર ઑફ ટ્રેનીંગ, MILT ટ્રેનીંગ ફાઉન્ડેશન (ઇન્ડીયા)
ફોર્મર ટ્રેનર ઑફ ડેલ કાર્નેગી એસોસીએટ્સ (USA)

આ પુસ્તક એક પ્રગતિકારક આત્મામાં અજંપો તથા ખળભળાટની ભાવના પેદા કરે છે. સાચા અર્થમાં પરિવર્તનકર્તા.... તમારી અંદર એક વિશુદ્ધ થયેલ માનવને જન્મ આપશે.

– આર.કે. શેટ્ટી
ચેરમેન – ૨૦૧૩ એક્સપીરીયન્સ ટાસ્ક ફોર્સ
ટોપ ઑફ ધ ટેબલ (USA)

"વિખ્યાત વ્યક્તિત્વો તથા તેમના પોતાનાં અંગત જીવનના અસંખ્ય અવતરણોનો ઉપયોગ કરીને વાચકને શરૂથી અંત સુધી રસ પમાડે છે. ફીલોસોફીકલ પ્રકારનાં અન્ય પુસ્તકોથી વિરુદ્ધ, આ પુસ્તકે મને એક ક્ષણ માટે પણ કંટાળો નથી આપ્યો. દરેક આદેશને એ રીતે સમજાવાયો છે કે જો આ પુસ્તકના નિયમોને અનુસરવામાં આવે તો પોતાનું જીવન કેવી રીતે બદલાશે તે દરેક વ્યક્તિ કલ્પી શકે."

આ પુસ્તકનો સૌથી ગમી જાય તેવો ભાગ વાચકો માટે આપેલી ખાલી જગ્યાનો છે જેને એક ચોક્કસ ભાગ વાંચ્યા પછી મનમાં તરત જ આવેલ વિચારો વડે તરત જ ભરી શકાય છે. આને કારણે, એક બિંદુ પછી, પુસ્તક વાંચકના અંગત દાર્શનિક બની જઈને તેની સાથે વાત કરવા લાગે છે.

– મનન મહેતા
બેચલર ઇન બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનો વિદ્યાર્થી

લેખક માટે પ્રશંસા

લોકોને એ સમજવા માટે સશક્ત કરવા કે તેઓ જ તેમનાં ભાગ્યનાં પરિણામો નક્કી કરે છે, તે હંમેશાં એક ભયભીત કરનાર કાર્ય છે અને માત્ર જેમણે આ માર્ગ ખેડ્યો છે તેઓ જ આ પ્રતિબંધિત પ્રયાસ માટે અસરકારક રીતે ઊભા થઈ શકે છે. શરૂઆતમાં, એ દેખીતું હતું કે સંતોષ ખરેખર માનતો હતો કે માત્ર તે પોતે જ પોતાનું ભાગ્ય નક્કી કરી શકે. દરેક પડકારને તકમાં બદલવાની, આસપાસના દરેક સ્ત્રોતને મહત્તમ બનાવવાની તેમજ અપેક્ષિતથી આગળ જઈને અનપેક્ષિત આપવાની તેની જન્મસિદ્ધ ક્ષમતા એ, તે એક વિજેતા તરીકે ઉભરશે તે વાતને અનિવાર્ય બનાવી.

હંમેશાં એક શક્યતા વિશે વિચારનાર અને ક્યારેય જવાબ તરીકે “ના” ન સ્વીકારનાર સંતોષ, ક્યારેય મધદરીયે હોડી હંકારી જવાથી ડર્યો નથી, જે તેણે તેનાં પોતાના જીવનને મહત્તમ કરવા માટેનું તાળું ખોલવા માટે તથા મહાન સફળતા મેળવવા માટે કર્યું જ છે. લોકો તેમનાં પોતાનાં જીવન પણ કેવી રીતે સંપૂર્ણપણે બદલી નાખી શકે છે તે દર્શાવવા માટે તે પોતે જ બહાર નીકળી પડ્યો. તેના સમૃદ્ધ અને બહોળા જીવન અનુભવામાંથી લઈને, તેણે શક્તિને મહત્તમ બનાવવા માટે, જીવનની ગુણવત્તા સમૃદ્ધ બનાવવા માટે તથા તેને ઉત્પાદક તથા પરિપૂર્ણ બનાવવા માટેનો નકશો તૈયાર કર્યો. આને તેની લોકોને પ્રભાવિત કરવાની અને અશક્ય વિચારો વેંચી શકવાની તેની વારસાગત બક્ષિસ સાથે મેળવીને તે ઘણા યુવાનોનાં જીવન પર છાપ પાડી શક્યો છે અને તેમને પોતાનાં પગલાં તે અનુસરવા માટે પ્રેરી શક્યો છે.

આ આહ્‌લાદક પુસ્તક જે સંતોષ જેને ગળે વળગાડે છે તેવી જીવનને મહત્તમ કરવાની ફીલોસોફી લઈને આવે છે. તે લોકોને તેમનાં ધોરણો ઊંચે લાવવા, તેમની મર્યાદિત કરતી માન્યતાઓને પડકાર આપવા તથા પરિવર્તનશીલ બદલાવમાં જોડાવા માટે લોકોને વીનવે છે. જો પૂરતા લોકો આ પુસ્તક વાંચશે અને તેના આદેશોનો પ્રમાણિક્તાપૂર્વક અમલ કરશે તો તે તેમનાં તથા તેમની આસપાસની દુનિયાનાં ભાવિની પ્રકૃતિને ચોક્કસપણે બદલી નાખશે. આમ કરવામાં, તે ચોક્કસ તેના “આજીવન નેતા” થવાના સ્વપ્નને વાસ્તવમાં બદલશે.

– સુરેશ આઈ. ગોકલાણી
એક્ઝીક્યુટીવ વાઇસ ચેરમેન, યુરેકા ફોર્બ્સ લી.

કહ્યા મુજબ કરવું! સંતોષ નાયર એવી એક વ્યક્તિ છે જેણે આ કર્યું છે અને લાખો લોકો તેને અનુસર્યા છે.

૨૭મે વર્ષે, મારાં ખીસ્સામાં IIM (અમદાવાદ) તથા ઇજનેરીની ડીગ્રી સાથે, દુનિયાની સૌથી મોટી કંપનીઓ પૈકીની એકના CEO બનીને, મને લાગ્યું કે હું દુનિયાનો રાજા છું, અને ત્યારે હું સંતોષને મળ્યો. મને એ સમજાવા લાગ્યું કે મારે વ્યાપાર વિશે, લોકો વિશે, વ્યવસ્થાપન, નેતાગીરી, જીવન તથા મારા પોતાના વિશે પણ, કેટલું બધું વધારે શીખવાનું હતું.

જ્યારે હું ૧૦,૦૦૦ લોકોનાં મજબૂત જુથની આગેવાની લઈ રહ્યો હતો ત્યારે તેણે ફરી મને મારી અંદરના ઉદ્યોગપતિને જન્મ આપવા માટે પ્રેરણા આપી. વર્ષોપરાંત સંતોષ મને સફળતા તરફ દોરી જનાર મારી દીવાદાંડી બની રહ્યો.

આ પુસ્તકમાં ઉલ્લેખ કરાયેલ અગીયાર આદેશો ખરેખર 'ગોસ્પેલ' સત્યો છે જેનું તેણે પોતાના જીવન દરમિયાન આચરણ કર્યું છે. મેં પણ તેમને અનુસરવાનો પ્રયત્ન કર્યો છે. જે વધુ સ્પષ્ટ દૃષ્ટિ, નિરંકુશ ઊર્જા અને આશ્ચર્ય પમાડે તેવાં પરિણામોમાં પરિણમ્યો છે.

જો એવું એક પણ પુસ્તક હોય, જે તમારે માત્ર વાંચવું જ ન જોઈએ પરંતુ તમારા જીવનના મંત્ર તરીકે જેને અપનાવવું જોઈએ, તો તે આ છે.

– રવી સક્સેના
MISB બોકોની સ્કૂલ ઑફ બીઝનેસ ના સીઈઓ
વંડરશેફ હોમ એપ્લાયન્શીસના એમ.ડી.
પૂર્વ મેનેજીંગ ડાયરેક્ટર – સોડેક્ષો

(હવે એક સફળ ઉદ્યોગપતિ એવા રવીને ભારતમાં ૭૫૦૦૦ થી વધુ લોકોને રોજગાર આપતી સોડેક્ષો, ગ્લોરીયા જીન્સ કોફીઝ, ફન સીટી તથા ઘાયલો ચીલી રેસ્ટોરન્ટ જેવી બ્રાન્ડ તથા કંપનીઓ ઘડવાનું શ્રેય પ્રાપ્ત થયેલ છે.)

પાછલાં ૧૭ વર્ષથી એક બીઝનેસ ઊભો કરીને તેને ઉછેર્યો હોવાથી, જીવનની રમત રમવા વિશેની મારી મોટાભાગની આંતરદૃષ્ટિ યુનિવર્સિટી ઑફ હાર્ડ નોક્સમાંથી આવી છે.

હું મારી કારકીર્દિની શરૂઆતમાં શીખ્યો કે સૌથી મૂર્ખ એ છે જે તેની જુની ભુલોનું પુનરાવર્તન કર્યા કરે. ચતુર લોકો શીખે છે અને આગળ વધે છે. સૌથી ચતુર માણસો માત્ર તેમનાં પોતાનાં જીવનમાંથી જ સૂઝબૂઝ એકઠી નથી કરતાં, પરંતુ સંતોષ નાયર જેવા ડાહ્યા લોકો વડે શોધાયેલી વ્યુહ રચનાઓ પણ અપનાવે છે!

હું સંતોષને જીવનની આ યાત્રામાં મારો સહયાત્રી અને મારો જોડીયો-આત્મા ગણું છું. તે જે ઘણી મુલ્યવાન આંતરસૂઝને આ પુસ્તકમાં ઉદારતાપૂર્વક વહેંચે છે તે મને સફળતાના વિષય પરનાં મારાં પોતાના અવલોકનોનાં પ્રતિબિંબ જેવી લાગે છે. સંતોષ એવી ફીલોસોફીઓ, નીતિઓ, વલણો તથા વ્યુહરચનાઓને આલેખે છે જેમને અત્યાર સુધી સ્વ-મદદનાં સાહિત્યમાં કોઈ સ્થાન અપાયું નથી. આ સૂઝબૂઝે કેટલાક હું જાણતો હોઉં તેવા વ્યાપારીઓને ફાયદો કરી આપ્યો છે જેઓ સહજ જ્ઞાનથી આજ તારણ પર આવ્યા છે.

'મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો' એ એક એવી વ્યક્તિ પાસેથી આવેલ બ્લોકબસ્ટર પુસ્તક છે જેનામાં જીવનને કાંઠલેથી પકડવાનું અને બધી જ વિપરિતતાઓ સામે સફળ થવાનું જોમ છે. હું બધા જ ઉદ્યોગપતિઓ, માર્કેટીયર્સ તથા જેઓ પોતાનાં જીવન તેમજ બીઝનેસને સફળ બનાવવા ઇચ્છે છે તે બધા જ વ્યાવસાયિકો ને આ પુસ્તક વાંચવાની ભલામણ કરું છું.

– સંજીવ ગુપ્તા
મેનેજીંગ ડાયરેક્ટર
ગ્લોબલ એડવર્ટાઇઝર્સ

સંતોષ નાયર એક ઊંચી ક્ષમતાવાળો વ્યાવસાયિક છે અને તેની બધી જ ભૂમિકાઓમાં તેનો દેખાવ ઉત્કૃષ્ટ રહ્યો છે. તેનામાં ઊંડી ઉદ્યમશીલતા અને ઝીણવટભર્યા અમલીકરણની ધગશની સાથે સાથે ચેપ લગાડે તેવો ઉત્સાહ છે, તેથી તેની સાથે કામ કરવું તે પુષ્કળ આનંદની વાત છે.

તેનું જીવન તથા કામ તરફ, "કેન ડુ" નું હકારાત્મક વલણ મિત્રો તથા સહકર્મીઓ પર એકસમાન રીતે પ્રભાવ પાડે છે. તે માત્ર કામ કરવા અને પહોંચાડવામાં જ નહીં પરંતુ તેની સાથે કામ કરનારા બધાની દેખરેખ રાખવામાં પણ માને છે.

હું તેને અનેક શુભેચ્છાઓ પાઠવું છું.

– એ.ડબલ્યુ જ્યોર્જ
મેનેજીંગ ડાયરેક્ટર TPCI , ઇન્ડીયા
પૂર્વ બીઝનેસ વડા, હીરો માઇન્ડ માઇન
(હીરો ગ્રુપ)


મહત્તમ જીવન માટેના
અગીયાર આદેશો

આજીવન નેતૃત્વ કરો

ELEVEN COMMANDMENTS
***of* LIFE MAXIMIZATION**

NOW IN
GUJARATI

સંતોષ નાયર



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક

જયકો પબ્લિશિંગ હાઉસ

એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ

ફોર્ટ, મુંબઇ – 400 001

jaicopub@jaicobooks.com

www.jaicobooks.com

ELEVEN COMMANDMENTS OF LIFE MAXIMIZATION

મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો

ISBN 978-81-8495-643-6

અનુવાદ: સ્વાતિ વસાવડા

પ્રથમ જયકો આવૃત્તિ: 2014

અનુક્રમણિકા

ઋણ સ્વીકાર

એક પુસ્તક લખવું તે હંમેશાં મારા કાર્યક્રમમાં હતું, પંરતુ તે આટલું જલ્દી બનશે તેવું હું જાણતો ન હતો અને ત્યારે એ ૨૦૧૧ના ફેબ્રુઆરીની દસમી તારીખ આવી, જ્યારે મેં "મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો" પર મુંબઈના એક ઓડીટોરીયમમાં ૨૫૦૦ લોકો સામે મારા જાહેર સેમીનારનું સંચાલન કર્યું. ત્યાં જ પ્રથમ વખત જયકો પબ્લીકેશનના ચીફ એડીટર – શ્રી રાયસમ શર્મા જેમને હવે હું પ્રેમથી શર્માજી કહું છું – વડે આ પુસ્તક લખવાનાં પ્રથમ બીજ વવાયાં.

જેમણે મને આ પુસ્તક લખવા આજીજી કરી તે શર્માજીની પહેલ અને નાનકડી દેવદૂત જેવી પૂર્ણિમા જેણે આવેશપૂર્વક આને આગળ વધારી અને તેણીના ચીવટપૂર્વકના ફોલોઅપ્સ તથા રીમાઇન્ડર્સે હું કાર્યને તેની સમયમર્યાદામાં પૂરું કરું તેની ખાતરી રાખી. તેના વગર આ પુસ્તક શક્ય જ ન બન્યું હોત. આ ગ્રહ પર મારું અસ્તિત્વ ચાલુ રહે ત્યાં સુધી, એક લખક તરીકે મારો જન્મ અને બહાર આવવું તે જયકો પબ્લીકેશનના કંટાળ્યા વગરના પ્રયાસોને પ્રમાણિત કરશે.

સમર્પિત

– આ પુસ્તક મારા પિતા મિ. કે.એસ. નાયરને સમર્પિત છે. કારણ કે હું ખડતલ થવાનું તેમની પાસેથી શીખ્યો.

– મારી માતા, ઇન્દીરા એસ. નાયરને, મને ક્યારેય નિરાશ ન જોવાના તેના જોમ તથા પાગલપનને માટે.

– મારી બહેનો સુધા નાયર તથા સીમા મેનન ને, જેમની મારા માટેની માન્યતાએ મારી પોતાની માન્યતાને મજબૂત કરી.

– મારી પત્ની સિંધુને, જેના અસામાન્ય, બિનશરતી પ્રેમે મને મારી ખરી શક્તિ બહાર લાવવામાં મદદ કરી.

– મારી સુંદર ત્રણ દિકરીઓ, દેવીકા, માલ્વીકા તથા રાધીકાને જેમણે મારા કાર્ય દરમિયાન મારા સમય માટે સ્વપ્ન પણ નથી જોયું.

– મારા અસંખ્ય ઉપરીઓ તથા તેમના ઉપરીઓ – અનીલ કુમાર ગુપ્તા, અનીલ અમ્બો લીલૂ બત્રા, રાજેશ મલ્હોત્રા, વિનોદ સ્વામી, સીન્થીયા ડી'સોઝા, સુરેશ ગોકલાણી, અખીલ મારફતીયા, એ.કે. સુબ્રમણીયમ, પી.કે.રોય, એ.વી. સુરેશ, મનીષ કૌલ, અશોક કુમાર.

– અરુણ નલવડે, જહોન સેલ્વરાજ, જે.પી. સીંહ અને એ.ડબલ્યુ, જ્યોર્જ, જેમના ડહાપણે મને આજે હું જે છું તે બનાવ્યો.

– મારા બધા જ વર્તમાન અને ભૂતકાળના સહકર્મીઓ, હાથ નીચેના માણસો તથા સ્માર્ટના કર્મચારીઓને, જેમની બિનશરતી શરણાગતીએ મારાં જીવનને મહત્તમ પૂર્ણતા આપવામાં મદદ કરી છે.

– મારા આખી દુનિયાના અસંખ્ય ગ્રાહકો, અસીલો તથા શુભેચ્છકોને, જેમના અસીમ ટેકા અને પ્રેમે મને મહાન સેલ્સમેન, સેલ્સ મેનેજર, નેતા, ટ્રેઇનર, કોચ તથા ઉદ્યોગપતિ બનાવ્યો છે.

– એ મહાન વિચારકો તથા દાર્શનિકોને, જેમનાં જીવન, પદ્ધતિઓ, પુસ્તકો, ઓડીયોઝ, વીડીયોઝ તથા સમગ્ર કાર્યએ મને કહ્યું કે તેઓ માત્ર એ બેન્ચમાર્ક ન હતા જેના તરફ માટે જોઈ રહેવું જોઈએ, પરંતુ એવા માઇલ સ્ટોન્સ હતા જ્યાંથી હું શરૂ કરું તેવી અપેક્ષા હતી.

– અને અંતમાં, મારી એક્ઝીક્યુટીવ સહાયક નૌશીન મર્ચંટને જેની ક્ષમતાઓ તથા સ્વેચ્છાને હું ક્યારેય માપી શકું તેમ નથી. તેના વગર આ પુસ્તકે દિવસનો પ્રકાશ જોયો ન હોત. તારા બીનશરતી ટેકાએ મને મારી

અંદરનું શ્રેષ્ઠ બહાર લાવવામાં જે મદદ કરી છે તેને માટે, નૌશીન, તારો આભાર. આ પુસ્તકને મારી સાથે લખવા માટે... મારા વિચારોને શબ્દ દેહ આપવા માટે તારો આભાર.

આમુખ

આજની શક્તિશાળી અને ગતિશીલ દુનિયામાં માનવ જુસ્સાના ઉત્સાહ તથા ઊર્જા ટકાવી રાખવાં તે ઉત્તરોત્તર પડકારજનક બની રહ્યું છે. વિકટ શારીરિક અને માનસિક માગ વચ્ચે પ્રસન્નતાપૂર્વકનું જીવન જીવવા માટે, વ્યક્તિએ પ્રતિભાઓ, ક્ષમતાઓ અને સમગ્ર જીવનને મહત્તમ બનાવવું જોઈએ. આ મહત્તમ કરવાની ક્ષમતા આકસ્મિક રીતે, અજાણતાં અથવા પ્રત્યાઘાતરૂપે નથી થતી. મહત્તમ બનાવવું તે ખૂબ જ ઇરાદાપૂર્વકનો તથા સભાન પ્રયાસ છે.

હું સંતોષને એક દશકાથી પણ વધારે સમયથી જાણું છું અને હંમેશાં તેના ઉત્સાહ, ઊર્જા તથા જીવનને માથે લેવાના તેના જુસ્સાને વધાવ્યો છે. સંતોષ તેની તીવ્રતા, અસર તથા ઉત્સાહમાં વિકસ્યો છે. મારી સંસ્થા મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા સાથેની તેની યાત્રા ૧૯૯૮માં શરૂ થઈ અને ત્યારથી મેં તેને જુથની બધી કંપનીઓમાં મારા ઘણા સહકર્મીઓને પ્રેરણા આપતો જોયો છે.

“મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો” પુસ્તક તેના જીવન માટેના ઉત્સાહ અને ઉત્કટતાનું ખૂબ જ નિખાલસ અને સુસ્પષ્ટ આલેખન છે. આ પુસ્તકમાં સંતોષ જીવનનાં દરેક પાસાંને પડકારે છે અને તેણે પોતાની પાસેથી કેવી રીતે શ્રેષ્ઠતા માંગી છે, મુશ્કેલીઓને અવગણી છે, સમાજનાં સ્વીકૃત ધોરણોની વિરુદ્ધ ગયો છે, રૂઢિગત વિચારોને ના કહી છે અને હંમેશાં એક W.I.P. (વર્ક ઇન પ્રોગ્રેસ) રહ્યો છે તે પ્રદર્શિત કર્યું છે. વ્યક્તિ માત્ર પોતાને માટે નહીં, પરંતુ પોતાની આસપાસનાં લોકોનાં જીવનમાં પરિવર્તન લાવવા માટે પણ, એક અસામાન્ય જીવન જીવવા માટે અગીયાર સાદા આદેશોનું અનુસરણ કરીને કેવી રીતે જીવનને મહત્તમ બનાવી શકે તે પ્રગટ કરે છે.

પોતાનાં જીવનને મહત્તમ કરવાનો અર્થ છે, તમારી ખરી શક્તિને ખૂલ્લી કરવી, તમારી આસપાસની દુનિયાને સાનુકુળ બનાવવી અને તમારું અસ્તિત્વ બહુગુણીય અસર સર્જે છે તે સમજવું. તમારી શક્તિને મહત્તમ કરવા માટે, તમારે મુક્તિ અને આત્મવિશ્વાસની અવસ્થામાં સ્વસ્થાપિત હોવું અને બાહ્ય બળોથી સંચાલિત ન થઈ જાવ તે ધ્યાન રાખવું જરૂરી છે. દરેક ઉપલબ્ધ સ્ત્રોતનો ઉપયોગ કરીને, અન્યોની ઊર્જા તથા લોકપ્રિયતામાંથી પ્રેરણા લઈને, તેમનામાંથી શીખીને તથા તેમનો અભ્યાસ કરીને; જીવનના અણધાર્યા સંજોગો તરફ ધ્યાન આપ્યા વગર તમારાં

પોતાના લક્ષ્યો તથા ધ્યેયો પર કેન્દ્રિત રહીને; આપણી આસપાસનાં વિવિધ ભાવનાઓ ખેંચતાં વ્યવધાનો પરથી આપણી જાતને સભાનપણે અલિપ્ત કરીને, આપણે મહત્તમ પરિણામો આપી શકીશું તથા આપણી પૂર્ણ શક્તિ સમજી શકશું.

સંતોષે વસ્તુઓને અલગ રીતે કરવા માટે યથાવત્ સ્થિતિને પડકાર આપવા પર તથા તેમ કરવાની દેખીતી જરૂરિયાત ન હોય ત્યારે પ્રયોગો કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો છે. પોતાના વ્યાપાર / કારકીર્દિની ટોચ પર પહોંચી ગયા હોઈએ, જ્યારે બધું સરસ ચાલતું હોય, ત્યારે પ્રયોગો કરવા, નવસજ્જા કરવી તથા વમળો પેદા કરવાં તે મહાન પડકાર છે. ભવિષ્ય એ ભૂતકાળનું જ વિસ્તરણ છે એ માન્યતા મહાન શક્યતાઓને સીમિત કરે છે.

આથી, પોતાનાં જીવનને મહત્તમ બનાવવા માટે, વ્યક્તિમાં સતતપણે ઉપર ઊઠવાની તથા અન્યોને ઉપર ઊઠતાં કરવાની સળગતી મહત્ત્વકાંક્ષા હોવી જોઈએ. એક વખત આ વિચારો તથા શબ્દો આપણી ક્રિયાઓ બની જાય પછી આપણી શક્યતાઓ અનંત છે. ઉપર આવવાની ફીલોસોફી, જે મહિન્દ્રા ગ્રુપનું સંચાલન કરે છે, તે અમારી પાસે એવા ઉકેલો શોધાવે છે જે ચલાયમાનતાને શક્તિ આપે છે, ગ્રામ્ય સમૃદ્ધિનું સંચાલન કરે છે અને જીવનશૈલી સુધારે છે. આ ઉન્નતિનો અર્ક સંતોષની ફીલોસોફી સાથે સુસંગત થાય છે અને આ પુસ્તકમાં તમે કેટલીક વખત આના સંદર્ભો જોશો.

આથી, આ પુસ્તક માનવ જુસ્સાને માટે બંધબેસતી અંજલી છે અને જેઓ તેમનાં જીવનને મહત્તમ બનાવવા ઇચ્છે છે તે સર્વે માટે સારું વાંચન છે.

– ડૉ. પવન ગોએન્કા
પ્રેસીડન્ટ
ઓટોમેટીવ એન્ડ ફાર્મ ઇક્વીપમેન્ટ સેક્ટર્સ
મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લીમીટેડ

પ્રસ્તાવના

મેં અત્યાર સુધીમાં અલગ અલગ વિષયો પર સો કરતાં વધુ કાર્યક્રમો આપ્યા છે, પરંતુ “મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો” વિષય બીનહરીફ રીતે મારાં હૃદયની સૌથી નજીક રહ્યો છે. તેનું સાદું કારણ એ છે કે આ કાર્યક્રમ મારા જીવનનો સંપૂર્ણ અર્ક અને એક સેલ્સમેન, સેલ્સ મેનેજર, સેલ્સ લીડર, ટ્રેનર, કન્સલ્ટન્ટ, કોચ, મેન્ટર, એનેબલર હોવાનો અને ભારતના શ્રેષ્ઠ જાણીતા અને માન્યતા પ્રાપ્ત સેલ્ફકોન્ફીડન્સ તથા મોટીવેશનલ ગુરુઓ, ઉદ્યોગપતિઓના કોચમાંના એક હોવાનો તથા પોતે જ ઉદ્યોગપતિ હોવાના પાછલાં ૨૯ વર્ષમાં શીખેલા અને અનુભવેલા જીવન બદલી નાખનાર અને સૌથી પાયાના અનુભવો લઈ આવે છે. આ પુસ્તક આ ખૂબ જ અમુલ્ય કાર્યક્રમની હસ્તપ્રત છે.

મને આશા છે કે આ પુસ્તકનાં વિષય વસ્તુએ મને જેટલી મદદ કરી છે તેટલી જ તમને પણ જીવનને મહત્તમ બનાવવામાં મદદ કરશે.

ચેતવણી

આ પુસ્તક માત્ર તેમને જ માટે છે જેઓ જીવવા, શીખવા, પ્રેમ કરવા તથા પાછળ એક વારસો છોડી જવા માંગે છે.

આ સામાન્ય જીવો તથા નબળા હૃદયવાળાએ માટે નથી, પરંતુ જેઓ સામાન્ય છે અને જેમનામાં વિષમ, અપ્રાકૃતિક થવાની હિંમત છે, અને જેઓ આ વિષમતાની સાથે આવતી કિંમત ચૂકવવા તૈયાર છે, તેમને માટે છે.

જીવનને મહત્તમ બનાવવું – એક પરિચય

જીવનને મહત્તમ બનાવવું જ જોઈએ;

નહીંતર આ ગ્રહની તમારી મુલાકાત એક દુર્વ્યય છે.

હું મારા જીવનમાં બે પ્રકારના લોકોને મળ્યો છું. લોકોની પ્રથમ શ્રેણી તેમનાં અસ્તિત્વ વડે કોઈ પણ સૂચક ફેરફાર વગર આ દુનિયામાં આવે છે અને જાય છે. તેમના નજીકના પરિવારજનો, મિત્રો તથા સહકર્મીઓ સિવાય કોઈ ક્યારેય તે વ્યક્તિનાં અસ્તિત્વ વિશે જાણતું નથી. તે અથવા તેણી એક સામાન્ય પુત્ર અથવા પુત્રી, એક સામાન્ય પતિ અથવા પત્ની, એક સામાન્ય પિતા અથવા માતા, એક સામાન્ય રીતવાળા સામાન્ય ઉદ્યોગપતિ છે. તેમના પોતાના વિશેના, તેમના જીવન તથા ભવિષ્ય વિશેના વિચારો બધું જ સામાન્ય હોય છે અને આ સામાન્ય સ્વ સાથે, તેઓ તેમના પોતાના સાથીદારો/વાતાવરણ પર ઘણો ઓછો અથવા બીલ્કુલ પ્રભાવ પાડ્યા વગર તેમના કમ્ફર્ટ ઝોનમાં જીવે છે. આવા માણસોને હું ઝીગ ઝીગલરના શબ્દોમાં "વોન્ડરીંગ જનરાલીટી" (ભટકતી સામાન્યતા) કહું છું, અને તેમનું જીવન મોટા ટોળાંના એક ભાગ તરીકે ભટકતાં વીતે છે.

લોકોની બીજી શ્રેણી પહેલી શ્રેણી કરતાં તદ્દન વિરુદ્ધ છે. તેઓ તેમની આસપાસની દુનિયા પર ચિરંજીવ અસર છોડે છે. તે એવી વ્યક્તિઓ છે જેઓ ટોળાથી ઉપર ઉઠે છે અને તેઓ તેમના ઉદ્યોગો, સમાજ અને સમગ્ર માનવજાત માટે વિશાળ પ્રદાન કરીને જીવનમાં તેને મોટું બનાવે છે. ઉદાહરણ તરીકે એ.આર.રહેમાન, બાબા આમ્ટે (જેમણે રક્તપીત્તના રોગીઓ માટે ઘર બનાવ્યાં), માર્ટીન લ્યુથર કીંગ, સ્ટીવ જોબ્સ (એપલના), નેલ્સન માન્ડેલા તથા અન્યોનો વારસો જુવો.

તેઓ તેમનાં અર્થપૂર્ણ જીવન માટે, તેઓ જેમાંથી પસાર થયા છે તે ત્યાગ, પીડા તથા માનસિક આઘાત માટે, તેમણે જે હિંમતભર્યા નિર્ણયો લીધા છે તેને માટે, તેમણે જે લાંબા, અનંત વિરોધ તથા પડકારોનો સામનો કર્યો છે તેને માટે અને કોઈ નકારાત્મક સંજોગોને તેમને ભાંગી નાખવા દીધા વગર, તેમણે તેમનાં આખાં જીવનમાં જે જોમ, દૃઢતા, જુસ્સો તથા વળગણ ધરાવ્યાં છે, તેને માટે તેઓ જાણીતા થયા છે. નેલ્સન માન્ડેલા કે જેમણે ૨૬ વર્ષના કરાવાસ પછી પણ કાળા લોકોના હક્ક માટે લડત આપવાનું ચાલુ રાખ્યું, તેમનાં જીવનને તમે બીજી કઈ રીતે વ્યાખ્યાયિત કરી શકો. આ ૨૬ વર્ષનો ગાળો એ સમયની એટલી માત્રા છે જે એક


માણસને માત્ર એક ઉદ્દેશ માટે લડવામાંથી જ નહીં પરંતુ જીવન જીવવાની ઇચ્છાથી પણ દૂર કરી શકે છે.

આ લોકો "મીનીંગફૂલ સ્પેસીફીક" (અર્થપૂર્ણ વિશિષ્ટ) તરીકે જાણીતી શ્રેણીના છે. એક અસામાન્ય જીવન જીવવા માટેના લાંબા અને ટકાઉ ટ્રેક રેકોર્ડ હોય તેવા લોકો, જેઓ સતતપણે એક રોલ મોડેલનું જીવન જીવ્યા હોય – જેમના વિચારો, શબ્દો, કાર્યો તથા ક્રિયાઓ એવાં આગળ પડતાં ઉદાહરણો છે જેના તરફ સામાન્ય માણસ નજર કરે છે અને અનુકરણ કરે છે. તેમની માત્ર હાજરી જ એક ઉજવણીનો પ્રસંગ બને છે અને જેમની ગેરહાજરી એક એવો શૂન્યાવકાશ, એક ખાલીપણું ઊભું કરે છે જેને એક આખા જીવનમાં અન્ય વ્યક્તિ પૂરી શકતી નથી.

તેમની હયાતીમાં અને ત્યાર પછી પણ, તેમની આસપાસના લોકોની જીંદગી બદલાઈ જાય છે. તેઓ એવી વ્યક્તિઓ છે જેઓ કેટલીક બીજા વ્યક્તિઓ માટે 'હોવા' નું કારણ બને છે; તેઓ એવી વ્યક્તિઓ છે જેઓ તેમના પોતાના કરતાં પણ વધુ મોટી જીંદગી જીવે છે – એવી જીંદગી જેની નકલ ન થઈ શકે.

લાખો અને અબજો લોકો આ દુનિયામાં આવે છે, તેમનું જીવન વિતાવે છે, અને ચાલ્યા જાય છે, પરંતુ એવા ઘણા ઓછા લોકો છે જેઓ ચાલ્યા જતાં પહેલાં જીવન જીવે છે.

જીવન જીવવું અને વિતાવવું તે બે વિરુદ્ધ ખ્યાલો છે :



બહુ થોડા લોકો મીનીંગફૂલ સ્પેસીફીક લોકો (૫%) ની શ્રેણીમાં આવે છે, જ્યારે જનસંખ્યાના બાકીના લોકો વોન્ડરીંગ જનરાલીટીની દુનિયામાં વસે છે. વોન્ડરીંગ જનરાલીટીને અહીં હવે પછી "ઓર્ડીનરી મોર્ટલ્સ" (સામાન્ય જીવો) અને મીનીંગફૂલ સ્પેસીફીકને "લાઇફ મેક્સીમાઇઝર" (જીવનને મહત્તમ બનાવનાર) તરીકે ઓળખાશે.

જ્યારે આપણે બાળકો હતાં ત્યારે બધાંની મહત્ત્વાકાંક્ષા અમિતાભ બચ્ચન, નીલ આર્મસ્ટ્રોંગ, બીલ ગેટ્સ (માઇક્રોસોફ્ટ) અને એ રીતે મીનીંગફૂલ સ્પેસીફીક ગ્રુપના ભાગ બનવાની હતી, પરંતુ જેમ મોટા થતા ગયા તેમ વર્તમાનની મુશ્કેલીઓ તથા ગુંચવણો આપણને આપણા જીવનમાં હેતુને આગળ વધારવા દેવા માટે વધારે પડતી દિગમૂઢ કરી દેનારી થઈ ગઈ અને આપણે વોન્ડરીંગ જનરાલીટીનો ભાગ બનીને રહી ગયા.

તો તમે આ શ્રેણીથી ઉપર કેવી રીતે ઉઠી શકો અને તમારી જાતને કેવી રીતે ઉદાહરણરૂપ જુથમાં સ્થાન અપાવી શકો છો? એ શું છે જે આ ૫% લોકોને મીનીંગફૂલ સ્પેસીફીક બનાવે છે અને તેમને ટોળાંથી અલગ પાડે છે?

મેં ૪ ઓક્ટોબર ૧૯૮૫ના દિવસે, જ્યારે હું એક સેલ્સમેન તરીકે યુરેકા ફોર્બ્સમાં જોડાયો તે દિવસથી એક મીનીંગફૂલ સ્પેસીફીક બનવાનું પસંદ કર્યું અને ત્યારથી છેલ્લાં ૨૯ વર્ષથી હું સતતપણે જીવનને મહત્તમ બનાવી રહ્યો છું. આ પ્રક્રિયામાં મને એક વસ્તુનો ખ્યાલ આવ્યો.

જેઓ નક્કી કરે છે કે...

જેઓ મીનીંગફૂલ સ્પેસીફીક બનવાનું નક્કી કરે છે તે...

સભાનપણે કે અસભાનપણે "જીવનને મહત્તમ બનાવવા"ની કળાને અનુસરે છે.

જીવનને મહત્તમ બનાવવું તે શું છે?

જીવન એ પ્રભુની બક્ષીસ છે અને ૨૦,૩૦,૪૦,૫૦,૬૦ અથવા તેનાથી પણ વધુ વર્ષો પહેલાં આપણને બધાંને આ ઉદારચિત્ત બક્ષીસના આશીર્વાદ મળ્યા છે. મોટાભાગના લોકો તેમની શક્તિના માત્ર ૫%નો જ ઉપયોગ કરીને તેમની કબરમાં પોઢી જાય છે અને તેમની ખરી ક્ષમતા, સામર્થ્ય, જુસ્સો, ઊર્જા તથા તેમના જીવનના ખરા હેતુના બાકીના ૯૫% ખેડ્યા વગરના રહી જાય છે. તેઓ તેમની અંદરના સંગીતને ગવાયા વગરનું છોડીને, ધૂનને વગાડ્યા વગરની છોડીને મૃત્યુ પામે છે. આ બક્ષીસને ન્યાય આપવા માટે તથા મોટાભાગના જીવનને પૂર્ણતા સુધી મહત્તમ બનાવવી તે એક માત્ર રીત છે અને આમ કરવાની પ્રક્રિયાને "લાઇફ મેક્સીમાઇઝેશન – જીવનને મહત્તમ બનાવવું" કહે છે.

નારાયણ મૂર્તિ (ઇન્ફોસીસ) સરદાર વલ્લભભાઈ પટેલ, ઇલા ભટ્ટ (સેવા-સેલ્ફ એમ્પ્લોઇડ વીમેન્સ એસોસીએશનની મહાન ચળવળ પાછળની મહિલા), આમીરખાન, પીટર ડ્રકર, જહોન ડી. રોકફેલર, બેન્જામીન ફ્રેન્કલીન, વિન્સ્ટન ચર્ચિલ, થોમસ જેફરસન, જ્યોર્જ વોશીંગ્ટન, વોલ્ટ ડીઝની (ડીઝની લેન્ડ), આલ્બર્ટ આઇન્સ્ટાઇન, જહોન એફ. કેનેડી, હેલન કેલર, હેન્રી ફોર્ડ (ફોર્ડ મોટર્સ), સામ વોલ્ટન (વોલમાર્ટ), રે ક્રોક (મેક ડોનાલ્ડસ) તથા તેમના જેવા અન્ય લોકો એવા લોકોનું ઉદાહરણ છે જેમણે તેમની સંપૂર્ણ શક્તિ લગાડીને તેમનાં જીવનને શક્ય તેટલું મહત્તમ બનાવ્યું. તેઓ નિત્ય યુવાન, નિરવધિ, અવિરત વ્યક્તિ છે અને એ જ વસ્તુ તેમને મીનીંગફૂલ સ્પેસીફીકના ભાગ બનાવે છે.

પાછલાં ૨૯ વર્ષમાં ૨૦૦થી વધુ વિષમ ટ્રાન્સનેશનલ કોર્પોરેશન્સમાં આપેલી તાલીમ દ્વારા મને થયેલા બહોળ અને વિવિધ અનુભવોના અર્કને એકઠો કરીને મેં જે વ્યાખ્યા બનાવી છે તેના તરફ આગળ વધશું તેમ આ,

જીવનને મહત્તમ બનાવવા પાછળના વિચારો તથા તે વિચાર પ્રક્રિયાને આગળ વધારતી ફીલોસોફી વધુ સ્પષ્ટ થશે. આ તાલીમે મને ૧૨.૫ લાખ કરતાં વધુ વ્યક્તિઓ, સેંકડો – હજારો માઇક્રો-મીની, નાના તથા મધ્યમ ઉદ્યોગપતિઓનાં જીવનમાં પરિવર્તન લાવવામાં અને પાછલાં ૧૨ વર્ષથી ‘સ્માર્ટ’ ચલાવવામાં મદદ કરી છે.

આ વ્યાખ્યા અતિશય મુશ્કેલ અને સચોટ છે, છતાં જીવનનો મહત્ત્વનો અર્ક છે. પરંતુ તમારામાં જીવનને મહત્તમ બનાવવાનો જાદુ થાય તે માટે તેને તમારાં મગજમાં ઉતારવી જરૂરી છે. આથી હું તેને તમારા ઘરમાં, બાથરૂમમાં, પથારીની બાજુમાં, ફ્રીઝ પર, ટીવીની બાજુમાં, તમારા અભ્યાસ ખંડની ફરતે તેને લગાડવાનું અને તેને તમારા જીવનનો અવિસ્મરણીય ભાગ બનાવવાનું સૂચવીશ.

અને આ છે તે મીલીયન ડોલર વ્યાખ્યા :

જીવનને મહત્તમ બનાવવું તે તમારા વર્તમાન સ્વનું સતતપણે સમાપન કરવાની લાંબી, એકલવાયી પ્રક્રિયા છે, જેમાં તમારી આસપાસના બધા જ સ્ત્રોતોને એકલા હાથે મહત્તમ બનાવીને તમારી જાતને ભાવનાત્મક રીતે દૂર લઈ જતાં વ્યવધાનોથી દૂર કરવાનો તથા શક્યતાઓની પેલે પાર વિચારવાનો અને જીવનની નૌકાને એવી રીતે મધદરીયાની અંદર હંકારવાનો સમાવેશ થાય છે કે તમે એવું જીવન જીવો જે એક નેતાના મજબૂત વિચારો, શબ્દો તથા કાર્યો વડે દોરાયેલ હોય અને જેને નકલ કરવાનું મુશ્કેલ હોય તેવું સ્વાયત્ત, હંમેશાં માટે જીવંત જીવન જીવો અને એ રીતે આજીવન માટે જીવનને મહત્તમ બનાવો.

ના, જો તમે પ્રથમ વખતમાં જ ઉપરનો અર્ક ગ્રહણ ન કરી શકો તો તમારી વ્યાવસાયિક બુદ્ધિ તથા સામર્થ્ય દાવ પર નથી. મેં કહ્યું તેમ, આ એક મુશ્કેલ અને સચોટ વિધાન છે જે તમે તેને પ્રથમવાર વાંચો ત્યારે તમને મુંઝવણમાં નાખવાનું જ છે. પરંતુ જેમ તમે તેને અસંખ્ય વખત વાંચતા જશો, તેમ તમને આ વ્યાખ્યાનું પ્રતિબિંબ મેં અગાઉ કહેલી બધી જ મહાન વ્યક્તિઓનાં જીવનમાં પડતું દેખાશે.

અને જ્યારે ૧૯૮૫માં મેં મારી જીવનને મહત્તમ બનાવવાની યાત્રા શરૂ કરી તે દિવસે જ્યારે મેં આ મહાન વ્યક્તિઓનાં જીવન તરફ નજર કરી ત્યારે મને ખ્યાલ આવ્યો કે તેમના વિશે કંઈક માળખાકીય રીતે અલગ તેમજ અસામાન્ય છે. લોકોનાં આ પ્રકાર કાર્યોમાં કંઈક એવું છે જેણે મને કહ્યું કે :

તેઓ જુદી રીતે બનેલા હતા.

તેઓ સૂચન અપાયેલા હતા.

અને હવે, જ્યારે મેં આ પુસ્તક લખવાનું શરૂ કર્યું છે ત્યારે મને ખ્યાલ આવે છે કે :

તેઓ આંતરિક રીતે સૂચના અપાયેલા હતા. આ સૂચનાઓને હું "આદેશો" કહું છું જે તમને જીવનને મહત્તમ બનાવવાના માર્ગ પર માર્ગદર્શન આપશે.

થોભો... શું મેં હમણાં *આદેશો* કહ્યું? પરંતુ શું આદેશોએ ઇશ્વર વડે બનાવાયેલ નિયમો નથી? અને જો હા, તો આ નિયમો કેવી રીતે જીવનને મહત્તમ બનાવવામાં મદદ કરશે?

એ સાચું છે કે "કમાન્ડમેન્ટ" "ધર્માદેશ" શબ્દ જેઓ "ટેન કમાન્ડમેન્ટસ" જાણે છે, જે સીધા ઇશ્વર વડે મોસીઝને અપાયા હતા, અને હીબ્રુઓને અને પૃથ્વી પર તેમનું જીવન કેવી રીતે જીવવું તેની સૂચના આપતા હતા – તેમને માટે તરત જ કોરડાની જેમ વિંઝાય છે. પરંતુ શું "ધર્માદેશ – કમાન્ડમેન્ટ" શબ્દ માત્ર જીવન જીવવા માટેની ધાર્મિક રીતે મંજુરી અપાયેલ આદેશ એવું જ દર્શાવે છે, કે પછી તેને ધર્મની સરહદોની બહારથી પણ જોઈ શકાય છે?

ધર્માદેશો શું છે?

ઓક્સફોર્ડ ડીક્ષનેરી મુજબ ધર્માદેશનો અર્થ છે :

– ઇશ્વરનો કાયદો

– એક સૂચના

– આદેશ

– ફરમાન, શાસનાદેશ

– આજ્ઞા

...જેનો પ્રકાર ધાર્મિક જ હોય તે જરૂરી નથી તેવી સદાચારી વર્તણુક તરફ ક્રિયા અથવા વર્તણુકનું માર્ગદર્શન કરવા માટે અપાયેલ.

ભૂતકાળના સમયથી, મેં અગીયાર સૂચનાઓ, આદેશો, ફરમાનો, આજ્ઞાઓ એકઠી કરી છે, જે મેં ઘણાં ઘણાં વર્ષો અગાઉ મારી જાતને આપી હતી, અને સૂચનાઓ, આદેશો, ફરમાનો તથા આજ્ઞાઓ એ પાછલાં

૨૯ વર્ષોમાં મને એક માનવ તરીકે મારા પદ્ધતિસરના, સતત તથા આગળ વધતા વિકાસમાં દોર્યો છે, કારણ કે મેં મારી અંદર રહેલા ઇશ્વરને આ આખી યાત્રા દરમિયાન મને નિર્દેશ આપવાની છૂટ આપી છે અને મેં સંતોષ નાયરના વિચારો, શબ્દો, તથા કાર્યોને નિર્દેશ્યા છે.

મેં તેમને એક ફરમાન કરેલું; તેમને ચોક્કસ વસ્તુઓ કરવાની સૂચના આપેલી; એક ચોક્કસ રીતે જીવનને આગળ વધારવાનો તેમને આદેશ આપ્યો હતો; અને તેમની પાસેથી એક શૈલીની માગણી કરી હતી. હા! તેને અંદરથી સૂચના અપાઈ હતી અને મેં તેને તે સૂચના આપી હતી.

મને ખબર નથી કે તમે તમારી જાતને કોઈ 'આદેશ' આપ્યો છે કે નહીં; તમે ક્યારેય પોતાને 'આદેશ' આપશો કે નહીં તે પણ હું નથી જાણતો, પરંતુ જો તમે એક મીનીંગફૂલ સ્પેસીફીક હોવા ઇચ્છતા હોવ, જો તમે જીવનને મહત્તમ કરવાની રમતમાં હોવ તો... જો તમે ક્યારેય પણ તમારી જાતને આદેશ આપવાનું નક્કી કરો, તો, આજેજ તમારી જાતને જીવવા, પ્રેમ કરવા, શીખવા તથા તમારી પાછળ એક વારસો છોડી જવાનો આદેશ આપવા માટેનો સર્વોત્તમ દિવસ છે.

હું આ પુસ્તક લખું છું તેથી, હું "મહત્તમ જીવન માટેના અગીયાર આદેશો" તમારી સામે રજુ કરું છું, જે તમારે જીવનને મહત્તમ બનાવવાની યાત્રાનો આરંભ કરવા માટે તમારી જાતને આપવા જરૂરી છે. આ એવું પ્રાગટ્ય છે જે તમારા જીવનનો અર્થ તથા દૃષ્ટિને બદલી નાખશે અને જો તેને ગંભીરતાપૂર્વક લેવામાં આવશે અને ધાર્મિક રીતે અનુસરવામાં આવશે તો તે તમને માની ન શકાય તેટલી ઊંચાઈ પર લઈ જશે.

આપણે આદેશો તરફ આગળ વધીએ છીએ ત્યારે, હું તમને ચેતવણી આપીશ કે આ માર્ગ ખૂબ જ પીડાદાયક, શ્રમપૂર્ણ, પડકારજનક તથા જીવન કરતાં મોટો છે. હું મારા પોતાના અનુભવો, સફળતાઓ તથા કરુણતાઓ સાથે આ દરેક આદેશ પરથી જ્યારે પડદો ઉપાડું છું ત્યારે મારી સાથે રહો તેવી મારી એક માત્ર વિનંતી છે.

સાથે સાથે જ તમને એ પણ કહેવા દો કે મિત્રો, આ કોઈ સામાન્ય પુસ્તક નથી. તમે ભૂતકાળમાં વાંચ્યાં હશે તેવાં સેંકડો પુસ્તકો જેવું આમાં કંઈ જ નથી. અહીં આપણે જીવનને મહત્તમ બનાવવા વિશે વાત કરીએ છીએ. એટલે કે એવું જીવન જીવવું જેની પ્રતિકૃતિ બનાવવા માટે અન્યથા ૪૦ જીવનકાળ લાગે. આ એવું પુસ્તક નથી જે તમે મુસાફરીમા માત્ર સમય પસાર કરવા માટે વાંચો અથવા તમારી આરામ ખુરશીમાં આરામ કરતી

વખતે વાંચો અથવા દિવસ પૂરો કરતી વખતે પ્રેરણાના એક સ્ત્રોત તરીકે વાંચો. તેના કરતાં આ ઘણી ગંભીર બાબતે.

માત્ર એક જ વાંચનમાં મેં પાછલા ૨૯ વર્ષમાં સંગ્રહ કરેલ જ્ઞાનને સમજવાનો તથા ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો તે મહાન મૂર્ખાઈનું કામ છે. આ પુસ્તકનો ખરો જાદુ તમારા માટે થાય તથા તેનો વાસ્તવિક અર્ક તમારા મનની અંદર શોષાઈ જાય તે માટે, તમે આ વિષયને સંપૂર્ણપણે અંદર ઉતારો તે મહત્ત્વનું છે અને આમ કરવા માટેનો એક માત્ર માર્ગ છે અહીં આપેલ બીજા શબ્દ પર જતાં પહેલાં દરેકે દરેક શબ્દનું પૂરતું અર્થઘટન કરવા માટે પૂરતો સમય તથા ધ્યાન સમર્પિત કરવું.

આથી એકી બેઠકે આ પુસ્તક ન વાંચી જવાની હું આપને વિનંતી કરીશ. એક પછી એક પ્રકરણ વાંચો; તેના પર થોડો વખત ગંભીર વિચારણા કરો; તેના પર મનન કરો; ત્રણ વાર વાંચ્યા પછી જ એક વચન લખીલો કે *શું તમે પછીનાં પ્રકરણ પર આગળ વધશો.*

આ પુસ્તક માટે એક ૨૦૦ પાનાંની નોટબુક બનાવો અને તેને “જીવનને મહત્તમ બનાવવા માટેની હેન્ડબુક” એવું નામ આપો. એક પ્રકરણ વાંચ્યાના ૨૪ કલાકની અંદર તમે પુસ્તકમાંથી જે કાંઈ પણ શીખ્યા તે બધું જ લખી લો. દરેક પ્રકરણ પગલાં લઈ શકાય તેવું કંઈક સૂચવે છે; તમે દરેક પ્રકરણને ત્રણ વાર વાંચી લો અને તમારી હેન્ડબુકમાં તમે તેમાંથી શું સમજ્યાં તે લખી લો તે પછી જ તમારાં ક્રિયા આયોજન પર કામ કરો.

તમે જીવનને મહત્તમ બનાવવાની યાત્રા શરૂ કરો છો ત્યારે હું તમને સંતોષ નાયરની દુનિયામાં આવકારું છું.

આદેશ
૧
તમારી એક્સપાયરી ડેટ (સમાપન તારીખ) જાહેર કરો

હંમેશાં “વર્ક ઇન પ્રોસેસ” (કાર્યરત) (WIP) રહો,
નહીંતર તમે
લક્ષ્ય પર આવી પહોંચ્યાં છો તેવો અનુભવ કરાવીને,
તમારો અહમ્
કબજો કરી લેશે. અહીં જ વિકાસ અટકી જાય છે.

જીવનને મહત્તમ કરવાના સંદર્ભમાં "એક્સપાયરી ડેટ" એટલે શું તેનું કદાચ કોઈને આશ્ચર્ય થઈ શકે છે. જેવી રીતે દવાઓમાં "બેસ્ટ બીફોર" તારીખ હોય છે. બરાબર તેવી જ રીતે શું તમે આ ગ્રહ પર જીવો તે દિવસ સુધીની તારીખ અથવા તમે જે તારીખ સુધી કામ કરવાનું ચાલુ રાખો તે દિવસ સુધીની તારીખ એટલે જ "એક્સપાયરી ડેટ" ગણાય? હું "એક્સપાયરી ડેટ"નો જે અર્થ કરું છું તે આ નથી.

હાલમાં, તમે એક ચોક્કસ રીતે કામ કરતા હશો, ચોક્કસ રીતે તમારાં જુથનું વ્યવસ્થાપન કરતા હશો, ચોક્કસ શૈલીથી લોકોનો ઇન્ટરવ્યુ લેતા હશો, તમારાં બાળકો/જીવનસાથી/ઉપરીઓ/સહકર્મીઓ વગેરે સાથે ચોક્કસ રીતે વ્યવહાર કરતા હશો, એક નિશ્ચિત માર્કેટમાં કામ કરતા હશો, એક નિશ્ચિત બીઝનેસ મોડેલ હેઠળ કામ કરતા હશો. અત્યારે તમે જે કરી રહ્યા છો તે બધું જ તમારે માટે એક શૈલી બની ગયું છે અને તે આપી શકે તેટલું વળતર તેણે આપ્યું છે. જો તમે એ જ શૈલીને આગળ વધારવાનું ચાલુ રાખશો તો તે કોઈ વધુ સારાં પરિણામો નહીં ઉપજાવે. હકીકતમાં, વર્તમાન શૈલીએ તેની સુસંગતતા ગુમાવી હોવાથી તમે ઇચ્છિત પરિણામો પણ નહીં મેળવો.

સમાપન તારીખ અથવા એક્સપાયરી ડેટ એ તારીખનો સંદર્ભ આપે છે જ્યારે તમે તમારી વર્તમાન જાતનું અને વર્તમાનમાં તમે કરો છો તે બધાંનું, પછીનાં સ્તર સુધી ઊંચે ઉઠવા માટે, સમાપન કરશો.

એક્સપાયરી ડેટ પછીથી દવાનો તમે ઉપયોગ કરો ત્યારે શું થાય છે – તે કાંતો નકારાત્મક પ્રતિક્રિયા અથવા આડ અસર કરે છે અથવા તો કોઈ જ અસર થતી જ નથી. તેવી જ રીતે, સમયનાં એક બિંદુ પછી, જો તમે કામ કરવાની, વાત કરવાની, ચાલવાની, વર્તન કરવાની, વસ્ત્ર પરિધાનની, તમારી જાતને રજુ કરવાની, તે જ જૂની પૂરાણી સમાપન થઈ ચૂકેલી પદ્ધતિનો ઉપયોગ કરવાનું ચાલુ રાખશો તો તેની અસર પણ એક્સપાયર થયેલી દવા જેવી જ થશે – કાં તો તે નિષ્ફળ જશે અને પરિણામ આપવાનું બંધ કરશે અથવા તો તે અવળી પડશે અને વધુ વિનાશકારી પરિણામો તરફ દોરી જશે, જે પરિસ્થિતિને વધુ વણસાવશે અને આની સાથે, તમે ક્યારેય તમારી આસપાસની વસ્તુઓના પ્રકાર બદલી નહીં શકો. તમારા જીવનને અપગ્રેડ કે મહત્તમ બનાવી નહીં શકો.

આથી, તમારે તમારી જાતને સતત પૂછ્યા કરવાની જરૂર છે. શું હું એવી પેરાસીટામોલ વાળી દવા જેવો થઈ ગયો છું જે હવે તાવને નિયંત્રણમાં નથી રાખી શકતી; શું હું એ એન્ટીબાયોટિક છું જે એક રોગને

મટાડી નથી શકતી? શું હું એ ગીટાર છું જે જરૂરી ધૂનો પેદા નથી કરી શકતી? શું હું એ સડેલું ગુલાબ છું જે સુગંધ નથી પ્રસરાવતું? જો તમે હકારમાં જવાબ મેળવો તો તમે જાણો છો કે તમારે માટે પછીનાં સ્તર પર ઉપર ઉઠવાનો સમય થઈ ગયો છે અને જીવનમાં તમે જ્યારે પણ ઉપર ઉઠવા ઇચ્છો, ત્યારે તે તારીખને તમારે તમારી 'એક્સપાયરી' (સમાપન) તારીખ જાહેર કરવી જોઈએ.

તમારી જાતને સમયાંતરે વિલુપ્ત કરતા રહો અને ઉપર ઉઠો. કોઈક નવા, અલગ અને વધુ સારા તરીકે બહાર આવો.

જે સતત પોતાની વર્તમાન જાતનું સમાપન કરતો રહે છે અને પછીનાં સ્તર સુધી ઉપર ઉઠતો રહે છે તેવું સૌથી દેખીતું અને જીવંત ઉદાહરણ છે મહાન બોલીવુડ અભિનેતા આમીરખાન, જેને ભારતીય સીનેમા ઉદ્યોગમાં નવસર્જન અને રચનાત્મક્તાના રાજા તરીકે ઓળખાય છે. કયામત સે કયામત તક માં તેની ચોકલેટ બોય તરીકેની શરૂઆતથી લઈને, *દીલ ચાહતા હૈ* માં કૂલ ડૂડ, *લગાન* માં અન્યાયી કરવેરા સામે ગ્રામ્ય બળવાખોર, *તારે ઝમીં પર* માં વિશિષ્ટ શિક્ષણ આપતો શાળાનો પરિપક્વ શિક્ષક, *૩ઇડીયટ્સ* માં બીન્દાસ અને મસ્તીખોર કોલેજીયન, *ગજની* માં આક્રમક ભૂમિકા અને તાજેતરની ટેલીવિઝન ક્રાંતિ *સત્યમેવ જયતે* માં હિંમતભર્યા ટોક શૉ ના યજમાન, તરીકે તે દરેક વખતે તેના દેખાવમાં નવી અને નવી સુગંધ લાવીને તેના દર્શકોને આશ્ચર્યચકિત કરતો રહે છે અને આથી તે શ્રેષ્ઠતમ અભિનેતા ગણાય છે.

જીવનને મહત્તમ બનાવવાના માર્ગ પર ચાલવા માટે તમારી વર્તમાન જાતનું આવું સમાપન અને સમયાંતરે તેને નવી બનાવતા રહેવી તે આવશ્યક, જરૂરી અને ફરજીયાત છે.

ડી એન્ડ ડી – ડીસીશન તથા ડીક્લેરેશન – નિર્ણય અને જાહેરાત

માત્ર તમારી વર્તમાન જાતનું સમાપન કરવાનું નક્કી કરવું તેનું મહત્ત્વ એ તારીખને જાહેર કરવી તેના જેટલું જ અથવા તેનાથી વધુ છે. વ્યક્તિ કદાચ પોતાની વર્તમાન જાતનું સમાપન કરવાનો નિર્ણય ઝડપથી લઈ શકે, પરંતુ તેને જનતા સામે જાહેર કરવામાં ઘણો ખચકાટ અનુભવી શકે છે. જીવન ત્યારે જ મહત્તમ બને છે જ્યારે તમે એક જાહેર નિવેદન બહાર પાડો.

પરંતુ, તમે કદાચ પૂછશો કે તે શા માટે જાહેર કરવું? આ આપણને નીચેના સિદ્ધાંત જોવા તરફ લઈ જાય છે.

ખાનગી દબાણ વિરુદ્ધ જાહેર દબાણ

જ્યારે તમે દુનિયાની સામે જાહેર કરી દો કે તમારી વર્તમાન જાતનું સમાપન થશે અને કામ કરવાની તમારી હાલની રીત બદલાઈ જશે જેથી તમે નવા સ્તર પર ઉપર ઊઠી શકો – ત્યારે તમારી પાસે તેમ કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં. તમે જાહેરમાં તમારો ઇરાદો જણાવ્યો હોવાથી, તમારી વચન-બદ્ધતામાંથી તમે છટકી નહીં શકો અને જો તમે તેના પર પગલાં નહીં લો તો લોકો તમારી હાંસી ઊડાવશે. આમ જાહેર દબાણ ઊભું થાય છે અને તમારા પર બદલાવાનું દબાણ આવે છે.

ઉદાહરણ તરીકે, જો તમે નક્કી કરો કે એક ચોક્કસ દિવસથી તમે માત્ર મરાઠી બોલવાને બદલે, અંગ્રેજીમાં બોલવાનું શરૂ કરશો, પરંતુ તમે દુનિયા સામે આ વાત જાહેર ન કરો તો તમે એવા મુદ્દાઓ (તે એક તાકીદનું કામ હોય, પ્લાન્ટમાં ઓચિંતા વિધ્વંસ હોય અથવા પરિવારની કરુણાંતિકા હોય)ને ઊભા થવાની છુટ આપશો જે તમે તમારું નવું પગલું ભરવાનું શરૂ કરવાના હોવ તે દિવસ પહેલાં જ ફૂટી નીકળશે, જે તમને તમારા નિર્ણયમાંથી ચલિત કરશે અને તમને પાછળની પાટલી પર ધકેલી દેશે. તમારા નિર્ણય મુજબ કામ કરવાનું કોઈ નૈતિક દબાણ તમારા પર નહીં હોય; તમારી પાસે હંમેશાં તે તારીખને વળગી ન રહેવાનો વિકલ્પ હશે; છેવટે તો તમારે કોઈને જવાબ આપવાનો નથી!

હવે આપણે એ કલ્પના કરીએ કે તમે માત્ર મરાઠીમાં બોલવાનો બદલે એક ચોક્કસ દિવસથી અંગ્રેજીમાં બોલવાનું નક્કી કર્યું છે અને તમે દુનિયામાં તે જાહેર કરો છો. દરમિયાનમાં તમારે ગમે તેટલી દુઃખદ કટોકટીનો સામનો કરવો પડે તો પણ, તમારે તમારી વચનબદ્ધતાને માન આપવું જ પડશે, કારણ કે જો તમે તેમ ન કરો તો હવે તમારે કેટલાક લોકોને જવાબ આપવો પડશે. તમે જેનું વચન આપ્યું છે તેને વળગી ન રહેવા માટે તમને પ્રશ્નો પૂછાશે અને તમારી હાંસી ઊડાવાશે. આ બાહ્ય દબાણ એ વાતની ખાતરી કરે છે કે તમે જે નક્કી કર્યું છે તે તમે કરો અને એ રીતે પછીનાં સ્તર સુધી ઉપર ઉઠો.

એ બધા જ, જેઓ જીવ્યા છે, પ્રેમ કર્યો છે, શીખ્યા છે અને પાછળ વારસો છોડી ગયા છે તેઓ જાહેર વ્યક્તિત્વો છે અને તેઓ જીવી શક્યા, પ્રેમ કરી શક્યા, શીખી શક્યા અને પાછળ વારસો છોડી જઈ શક્યા કારણ કે તેમણે પોતાના ઇરાદાઓ વિશે જાહેરમાં જવાનું પસંદ કર્યું.

અને છતાં, ઘણા લોકો દુનિયા સામે તેમનો નિર્ણય જાહેર નથી કરતા કારણ કે જાહેર દબાણ સહન કરવું ઘણું જ પીડાદાયક હોય છે અને ટકી રહેવાનું અશક્ય હોય છે અને એ પ્રક્રિયામાં તેઓ પોતાનાં ગંતવ્ય પર પહોંચવા અસક્ષમ હોય છે.

એક વાર તમે તમારાં આયોજનો જાહેર કરશો એટલે તમે તમારી વર્તમાન જાતનું સમાપન કરશો, કરશો, કરશો ને કરશો જ – તમારી પાસે કોઈ વિકલ્પ નથી.

તમે સમાપન કરવા માગો છે તેવી બધી જ વસ્તુઓની સૂચિ બનાવો. અંતિમ તારીખ નક્કી કરો અને તમે તેના વિશે દુનિયામાં જાહેર કરવા કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો નક્કી કરો.

સમાપનની વસ્તુઓ	સમયમર્યાદા	તમે કેવી રીતે જાહેર કરશો.

બુદ્ધિ વિરુદ્ધ ડહાપણ

આત્મ-સમાપનની આ પ્રક્રિયામાં બે મહત્ત્વનાં તત્ત્વો છે – બુદ્ધિ અને ડહાપણ. બુદ્ધિ ત્યારે છે જ્યારે એક ચોક્કસ સંદર્ભની તમને ***સમજણ*** હોય; ઉ.ત. કેવી રીતે વેંચાણ કરવું તે તમે જાણો છો; જ્યારે ડહાપણ ત્યારે છે જ્યારે તે જ્ઞાનને તમે તમારા જીવનમાં ***લાગુ કર્યું હોય*** અને તે વિષય પર નિપુણતા મેળવી હોય, ઉ.ત. તમે વેંચાણની કળામાં નિપુણતા મેળવી હોય. બુદ્ધિ એ જાણકારી વિશે છે, જ્યારે ડહાપણ એ છે કે તમે

જે જાણો છો તે તમે ફરી ફરીને કરો, તેની સાથે પ્રયોગો કરો, સંશોધન કરો, તેમાં ફેરફાર કરો અને એવા સમય સુધી સતતપણે તેનું પુનરાવર્તન કર્યા કરો કે તમે તેના પર નિપુણતા મેળવી લો અને તે ક્ષેત્રમાં પરિણામની ખાતરી આપી શકો.

શું લોકો નથી જાણતા કે તેમણે સવારમાં વહેલા ઉઠવું જોઈએ, ચાલવા જવું જોઈએ, થોડી કસરત કરવી જોઈએ, તેમનાં જ્ઞાનને અપડેટ રાખવા માટે પુસ્તક વાંચવું જોઈએ, વર્ષે-વર્ષે તેમનો ધંધો વધારવો જોઈએ, કામ ટાળવું ન જોઈએ વગેરે વગેરે. પરંતુ શું દરેક જણ તેમ કરે છે?

જો તમે આવા જ કંઈક હોવ તો તમારી જાતને ઓછી બુદ્ધિશાળી ન ગણશો. મેં અગાઉ કહ્યું છે તેમ, પ્રશ્ન બુદ્ધિનો નથી, ડહાપણનો છે. દરેક વ્યક્તિમાં બુદ્ધિની માત્રા સરખી જ હોય છે, પરંતુ થોડા લોકો જીવનની યાત્રામાં આગેવાની લઈ શકે છે જ્યારે બાકીનાં લોકો“તેઓ” શું કામ અને “આપણે” કેમ નહીં માં આટવાતા રહે છે. આનો જવાબ ઘણો સાદો છે – જેઓ આગળ વધે છે તેઓ તેમનાં ડહાપણથી કામ કરે છે જ્યારે અન્યો હજી બુદ્ધિનાં સ્તર પર રમે છે.

બુદ્ધિ અને ડહાપણ – આ બે શબ્દો મારા મગજમાં ભારતીય ક્રિકેટની દુનિયાનાં બે ખૂબ જ પ્રખ્યાત નામો યાદ અપાવે છે – સચીન તેંડુલકર, જે ભારતનો ખૂબ જ લાડકો બેટ્સમેન છે અને વિનોદ કાંબલી જે સચિનને થોડી ગંભીર હરીફાઈ આપી શક્યો હોત, પરંતુ ક્રિકેટની દુનિયામાં મહેમાનની જેમ આવીને ઝાંખો પડી ગયો. બંને સમાન જુસ્સા અને ઉત્કટતા સાથે, એક જ સમયે રમતમાં પ્રવેશ્યા. કાંબલીમાં તેંડુકલકરની સરખામણી એ ઘણી વધારે પ્રતિભા અને અભિરુચિ હતી. પરંતુ તેનો “બુદ્ધિશાળી” થઈને અંત આવ્યો જ્યારે સચિને તેના “ડહાપણ” સાથે આગેવાની લીધી અને છેલ્લાં ૨૪ વર્ષથી તે આબાદ થઈ રહ્યો છે. એ ડહાપણ છે! અને તે માત્ર એવા લોકો પાસે જ આવે છે જેઓ તેમની બુદ્ધિ કરતાં આગળ જઈને વિચારે છે.

જીવનની કરુણતા એ છે કે આપણે ઘણા જલ્દી વૃદ્ધ અને ઘણા મોડા ડાહ્યા થઈએ છીએ .

– બેન્જામીન ફ્રેન્કલીન

આ કરુણતા તમારી સાથે ન થવા દો. બુદ્ધિથી આગળ જઈને વિચારવા તથા ડાહ્યા થવા માટે, જ્યારે તમે ઉપરનાં સ્તર સુધી ઉપર ઉઠવાનું ચાલુ રાખો ત્યારે જ ડહાપણ એકઠું કરી શકાતું હોવાથી, તમે

તમારી વર્તમાન જાતનું સતતપણે સમાપન કરવાના ગુણનું આચરણ કરતા રહો તે અત્યાવશ્યક છે.

ડહાપણ ઉત્પાદન પ્રક્રિયા

"જીવનને મહત્તમ બનાવવાનું" ત્યારે જ બને જો તમે ડહાપણના સ્તર પરથી કામ કરો. તેમ કહ્યા પછીનો પ્રશ્ન છે ડહાપણ પ્રાપ્ત કેવી રીતે કરવું? સૌ પ્રથમ આપણે બધાએ એ સમજવાની જરૂર છે કે ડહાપણ એ કોઈ બાહ્ય તત્ત્વ નથી જેને પ્રાપ્ત કરી શકાય, તે એક પ્રકૃતિદત્ત ઘટક છે જેને તમારી અંદર ઉત્પન્ન કરવો જરૂરી છે અને આ પ્રક્રિયા ડહાપણ ઉત્પાદન પ્રક્રિયા તરીકે જાણીતી છે.



ડહાપણ ઉત્પાદન પ્રક્રિયાના ચાર તબક્કા છે.

૧. ડેટા

૨. માહિતી

૩. જ્ઞાન

૪. ડહાપણ

તબક્કો ૧ – ડેટા

ડેટા એ છે જે આપણે પુસ્તકો, ઓડીયો, વિડીયો, મિત્રો, તાલીમ કાર્યક્રમો વગેરેમાંથી પ્રપ્ત કરીએ છીએ. આ ડેટામાંથી ૯૫% ૨૪ કલાકની અંદર ભૂલી જવાય છે અને પછીના ૫% એક અઠવાડિયાંની અંદર ચાલ્યા જાય છે – જ્યારે તમે વેંચાણ અથવા નેતાગીરી પર એક પુસ્તક વાંચો અથવા ઓડીયો બુક સાંભળો ત્યારે તમે થોડોક ડેટા સંપાદિત કરો છો. જો આ ડેટાને માહિતીમાં ફેરવવામાં ન આવે તો તે હંમેશાં માટે ખોવાઈ જાય છે.

જ્યારે તમે એક પુસ્તક વાંચો ત્યારે ઉપરછલ્લા ફેરફારો ચોક્કસ થાય છે અને મોટાભાગના લોકોને અભિભૂત થયાનો, ઉત્તેજિત થયાનો તથા ઉલ્લાસિત થયાનો અનુભવ થાય છે, પરંતુ ત્યાં જ તેમની તે પુસ્તક સાથેની વાર્તાનો અંત આવે છે. બીજી તરફ, જીવનને મહત્તમ કરનારાઓ પ્રથમ તબક્કા પર અટકી નથી જતા! તેઓ તેને પછીનાં સ્તર પર લઈ જાય છે અને તે છે માહિતી.

તબક્કો ૨ – માહિતી

ડહાપણ ઉત્પાદન પ્રક્રિયામાં પછીનું પગલું ડેટાને માહિતીમાં બદલવાનું છે. આ કળાનો ઉપયોગ દરેક વ્યક્તિ વડે જુદી જુદી રીતે કરાય છે. કોઈક તે/તેણી તાલીમ કાર્યક્રમમાંથી જે કાંઈ પણ સમજ્યાં હોય તે રેકોર્ડ કરી લેશે. બીજા જીવનને મહત્તમ બનાવનારા તે બાબતની પોતાની સમજણને મજબૂત કરવા માટે આખી પ્રક્રિયાનું સો વખત પુનરાવર્તન કરશે. તમારી આ ડેટાને માહિતીમાં બદલવાની પદ્ધતિ સંપૂર્ણપણે અલગ હોઈ શકે છે.

છેલ્લાં ૨૯ વર્ષમાં મારી પદ્ધતિ છે એકઠા કરાયેલ ડેટાને મારી સમજણ અને બુદ્ધિમાં લાગુ કરવા, પછી મેં વાંચેલ દરેક પુસ્તક પર અથવા મેં જે ઓડીયો – વિડીયોનો અભ્યાસ કર્યો હોય તે અથવા હું હાજર રહ્યો હોઉં તેવા તાલીમ કાર્યક્રમ – એ દરેક વિશે ૧૦૦ જેટલાં પાનાં ભરીને લખી લેવું. આમ સમગ્ર ડેટાને ભાવી સંદર્ભ માટે કાગળ પર ઉતારી લેવા. જેમ જેમ તમે વધુને વધુ ડેટા મેળવતા જાવ અને તેને માહિતીમાં તબદીલ કરતા જાવ તેમ તેમ તમે તમારા વર્તમાન સ્વનું સમાપન કરો છો અને પછીનાં સ્તર પર

ઉપર ઉઠો છો. આથી, તમારા વર્તમાન સ્વનું સમાપન કરવાનો અને તેને નવો બનાવવાનો નિર્ણય અહીંથી શરૂ થાય છે.

તબક્કો ૩ – જ્ઞાન

ડેટાને માહિતીમાં તબદીલ કર્યા પછી તમારે દઢઆગ્રહ પૂર્વક તે માહિતીને આચરણમાં મૂકવી જરૂરી છે અને એક વખત આ નિયમિતપણે થવા લાગે, પછી તે તમારું જ્ઞાન બની જાય છે. જ્ઞાન એ અમલીકરણનો તબક્કો છે. જ્યારે તમે જે નક્કી કર્યું છે તેનું આચરણ કરવા લાગો છો ત્યારે તમે ખરાબ રીતે તેમાં નિષ્ફળ જશો કારણ કે કંઈક જૂદું કરવાનો પ્રયાસ કરતી વખતે તમારી જૂની જાત તમારી નવી જાત સાથે ઝઘડ્યા કરે છે.

તમે સતતપણે નિષ્ફળ, નિષ્ફળ, નિષ્ફળ અને નિષ્ફળ થયા જ કરો છો, પરંતુ છતાં તમે વળગી રહો છો. તમે તમારી માહિતી પાસે પાછાં જાવ છો અને તમે ક્યાં નિષ્ફળ જાવ છો તે અને તમારી જાતને કેવી રીતે સુધારી શકો તે જુઓ છો. તમારી જાતને કેટલીક વખત સુધાર્યા પછી, ક્રમશઃ નિષ્ફળ જવાની પરંપરા ઘટવા લાગે છે (ઉપરના ડાયાગ્રામમાં દર્શાવ્યું છે તેમ) અને છેવટે તમે પ્રથમ વખત સફળતાનો સ્પર્શ કરો છો. આ જગ્યાએ તમે જ્ઞાન કરતાં એક ડગલું આગળ વધો છો અને આ પ્રક્રિયાના અંતિમ તબક્કામાં પ્રવેશો છે.

તબક્કો ૪ – ડહાપણ

તમારા પ્રયાસો વધાર્યા પછી છેવટે તમે નવી ક્રિયા સાચી રીતે કરવામાં સફળ થઈ શકો છો, પરંતુ ત્યારે નિષ્ફળતાનું ચક્ર પાછું શરૂ થઈ શકે છે. જોકે, જ્યારે નિષ્ફળતા વારંવાર થતી સફલતામાં ફેરવાય છે ત્યારે સફળતાનું કદ મોટું અને વધારે નજરે ચડે તેવું થવા લાગે છે અને અહીં જ છેવટે જ્ઞાન ડહાપણમાં ફેરવાય છે.

આ તબક્કે તમે બરાબર શું કરવું જરૂરી છે તે જાણો છો; એક મુશ્કેલ પરિસ્થિતિને જીતવા માટે કયા ગુણધર્મો જરૂરી છે; જે વખણાયેલો જુઠા બોલો હોય તેવા કોઈકની સાથે કેવું વલણ લેવું અને તેનું એક સત્યવાદી વ્યક્તિમાં કેવી રીતે પરિવર્તન કરવું વગેરે. અહીં જ તમે આ બધાં ક્ષેત્રોમાં તમારી પોતાની અંદર ડહાપણનું ઉત્પાદન કર્યું છે.

ડહાપણ ઉત્પન્ન થયા પછી હંમેશાં માટે રહે છે અને જે વ્યક્તિ એક ચોક્કસ વિષય પર ડહાપણ પ્રાપ્ત કરી લે છે તે તે વિષયનો રાજા બની

જાયછે.

ડોન બેવરેજ વડે કરાયેલ એક કાર્યક્રમ મેં પ્રથમ વખત ભાગ લીધો હતો તે મને યાદ આવે છે. આખા દિવસમાં દુનિયાના આ સુપ્રસિદ્ધ કોચે જે કાંઈ પણ કહ્યું તે મેં લખી લીધું, મેં બનાવેલી સચોટ નોટને મેં કાળજી પૂર્વક તૈયાર કરી અને આ રીતે મારા ડેટાને માહિતીમાં ફેરવ્યા. હું જે સમજ્યો હતો તેની મેં માત્ર ઉતાવળી નોંધ જ ન કરી, પરંત હું તેમના શબ્દોમાંથી શું શીખ્યો અને તેમાંથી હું જે ફાયદો મેળવી શક્યો તે પણ મેં લખી લીધું. જ્યારે હું આ ડેટાને માહિતીમાં તબદીલ કરી રહ્યો હતો ત્યારે, મેં મારી જાતને આદેશ આપ્યો કે આજે હું જે કાંઈ પણ શીખ્યો છું છે બધું જ, એક પછી એક પ્રકરણ, હું મારા જીવનમાં લાગુ કરીશ, અને આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે મેં એક આયોજન ઘડી કાઢ્યું. મેં તેમની હસ્તપ્રત પણ ખરીદી અને મારી નોંધો સાથે દરેક બોધપાઠને મેં મારાં સૌથી અવચેતન મગજમાં શોષી લીધા. ખૂબ જ ગર્વ અને ઉત્તેજના સાથે હું તમને કહી શકું કે ૨૦ વર્ષ પછી, આજ સુધી હું તે પુસ્તકમાં લખેલ શબ્દે શબ્દનું પાલન કરું છું.

૧૯૯૦માં મેં હરીયાળીથી ઘેરાયેલા એક રેસીડેન્સીયલ કેમ્પમાં સ્વામી સુખબોધાનંદ વડે સંચાલિત એક કાર્યક્રમ 'લાઇફ-લીવીંગ ઇન ફ્રીડમ એન્ડ ઇન્કવાયરી' અને તેનો સાત દિવસનો અનુગામી કાર્યક્રમ "ધ એક્ઝીસ્ટેન્શીયલ લેબોરેટરી"માં ભાગ લીધો હતો. અમે તંબુમાં રહ્યા હતા અને રાત્રે વિજળી ન હતી. હું વર્કશોપના નિયમોની વિરુદ્ધ ગયો, જે ભાગ લેનારને સાંજે ચોક્કસ સમય પછી જાણતા રહેવા પર પ્રતિબંધ ફરમાવતા હતા અને મેં મારી જાતને એક ઓછાડમાં લપેટી લીધી અને આખા દિવસના અભ્યાસક્રમમાંથી મુખ્ય મુદ્દાઓને કલાકો સુધી જાગીને લખી લીધા, આમ મેં મેળવેલા ડેટાને માહિતીમાં તબદીલ કર્યા અને આજે તે બોધપાઠો જેનાં મૂળ ઘણાં ઊંડા છે તેવું મારું ડહાપણ બન્યા છે!

જ્યારે મેં અપોરેશ ઘોષ વડે સંચાલિત MILT લીડરશીપ કોર્સ તથા MILT સેલ્સ કોર્સ, હેલ્મેટ ફ્લેચ વડે સંચાલિત ડાયેનેટીક્સ વગેરે જેવા કાર્યક્રમોમાં ભાગ લીધો ત્યારે મેં મારા વિચારોની ઝડપી નોંધ બનાવી લીધી. ૧૯૮૫માં મેં લક્ષ્ય નક્કી કરવા પર સાંભળેલી ઝીગ ઝેગલરની ઓડીયો બુક, ટોમ હોપકીન્સ, બ્રાયન ટ્રેસી ઝીગ ઝેગલર, ડેન સુલીવાનના જે વિવિધ પુસ્તકો મેં આટલાં વર્ષો દરમિયાન વાંચ્યા છે અને હું જેનો ઉત્સાહી અનુયાયી છું તેવા જોએલ બાર્કરના મેં સાંભળેલા ઓડીયો તથા વીડીયો, એ બધાં જ મેં તેમના વિશે લખેલા કાગળોના ઢગલે ઢગલાના રૂપમાં મારા

અભ્યાસ ખંડમાં અત્યારે પણ હાજર છે. આજે તે બધા જ મારા ડહાપણનો એક ભાગ છે.

નીચે આપેલ ટેબલમાં, ઉપરના ખ્યાલમાંથી તમે પ્રાપ્ત કરેલ ચાર મુખ્ય બોધપાઠો લખો, તેને તમારા જીવનમાં કાયમ માટે ગ્રહણ કરવા માટે તમે જે પગલાં લેશો તે તેની સમયમર્યાદા સાથે લખો અને તમારે જે મદદ જોઈશે તે લખો.

નં બોધપાઠો	તમારા જીવનમાં ગ્રહણ કરવા માટે તમે લેશો તે પગલાં	તમારે કોની મદદની જરૂર પડશે	સમયમર્યાદા
૧			
૨			
૩			
૪			

શીખવવું એ શીખવા માટેની શ્રેષ્ઠ રીત છે. આવતા એક અઠવાડિયામાં તમે મળો તે દરેક વ્યક્તિ સાથે આ વિષય પર વાત કરો અને તમારા શબ્દભંડોળમાં તમે "તમારી સમાપન તારીખ જાહેર કરો" એ ટર્મ દાખલ કરી શકો છો કે નહીં તે જુઓ.

વ્યક્તિઓ જીવનનાં દરેક પાસાં જેમ કે વેંચાણ, નેતાગીરી, માર્કેટીંગ, બ્રાન્ડીંગ, જુથનું ઘડતર, લોકોનું વ્યવસ્થાપન, સમયપાલન, વર્તન, વ્યક્તિત્વ, તમારું વસ્ત્ર પરિધાન, ચાલવું, બોલવું વગેરેમાં ડહાપણનું ઉત્પાદન કરવું જરૂરી છે. જ્યારે તમે તમારાં ડહાપણમાંથી કામ કરો છો ત્યારે તમે તમારી વર્તમાન જાતનું સમાપન અને તેને સમયાંતરે નવસર્જન કરવાનું કામ કરી શકશો અને આમ પછીનાં સ્તર સુધી ઉપર ઊઠી શકશો.

એક જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે, તમારે આ આદેશ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ કમાન્ડમેન્ટ તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દરેક મીનીટે આપવો જરૂરી છે.

તમારી સમાપન તારીખ જાહેર કરો!

આદેશ

૨

શક્યતાના વિચારક બનો

શક્યતા એ છે જે તમે નથી જાણતા.

એક સકારાત્મક વિચારક નહીં, શક્યતા વિશે વિચારનાર બનો!

→ શક્યતા અજ્ઞાત છે.

→ તે કલ્પના, ઇરાદા અને સમજણની પેલે પાર છે.

→ તે પ્રવર્તમાનથી આગળ છે, તમારા વર્તમાન વિચારો, શબ્દો તથા કાર્યોની પેલે પાર છે.

→ શક્યતા એ છે જે વિચારો, ખ્યાલો એવા કોઈ પણ સ્વરૂપે વર્તમાનમાં અસ્તિત્વ નથી ધરાવતી.

→ તે એક આખી નવી દુનિયાનું સર્જન છે. શક્યતાઓની દુનિયા.

→ તે તમે અગાઉ જે કાર્યે ન કર્યું હોય તે કરવાની માન્યતા છે; જેનું અગાઉ અસ્તિત્વ ન હતું તેનું સર્જન કરો.

→ *શક્યતા વિશુદ્ધ છે; તે ઇશ્વર છે; તે એવી વસ્તુ છે જે આખી દુનિયાને આશ્ચર્યચકિત કરી દેશે ને તેને ગભરાવી દેશે.*

તમે કદાચ સકારાત્મક વિચારક હશો, પરંતુ જ્યારે તમારી આસપાસના સંજોગો તથા પરિસ્થિતિઓ બદલાવા લાગે ત્યારે સકારાત્મક વિચારસરણી અટકી જાય છે. સકારાત્મક વિચારો વડે જીવન ક્યારેય મહત્તમ બનાવી નથી શકાતું કારણ કે જ્યારે વસ્તુઓ અવળી પડે, પરિસ્થિતિ નિયંત્રણ બહાર ચાલી જાય અને જ્યારે દુનિયા તમને તમારા પ્રશ્નો તમારી મેળે હલ કરવા માટે અડધે રસ્તે છોડી દે ત્યારે તેઓ નકારાત્મક બની જાય છે.

એક જીવન મહત્તમ કરનાર બનવા માટે, તમારે એક શક્યતા વિશે વિચારનાર બનવું જરૂરી છે.

શું તમે ક્યારેય કંઈક કલ્પનાતિત હોય તેવાનો પ્રયત્ન કરી જોયો છો? ઉ.ત. તમારા ધંધાને એક વર્ષમાં ૫૦૦% વિકસાવવો, એક મહિનામાં તમારું વજન ૨૦ કીલો ઉતારવું, રાતોરાત તમારા સારી રીતે ગોઠવાયેલા ધંધાને બીજા શહેરમાં લઈ જવો, અને આવું કરતી વખતે તમે હાંસીપાત્ર થવાનો તથા ઉપહાસનો સામનો કર્યો છે? જો નહીં, તો તમે હજી સધી અશક્યને ખોલવાનો પ્રયત્ન નથી કર્યો.

થોમસ એડીસન જ્યારે વિજળીનો ગોળો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ૧૦,૦૦૦ વાર નિષ્ફળ ગયા. પરંતુ તેમણે છોડી ન દીધું; ઇન્ફોસીસ બનાવવાનો પ્રયત્ન કરતી વખતે નારાયણ મૂર્તિ અસંખ્ય વખત

નિષ્ફળ ગયા; રે ક્રોકને તેમના મેકડોનાલ્ડના વિચાર માટે ૩૦૦થી વધુ રોકાણકારોના અસ્વીકારનો સામનો કરવો પડ્યો; કિશોર બીયાનીને બીગ બજાર દ્વારા છૂટક વેંચાણ ઉદ્યોગમાં ક્રાંતિ લાવતી વખતે તેના પોતાના પરિવારના વિરોધનો સામનો કરવો પડ્યો; વોલ્ટ ડીઝનીએ જ્યારે તેના ડીઝની-લેન્ડના ખ્યાલને ખૂલ્લો મૂક્યો ત્યારે દુનિયાએ તેની ઠેકડી ઊડાડી હતી, પરંતુ તેમાંની એક પણ વ્યક્તિએ જતું ન કર્યું. તેઓ જ્યાં સુધી તેમનાં સ્વપ્નોને વાસ્તવિક્તામાં બદલી ન શક્યા ત્યાં સુધી તેઓ મચ્યા જ રહ્યા. તેઓ બધા જ શક્યતા વિશે વિચારનારાઓ હતા.

તો, એ શું છે જે શક્યતા વિચારકોને સામાન્ય જીવો અલગ તારવે છે? એક માત્ર ભેદપારખું એ છે કે શક્યતા વિચારકો અનિયંત્રણનાં સિદ્ધાંત પર કાર્ય કરે છે – સમય, પૈસા, સ્ત્રોત વગેરેનું નિયંત્રણ તેમને માટે અસ્તિત્વમાં નથી અને તેઓ કોઈ પણ દુન્યવી અથવા પાર્થીવ મર્યાદાઓ છતાં, કામ કરવા માટેના વૈકલ્પિક માર્ગો શોધી જ લે છે.

જરૂરી પરિણામ આપવા માટે વ્યક્તિ પાસે શ્રેષ્ઠ સગવડો, સ્ત્રોતો, પૈસા અને સમય કદાચ ન હોય અને આવી પરિસ્થિતિમાં કંઈક નહીં થઈ શકે તેમ જાહેર કરવું તે પણ સહેલું છે; તે બીલ્કુલ સામાન્ય સમજણ વાળું કામ છે જેના વિશે વિચારવાની જરાય જરૂર રહેતી નથી. પરંતુ છતાં, આ બધાં નિયંત્રણો છતાં જરૂરી પરિણામ આપવું તે માટે માત્ર વિચારવાની કે સકારાત્મક વિચારસરણીની નહીં પરંતુ શક્યતા વિશે વિચારવાની જરૂર છે અને આ વસ્તુ વ્યક્તિને શક્યતા વિચારક બનાવે છે.

ઉ.ત. તમને ૨૪ કલાકની અંદર, ચોક્કસ બજેટમાં રહીને કોઈ પણ મદદ કે સહાય વગર એક પાર્ટી/પ્રસંગની વ્યવસ્થા કરવાનું કહેવામાં આવે અથવા તમને જે સગવડો અત્યાર સુધીમાં માત્ર ૫૦ એકમોનું ઉત્પાદન કરી શકતી હતી તેને બદલે દિવસના ૧૦૦૦ એકમોનું ઉત્પાદન કરવાનું કહેવામાં આવે. એક સામાન્ય વ્યક્તિ તરત જ કહેશે, "આ કરવું અશક્ય છે, હું ન કરી શકું." પરંતુ એક શક્યતા વિચારક તે થઈ શકે કે નહીં તેના પર ચર્ચા કરવાને બદલે તે કેવી રીતે કરી શકાય તેની છાનબીન કરશે.

છતાં અશક્યતા અને શક્યતા વિચારક વચ્ચેના આપણા મધ્યમ-માર્ગી લોકોને જ્યારે ૧૦૦૦ એકમોનાં દબાણનો સામનો કરવાનો આવે ત્યારે આ કામ સોંપનાર લોકોને નિરાશ ન થવા દેવાના ડર સાથે, નીચે આપેલ એક અથવા બધાંજ મજબૂત વિધાનો જાહેર કરીને તે અશક્ય કામ કરવા સંમત થશે :

૧. આપણે વાસ્તવવાદી બનીએ.

૨. આપણે વ્યવહારુ બનીએ.

૩. હું મારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.

તે આમ કહીને શરૂ કરી શકે, “આ વાસ્તવવાદી નથી, આ વ્યવહારુ નથી, પરંતુ તેમ છતાં, જો તમારો આગ્રહ હશે તો તે કરવા માટે હું મારા સ્તરે બનતું બધું જ કરીશ.” આ સંવાદમાં પોતાનામાં જ તેણે નિષ્ફળ જવાનું જોઈ લીધું છે, અને વક્રતા એ છે કે આ નિષ્ફળતા પણ તેમને માથું ઊંચું રાખીને ફરવાનો સંતોષ તથા હિંમત આપે છે – છેવટે, તેણે પ્રયત્ન તો કર્યો!

પરંતુ શક્યતા વિશે વિચારનારા આવાં વિધાનો નથી કરતાં. તેઓ તેમની સૌથી ઉંડાણમાં પડેલી ક્ષમતાઓ તથા શક્તિઓ તથા તેમની ઇકોસીસ્ટમની શક્તિઓને જગાડીને એ કામ સાથે આગળ વધે છે અને તે કરે છે. કહેવાયું છે તેમ, એક વ્યક્તિનું સાચું ચારિત્ર્ય અને કાબેલીયત જ્યારે તેને મર્યાદાઓમાં ધકેલી દેવાય ત્યારે જ બહાર આવે છે. ‘કોઈ નિયંત્રણ નહીં’નો સિધ્ધાંત એ વાતની ખાતરી આપે છે કે જ્યારે લોકોને તેમની મર્યાદા કરતાં આગળ ધકેલવામાં આવે, ત્યારે તેમની ખરી લાયકાત ચકાસાય છે અને સામાન્ય લોકોમાંથી જીવનને મહત્તમ કરનારા બને છે. કાંતો તમે ઉભરી આવશો અથવા તો તમે ત્યાગ કરશો. કોઈ ત્રીજો માર્ગનથી.

જો તમે એક થાળીમાં બધું મેળવો, તો ‘કોઈ નિયંત્રણ નહીં’ ના સિધ્ધાંત હેઠળ કામ કરવાની જરૂર ક્યારેય ઊભી નથી થતી. હું મારી પાસે દુનિયાની બધી સમૃદ્ધિ અને સંપત્તિ ન હોવા બદલ મારી જાતને ભાગ્યશાળી ગણું છું. કારણ કે આ બાબતે મને છેલ્લાં ૨૯ વર્ષોથી નિયંત્રણોની અંદર રહીને કામ કરવા દબાણ કર્યું છે, અને આ રીતે મને શક્યતા વિશે વિચારનાર બનાવ્યો છે.

મને યાદ છે, ૧૨ વર્ષ પહેલાં, ૨૦૦૦ની સાલમાં જ્યારે હું મારી પોતાની તાલીમ કંપની શરૂ કરવા માટે બહાર પડ્યો ત્યારે મારી ઑફિસ તૈયાર કરવા માટે મારી પાસે એક જગ્યા પણ ન હતી. મેં એક સહકર્મીની સાથે મળીને મારા પિતાનાં એક રૂમ-રસોડાનાં ઘરનાં બગીચામાંથી ‘સ્માર્ટ’ની શરૂઆત કરી અને ત્યાંથી આજે તે જે છે તેનું ઘડતર કર્યું. જે તે સમયે જીવને મને જે પૈસા અને સ્ત્રોતોનું નિયંત્રણ આપ્યું હતું તેનાથી હું કચડાઈ ગયો હોત તો ‘સ્માર્ટ’ ક્યારેય બન્યું ન હોત અને હું હજી બીજાની કંપની માટે કામ કરતો હતો.

અને કોણ કહે છે કે આજે કોઈ અવરોધ નથી? અલબત્ત, અવરોધો છે જ. સમય, પૈસા, શરીર, સ્ત્રોતોના અવરોધો છે જ અને હંમેશાં રહેવાના. ભલે આજે મારા જીવનમાં ખાસ્સી વાજબી સંપત્તિ છે છતાં, મેં મારાં મન, શરીર, હૃદય તથા આત્માને મારા છેલ્લા શ્વાસ સુધી શક્યતા વિશે વિચારનારની જેમ કામ કરવાની તાલીમ આપી છે, આમ મારા બીજા મિત્રો કે જેઓ આ ઉંમરે અને જીવનની ઊંચાઈએ તેમની આસપાસ બધી જ સંપત્તિ, સગવડો તથા સ્ત્રોતો હોવા છતાં મંદ પડવા લાગ્યા છે, ઊડાઉ થઈ ગયા છે, વિચ્છિન્ન થવા લાગ્યા છે અને આગળ વધવાનું બંધ કરી દીધું છે, તેનાથી વિરુદ્ધ, હું જીવનમાં વધુ ઊંચા પડકારો ઝીલવાની સ્થિતિમાં હોઈશ. તેઓ સલામતીના પ્રદેશમાં ચાલ્યા જાય છે અને તેમને માટે તેજ સમયે અને ત્યાં જ જીવનને મહત્તમ બનાવવાનું અટકી જય છે.

શક્યતા વિશે વિચારનારાઓ માટે વ્યક્તિની ઉંમર, આરોગ્ય તથા સંપત્તિનો કોઈ અવરોધ હોતો નથી. તે મગજની, મગજ માટેની અને મગજની અંદરની રમત છે; એક કાયમી ઘટના જેનો માત્ર જીવન સાથે જ અંત આવે છે.

એક તાલીમ આપનાર તરીકેનાં મારાં જીવનમાં, હું એવા ઘણા લોકોને મળ્યો છું જેઓ વર્ક આઉટ વિશે, તેમનાં આરોગ્ય પર ધ્યાન દેવા વિશે, વાંચવા અને પોતાને અપગ્રેડ કરવા વિશે, એક તાલીમ કાર્યક્રમમાં જવા વિશે ખૂબ જ મજબૂતાઈથી અનુભવતા હોય પરંતુ સમયની અલ્પતાને કારણે ફસાઈ ગયા હોય અને છોડી દે. એક સામાન્ય માણસ માટે, ૭ વાગે ઘેર આવવું, બે કલાક ટીવી જોવું, પરિવાર સાથે ભોજન કરવું અને ૧૦-૩૦ સુધીમાં પથારી ભેગા થઈ જવું તે નિયમ છે.

પરંતુ એક શક્યતા વિશે વિચારનાર કિસ્સામાં, તમારે સાંજે ઘેર જવું જોઈએ, સમયસર જમવું, ટીવી જોવું, રાત્રે સૂઈ જવું, આરામ લેવો વગેરે બનતાં પણ નથી. તેઓ ખૂબ જ ઇરાદાપૂર્વક નક્કી કરે છે કે આ બધી વસ્તુઓ સામાન્ય માણસો માટે બની છે અને જો પોતે દુનિયા કરતા જુદા બનવું હોય અને જીવનને મહત્તમ બનાવવું હોય તો આ શૈલીને ફરી તૈયાર કરવાની જરૂર છે અને આથી, જો તેઓ વર્કઆઉટ કરવા, પુસ્તક વાંચવા અથવા એક તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા હોય તો ક્યારેય સમયની તંગીનો સામનો નથી કરતા. તેઓ સવારમાં ત્રણ વાગે ઉઠે છે, યોગ કરે છે, ચાલવા જાય છે, એક દિવસ-રાત્રીનો તાલીમ કાર્યક્રમ ગોઠવે છે. તેઓ જ્યાં સુધી જેને માટે પોતે બહાર પડ્યા છે તે પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી સવાર કે સાંજ, વહેલું કે મોડું, દિવસ કે રાત્રીથી તેમને કોઈ ફરક નથી પડતો.

આપણી પૌરાણિક કથાઓ તથા દંતકથાઓમાં અને આજનાં વર્તમાનપત્રોમાં પણ આપણે શક્યતાઓ વિશે વિચારનારાઓ વિશે સાંભળ્યું છે. દા.ત. મહાભારતના એકલવ્ય, એ.પી.જે. અબ્દુલકલામ, દાદાસાહેબ ફાળકે તથા મધર ટેરેસાને લો.

એકલવ્ય માટે, તે ધનુષ વિદ્યાની કળા શીખવા માંગતો હતો, જે દ્રોણાચાર્ય તેને શીખવવા તૈયાર નહોતા. પરંતુ એકલવ્યની અંદર રહેલા શક્યતા વિશે વિચારનારે શીખવનાર ન હોવા છતાં તેને જતું કરવાની છૂટ ન આપી. તેને બદલે તેણે તે કળા શીખવાના વૈકલ્પિક માર્ગો શોધી કાઢ્યા અને શિક્ષણ પામેલા અર્જુન કરતાં વધુ સારો બાણાવળી બન્યો.

એ.પી.જે. અબ્દુલ કલામે ગરીબીને તેમની મહત્ત્વાકાંક્ષાઓને દબાવી દેવાની છૂટ ન આપી. તેઓએ સ્ટ્રીટલાઇટ નીચે અભ્યાસ કર્યો, અને માત્ર તેમની સિદ્ધિઓ તથા જ્ઞાનને કારણે જ ભારતના રાષ્ટ્રપતિ તરીકે નિમાયા.

દાદા સાહેબ ફાળકે ભારતીય સીનેમાના સૌથી મહાન ફાળો આપનાર ગણાય છે. સામાન્ય પરિવારમાંથી આવતા, સામાન્ય પરિસ્થિતિઓ તથા સંજોગો વચ્ચે સામાન્ય જીવન જીવતા, પોતાનું પ્રીન્ટીંગ પ્રેસ ચલાવતા એવા આ દંતકથા સમાન માણસ વિશે જે એક જ વસ્તુ અસામાન્ય હતી તે તેમનું પ્રથમ ભારતીય ફીલ્મ બનાવવાનું અને ભારતમાં સમગ્ર ફીલ્મ ઉદ્યોગ માટે મંચ ઊભો કરવાનું તેમનું સ્વપ્ન. એક તરફ ગરીબી અને બીજી તરફ ફીલ્મ બનાવવા વિશેની જાણકારીના સંપૂર્ણ અભાવ સાથે, દાદા સાહેબ ફાળકેની અંદરના શક્યતા વિચારકે તેમનાં સ્વપ્નનો પીછો કરવા માટે બધા જ નિયમો તથા પરિસ્થિતિઓને હાર આપી.

પ્રીન્ટીંગ પ્રેસ બંધ કરવાથી લઈને અતિશય નાણાકીય નુકસાન તથા પત્નીનાં ઘરેણાં ગીરો મુકવા સુધીનો સામનો કરીને, તેઓ ઇંગ્લેન્ડ ગયા અને ફીલ્મ ટેકનોલોજીનો અભ્યાસ કર્યો, જરૂરી સાધનો ખરીદ્યા અને અહીં, ભારતમાં તેમની પ્રત્યક્ષ ફેક્ટરી શરૂ કરી. જ્યારે કોઈ પણ સ્ત્રી કેમેરાનો સામનો કરવા તૈયાર ન હતી અને પરિણામ સ્વરૂપ સામાજિક લાંછન લાગતું ત્યારે રસોઈયાના સ્ત્રૈણ દેખાવવાળા એક પુરુષ સહાયકને તેમણે તેમની હીરોઈન બનાવી, પરંતુ મુખ્ય અભિનેત્રીની ગેરહાજરીને કારણે છોડી ન દીધું. આ સમયગાળામાં, ફીલ્મો જોવાના કારણે થયેલ વધારે પડતી તાણને કારણે તેમણે તેમની દૃષ્ટિ લગભગ ગુમાવી, કેટલીક શારીરિક, માનસિક, નાણાકીય અને ભાવનાત્મક આકરી કસોટીઓમાંથી પસાથ થયા, રસ્તા પર આવી ગયા, ઘરવખરી સહિત બધું જ વેંચી નાખ્યું, બધું જ કર્યું, માત્ર એક જ વસ્તુ સિવાય, 'છોડી દેવું!'

તેઓ ભારતમાં પ્રથમ મોશન પીક્ચર બનાવવાની તેમની માન્યતા સાથે હઠપૂર્વક ચીટકી રહેલા હતા અને તેમની અને ઇશ્વર વચ્ચે બીજું કોઈ જ નહતું. તેમની માન્યતા, જુસ્સો અને હેતુએ આપણને "ભારતીય ફીલ્મ ઉદ્યોગ"ની ભેટ આપી. તેઓ તેમને ઘેરી વળેલા અવરોધોને આધિન ન થઈ ગયા, પરંતુ તેમનું સ્વપ્ન સિદ્ધ ન થયું ત્યાં સુધી ચીટકી રહ્યા અને ભારતીય ફીલ્મના બંધુત્વ પર એક કાયમી નિશાની છોડી ગયા અને પૃથ્વી પર જ્યાં સુધી જીવનનું અસ્તિત્વ છે ત્યાં સુધી તેમને યાદ કરવામાં આવશે.

આ આદર્શરૂપ ફીલ્મ બનાવનારથી ક્યાંય દૂર, બીજી સદીમાં, દુનિયાના બીજા ભાગમાં, જેનું ક્યારેય અસ્તિત્વ ન હોય તેવું કંઈક બનાવવાની એવી જ ઉત્કંઠા, ઉત્કટતા તથા જુસ્સાવાળા બે નાના છોકરાઓ હતા. ૧૯૯૮માં ૨૫ વર્ષના સર્ગી બ્રીન અને લેરી પેજે 'ગુગલ'નામનું ઓનલાઇન સર્ચ એન્જિન બનાવવા માટે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીનો તેમનો Ph.D નો અભ્યાસ અટકાવી દીધો. તેમણે "સર્ચ એન્જિન ઓપ્ટીમાઇઝેશન" કહેવાતું કંઈક નવું શોધીને ઇન્ટરનેટમાં સુધારો કર્યો. તે એક એવો ખ્યાલ છે જેના વિશે કોઈએ કાંઈ જોયું કે સાંભળ્યું ન હતું અને જેનું કોઈ અસ્તિત્વ ન હતું, અને ત્યાંથી એક દશકા કરતાં ઓછા સમયમાં તેમણે ગુગલને ઘર ઘરમાં વપરાતું નામ બનાવી દીધું. આ બે યુવાન ભેજાંઓને માર્ગદર્શન આપવા માટે કોઈ નિયમો, નીતિ/કાયદાઓ અથવા કોઈ કેસ સ્ટડીનું પણ અસ્તિત્વ ન હતું. તેમણે તેમની પોતાની શૈલી બનાવી, પોતાને જ દિશા દોરવણી આપી અને એવું મહાકાય તંત્ર બનાવ્યું, જે આધુનિક ટેક્નોલોજી પર પ્રભાવ પાડી રહ્યું છે.

એ નિરજ ગુપ્તા હોય કે જેણે પરંપરાગત કાળી-પીળી ટેક્ષીને 'મેરુ' કહેવાતી અને હવે ભારતનાં ઘણાં શહેરોમાં ઉપલબ્ધ એવી વાતાનુકુલિત, સોફીસ્ટીકેટેડ રેડીયોકેબમાં ફેરવી નાખી, અને તેનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે તેણે બદમાશ, અસભ્ય, ચાલાકીથી કામ કાઢી લેનાર, અસંસ્કારી અને યુનિયન બનાવેલા સ્થાનિક ટેક્ષી ડ્રાઇવરોનું સુસભ્ય, સારી રીતભાતવાળા અને સુસંસ્કૃત શોફરોમાં રૂપાંતર કરી નાખ્યું, અથવા માર્ક ઝૂકરબર્ગ હોય જેણે ફેસબુક નામનું શક્તિશાળી સામાજિક નેટવર્કીંગ બનાવીને ઇન્ટરનેટ પર વાવાઝોડું લાવી દીધું; યુવાનો માટે ત્રીજું ઘર બનાવવાનો સ્ટારબક્સ કોફીનો વિચાર હોય કે સુરેશ અને મીના ક્રીષ્નન વડે ચલાવાતી બેંગલુરુ સ્થિત ટ્યુટર વિસ્ટા નામની કોચીંગ એકેડેમી હોય, તેઓ US, UK તથા વિદેશોમાં ઇન્ટરનેટ દ્વારા તેમના શાળાના અભ્યાસક્રમોને ભણાવે છે – આ બધાં તેમની પોતાની જગ્યાએ નવસર્જનો છે.

આમાંથી કોઈની પણ પાસે તેમને યોગ્ય માર્ગ પર લઈ જવા માટે, માહિતી મેળવવા માટે કોઈ પૂરોગામી, અનુસરવા માટે કોઈ શૈલી, અવલોકન માટે નમુના, જેમાંથી શીખાય તેવાં ઉદાહરણો કે કોઈ જ માર્ગ દર્શન ન હતાં. તેમણે પોતે જ પોતાને માર્ગદર્શન આપ્યું, તેમની પોતાની જ ક્રિયાઓનો દિશા નિર્દેશ કર્યો, તેમના પોતાના માર્ગો કંડાર્યા, અશક્યતાઓમાંથી શક્યતાઓ ઊભી કરી અને પોતાને માટે તથા આસપાસના લાખો લોકો માટે જીવનને મહત્તમ બનાવ્યું. તેઓ માત્ર એક જ ધ્યેય વડે માર્ગદર્શિત હતાં – કંઈક એવું બનાવવું જેનું અગાઉ ક્યારેય અસ્તિત્વ ન હોય!

"અશક્ય હોય તે કરવું તે એક પ્રકારનો આનંદ છે."

- વોલ્ટ ડીઝની

અશક્યતામાંથી શક્યતાવાળી વિચારસરણી તરફ જવું

એક શક્યતા વિચારક બનવા માટે, તમારે તમારી જાતને પૂછવો જરરી પાયાનો પ્રશ્ન કંઈક એ છે જે હું ઘણાં વર્ષો અગાઉ, બદલાવના મહાન ગુરુ જોએલ બાર્કર પાસેથી શીખ્યો :

જો કંઈક એવું છે જે આજે મારા વ્યાપારમાં કરવું અશક્ય છે, અને જે થઈ શકે, તો અત્યારે હું જે કરું છું તેને તે પાયાની રીતે બદલીનાખશે?

ભલે આ પ્રશ્ન તમે તમારા વ્યાપારમાં જે અશક્ય ને સિદ્ધ કરો છો તેના વિશે વાત કરે છે, છતાં, આ પ્રશ્નને તમે નીચે વ્યક્ત કર્યા મુજબ ગોઠવીને તમારાં જીવનમાં પણ લાગુ કરી શકો છો :

જો કંઈક એવું છે જે આજે મારા જીવનમાં કરવું અશક્ય છે, અને જો તે કરી શકાય તો અત્યારે હું જે કરું છું તેને તે પાયાની રીતે બદલી નાખશે?

આ પ્રશ્ન અસંખ્ય વખત પૂછો, તેને આમ તો, તેને મચડી નાખો, તેની સાથે રમો અને તેનાં અનેક રૂપાંતરો કરો :

જો કંઈ એવું છે જે આજે મારા પતિ/પત્ની/બાળકો/માતા-પિતા, સંબંધીઓ સાથે કરવું અશક્ય છે, અને જો તે કરી શકાય, તો શું તે અત્યારે હું જે કરું છું તેને પાયામાંથી બદલી નાંખશે?

જો કંઈક એવું છે જે મારા વ્યાપાર/માર્કેટ/વિસ્તારમાં કરવું અશક્ય છે, અને જો તે કરી શકાય તો શું તે હું અત્યારે જે કરું છું તેને પાયામાંથી બદલી નાંખીશ?

જો કંઈક એવું છે જે આજે મારા સમય સાથે કરવું અશક્ય છે, અને જે થઈ શકે, તો અત્યારે હું જે કરું છું તેને તે પાયાની રીતે બદલી નાખશે?

જો કંઈક એવું છે જે મારા પૈસા સાથે કરવું અશક્ય છે, અને જો તે કરી શકાય, તો શું તે અત્યારે હું જે કરું છું તેને પાયામાંથી બદલી નાખશે?

જો કંઈક એવું છે જે મારાં શરીર સાથે કરવું અશક્ય છે, અને જો તે કરી શકાય, તો શું તે અત્યારે હું જે કરું છું તેને પાયામાંથી બદલી નાંખશે?

જ્યારે તમે પોતાને "શક્યતા વિચારક પ્રશ્ન" પૂછો અને પછી ખરેખર જે અશક્ય હોય તે કરો, તો તમારી આસપાસની દુનિયા તમારા પર ધ્યાન દેવા લાગશે અને જીવનને મહત્તમ કરવાનું શરૂ થશે. જ્યારે તમે અશક્ય વસ્તુઓની આખી શ્રેણી કરો, ત્યારે દુનિયા તમારું અવલોકન કરશે અને તમારી અંદર જીવનને મહત્તમ કરવાની પ્રક્રિયા તમારી અંદર સ્થાપિત થઈ જશે.

એક સામાન્ય માણસમાંથી, હવે તમે જાહેર વ્યક્તિ થવા લાગો છો, દબાણ તમારા પર ચડવા લાગે છે – આપણે પ્રકરણ-૧માં ઉલ્લેખ કરેલ જાહેર દબાણને યાદ કરો – અને સાથે જ તમે દુનિયાને જુદી દૃષ્ટિથી જોવાનું શરૂ કરો છો – એક એવી દૃષ્ટિ જે તમારી અંદર વસે છે તે તમને ખબર જ ન હતી. હવે તમે જે વિચારો, આદાન-પ્રદાન કરો અને કરો તે બધું જ દુનિયાને વધુ સારા માટે બદલી નાંખશે અને તમારું આ ગ્રહ પરનું અસ્તિત્વ અર્થપૂર્ણ થઈ જશે. દુનિયા દિશા નિર્દેશ, માર્ગદર્શન અને પ્રેરણા માટે તમારા તરફ જોવાનું શરૂ કરશે. તમે પોતે જે 'વોન્ડરીંગ જનરાલીટી' હતા તેને આવજો કહી દેશો અને 'મીનીંગફૂલ સ્પેસીફીક'ના પ્રદેશમાં પ્રવેશશો. હવે તમે જીવનને મહત્તમ બનાવનાર બની જશો!

હું વેક્યુમ ક્લીનર વેંચનાર ઘેર ઘેર ફરનાર સેલ્સમેન તરીકે ૪ ઓક્ટોબર ૧૯૮૫ના રોજ યુરેકા ફોર્બ્સમાં જોડાયો. તે દિવસોમાં, યુરેકા ફોર્બ્સનું એક મહિનાનું સરેરાશ રાષ્ટ્રીય વેંચાણ ચાર વેક્યુમ ક્લીનરનું હતું અને એવા લોકો હતા જેઓ વધુમાં વધુ ૮,૧૨, કે ૧૪ વેંચી શકતા. મહિનાના ૨૦ના જુજ કિસ્સાઓ પણ હતા, પરંતુ તે ચાલુ ન રહેતું.

૧૧ ઓક્ટોબર ૧૯૮૫એ, મહીનો પૂરો થવામાં જ્યારે માત્ર ૨૦ દિવસ બાકી હતા ત્યારે મેં ૨૬ વેક્યુમ ક્લીનર્સ વેંચ્યાં અને સેલ્સમેન તરીકેની મારી યાત્રાની નજરે ચડે તેવી શરૂઆત કરી. પછીને મહીને મેં ૩૨ વેક્યુમ ક્લીનર

વેંચ્યાં, ત્યાર પછીના મહિને ૩૩ પછી ૩૪,૩૬,૩૯,૪૧,૪૩. દર મહિને સંખ્યા વધવા લાગી.

તે સમયના અમારા ઓલ ઇન્ડીયા સેલ્સના વડા મિ. અનીલ અમ્બો – જે મારા ઉપરીના ઉપરી હતા – હંમેશાં કહેતા કે એક સફળ સેલ્સમેને આગલા મહિના કરતાં ઓછામાં ઓછું એક મશીન વધારે વેંચવું જોઈએ. મેં આ વાત ઘણી જ ગંભીરતાપૂર્વક લીધી અને, સેલ્સમેન તરીકેની મારી આખી કારકીર્દિ દરમિયાન, મેં ક્યારેય આગલા મહિના કરતાં ઓછું વેંચાણ નથી કર્યું. આ કરવું અશક્ય હતું, પરંતુ મેં કર્યું. હું એક શક્યતા વિશે વિચારનાર હતો!

યુરેકા ફોર્બ્સના ઇતિહાસમાં પહેલી વખત એક શાખાએ ૩૦૦ વેંચાણ પોસ્ટ કર્યાં, આ મારી શાખા હતી; એક મહિનામાં ૪૦૦ અને પછી ૫૦૦ વેંચાણ કરનાર હું પ્રથમ બ્રાન્ચ મેનેજર હતો; એક પ્રચંડ રીતે ઊંચો ઓર્ડર – કોઈનામાં તેને હાથમાં લેવાની હિંમત ન હતી; કોઈએ તેના વિશે વિચારવાની હિંમત પણ ન કરી. આ કરવું અશક્ય હતું, પરંતુ મેં કર્યું. હું શક્યતા વિશે વિચારનાર હતો!

યુરેકા ફોર્બ્સની મારી આઠ વર્ષની ગૌરવપૂર્ણ કારકીર્દિ દરમિયાન, મેં એ કર્યું જે બીજા કોઈ સેલ્સમેને, ગ્રુપ લીડરે, સેલ્સ સુપરવાઇઝરે, બ્રાન્ચ મેનેજરે કે ડીવીઝનલ મેનેજરે ક્યારેય નહોતું કર્યું. આજની તારીખ સુધી કંપની પાસે ક્યારેય મારા જેવો એક પણ સેલ્સમેન, સેલ્સ મેનેજર અથવા સેલ્સ લીડર નથી. મેં બનાવેલ રેકોર્ડસ હજી પણ બીનહરીફ ઊભા છે અને યુરેકામાં નવા આવનારાઓ માટે આકાંક્ષાત્મક છે. જ્યારે મેં યુરેકા ફોર્બ્સ છોડી ત્યારે હું તંત્રના ઇતિહાસમાં સૌથી નાનો સૌથી ઝડપથી આગળ વધનાર અને સૌથી સમૃદ્ધ કર્મચારી હતો. આવો ચિરંજીવ લેન્ડમાર્ક છોડવો અશક્ય છે. પરંતુ મેં તેમ કર્યું. હું શક્યતાઓ વિશે વિચારનાર હતો!

યુરેકા ફોર્બ્સને આવજો કહ્યા પછી જે બીજી કંપની માટે મેં કામ કર્યું તે હતી 'રીયલ વેલ્યુ' કંપની. ત્યાં એક પછી એક મહિને પાછલા તથા વર્તમાન બધા રેકોર્ડસ તોડતો હું ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે સરસ કામ કરી રહ્યો હતો પરંતુ અમારી જ કંપનીનો વેક્યુમાઇઝર ડીવીઝન કહેવાતો બીજો વિભાગ પડી ભાંગ્યો, જે કંપનીને BIFR (બોર્ડ ઑફ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ફાઇનાન્સીયલ રીસ્ટ્રકાચરીંગ)ના તબક્કા સુધી લઈ ગયો. કંપની સમયસર પગાર નહોતી ચૂકવી શકતી; વેન્ડર્સ તથા સપ્લાયર્સની ચૂકવણીઓ અટકી પડી હતી અને જ્યારે કેટલાક લોકો પોતાની મેળે નોકરી છોડી ગયા અને અન્યોને અમારે છોડવાનું કહેવું પડ્યું. એ એક મુશ્કેલ પરિસ્થિતિ હતી.

આ પડતીની વચ્ચે મારા સહકર્મી અને બ્રાન્ચ મેનેજર પ્રદિપ પાટીલ અને મેં નકારાયેલા ઉમેદવારોનાં જુથની ભરતી કરીને નવેસરથી શરૂઆત કરવાનો નિર્ણય કર્યો. આ સામાન્ય કે સ્વાભાવિક ન હતું. આવું અમે અગાઉ ક્યારેય કર્યું ન હતું. અમને આમ કરવું ગમ્યું નહીં. પરંતુ અમે છોડી દેવા પણ નહોતા માંગતા; અમે જીતવા માંગતા હતા. આથી અમે એવા નકારાયેલા ૨૦ ઉમેદવારોને ભરતી કર્યા જેમને સામાન્ય સંજોગોમાં અમે ક્યારેય કામ પર લીધા ન હોત અને તેમનું કામ આપનારાઓમાં રૂપાંતર કર્યું. અમે પરિસ્થિતિ, સંજોગો અથવા પૈસા અને સ્ત્રોતનાં નિયંત્રણને દોષ ન આપ્યો. કરવું અશક્ય હતું, પરંતુ અમે કર્યું. અમે શક્યતાઓ વિશે વિચારનારા હતા!

અને આ નકારાયેલા ઉમેદવારોનું સારું કામ કરનારાઓમાં રૂપાંતર કરવાનો લોભ મારા જીવનનાં સૌથી પરિપૂર્ણતાવાળા અનુભવોમાંનો એક બની રહ્યો. કારણ કે તેણે મારામાં એવી મજબૂત માન્યતા દાખલ કરી કે ગમે તે ડીગ્રી કે પદ હોય, કોઈ પણ પ્રકારની વ્યક્તિમાં ઘરમૂળથી ફેરફાર કરી શકાય છે. આથી જ્યારે તમે અમારી સ્માર્ટની કોઈ પણ ઑફિસમાં જઈને ઊભા રહો ત્યારે તમે રીસેપ્શનીસ્ટ, ડ્રાઇવર, આગળની પંક્તિના સેલ્સ એક્ઝીક્યુટીવ અથવા ઉચ્ચ સ્તરના મેનેજર, કોઈ પણ ફરી તમે ત્યાં જશો ત્યારે ત્યાં કામ કરતા નહીં દેખાય. આ કરવું અશક્ય છે, પરંતુ મેં તે કર્યું અને તેમ કરવાનું ચાલુ રાખ્યું. હું એક શક્યતા વિશે વિચારનાર છું!

૧૯૯૬માં મેં તાલીમ અને સલાહ આપવાનાં ક્ષેત્રમાં મારી યાત્રા શરૂ કરી અને હું મારી જાતને વારંવાર પેલા “શક્યતા વિચારક પ્રશ્ન” પૂછ્યા કરું છું કે – જો એવું કંઈક છે જે એક તાલીમ આપનાર તરીકે કરવું અશક્ય છે અને તે જો તે કરી શકાય, તો હું જ કરું છું તેમાં તે પાયાનો બદલાવ લાવશે?

અને એક વખત મેં પોતાને કહ્યું, એક જ મહિનામાં તાલીમના ૧૦ દિવસ, ૧૦ દિવસ બીઝનેસ ડેવલપમેન્ટના, ૧૦ દિવસ આયોજન, તૈયારી અને અપગ્રેડેશનના, એમ કરવું અશક્ય છે. એને મેં મારું લક્ષ્ય બનાવ્યું અને મેં તે કર્યું. પછી મેં તેને વધારીને ૧૫ દિવસની તાલીમ, તાલીમ આપવાના ૨૦ દિવસ એમ કર્યા અને જ્યારે મારા મિત્રો ૮–૧૦ દિવસની મુસાફરીથી ડરતા હતા ત્યાં મને એવો એક મહિના યાદ છે જ્યારે હું શારીરિક, માનસિક અથવા મનોવૈજ્ઞાનિક રીતે મારાં મન અથવા શરીર પર જરા પણ થાક અનુભવ્યા વગર, રાત્રે રાત્રે મુસાફરી કરીને અને એ મુસાફરી દરમિયાન તૈયારી કરીને આરામપૂર્વક સતત ૨૪ દિવસ તાલીમ

કાર્યક્રમોનું કામ કરી શક્યો હતો. આ કરવું અશક્ય છે, પરંતુ મેં તે કર્યું. હું શક્યતા વિશે વિચારનાર છું.

એક સેલ્સમેન તરીકે મેં મારી જાત પાસે પ્રતિજ્ઞા લીધી હતી કે જ્યાં સુધી હું દિવસનું એક વેક્યુમ ક્લીનર નહીં વેંચું ત્યાં સુધી હું ઘેર નહીં જાઉં. ૧૯૮૬માં એક દિવસ મેં સેંકડો ઘરનાં દરવાજા ઠોકીને ઘણા લોકોને મારા વેંચાણનું નિર્દેશન આપ્યું હતું, પરંત રાત્રીના ૧૧:૪૫ થયા હતા અને મેં હજી એક પણ વેક્યુમ ક્લીનર નહોતું વેંચ્યું. મેં મારી જાતને વચન આપ્યું હતું કે હું તે વેંચ્યા વગર ઘરે નહીં જાઉં. આ જીવનમાં મારી નીતિ/સજા હતી અને હું તેને વળગી રહેવા માગતો હતો. મધ્યરાત્રી થવામાં થોડીક જ મીનીટો બાકી હતી અને એક ઇમારતના બીજા માળે મેં લાઇટ જોઈ. હું તે ઘરે ગયો અને એક ક્ષણ પણ વિચાર્યા વગર બારણા પર ટકોરા માર્યા.

બારણું ઉઘાડનાર માણસ આવા સમયે સેલ્સમેનને જોઈને આઘાત અને આશ્ચર્ય પામ્યો. એ આઘાતને તેનાં મગજમાં નોંધાવાનો સમય આપ્યા વગર, મેં મારી વેંચાણની વાત શરૂ જ કરી દીધી. "સર, હું યુરેકા ફોર્બ્સમાંથી આવું છું અને મારી પાસે એક નાનું મશીન છે જે તમારા ઘરની ઉપરથી નીચે સુધી બધી જ વસ્તુઓને સાફ કરી શકે છે. હું તમને કોઈ ઋણ ચડાવ્યા વગર એક ડેમોન્સ્ટ્રેશન આપવા માંગું છું. શું હું અંદર આવી શકું છું?" એ માણસે હસ્તક્ષેપ કર્યો અને કહ્યું, "મિત્ર, અત્યારે અડધી રાત થઈ છે." મેં કહ્યું, "હા સર, મધ્યરાત્રી થઈ છે. શું હું અંદર આવી શકું?"

એ માણસ શું કહેવા માંગે છે તે હું જાણતો હતો. પરંતુ હું તેના સમયના વિચારોના અવરોધને તાબે થવા નહોતો માંગતો અને આથી મેં કહેવાનું ચાલુ રાખ્યું. ત્યારે તેણે મને પૂછ્યું કે હું શા માટે આટલી સખત મહેનત કરતો હતો, અને મેં તેને કહ્યું કે આનાં બે કારણો છો :

૧. હું એક મોટો માણસ બનવા માંગતો હતો.

૨. મેં મારી જાતને દરરોજ એક વેક્યુમ ક્લીનર વેંચ્યા વગર ઘેર ન જવાનું વચન આપ્યું છે.

તેણે મને અંદર આવવા દીધો અને મેં તેને સ્તબ્ધ કરી દેનાર નિર્દેશન આપ્યું. તે પ્રભાવિત થઈ ગયો અને કહ્યું કે તે ચાર ક્લીનર ખરીદશે. હવે હું પણ આશ્ચર્યચકિત અને ઉત્તેજિત થઈ ગયો; અહીં હું એક ક્લીનર વેંચવાની મથામણ કરી રહ્યો છું અને આ માણસે કહ્યું કે તે ચાર ખરીદવા માંગતો હતો. મેં તેને ચાર શા માટે તેમ પૂછ્યું તો તેણે કહ્યું, "હું મુંબઈ અને મહાબળેશ્વર (મહારાષ્ટ્રનું એક પર્વતીય સ્થળ) વચ્ચે લક્ઝરી બસે ચલાવું છું અને મારા કાફલામાં ચાર બસો છે. મુસાફરી કરતા લોકો બસમાં વેફર્સ,

શીંગ વગેરે પાડે છે. શું આ વેક્યુમ ક્લીનર તેને અંદર શોષી લઈને બસને ચોખ્ખી કરી શકે? મેં કહ્યું કે હા, તે કરી શકે. તો તેણે કહ્યું, જો એમ હોય તો તેને ચાર મશીન ખરીદવાનું ગમશે.”

સામાન્ય રીતે તેની બસો રાત્રે ૧૦-૧૧ વાગ્યા સુધીમાં મુંબઈ પાછી ફરતી, પરંતુ તે ચોક્કસ દિવસે એક બસમાં તકલીફ થઈ હતી અને તે બધી થોડા કલાકો મોડી પડી હતી. તે અડધી રાત્રે જાગતો હતો કારણ કે તેની બસો ૧-૩૦ વાગે નિશ્ચિત સ્થાને પહોંચે તેવી અપેક્ષા હતી અને તે ત્યાં જવા તૈયાર થતો હતો. હું તેની સાથે મરીન ડ્રાઇવ ગયો, જ્યાં બસો આવવાની હતી અને છેવટે સવારે ૩:૩૦ વાગે તે આવી ત્યાં સુધી ત્યાં રાહ જોઈ.

હું બસમાં કુદી પડ્યો અને નિર્દેશન શરૂ કર્યું, અને મારા આશ્ચર્ય તથા અત્યંત ભય વચ્ચે, બસમાં બેટરીની કોઈ સમસ્યાને કારણે મારું મશીન ચાલુ જ ન થયું. ડેમો નિષ્ફળ ગયો અને પેલા માણસે મશીનો ખરીદવાનો ઇન્કાર કર્યો. હું સમજી ગયો કે મારી કસોટી હજી અધૂરી હતી.

તેણે મને પૂછ્યું કે શું તે મને ક્યાંય ઉતારી જઈ શકે, અને મેં કહ્યું કે મહાલક્ષ્મી સ્ટેશન. અમે સવારે લગભગ ૪ વાગે ત્યાં પહોંચ્યા. સવારે ૪:૩૦ વાગે પહેલી ટ્રેન આવે, જે મને કાંતો દક્ષિણ મુંબઈમાં જ્યાં મારો વેંચાણ વિસ્તાર હતો (ગ્રાન્ટ રોડ) ત્યાં લઈ જાય અથવા તો ઉત્તર મુંબઈ જ્યાં હું રહેતો હતો (અંધેરી) લઈ જાય. મારા ઘેર જતી ટ્રેનમાં બેસવાનો મને વિચાર પણ ન આવ્યો અને મેં મને મારા વેંચાણ વિસ્તારમાં લઈ જતી ટ્રેન પકડી. મેં એક ટૂથબ્રશ અને ટૂથપેસ્ટ ખરીદ્યા, તે વિસ્તારમાં મીલ કામદારોને ખાનપાનની સગવડો પૂરી પાડવા માટે સવારે વહેલી ઉઘડતી એક હોટેલમાં તાજોમાજો થયો અને મીલ કામદારોનો ઘસારો શરૂ થાય તે પહેલાં મેં તે દિવસનું મારું ખાતું આ બંને જગ્યાએ ખોલ્યું અને હવે હું હંમેશાં મુજબ મારાં ફીલ્ડ વર્ક માટે તૈયાર હતો.

હું સવારે ૬:૪૫ વાગે મારા વિસ્તારમાં પહોંચ્યો (સામાન્ય રીતે મારો ઘરનાં બારણાં પર ટકોરા મારવાનો, કોલ્ડ કોલ્સ કરવાનો અને તે દિવસ માટે, અથવા પછીના કે તેના પણ પછીના દિવસ માટે એપોઇન્ટમેન્ટ ગોઠવવાનું શરૂ કરવાનો સમય) આગલી રાતનું વેર વાળતો હોઉં તેમ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં મેં ત્રણ વેક્યુમ ક્લીનર વેંચી નાંખ્યાં, પૈસા ઑફિસમાં જમા કરાવી દીધા અને ઘરે ગયો. મેં મારી જાતને વચન આપ્યું હતું કે દિવસનું એક વેક્યુમ ક્લીનર વેંચ્યા વગર હું ઘેર નહીં જાઉં અને મેં તે વચન પાળ્યું. આ કરવું અશક્ય છે, પરંતુ મેં કર્યું. હું એક શક્યતાઓ વિશે વિચારનાર હતો!

વેંચાણકર્તા ઓ સામાન્ય રીતે સવારે ૯:૩૦-૧૦ વાગે તેમનો દિવસ શરૂ કરતા હોય છે અને ૧૧ વાગે પોતાનું ફીલ્ડ વર્ક શરૂ કરતા હોય છે. હું દરરોજ ૬:૪૫ વાગતા સુધીમાં મારા વિસ્તારમાં પહોંચી જતો અને જ્યારે બાકીની જગત શરૂ કરવાની તૈયારી કરતું હોય ત્યારે, એટલે કે ૯ વાગતા સુધીમાં મારું ૨૫-૩૦% કામ પૂરું કરી નાંખતો. હું બાકીના દુનિયા કરતા ૨૫ થી ૩૦% આગળ હતો અને મને ખ્યાલ આવ્યો કે બીજા કરતાં ૨૫ થી ૩૦% આગળ રહેવાને જો તમે તમારી આદત બનાવી દો તો આઠથી દસ વર્ષમાં તમારું જીવન મહત્તમ થવાનું શરૂ થઈ જાય છે. આ હું ત્યારે નહોતો જાણતો, પરંતુ અત્યારે જાણું છું.

તમારા વ્યાપારમાં કરવી અશક્ય હોય તેવી ૧૨ વસ્તુઓની સૂચિ બનાવો (અથવા જીવનમાં, સંબંધોમાં, ક્ષેત્રમાં, શિસ્તમાં, માર્કેટમાં, વિભાગમાં, ટેક્નોલોજીમાં, ઉત્પાદનમાં વગેરે...માંથી કોઈ પણ એક પસંદ કરો.) પરંતુ પછીનાં એક વર્ષમાં જો તે કરી શકાય, તો શું તમે જે કરો છો તેમાં તે કોઈ પાયાનો બદલાવ લાવી શકશે?

આ પ્રકરણની શરૂઆતમાં મેં કહ્યું તેમ, શક્યતા એ છે જેને તમે નથી જાણતા, જે તમારી કલ્પના, ઇરાદા તથા સમજણથી આગળ જાય છે; વર્તમાન વિચારો, શબ્દો તથા કાર્યોથી પણ આગળ જાય છે. જ્યારે તમે તે કરતા હોવ ત્યારે તે ‘અર્થહીન’ છે, પરંતુ જ્યારે તમે તે કરી લો ત્યારે ‘અર્થપૂર્ણ’ છે. આથી જો તમે માનતા હો કે કંઈક અશક્ય છે, તો અચકાવ નહીં, બસ, તે કરી લો. સમય જતાં, આ શક્યતા તમારો બીજો સ્વભાવ બની જશે અને સ્વભાવ ટકી રહે છે; સ્વભાવ મુશ્કેલીઓમાં આબાદ થાય છે; સ્વભાવ ક્યારેય કામને છોડી દેતો નથી!

જ્યારે તમે અશક્ય ને શક્ય બનાવો છો ત્યારે તમે સોના જેવા થઈ જાવ છો. તમે શક્યતા વિશે વિચારનાર બનો છો!

એક જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે તમારા જીવનના દરેક દિવસે, દરેક કલાકે, દરેક મિનીટે, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ આદેશ, ઇશ્વરનો આ નિયમ આપતા રહેવાની જરૂર છે:

એક શક્યતા વિચારક બનો.

આદેશ

૩

નૌકાને મધદરીયે ઝૂકાવો

જીવનને મહત્તમ ન કરનારાઓનું જીવન
સખત આરામદાયક હોય છે અને
આરામ જીવનનો મહત્તમ કરવાની વાતને મારી નાંખે
છે.

આ પણે અટકી પડેલા અને અચોક્કસ સમયમાં જીવીએ છીએ. દરરોજ અને દર કલાકના ધોરણે, નવા વિચારો, ઉત્પાદનો તથા સેવાઓ બહાર પડાય છે. જો તમે બહાર નથી પાડતા તો કોઈક બીજું તે કરશે; જો તમે નવા વિચારો નથી લાવતા, તો કોઈક બીજું લાવશે; જો તમે નવાં ઉત્પાદનો તથા સેવાઓ બજારમાં નથી મૂકતા તો તેનું શ્રેય કોઈક બીજાને જશે; જો તમે પડકાર નથી ઝીલતા, તો બીજા વડે તે ઝીલાશે; જો તમે માઉન્ટ એવરેસ્ટને જીતવા તેના પર નથી ચડતા, તો તે કોઈક બીજા વડે જીતાશે... જે કોઈ પણ પહેલું હશે તેણે તેનાં જીવનને મહત્તમ બનાવ્યું હશે!

દરેક વખતે કોઈક આગળ વધે છે અને દુનિયાને જીતે છે, તમે માત્ર પસ્તાવો વ્યક્ત કરી શકો, વ્યથિત થાવ, દુઃખ અનુભવો અને હીણવત અનુભવો. પછી તમે અનુસરનાર બની શકો અને જીવી જાવ. જોકે, જો તમે એક નેતા બનવા અને આબાદ થવા ઇચ્છતા હો તો, માત્ર ટકી ન જાવ, તમારે તમારી નાવને મધદરીયે ઝૂકાવવી પડશે.

આનો અર્થ છે યથાવતતાને પડકારવી, વસ્તુઓ જુદી રીતે કરવી, વર્તમાનને પ્રશ્નો પૂછવા, સફરજનની લારીને ઉથલાવી દેવી, અને તમે તમારી કારને ચલાવતા હો ત્યારે તેનાં પૈડાં બદલવાં! તેને અર્થ છે, જ્યારે બધું બરાબર હોય ત્યારે કંઈક કરવું. તેનો અર્થ છે કાયમ માટે આગળ રહેવું અને બીજાને તમારી સાથે ન થવા દેવા.

તમારી નાવને ત્યારે ઝૂકાવો જ્યારે તમે મધદરીયે હોવ, કિનારા પર નહીં.

જ્યારે તમે કિનારા પર કે નજીકમાં તમારી નાવને ઝુકાવો ત્યારે તે કદાચ થોડી ડગમગશે પરંતુ પછી તમે તમારી યાત્રા શરૂ કરો તે પહેલાં ઝડપથી સ્થિર થઈ જશે. પરંતુ જ્યારે તમે તમારી નાવને મધદરીયે ઝૂકાવો, ત્યારે તે પરિણામો આપવા તરફ દોરી જઈ શકે – નાવ ઉંધી પડી જઈ શકે, અંદર પાણી ભરાવા માંડે, મુસાફરો પડી જાય અને જીવન તથા સ્ત્રોતોને નાશ થઈ જઈ શકે.

આ રૂપકને તમારી જીવનનૈયા સાથે જોડો. તમારા વ્યાપારી કારકીર્દિની ટોચ પર પહોંચ્યાં હો, જ્યારે બધું બરાબર ચાલતું હોય, જીવન સ્થિર હોય, આવકનો પ્રવાહ ચાલુ હોય, ઉત્પાદકતા તેના ચરમ પર હોય, ત્યારે લોકો બધું હચમચાવી નાખવા, પ્રયોગો કરવા, નવું ઊભું કરવા, નોકરી બદલવા, ઉદ્યોગ બદલવા, વ્યાપારની લાઇન બદલવા, ઉત્પાદન, કામનું મોડેલ વગેરે બદલવા અને યથાવતતાને ખલેલ પહોંચાડવા ન ઇચ્છે, કારણ કે તેઓ તેનાં પરિણામોથી ભયભિત હોય. તેઓ તેમની વર્તમાન સફળતા,

હોદ્દો, નામ, કીર્તિ તથા સંપત્તિથી સંતુષ્ટ છે અને વધુ મોટા સ્વપ્નને આગળ વધારવા માટે જે પહેલાં જ મળી ચૂક્યું છે તેને ગુમાવવા નથી માંગતા. નૌકાને ઝૂલાવવાનો થોડોક ડર તેમની ઉંમરને કારણે, થોડોક તેમાં રહેલાં જોખમને કારણે અને થોડોક તેઓ આજે જે કાંઈ પણ છે તે મેળવવા માટે જીવનમાં ભોગવી ચૂકેલી મુશ્કેલીઓને કારણે હોય છે.

પરંતુ ઘણા ઓછા લોકો જાણે છે કે તેમની કીર્તિ, સફળતા તથા સંપત્તિને સીડીના પછીનાં પગથીયે લઈ જનાર એક માત્ર વસ્તુ છે જીવન નૈયાને મધદરીયે ઝૂલાવવી. જેઓ આ જાણે છે, તેઓ જીવનને મહત્તમ બનાવે છે!

આ શા માટે આવશ્યક છે? જ્યારે તમે સફળ થાવ છો, ત્યારે એક ચોક્કસ ઘમંડી વલણ અંદર પેસી જાય છે. તમે એવું માનવા લાગો છો કે ભવિષ્ય એ માત્ર ભૂતકાળનું વિસ્તરણ છે, કે જે વિચારો તમને આટલે સુધી લઈ આવ્યા છે તેજ વિચારો તમને તમારાં ભવિષ્ય સુધી પણ લઈ જશે. તમને લાગે છે કે તમે જે વિચારો છો, કરો છો અને પગલા ભરો છો તે તમારાં લક્ષ્ય સિધ્ધ કરવા માટેની એક માત્ર રીત છે અને એક રૂપાવલી બની જાય છે.

હવે તમારું રાષ્ટ્રીય સમયયાપન આખી દુનિયાને એ ગળે ઉતારવાનું છે કે તમે જે કરો છો તેજ યોગ્ય છે અને તમે જીવનની શક્યતાઓ તરફ અંધ થઈ જાવ છો. તમે વૃદ્ધ થાવ છો, તમે પરવશતાની અવસ્થામાં આવી જાવ છો મગજની એવી અવસ્થા જ્યાં તમે શાશ્વત રીતે કંઈક બનવાની રાહ જોયા કરો છો. તમે શારીરિક અને માનસિક રીતે થાકી જાવ છો અને તમારું સૌંદર્ય, કાંતિ, આગ અને જીવનની ઉત્કંઠા ગુમાવો છો. તમારી પીછો કરવાની ક્ષમતા નાશ પામે છે અને તમે તમારા નિત્યક્રમનાં કિલ્લામાં પૂરાઈ જાવ છો. તમે તરકીબ કરવાની અને છાપો મારવાની, કઠોરતાનાં મહત્ત્વની તમારી સમજણ ગુમાવો છો. તમે જીવન પરથી તમારી તીક્ષ્ણતા અને તમારી સંપૂર્ણશક્તિને કામે લગાડવાની ક્ષમતા તથા તમારી ઇકોસીસ્ટમની પૂરી શક્તિને જતી કરો છો. તમારી સમય અને પ્રદેશ વિશેની બુદ્ધિ ખોવાઈ જાય છે અને તમે પરાધીન અને અંતર્મુખી હો તેવા દેખાવ છો. તમારી પોતાની જાતને રક્ષવાની ક્ષમતા નષ્ટ થાય છે અને તમે તમારી માન્યતાઓનાં પીંજરમાં પૂરાઈ જાવ છે.

તમે પ્રમાદની અવસ્થા, દારુડીયાની પરમાનંદની અવસ્થામાં પ્રવેશો છો અને આ વસ્તુ નિષ્ફળતાની સૂચક છે!

મગજની આવી અવસ્થાથી ન જોડાવા માટે મેં મારી જાતને આપેલા આદેશોમાંથી એક હતો :

જીવનનૈયાને મધદરીયે ઝૂલાવો!

જ્યારે તમે નાવને ઝૂલાવવા માટે બહાર પડો, ત્યારે તમારે ચાર મૂળ નિયમોને મનમાં રાખવા જોઈએ, તેમાંથી એક અથવા બધા જ તમને મહત્તમ બનવા તરફ દોરી જશે :

૧. રૂકાવટની ફીલોસોફીમાં માનો

૨. એક બાયંધરીની માંગ ન કરો.

૩. અન્યો પાસેથી સંમતિની રાહ ન જુઓ.

૪. જ્યારે તમે સફળતાની ટોચ પર હોવ ત્યારે નાવ ઝૂલાવો.

રૂકાવટની ફીલોસોફીમાં માનો

જીવનમાં કંઈ જ કાયમી નથી. તમારી આસપાસના લોકો, તેમની વચનબદ્ધતા, ટેકો, સમર્પિતતા; તમારા સંબંધો અને તેનું આયુષ્ય; તમારી વર્તમાન નોકરી/ધંધાનો પ્રકાર, આવક, સંજોગો, જીવન ધોરણ, સંપત્તિ, આરામ, સંઘર્ષ; અને જીવન પોતે પણ. કંઈ જ શાશ્વત/સતત નથી. કોઈક દિવસ તેનો અંત આવવાનો જ છે, તે અટકવાનું જ છે.

ઘણા લોકો કામકાજની તેમની વર્તમાન અવસ્થાથી નિષ્ક્રીય થઈ જાય છે અને તેમને લાગે છે કે તેમની આખી જીંદગી તે આમ જ ચાલ્યા કરશે. તેઓ યથાવતતાને ખલેલ પહોંચાડતાં ડરે છે. પરંતુ યોગ્ય રીતે કહેવાયું છે તેમ, જો તમે જે પરિચિત છે તેને પાછળ ન છોડો, તો તમે ક્યારેય નવી ઊંચાઈઓ પર ન પહોંચી શકો, અને આ કરવા માટે, વ્યક્તિઓ એ રૂકાવટની ફીલોસોફીને ગળે વળગાડવાની જરૂર છે. સંસ્થાઓમાં આ રૂકાવટની ફીલોસોફીને દરેક સ્તરે દાખલ કરવાની જરૂર છે. દરેક વ્યક્તિ, સંબંધો, ઉત્પાદન પ્રક્રિયા, સીસ્ટમ, મોડેલ, પદ્ધતિ અને કદાચ સમગ્ર વ્યાપારને સમયાંતરે અટકાવી દેવાની અને કંઈક નવું દાખલ કરવાની જરૂર હોય. જ્યારે તમે વર્તમાન કામ અટકાવી દો અને નવા ઉદ્યોગ પર જાવ, તો તમે ખરાબ રીતે નિષ્ફળ જઈ શકો છો, પરંતુ આ નિષ્ફળતા માટે તમારે તૈયાર રહેવું જોઈએ, તેનો સામનો કરો, લડત આપો અને વિજેતા થઈને ઉભરો.

બજાજ ગ્રુપનું બજાજ ઓટો, જે પલ્સર, ડીસ્કવર વગેરે જેવી મોટર સાયકલોનું ઉત્પાદન કરે છે, તે એક વખત સ્કુટર ઉત્પાદક તરીકે ઓળખાતું

હતું. બજાજ ઓટોને મોટર સાયકલ તથા બાઇકની મોટી શ્રેણી સાથે, તેનાં દ્વિચક્રી વાહનો ઉત્પાદન કરનારામાં રૂપાંતરને લોકો સુધી પહોંચાડતાં આખો એક દસકો લાગ્યો હતો. તેમને માર્ગદર્શન આપનાર એક માત્ર વિચાર હતો રૂકાવટની ફીલોસોફી.

તે સમયે, તેમનું મુખ્ય ઉત્પાદન હતું બજાજ ચેતક, એક દ્વિચક્રી સ્કુટર માટે ઘેર ઘેર જાણીતું નામ. રાજીવ બજાજ નામના એક મરજીવાએ તેની ઓળખાણ બદલવાનો નિર્ણય લીધો. જ્યારે હીરો મોટરકોર્પ, યામાહ વગેરે દુનિયાના સૌથી મોટા મોટર સાયકલ ઉત્પાદકો સ્કુટરો બનાવવાનું સાહસ કરી રહ્યા હતા ત્યારે તેમણે સ્કુટર બીઝનેસમાંથી નવો પથ કંડારવાનું અને ૧૦૦% મોટર સાયકલ ઉત્પાદક બ્રાન્ડ બનવાનું નક્કી કર્યું.

તેના પિતા રાહુલ બજાજ તેના સૌથી વધારે ટીકાકાર અને શાશ્વત વિરોધી હતા પરંતુ રાજીવે પોતાનો કિલ્લો પકડી રાખ્યો, કારણ કે તે જાણતો હતો કે જો તે તેનાં વર્તમાન ઉત્પાદનને અટકાવી નહીં દે, તો તે ક્યારેય તેનું સ્થાન સર્જી નહીં શકે. આમ તેની દીવાદાંડી તરીકે રૂકાવટને લઈને, તેણે નાવ ઝૂકાવી અને આજે બાઇકની વિશાળ શ્રેણી સાથે, આખી દુનિયામાં ૫૦થી પણ વધુ દેશોમાં કામકાજ સાથે, બજાજ ઓટો એક પ્રખ્યાત મોટરસાયકલ ખેલાડી છે.

તેવી જ રીતે, નોકીયા, ટેલીકોમ્યુનીકેશન સેક્ટરની એક આગળ પડતી બ્રાન્ડ, મૂળભૂત રીતે પલ્પ અને કાગળોની ઉત્પાદક હતી. મધ્ય ફીનલેન્ડમાં નોકીયા નામનાં નાનાં ગામમાં ૧૮૯૫માં નોકીયા કંપનીની સ્થાપના કરાઈ હતી. ટેક્નોલોજી આગળ વધી અને જંગલની પ્રવૃત્તિઓ ઘટી, તેથી નોકીયાને ખ્યાલ આવ્યો કે જો તેઓ આ જ ઉદ્યોગમાં ચાલુ રહ્યા તો તેઓ ટૂંક સમયમાં ભૂંસાઈ જશે. આથી એક જંગલ વ્યવસ્થાપન કંપનીમાંથી, તેમણે ટેલીકોમ્યુનીકેશન જાયન્ટ તરીકે તેમની પોતાનું નવસર્જન કર્યું. જો નોકીયાને હજી આગળ વધવું હશે અને એક બીઝનેસ ગૃહ તરીકે દુનિયા પર શાસન કરવું હશે તો તેણે ફરી એક વાર રૂકાવટની ફીલોસોફી પર પાછાં ફરવું પડશે. આ ટેલીકોમ્યુનીકેશન ઉદ્યોગની અંદર ચોક્કસ પ્રકારની વિચાર પ્રક્રિયાને અટકાવવાનું હોઈ શકે, અથવા ટેલીકોમ્પ્યુનીકેશન ઉદ્યોગમાંથી જ અટકી જઈને કંઈક નવું, અલગ અને વધુ સારું, જે તને પછીનાં સ્તર પર લઈ જાય તેવું બનાવવાનું સાહસ ખેડવાનું હોઈ શકે.

ITC એ બીજું મોટું ઉદાહરણ છે. નામ પોતે જ સૂચવે છે તેમ ઇન્ડીયન ટોબેકો કંપની (જે પહેલાં ઇમ્પીરીયલ ટોબેકો કંપની ઑફ ઇન્ડીયા તરીકે ઓળખાતી હતી) તે ૧૯૭૦ની શરૂઆતમાં સીગારેટોની આગળ પડતી ઉત્પાદક કંપની હતી. તમાકુ અને સીગારેટના વપરાશની નકારાત્મક

અસરો વિશે વધતી જતી જાગૃતિ સાથે, તે વખતના વડા અજીત હસ્કરે જાણ્યું કે જો ITC માત્ર તમાકુના વ્યાપારમાં જ રહેશે તો તે થોડા જ વખતમાં પછડાશે. ૧૯૭૫માં જ ITC એ પોતાની પાંખો પ્રસરાવી અને માર્ગપલટો કરવાનાં અભિયાન પર ચાલી નીકળી. તેણે પોતાની હાજરી હોટેલોમાં, પેપર બોર્ડસમાં, સ્પેશીયાલીટી કાગળો, પેકેજીંગ, કૃષિ વ્યાપાર, પેકેજડ ફૂડ તથા કન્ફેશનરી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, બ્રાન્ડેડ વાસણો, પર્સનલ કેર, સ્ટેશનરી, બાક્સ અને અન્ય FMCG ઉત્પાદનોમાં નોંધાવી. ૭ અબજ ડોલર્સ કરતાં વધુના વાર્ષિક ટર્નઓવર અને ૬૦ થી વધુ સ્થળોએ ફેલાયેલા ૨૬૦૦૦ કર્મચારીઓ સાથે, આજે ITC એ એક ડાયવર્સીફાઇડ બીઝનેસ હાઉસની આબરૂ ઊભી કરી છે.

૧૯૫૫માં બનેલ ICICI બેંક તે સમયે ઇન્ડસ્ટ્રીયલ ક્રેડીટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઇન ઇન્ડીયા તરીકે જાણીતી હતી. તે વર્લ્ડબેંક, ભારતની પબ્લીક સેક્ટર બેંક્સ અને પબ્લીક સેક્ટર વીમા કંપનીઓ વચ્ચેનું ભારતીય ઉદ્યોગોને પ્રોજેક્ટ ફાઇનાન્સીંગ પૂરું પાડનાર સાહસ હતું. ૧૯૯૦ સુધી તે એક રૂઢિગત એકમ તરીકે ચાલ્યું, જ્યારે મનીલાની એશીયન ડેવલપમેન્ટ બેંકમાં આઠ વર્ષના કાર્યકાળ પછી કે.બી. કામથે તેના એમ.ડી. તથા સી.ઈ.ઓ. તરીકેનો કાર્યભાર સંભાળ્યો. કામથ જાણતા હતા કે ભારતીય બેંકીંગ સેક્ટર ઝડપથી ઊભરી રહ્યું છે અને જો તેઓ પ્રોજેક્ટ ફાઇનાન્સીંગના દાયરામાં જ ચાલુ રહેશે તો તેમનું નામ ખોવાઈ જશે. આથી, તેમણે તેમનું અસ્તિત્વ માત્ર પ્રોજેક્ટ ફાઇનાન્સ આપતી એક ડેવલપમેન્ટ ફાઇનાન્સીયલ સંસ્થામાંથી ઉત્પાદનો તથા સેવાઓની વિશાળ શ્રેણી આપતાં ડાયવર્સીફાઇડ ફાઇનાન્સીશય સર્વિસમાં રૂપાંતર કર્યું અને છૂટક ગ્રાહકો માટે પોતાના દરવાજા ખોલ્યા.

૧૯૯૬-૯૮માં તેમણે નોન બેંકીંગ ફાઇનાન્સ કંપનીઓનાં સંપાદનની શ્રેણીની શરૂઆત કરી અને ICICI બેંક સ્થાપવાનો માર્ગ બનાવ્યો. ૧૯૯૮માં ICICI બેંકે ઇન્ટરનેટ બેંકીંગ ઓપરેશન્સ બહાર પાડ્યાં અને ત્યાં સુધીમાં તેણે પોતાને એક વનસ્ટોપ ફાઇનાન્શીયલ સર્વીસીઝ પ્રોવાઇડર તરીકે સ્થાપિત કરી દીધી. ૧૯૯૯માં તેઓ નોન જાપાન એશીયામાંથી MYSE પર લીસ્ટ થનાર પ્રથમ ભારતીય કંપની તથા પ્રથમ ભારતીય બેંક અથવા ફાઇનાન્શીયલ ઇન્સ્ટીટ્યુટ બન્યા અને ૨૦૦૦માં તેઓ ઑફર સાઇઝ કરતાં ૧૩ ગણી ડીમાન્ડબુક ઊભી કરનાર, તેમનાં પાંચ મીલીયન અમેરીકન ડીપોઝીટરી શેર્સ સાથે ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર લીસ્ટ થનાર પ્રથમ ભારતીય બેંક બની.

શું રૂકાવટ જરૂરી છે?

બાંયધરી ન માંગો

બાયંધરી, ખાતરી, સલામતી, સુરક્ષા, આ બધા જ શબ્દો સામાન્યજનો માટે બન્યાં છે. જીવનને મહત્તમ કરનારાઓ નવી પહેલ ઉપાડતાં પહેલાં બાયંધરી માંગતા નથી.

તેમને એ ખાતરી કરવાની જરૂર નથી હોતી કે તેઓ જે જોખમ ઉઠાવે છે તે તેમને માટે કામ કરશે અને તેમને ગટરમાં નહીં નાખે; કે નવી નોકરી વિકાસ લાવશે; કે નવાં પુસ્તકનો સ્વીકાર થશે; નવી ડીઝાઇનની મંજુરી મળશે; નવી ધૂન લોકપ્રિય બનશે; નવી જગ્યા ભાગ્ય ઉઘાડશે; નવું ઉત્પાદન વેંચાશે; નવો કર્મચારી સારો દેખાવ કરશે; નવી પ્રક્રિયા ઉત્પાદકતા સુધારશે; નવું માર્કેટ વ્યાપાર વધારશે; નવું મોડેલ નફો વધારશે...

તેઓ કામ કરવામાં માને છે. તેઓ જોખમ ઉઠાવે છે; તેઓ જોખમી નિર્ણયો લે છે અને પછી તેના પર કામ કરે છે કારણ કે આ દરેક જોખમ વિશે સારી રીતે વિચારેલું હોય છે, ગણતરીપૂર્વકના જોખમો હોય છે અને આ માત્ર એટલા માટે નથી, કારણ કે તેઓ ભવિષ્ય વિશે આશાવાદી હોયછે, પરંતુ કારણ કે તેઓ જાણે છે કે તેઓ નિષ્ફળ જાય તોપણ, આ વિધ્વંસમાંથી બહાર આવી જશે; કારણ કે તેમને જે આગળ વધારે છે તે તેમનો જુસ્સો છે.

જીવન મહત્તમ કરનારાઓ તેઓ જે કરે છે તેના વિશે મોહાંધ હોયછે.

જુસ્સો ત્યારે છે જ્યારે કોઈ વળતરની કોઈ બાહેંધરી વગર તમે કંઈક કરવા માટે વચનબદ્ધ છે.

– ડેન સુલેવાન.

સ્ટીવ જોબ્સ ઉત્પાદનો તેને માટે જે નામ, દામ અને કીર્તિ લાવે તેની પરવા કર્યા વગર ઇનોવેશનનાં કારણ માટે સમર્પિત હતો અને તેણે બીલ્કુલ માન્યામાં ન આવે તેવી ટેક્નોલોજીઓ આપવાનું ચાલુ રાખ્યું. એ.આર.રહેમાન પણ શ્રોતાગણ પાસેથી કોઈ પણ અપેક્ષા રાખ્યા વગર સંગીતની દુનિયાને સમર્પિત છે અને આથી જ **જય હો અને સદાહક** આપને મળે છે. (તેણે સર્જેલાં બે સૌથી લોકપ્રિય અને ટોચની રેંકવાળાં હિન્દી ગીતો). હંમેશાં એવું બની શકે કે **સદાહક** મોંભેર પછડાય અથવા આઇફોન જ પડી ભાંગે, પરંતુ તો પછી આ માણસોને જે વસ્તુ આગળ વધારે છે તે સફળતા માટેની જરૂરિયાત નહીં પરંતુ શ્રેષ્ઠતા માટેનો જુસ્સો છે.

જ્યારે INR ૨૫૦૦ કરોડની આઇગેટ (iGATE) નામની કંપનીએ Patani – પટની નામની INR ૫૦૦૦ કરોડની કંપની હસ્તગત કરી – જે તેની ખરીદનાર કંપની કરતાં બમણા કદની હતા – ત્યારે ફણીશ મૂર્તિએ તેની નાવ મધદરીયે ઝૂકાવી હતી. તેને કોઈ ખાતરી ન હતી કે આ ઐક્ય કામ કરશે; કે તે બે કંપનીનું એકીકરણ કરી શકશે; પટનીના અનુભવી લોકો ચાલુ રહેશે; કે શેરબજાર તેમની તરફ રહેશે; કે iGATE આ ખરીદી સામે ટકી શકશે; કે તેઓ દેવાળીયા નહીં થઈ જાય; કે તેઓ સફળ થશે...

તે માત્ર તેના વ્યાપાર વિશે ઉત્કટ હતા અને એ જુસ્સાએ તેમને આ જોડાણ કરવા આગળ વધાર્યા. ફણીશ મૂર્તિએ – તેમને પોતાને માટે, iGATE માટે તથા પટણી કોમ્પ્યુટર્સ માટે – જીવનને મહત્તમ બનાવ્યું.

કોઈ મંજુરી કે સંમતી નહીં.

જીવનને મહત્તમ કરનારાઓ તેમની યાત્રામાં એકલવાયા હોય છે. તેઓ આત્મનિર્ભર, આત્મ સંતુષ્ટ, સ્વતંત્ર વ્યક્તિઓ હોય છે, જેઓ પોતાનાં પગલાંઓ વિશે આત્મવિશ્વાસ ધરાવે છે અને તેમને જે યોગ્ય છે તેમ લાગે તે કરવામાં દુનિયાની મંજુરી અથવા પીઠબળ, ટેકાની જરૂર વગરના સ્વતંત્ર હોય છે અને તેમની એકલાની વિચાર પ્રક્રિયા સાથે કામ કરેછે. તેમની પાસે તેમનાં પોતાનાં મગજ-બુદ્ધિ-હોય છે – એક સહજ બુદ્ધિ, એક ગટફીલીંગ, એક સારી રીતે વિચારેલ, સારી રીતે સંશોધન કરેલ નિર્ણય, જે તેમને તેમનાં ભાવિ તરફ દિશા દેખાડે છે અને નવી શોધખોળો કરવા માટે તેમને બાહ્ય જગતની કોઈ સંમતિની જરૂર હોતી નથી, પરંતુ જીવનને મહત્તમ કરનારાઓ જાણે છે કે તેમના વિચારોને દુનિયા ફેંકી દેશે અને દુનિયા જેમાં માને છે તે ફીલોસોફીઓ સાથે તેમને જોડાઈ જવાનું કહેવામાં આવશે. તેમનું ડહાપણ તેમને કહે છે કે તેમની આસપાસના લોકો તેમના વિચારોને તેમના માનીને તેમને ટેકો તો નહીં જ દઈ શકે પરંતુ તેમને સમજી પણ નહીં શકે અને છતાં આ વિચારો જ દુનિયાને બદલી શકે છે અને આથી, તેઓ આગળ વધવા માટે જનતાની સંમતિ પર આધાર નથી રાખતા.

તેઓ બળવાખોર છે, એક કારણ માટેના બળવાખોર – એ કારણ એક ઇનોવેશન હોઈ શકે; તે આઝાદી હોઈ શકે; તે રાષ્ટ્ર સમુદાય, કંપની માટેનું કારણ હોઈ શકે, અને એ કારણ એટલું મજબૂત અને શક્તિશાળી હોય છે કે તેઓ તેને ઉપાડી શકે અને બીજા કોઈના પણ તરફથી સંમતિ ઇચ્છા વગર તેની સાથે દોડી શકે. તેઓ દુનિયાના નીતિ-નિયમો તોડે છે, તેઓ તક લઈ જોવામાં માને છે, જીવન પાસે તેમને માટે શું સંગ્રહાયેલું છે તે શોધવા માટેની પ્રવૃત્તિમાં તેમને જે યોગ્ય લાગે તે તેઓ કરે છે અને તેમની એકલતા, વેગળાપણું અને આશ્રયના અભાવ વડે તેઓ કળણમાં ફસાઈ નથી જતા.

તેઓ નેતાઓ છે અને તેઓ જાણે છે કે હોડીને ઝૂકાવતી વખતે હંમેશાં તેઓ એકલા હશે અને દુનિયા માત્ર ત્યારે જ સાથે આવશે જ્યારે એક વખત હોડી સ્થિર થશે અને તેમને જીવનને મહત્તમ કરવાના નવા માર્ગ પર દોરી જવા તૈયાર હશે અને ભલે તેઓ આ રસ્તો ભેગા મળીને ઓળંગશે તોપણ, જીવનને મહત્તમ કરનારાઓ તરફ હંમેશાં "પાયો નાખનારાઓ" તરીકે અને સામાન્યજનો તરફ "તેમના અનુયાયીઓ" તરીકે જોવાશે.

ભારતની સૌથી મોટી IT કંપનીઓમાંની એક, વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીએ તાજેતરમાં જ તેમના બે સીઇઓને વિકાસ ધીમો પાડવાના મુદ્દા પર કાઢી મૂક્યા. આ વસ્તુ કંપનીની અંદર બીજાં ઘણાં રાજીનામાંઓ તરફ દોરી જઈ શકી હોત, શેરના ભાવ ગગડી જઈ શક્યા હોત. તેણે પંચાત અને અફવાઓને ગતિ આપી હોત અને ઉદ્યોગમાં ગાળે અને નામોશી તરફ દોરી જઈ શકી હોત. પરંતુ અઝીમ પ્રેમજી પોતે શું કરી રહ્યા હતા તે જાણતા હતા અને આ પરિણામો માટે તૈયાર હતા કારણ કે તેઓ જાણતા હતા કે આ વસ્તુઓ બનવાની જ છે. તેઓ મધદરીયે વહાણ ઝૂકાવતા હતા અને દુનિયાની સંમતિ માંગતા ન હતા અને આથી ૨૦૧૧-૧૨નાં નાણાંકીય વર્ષના છેલ્લાં ત્રીમાસિક ગાળામાં ૧૧.૯૫%ના વધારા સાથે INR ૧૪૫૬.૪૦ કરોડનો નફો નોંધાવ્યો (જે સમય દરમિયાન તેઓ તેમની પ્રચંડ ચાલ ચાલ્યા) તેઓ જીવનને મહત્તમ બનાવનારછે.

તમારી અંગત તેમજ વ્યાવસાયિક જીંદગીમાં આવતાં એક વર્ષમાં તમે ગટ ફીલીંગ, હિંમત તથા આત્મજ્ઞાનને આધારે અને અન્યોના ટેકા કે સંમતિ વગર લેવાના હો તેવા પાંચ નિર્ણયો લખો અને ડેડલાઇન સાથે તેના પર લેવાના પગલાનું આયોજન ઘડો :

નં	નિર્ણયો	ડેડલાઈન	લેવાનાં પગલાનું આયોજન
૧			
૨			
૩			
૪			
૫			

સફળતાની ટોચ પર હો ત્યારે તે કરો

જો વ્યક્તિ નાવ ઝૂકાવવા માંગતી હોય તો તે સફળતાની ટોચ પર હોય ત્યારે કરવું જોઈએ!

સેંકડો અને હજારો વ્યાપારો ક્ષીણ થઈ જાય છે કારણ કે તેઓ તેમની માર્કેટમાં આગેવાનીને કારણે અભિભૂત થઈ ગયા હોય છે, તેઓ એ ધારી નથી શકતા કે જો તેઓ અત્યારે નહીં બદલાય તો બાકીની દુનિયા તેમને ગાદી પરથી ઉઠાડી મૂકશે.

ભારતની સર્વપ્રથમ સફળ કાર – એમ્બેસેડરે (હીન્દુસ્તાન મોટર્સ વડે ઉત્પાદિત) ભારતીય ઓટોમોબાઇલ ઉદ્યોગ પર ઘણા લાંબા સમય સુધી શાસન કર્યું, પરંતુ જ્યારે મારુતી અને બીજા ખેલાડીઓ વધુ હળવી, વધુ ફેશનેબલ, નાની અને પાતળી કાર સાથે આવ્યા ત્યારે પોતાનું સ્થાન ટકાવી ન શકી અને 'એમ્બેસેડર' એક ઇતિહાસ બની ગઈ.

દૂરદર્શન – એવી સર્વપ્રથમ ભારતીય ટીવી ચેનલ, જેણે સર્વોચ્ચ મોનોપોલી ભોગવી તે જ્યારે સ્ટાર ટીવી અને અન્ય સેટેલાઇટ ચેનલ્સ અસ્તિત્વમાં આવી ત્યારે તૂટી પડી.

૧૯૬૦માં અને તે પહેલાં પણ સ્વીત્ઝરલેન્ડને દુનિયાનો સૌથી મોટો ઘડીયાળ ઉત્પાદક દેશ તરીકે ઓળખવામાં આવતું હતું. તેમની ટેક્નોલોજી

ઓટોમેટીક વોચની હતી. કંઈક એવું જેમાં તેમણે આટલાં વર્ષોમાં નિપુણતા મેળવી હતી અને જેણે તેમને પૂરતાં કરતાં પણ વધુ વળતર ચૂકવ્યું હતું.

તેમનો માર્કેટ શેર ૬૫% કરતાં પણ વધુ હતો અને તેઓ ઘડીયાળના માર્કેટીંગમાં બીનહરીફ આગેવાન તરીકે ગણાતા હતા. 'મેઇડ ઇન સ્વીત્ઝરલેન્ડ'નો અર્થ હતો સમૃદ્ધ, ક્લાસી અને અતિશય ઊંચાં ધોરણોને વળગી રહેનાર. જીવન સુંદર હતું; સ્વીસ લોકો ઉપર આવી રહ્યા હતા; તેઓ સફળતાની ટોચ પર હતા. ૧૯૬૮માં ઘડીયાળમાં સંશોધન કરનારાઓનાં એક જુથે સૌથી ટોચના સ્વીસ ઘડીયાળ ઉત્પાદકોનો સંપર્ક કર્યો અને ઘડીયાળનાં ઉત્પાદન માટે એક નવી ટેક્નોલોજી રજુ કરી – ક્વાર્ટઝ ટેક્નોલોજી. તેમાં ઓછા ઘટકો હતા અને ઓટોમેટીક ઘડીયાળો કરતાં હજારગણી વધુ ક્ષતિરહીત હતી. ઘડીયાળ વિશે સંશોધન કરનારાઓ મુજબ, આ વિચાર ઘડીયાળ ઉદ્યોગનું ભવિષ્ય બની રહેવાનો હતો!

સ્વીસ લોકો માનતા હતા કે તે વસ્તુ ઘડીયાળ ઉદ્યોગમાં કોઈ મુલ્યનો ઉમેરો નહીં કરે, આથી તે વિચારને તરત જ રદીયો આપવામાં આવ્યો. તેમણે માન્યું કે ભવિષ્ય ભૂતકાળનું જ વિસ્તરણ હશે અને તેઓએ ઇલેક્ટ્રોનિક ઘડીયાળોના વિચાર સામે આંખ આડા કાન કર્યા. પોતાની માન્યતા વિશે તેમને એટલો બધો આત્મવિશ્વાસ હતો કે તેમણે તે વિચારને પોતાનાં નામ હેઠળ પેટન્ટ કરાવીને સુરક્ષિત પણ ન કર્યો, અને સંશોધકોને તેમની કદર કર્યા વગર જવા દીધા.

સ્વીસ ઘડીયાળ ઉત્પાદકો વડે નકારાવાથી સંશોધકો એ આશા છોડી ન દીધી. તેઓ પોતાના વિચારમાં માનતા હતા; તેઓ એક ઉદ્દેશ ધરાવનાર બળવાખોરો હતા; તેઓ કંઈક એવું આપવા માંગતા હતા જે તેમના ઉદ્યોગ માટે ટેક્નોલોજીની રીતે વધુ આગળ વધેલું અને લાયક હતું. તેઓ તેમના વિચારોને સ્વીકારે તેવા કોઈકની શોધમાં હતા અને તે જ વર્ષે તેઓ તેમની ટેક્નોલોજી પ્રદર્શિત કરવા માટે એન્યુઅલ વોચ કોંગ્રેસ પાસે ગયા. બે કંપનીઓ, જાપાનની સેઇકો અને યુએસએની ટેક્ષાસ ઇન્સ્ટ્રુમેન્ટ્સને તેને આગળ વધારવામાં રસ હતો અને બાકીની વાત તો ઇતિહાસ છે.

બરાબર ૧૦ વર્ષ પછી, ૧૯૭૮માં સ્વીત્ઝરલેન્ડે જાપાનીઓ સામે તેમનું માર્કેટ આગેવાનનું સ્થાન ગુમાવ્યું અને આખી દુનિયામાં ૬૫% માર્કેટ શેરમાંથી માત્ર ૧૦% માર્કેટ શેર પર ઊતરી આવ્યા. આ અધઃપતનની અસર એટલી નાટકીય હતી કે તેમને તેમના ૬૫,૦૦૦ ઘડીયાળ કારીગરોમાંથી ૫૦,૦૦૦ને છૂટા કરવા પડ્યા. સફળતાનાં શીખર પર બેઠેલું એક રાષ્ટ્ર તેમની નાવને મધદરીયે ઝૂકાવીને અને નવી ટેક્નોલોજીની કદર

કરીને, સ્વીકારીને તથા અપનાવીને ઉપરનું સ્થાન જાળવી શક્યું હોત. પરંતુ તેઓ ગર્વનો અને નવા વિચારને ઓળખવાની અક્ષમતાનો શિકાર થઈ ગયા અને એટલી ઝડપથી ગબડ્યા કે ફરી ક્યારેય ઉપર આવી ન શક્યા. જો તમે શીખર પર હો ત્યારે દિશા પરિવર્તન ન કરો તો તમને જમીન પર ફેંકાઈ જવામાં બહુ સમય નહીં લાગે.

કાશ, જો એમ્બેસેડર, દૂરદર્શન અને સ્વીસ ઘડીયાળ કંપનીઓ આ ક્રાંતિની આગાહી કરી શકી હોત અને સમય પહેલાં બદલાઈ ગઈ હોત!

તમારે બદલવું જ પડે તે પહેલાં બદલાઈ જાવ.

કોઈ પણ પરિવર્તન તેની સાથે પુષ્કળ ભય, અસલામતી, મુશ્કેલીઓ, પીડા, ત્યાગ અને જોખમ લાવે છે. જ્યારે તમે સફળતાની ટોચ પર હો અને પરિવર્તન કરવાનો નિર્ણય કરો, તો તમે મુશ્કેલી અથવા પીડાનો અનુભવ નથી કરતા કારણ કે તમે જે પરિવર્તનની પહેલ કરો છો તે મોટેભાગે સ્વયંસંચાલિત અને પોતાના વડે જ કરાયેલ હોય છે. તે માર્કેટ વડે ચલિત થયેલ નથી હોતું. તે તમારા પર લદાયેલ નથી હોતું. જો પરિવર્તન દબાણપૂર્વકનું હોય તો તમારી અડધી ઊર્જા અને જુસ્સો બદલાવને ખાળવામાં ગુમાવાય છે; નવા વિચારને ના કહેશો તો તમે તેને તમારા મગજમાં ઉતરવા જ દીધો ન હોવાથી, તેની ખરી શક્તિનો અનુભવ નહીં કરી શકો. તમે તકનો લાભ ઉઠાવવામાં નિષ્ફળ જશો. માટે, તમારે બદલાવું જ પડે તે પહેલાં જ બદલાઈ જાવ!

સામાન્ય લોકો જ્યારે તેઓ ટોચ પર પહોંચે ત્યારે તેમની સ્થિતિ જાળવી રાખવા મથે છે, આવી ઊંચાઈએથી સફરજનની લારીને ગબડાવનાર કોઈક તમને ભાગ્યે જ જોવા મળશે. જ્યારે વસ્તુઓ અવળી પડે છે, ઉત્પાદનો નિષ્ફળ જાય છે, જુથોમાં ભંગાણ પડે છે, ગ્રાહકો છોડી જાય છે, આવક લથડે છે અને વ્યાપાર નીચે ઊતરે છે ત્યારે કોઈ પણ સ્વસ્થ મગજવાળો માણસ ટકી રહેવા માટે વૈકલ્પિક માર્ગો શોધે છે, પરંતુ સફળતાની પરાકાષ્ઠાએ રૂપાવલી બદલવી તે જીવનને મહત્તમ કરનારાઓનું લક્ષણ છે.

૧૫ એપ્રિલ ૧૯૫૫ના દિવસે, જ્યારે રે ક્રોકે મેકડોનાલ્ડ ભાઈઓ પાસેથી મેકડોનાલ્ડસની રાષ્ટ્રીય ફ્રેન્ચાઇઝી ખરીદી ત્યારે તે એક સફળ ઉદ્યોગપતિ અને એક સમૃદ્ધ માણસ હતો, જે આરામદાયક જીંદગી જીવતો હતો. ૫૨ વર્ષની ઉંમરે તેણે મેકડોનાલ્ડ ખરીદ્યું – એક એવો વિચાર જેમાં તે સાચા અર્થમાં માનતો હતો – અને તેની જીંદગી, કારકીર્દિ અને ભવિષ્યને દાવ પર લગાડી દીધાં. તેણે પોતાનાં સ્વપ્નને વાસ્તવિક્તામાં બદલવા માટે

કેટલાંક વર્ષો સુધી અમેરિકાની શેરીઓ ખૂંદી નાખી અને ક્યારેય છોડી ન દીધું. આ પ્રક્રિયામાં તેણે એવા સમયે ફાસ્ટ ફૂડ ઉદ્યોગનું સર્જન કર્યું જ્યારે એવા પ્રકારની કોઈ વસ્તુનું અસ્તિત્વ જ ન હતું. તેણે તેનાં સમગ્ર જીવનની કમાણી સાથે મધદરીયે વહાણ ઝૂકાવ્યું અને આ તેણે પોતાની કારકીર્દિની પરાકાષ્ઠા પર કર્યું!

ટોયોટાની ક્વાલીસ ગાડી એક મહિનામાં ૮૦૦૦ ગાડીનું વેંચાણ કરીને સફળતાપૂર્વક ચાલતી હતી – એક SUV વડે સર્વોચ્ચ વેંચાણ. ત્યારે ટોયોટાએ ક્વાલીસનું ઉત્પાદન બંધ કરવાનો નિર્ણય કર્યો અને તેને સ્થાને ઇનોવા મૂકી.

ઇનોવા નિષ્ફળ જાય તો શું? જો ગ્રાહકો ન ખરીદે તો શું? શું તેઓ ક્વાલીસ ફરી મૂકી શકશે? અને ત્યાં સુધીમાં ક્વાલીસની માંગ પણ ન રહે તો શું? શું તેઓ ફરી માર્કેટને જીતી શકશે? જો કીર્લોસ્કર, ટોયોટાના વડાના મગજમાં આવા વિચારો દોડ્યા કર્યા હોત તો ટોયોટા માટે આ બે ઉત્પાદને જે વાવાઝોડું સર્જ્યું તે તેઓ ક્યારેય સર્જી શક્યા ન હોત. હંમેશાં હાર થવાની, નિષ્ફળ જવાની તક હતી અને એ શક્યતા પણ હતી કે ઇનોવા માર્કેટમાં સફળ ન થાય અને ત્યાં સુધીમાં ક્વાલીસને પણ પૂનર્જીવિત નહીં કરી શકાય. પરંતુ જ્યારે ક્વાલીસ તેની સફળતાની ટોચ પર હતી ત્યારે ટોયોટાએ પોતાની નૌકા મધદરીયે ઝૂકાવી અને પરિણામ દુનિયાની સામે છે.

આ વ્યક્તિઓ / તંત્રોએ લીધેલા બધા જ નિર્ણયો ખૂબ સંશોધન કરાયેલા, સુઆયોજિત અને માત્ર ગટ્સ ફીલીંગ વડે લેવાયેલા ન હતા. રે ક્રોક, કીર્લોસ્કર, ટોયોટા અને તેમના જેવા હજારો લોકોએ જો આ હિંમતભર્યો નિર્ણય, જોખમ કે પડકાર ન ઉઠાવ્યા હોત તો પણ તેઓ હજી પણ સફળ ઉદ્યોગો ચલાવતા હોત, તેમની અંગત અને વ્યાવસાયિક જીંદગીમાં સફળ થયા હોત પરંતુ આ અનુભવોનો સામનો કરતી વખતે તેમણે જે મન અને ચારિત્ર્યની મજબૂતાઈ, સ્વમાન્યતા અને જીવનની સમજણ સંપાદિત કરી, તે તેમણે ગુમાવી હોત.

તમારાં તંત્રનું માળખું બદલવાનું હોય કે વર્તમાન અથવા નવી માર્કેટમાં એક નવું ઉત્પાદન બહાર પાડવાનું હોય; દેખાવ બરાબર ન હોવાને કારણે ઉચ્ચ વ્યવસ્થાપન જુથને દૂર કરવાનું હોય કે એક નવું સાહસ શરૂ કરવા માટે તમારી સારા પગારવાળી નોકરી છોડવાની હોય; ઘણાં વર્ષો કુંવારા રહ્યા પછી ૨૯મેં વર્ષે લગ્ન કરવાનાં હોય કે એક નવી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં પ્રવેશવાનું હોય; એક નવી કંપની ખરીદવાની હોય કે તમારી વફાદાર મારુતી ૮૦૦ને વિદાય આપવાની હોય; એક પ્રક્રિયા અટકાવવી અથવા

એક નવી શરૂ કરવી... આ બધું જ ત્યારે કરો જ્યારે તમે સફળતાના શિખર પર હોવ, જ્યારે તમે મહત્તમ સગવડભરી સ્થિતિમાં હોવ, જ્યારે તમારી પાસે ગુમાવવા માટે બધું જ હોય. આ એક જુગાર છે, રમી લો!

જ્યારે મેં મારી કોર્પોરેટ તાલીમને આવજો કહી દીધું ત્યારે હું તેની ટોચ પર હતો. હું તે ઉદ્યોગનો લાડકો હતો. તે વોડાફોન (તે સમયે હસીસન મેક્ષ, ઓરેન્જ), હોય કે એશીયન પેઇન્ટસ, કોકા કોલા હોય કે પ્રોક્ટર એન્ડ ગેમ્બલ, હિન્દુસ્તાન યુનિલીવર અથવા મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ફોર્ડ કે હુંડાઈ હોય, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક હોય કે સોડીક્ષો પાસ, ITW સીગ્રોડ હોય કે ન્યુ હોલેન્ડ ટ્રેક્ટર્સ, એલઆઈસી હોય કે બીરલા સનલાઇફ, મેક્ષ ન્યુયોર્ક લાઇફ કે મેટ લાઇફ, અવીવા લાઇફ ઇન્સ્યોરન્સ કે રીલાયન્સ લાઇફ, ડીએલએફ હોય કે એચડીએફસી, આઈસીઆઈસીઆઈ હોય કે ટાટા સ્કાય, યુટીઆઈ હોય કે કોટક લાઇફ, પારસ ફાર્માસ્યુટીક્સ હોય કે સેન્ટ ગોબીન, ટાટા એઆઈજી હોય કે બ્લોપ્લાસ્ટ, એરીયલ હોય કે એચએસબીસી, આયન એક્સચેન્જ હોય કે સ્ટેટબેંક ઑફ ઇન્ડિયા, એસકેએફ બેરીંગ હોય કે ફીલીપ્સ, ટાટા મોટર હોય કે સોની. તે વેંચાણની તાલીમ હોય કે નેતાગીરી માટેની, મુખ્ય હિસાબ વ્યવસ્થાપન માટે કે વાટાઘાટની આવડતો પર, વ્યવસ્થાપન બદલાવ કે લોકોની વ્યવસ્થાપન કુનેહો, આદાન પ્રદાન હોય કે રજુ કરવાની કુનેહ, ગ્રાહકોની સંભાળ કે ગુણવત્તા સભર એવા... હું સૌથી વધુ માંગ ધરાવનાર તાલીમ આપનાર હતો – સુદઢ, સારા નેટવર્ક વાળો, પ્રખ્યાત અને સગવડભર્યો.

મોઢા મોઢ જાહેરાત એટલી મજબૂત હતી કે મારું આખું વર્ષ આરક્ષિત થયેલું હતું. આવતા અઢી વર્ષનાં વેઇટીંગ પીરીયેડ મારે મારું આખું સમયપત્રક તૈયાર હતું. હું શિખર પર હતો અને મેં કોર્પોરેટ તાલીમનાં જગતને આવજો કહી દીધું અને MSME વિભાગ (માઇક્રો, સ્મોલ એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ)માં આવી ગયો. મેં કોર્પોરેટ દુનિયાની ઝાકઝમાળ અને કોકાકોલા તથા યુનીલીવરની દુનિયામાંથી વિદાય લીધી અને સ્પાર્ટન એન્જીનીયરીંગ, શ્રી ગણતા સ્ટોર્સ, સાંઈ ફાસ્ટનર્સ, ચીનુ ટ્રાવેલ્સ, સની એડવર્ટાઈઝીંગ, લોકેશ જ્વેલર્સ... અસંખ્ય નામો જે આ કંપનીઓના માલિકો તથા કર્મચારીઓ જ જાણતા હોય... માં આવ્યો. આ એવી કંપનીઓ હતી જેઓ દુનિયામાં જાણીતી ન હતી, ભારતમાં, મહારાષ્ટ્રમાં, મુંબઈમાં, અંધેરીમાં, અંધેરીના જે.પી. રોડ પર, આકૃતિ આર્કેડ (અંધેરીમાં જે.પી.રોડ પરની એક ઇમારત), તે આર્કેડના પાંચમાં માળ પર અને જ્યારે તમે બ્લોક ૫૦૬માં હતા ત્યારે બ્લેક ૫૦૪માં બેઠેલા માણસ માટે પણ જાણીતી ન હતી.

મેં કોર્પોરેટ ટ્રેઇનીંગ વર્લ્ડની ઝાકઝમાળ, શૈલી અને દેખાડાને આવજો કહી દીધું અને ૫૦૦૦ થી ૫૦,૦૦૦ કરોડનાં સામ્રાજ્યોમાંથી ૫૦ લાખથી ૫ કરોડની કંપનીઓ પર આવી ગયો. મેં મારા જીવનની નૌકાને મધદરીયે ઝૂકાવી. હું આ પરિવર્તનની બધી જ પીડાઓ તથા ત્યાગો, અખતરાઓ તથા ઉપાધીઓમાંથી પસાર થયો અને આ મારું પ્રથમ પરિવર્તન ન હતું મેં આ "નૌકા ઝૂકાવવા"નું ભૂતકાળમાં કેટલીક વાર એવી રીતે કર્યું છે કે હવે તે મારા DNA , મારા અર્ધજાગૃત સ્વ, મારા મગજ, મારી શૈલી, મારી જીવવાની રીતનો ભાગ બની ગયું છે.

મેં મધદરીયે નૌકા ઝૂકાવવાની ચારે ચાર શરતો પરિપૂર્ણ કરી છે :

૧. **રૂકાવટની ફીલોસોફીમાં માનવું :** મને અટકી જવા સાથે કોઈ સમસ્યા ન હતી. મેં હંમેશાં સગવડ અને સાતત્યતા આનંદને વિદાય આપીછે.

૨. **બાહેંધરી ન માંગો :** મેં ક્યારેય કોઈને પણ મારી સફળતા માટે કે બધું બરાબર થશે તેવી ખાતરી આપવા નથી કહ્યું મારી જીવનશૈલી જેવી છે તેવી જ રહેશે, કે મારાં મનની શાંતિ જળવાઈ રહેશે કે નહીં તેવી મેં ક્યારેય પરવા નથી કરી. જ્યારે તમે મધદરીયે હોવ ત્યારે તમે આવા પ્રશ્નો પૂછશો તો તમે પાગલ હશો. જો મધદરીયે કોઈ પણ વસ્તુની ખાતરી હોય, તો તે છે મૃત્યુ અને મેં મૃત્યુને મારી સાથે લઈને વહાણ હંકારવાનું ચાલુ રાખ્યું કારણ કે મેં હંમેશાં માન્યું છે કે એક વાર તમે મૃત્યુ પામો પછી આમ પણ તમારે ચિંતા કરવાની રહેતી નથી કારણ કે ત્યારે બધું પૂરું થઈ ગયું હોય છે – તમે કંઈ જ યાદ કરી શકતા નથી, તમને કશાનો પસ્તાવો નથી. બધું બરાબર છે!

૩. **સંમતિની રાહ ન જુઓ :** મેં ક્યારેય કોઈને હું જે કરતો હતો તેમાં સંમતિ આપવા નથી કહ્યું. જ્યારે પણ તમે કંઈક નવું, અલગ અને વધુ સારું કરો છો ત્યારે તમે એકલા હોવ છો. તમારું એકલવાયપણું જ સૌંદર્યછે.

• તમે મૂર્ખ જેવા લાગવાના જ છો, તેને સ્વીકારો.

• તમારી ઠેકડી ઊડવાની જ છે, તેનો સામનો કરો.

• તમને પ્રશ્નો પૂછાવાના જ છે, તેના વિશે પરવા ન કરો.

• તમે આત્મ શંકાની અવસ્થામાં આવી જ જવાના છો – તેમાં જ રહો.

તમે કોઈ મંજુરી મેળવી શકવાના નથી કારણ કે એવો કોઈ બેન્ચમાર્ક નથી જેની સામે તમારું મુલ્યાંકન થઈ શકે. આ માર્ગ પર કોઈ ચાલ્યું નથી.

આ ખેડાયેલો માર્ગ નથી, આ એવો માર્ગ છે જે તમે શરૂ કરો છો. આ એક અજ્ઞાતનું શાસન છે જેમાં તમે પગ મૂકો છો. સંમતિ માગીને મૂર્ખ ન બનો!

૪. **જ્યારે તમે સફળતાનાં શિખર પર હોવ ત્યારે નૌકા ઝૂકાવો :** મને ક્યારેય મારું સ્થાન ગુમાવવાનો ભય ન હતો, આથી જ્યારે મેં સફળતા પ્રાપ્ત કરી ત્યારે મેં વહાણ ઝૂકાવ્યું એ ત્યારે કર્યું જ્યારે મારામાં હજી પ્રયોગો તથા ભૂલો કરવાનો, પીડા અને મુશ્કેલીમાંથી પસાર થવાનો આત્મવિશ્વાસ અને સમય હતો, મારા પર પરિવર્તનનું દબાણ આવે, કે મારે કરવું જ પડે તેમ હોય, તેની ઘણી પહેલાં

કેટલાક લોકોમાં વહાણ ઝૂકાવવાની હિંમત સ્વાભાવિક રીતે જ આવે છે, પરંતુ અન્યોએ તેને પોતાની માનસિક્તાનો ભાગ બનાવવા માટે મથવું જોઈએ. જ્યાં સુધી તમે સલામતી અને સગવડની સરહદોની અંદર રમવાનું ચાલુ રાખશો, તમે ક્યારેય નૌકા ઝૂકાવી નહીં શકો અને જો તમે તે નહીં કરો, તો જીવનને મહત્તમ કરવાનું બનશે નહીં.

નીચે આપેલ જગ્યામાં તમે તમારી જીવનનૌકાને કેવી રીતે ઝૂકાવશો તે લખો, જેમ કે, તમે અટકાવી દેશો તેવી વસ્તુઓ, અન્યોની બાહેંધરી કે સંમતિ લીધા વગર તમે જે પગલાં ભરશો તે, અને જ્યારે તમે સફળતાની ટોચ પર હો ત્યારે જે નિર્ણયો લેશો તે :

નં	મધદરિયે નાવ કેવી રીતે ડોલાવ શો	ડેડલાઈન

આ પ્રકરણ માટે તમારી જાતને માટે તમારું વચન



આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચન, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનીટે આપવો જરૂરી છે.

નૌકાને મધદરીયે ઝૂલાવો.

આદેશ
૪
સ્વાયત્ત બનો, તમારું બંધારણ આજે જાહેર કરો

જે લોકો સ્વાયત્ત છે તેઓ હિંમત કરે છે અને જીવનને મહત્તમ બનાવવા માટે તમારે હિંમત કરવી જોઈએ.

---

૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે, ભારત સ્વતંત્ર દેશ તરીકે બહાર આવ્યું તેનાં બરાબર ત્રણ વર્ષ પછી, બાબાસાહેબ આંબેડકરનાં વડપણ હેઠળની ભારતીય બંધારણ ઘડનાર કમીટીએ ભારતનું બંધારણ ઘડ્યું અને એક લોકતાંત્રિક પ્રજાસત્તાક રાજ્ય તરીકે કામ કરવાની રીતના મૂળભૂત નિયમો મૂક્યા – તે હતા વડાપ્રધાનની નિમણૂક કરવાની રીત, સંસદની ગોઠવણ, ચૂંટણીઓ યોજવી, લોકતાંત્રિક સંસ્થાઓ હેઠળ કામ કરવું અને એક સ્વતંત્ર દેશનું સમગ્ર વ્યવસ્થાપન.

એક બંધારણનું સૌંદર્ય એ છે કે તે તમને એક માળખું આપે છે જેની અંદર રહીને તમે કામ કરી શકો; તે તમને ભાંગી પડવાની છૂટ આપ્યા વગર, તમારા જીવનનું નિર્દેશન કરે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે આવું એક બંધારણ આપણા દેશ માટે બનાવ્યું. ધીરુભાઈ અંબાણી (સૌથી વધુ માનપાત્ર ભારતીય ઉદ્યોગપતિઓમાંના એક) એ તેમને પોતાને માટે બનાવ્યું. જો તમે જીવનને મહત્તમ બનાવવા માંગતો હો તો તમારે પણ એક તમારે પોતાને માટે બનાવવું જોઈએ!

તમને જનમ્યાને કેટલાં વર્ષ થઈ ગયાં, અને હજી તમે તમારા જીવનનું બંધારણ જાહેર કર્યા વગર જીવો છો?

જીવનને મહત્તમ કરવા માટે, સ્વાયત્ત બનો –
તમારું બંધારણ આજે જાહેર કરો.

મેં હંમેશાં 'ડર'ની ફીલોસોફી માની છે. દુનિયા તમારાથી ડરતી હોવી જોઈએ. મારો કહેવાનો અર્થ છે આદરપાત્ર ડર. મુંઝાઈ ગયા? આદરપાત્ર ડર એ આતંકવાળા ડરનો વિરોધી છે. જ્યારે એક ડાકુ, લુંટારો કે ઠગ તમારા ગળા પર છરો મૂકે છે અથવા તમારા માથા પર બંદૂક તાકે છે, તે આતંક સાથેનો ભય, દબાણવાળો ભય ઉપજાવે છે. આવો ભય હોદ્દા વડે, ચીસો પાડીને, અન્યો તરફ બૂમ બરાડા કરીને અથવા તમારા કરતાં નીચલાં સ્થાન પર હોય તેવા કોઈક તરફ હોંકારા કરીને પણ ઊભો કરી શકાય છે.

આદરયુક્ત ડર ખાનગી છે, તે પ્રેમભાવ છે; તે ખાનગી પ્રેમભાવ છે. તે તમારી જાતને શિર્ષ પર રાખવાની રીત છે; તે દુનિયાને તમને ખલેલ પહોંચાડવા, તકલીફ આપવા કે તમારી સાથે ભળવા દેવાની છૂટ ન આપવાની રીત છે. તે દુનિયાને થોડાં અંતર પર રાખે છે. આદરપૂર્વકનો ડર એ સ્વાયત્તતાની પેદાશ છે. જીવનને મહત્તમ બનાવવા માટે તે અતિઆવશ્યક, જરૂરી, ફરજીયાત અને અનિવાર્ય છે.

'ઓટોનોમસ' (સ્વાયત્ત) શબ્દ બે શબ્દોનો બનેલો છે.

ઓટો એટલે **સ્વ**

નોમસ એટલે **નિયમો** .

ઓટોનોમસ એટલે **સ્વનિયમો.**

જીવન એક ભાખી ન શકાય તેવી રમત છે. દરેક વ્યક્તિના અનુભવો જુદા જુદા હોય છે અને આવી ગતિશીલ દુનિયામાં તમે બીજા કોઈ વડે નક્કી કરાયેલા નિયમો/કાયદાઓ સાથે કામ કરી ન શકો. તમે અન્યોની દૃષ્ટિઓ તથા અભિપ્રાયોના શિકાર ન બની શકો. તમારી શક્તિઓને મહત્તમ બનાવવા માટે, તમારે સ્વયંસર્જિત, આત્મ બંધારણવાળા અને સ્વનિર્મિત બનવું જરૂરી છે; તમારે મુક્તિ અને આત્મવિશ્વાસની સ્થિતિમાં હોવું જરૂરી છે. તમારી પાસે તમે નક્કી કરેલા કાયદાઓ હોવા જરૂરી છે – તમારે સ્વાયત્ત હોવું જરૂરી છે!

જીવનને મહત્તમ કરનારાઓ સ્વાયત્ત વ્યક્તિઓ હોય છે. તેઓ અન્યો વડે અથવા બહારનાં દબાણો વડે નિયંત્રિત નથી હોતા; તેને બદલે, સ્વનિર્દેશિત, સ્વયં સંચાલિત અને સ્વતંત્ર વ્યક્તિઓ હોય છે જે તેમની પોતાની શરતો પર જીવન જીવે છે.

તેમની પાસે તેઓ જે કાંઈ પણ કરશે તે બધા માટે નિયમો હોય છે અને ક્યારેય તેમાં બાંધછોડ નહીં કરે. તેઓ તેમના પોતાના સિવાય કોઈએ પણ ગોઠવેલા નિયમોને નહીં અનુસરે. આ કાયદાઓને વ્યાખ્યાયિત કરતું એક બંધારણ તેમની પાસે હોય છે અને સમયાંતરે તેઓ તેમાં પ્રગતિશીલ સુધારાઓ કરતા રહે છે અને આખી દુનિયા પાસે આ જાહેર કરે છે.

ઉ.ત. મારા બધા ગ્રાહકો, સહકર્મીઓ તથા મિત્રો જાણે છે કે હું માત્ર અગાઉથી ૧૦૦% ચૂકવણી પર જ કામ કરું છું, જેનો અર્થ છે કે જો કોઈકને અગાઉથી પૂરી ચૂકવણી કરવામાં ખચકાટ હોય તો તેને/તેણીને મારી અથવા મારી કંપનીની સેવા ઉપલબ્ધ નહીં થાય. મેં મારી જાતને અને મારી કંપનીને મારા ગ્રાહકોને તેમણે કરેલાં રોકાણ કરતાં બમણાં અનુકરણીય પરિણામો આપવા માટે પૂરતી મજબૂત, જવાબદાર અને સક્ષમ બનાવી છે અને પછી દુનિયા તેને વળગી રહે તેવો પ્રભાવ ઊભો કર્યો છે. આ મારો પોતાનો કાયદો છે. મેં તેને મારાં જીવનનાં બંધારણમાં લખી લીધો છે, તેનું આદાન-પ્રદાન કર્યું છે, તેની જાહેરાત કરી છે, દુનિયા સામે તે જાહેર કર્યું છે અને દુનિયાએ તેના વડે બંધાવું જ રહ્યું!

દુનિયા જાણે છે કે નિયમિત હોવા માટે હું ઝનુની છું અને જે મોડા આવે છે તેવા કોઈના પણ માટે હું રાહ જોતો નથી. જ્યારે હું યુરેકાફોર્બ્સમાં બ્રાન્ચ મેનેજર (તે સ્થાનનો વડો) હતો ત્યારે દર શનિવારે હું

મારા વેંચાણદળ માટે એક બ્રાન્ચ મીટીંગનું સંચાલન કરતો. તે સમયના મારા મેનેજીંગ ડાયરેક્ટર મારી એક બ્રાન્ચ મીટીંગમાં હાજર રહેવા માંગતા હતા. હું ભારતનો ૧ નંબરનો સેલ્સમેન, ૧ નંબરનો ગ્રુપ લીડર, ૧ નંબરનો સેલ્સ સુપરવાઇઝર અને હવે ૧ નંબરનો બ્રાન્ચ મેનેજર હતો. મારી મીટીંગો ઉગ્ર, કઠીન અને અદ્દુન્યવી – પાગલપન, જુસ્સો અને પ્રેરણાથી ભરપૂર હોવા તરીકે જાણીતી હતી. કંપનીના એમડી તરીકે તેઓ મારી મીટીંગોની 'ફીલ' લેવા માટે કુતુહલ પામેલા હતા.

મારી પાસે જીવનનો એક સ્વાયત્ત નિયમ હતો – એક સ્વકાયદો કે મારી બધી જ મીટીંગો ઘડીયાળના ટકોરે શરૂ થશે અને આ કિસ્સામાં સમય હતો બપોરના ૧:૩૦. મેં તેમને સમય વિશે સૂચના આપી દીધી હતી અને બધા જાણતા હતા કે એક વાર હું મારી મીટીંગ શરૂ કરી દઉં પછી ઇશ્વર સહિત કોઈને પણ મીટીંગ રૂમમાં આવવાની પરવાનગી ન હતી. તેમણે સમય કરતાં પહેલાં જ આવી જવાનું વચન આપ્યું. તેઓ સિધ્ધાંતનાં માણસ હતા અને તેમનાં બધાં જ કાર્યો માટે તેઓ હંમેશાં સમયસર પહોંચી જતા. તેઓ કોઈ સામાન્ય માણસ ન હતા અને તેથી જ તે શનિવારે આખી બ્રાન્ચ – હીસાબનીશો, સેલ્સના લોકો, ગ્રાહક સેવા ટીમ, સુરક્ષાકર્મીઓ – બધા જ ખૂબ જ સજાગ હતા. તેઓ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર હતા.

મારા ૨૯ સેલ્સ બોય્ઝ અને તેમના નેતાઓ – અમે બધા જ રૂમમાં આવી ગયા. ૧:૩૦ થવા આવ્યા હતા. ૧:૩૦ વાગે મેં દરવાજો બંધ કરી દીધો અને મારી મીટીંગ શરૂ કરી. તેઓ ૧:૩૪ વાગે આવ્યા, બારણું બંધ થયેલું જોયું, તેઓ મીટીંગમાં હાજર ન રહી શક્યા તેનો પસ્તાવો કર્યો, ખાનગીમાં મારી પ્રતિજ્ઞાની પ્રશંસા કરી, ખાનગીમાં મને ડરાવ્યો અને ચાલ્યા ગયા.

સ્વાયત્ત હોવું તે એક પોલીસ અમલદાર સાથે સમાનાર્થી છે, જે ભારતીય પોલીસ સેવા સાથેના તેણીના કાર્યકાળ દરમિયાન તેમના પોતાના નિયમોને વળગી રહ્યાં. કીરણ બેદી ૧૯૭૨માં IPS માં જોડાયાં અને ૨૦૦૭માં નિવૃત્ત થયાં. એ ગૌરવપ્રદ ૩૫ વર્ષમાં તેણી પ્રથમ અને સૌથી ઉચ્ચ શ્રેણીના મહિલા પોલીસ અમલદાર હતા. તેઓ કાયદાના અમલ માટે તેણીના નવા પ્રકારના છતાં અસરકારક વલણ માટે જાણીતાં છે, જેણે એક તરફ ખરાબ વાતાવરણમાં તેમને અસામાન્ય સફળતા પ્રાપ્ત કરવામાં મદદ કરી, જ્યારે બીજી તરફ તેમની એક વિભાગમાંથી બીજામાં વારંવાર અને ઝડપી બદલી થવાનું કારણ બન્યું.

તેમણે જીલ્લા પોલીસ, ટ્રાફિક પોલીસ, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો, હોમગાર્ડ, સીવીલ ડીફેન્સ, યુનાઇટેડ નેશન્સના સીવીલ પોલીસ એડવાઇઝરી વગેરે વગેરેમાં સેવા આપી છે. આ દરેક જગ્યાએ તેમણે તેમનાં હિંમત ભર્યાં અને બહાદુરી ભર્યાં પગલાંઓથી તેમના શ્રોતાગણને ચકિત કરી દીધા છે, જેમાં જ્યારે ભારતના વડા પ્રધાનની કાર નો-પાર્કીંગ વિસ્તારમાં પાર્ક થયેલી હતી ત્યારે તેને ઉપાડી જવા સુધીનો સમાવેશ થાય છે. તેમની પદવીઓ તેમના સ્વકાયદાઓ વિશે બોલે છે જેણે તેણીને હંમેશાં સામાન્ય IPSની સરખામણીએ ઉપલા પગથીયે રાખ્યાં છે. તેણી માત્ર એક IPS અમલદાર ન હતાં, તેઓ એક સ્વાયત્ત, જીવન મહત્તમ કરનારાં હતાં.

જેલનાં ઇન્સ્પેક્ટર જનરલ તરીકે તેમને સોંપાયેલાં એક કાર્યમાં કીરણ બેદીએ તીહાર જેલ – કે જે સૌથી જોખમી અને તોફાની કેદીઓ વાળી જેલ છે – ના કેદીઓનું પરિવર્તન કરવાનું પોતાના પર લઈને કારાવાસના ખ્યાલમાં જ ક્રાંતિ કરી નાખી. કીરણ બેદીની મજબૂત માન્યતા હતી કે આ ગુનેગારો અને ખૂનીઓ કે જેમનામાં કોઈ માનવતા કે ડહાપણ બચ્યું નથી તેવા ગણાતા હતા તેમને પણ ધરમૂળથી બદલી નાખી શકાય. તેણીએ જેલમાં દસ દિવસના વિપશ્યના (ચિંતન-મનન અને સંપૂર્ણ મૌન કેમ્પ) કાર્યક્રમ રાખ્યો – એક એવું કાર્ય જે તેણીની દૃઢતા, હિંમત અને ઉદારતા દર્શાવે છે.

આ ઝુંબેશ કયાં યોજાશે; આપણે જનતાની સલામતી અને કેદીઓ પર નિયંત્રણની ખાતરી કેવી રીતે આપી શકીએ; જો તેઓમાંના કેટલાક કાબૂ બહાર થઈ જાય અને બળવા તરફ દોરી જાય તો શું; માળખું, સગવડો, ખોરાક, જગ્યા અને સેંકડો બીજી વસ્તુઓનું આયોજન કરવું જરૂરી હતું.

આને માટેની કોઈ શૈલી ન હતી. કોઈ ઉદાહરણો ન હતાં. પરંતુ યોગ્ય રીતે કહેવાયું છે તેમ ગોઠવાયેલી શૈલીને અનુસરીને કોઈ મહાન સફળતા બનાવી શકાતી નથી; સામાન્ય કામ કરવાથી કોઈ સામ્રાજ્ય ઘડાયાં નથી; જે સલામત અને સુરક્ષિત હતું તે કરવાથી કોઈ યુદ્ધ જીતાયાં નથી, અને કીરણ બેદી એવી મહિલા હતાં જે સ્વનિયમો વડે બન્યાં હતાં. તેણી જે બીનપ્રણાલિકાગત હોય તે કરવામાં માનતાં હતાં અને આ ક્રાંતિ ચલાવવા માટે તેણીએ પોતાને દિશા ચીંધી હતી. તેણીએ પોતાની પેટર્ન્સ બનાવી હતી. તેણીએ તેનાં પોતાનાં ઉદાહરણો સર્જ્યાં અને એવા ચમત્કારો કરી દેખાડ્યા કે આવનારી પેઢીઓને તેમની બરાબરી કરવાની ઇચ્છા છે.

ધીરુભાઈ અંબાણી મહાન સ્વનિયમો અને સ્વાયત્તતાના આવા બીજા માણસ હતા. મધ્યમ વર્ગના ગુજરાતી પરિવારમાંથી આવતા ધીરુભાઈ ગામડાંની શાળાના શિક્ષકના પુત્ર હતા. જેણે ૧૯૫૦ના દાયકામાં એડનમાં

આરબ મર્ચન્ટસ સાથે ટૂકાં સમયના શ્રમિક તરીકે કામ શરૂ કર્યું અને ત્યાંથી ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની – રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ શરૂ કરી. તેમના સંઘર્ષનું સંચાલન કરતો એક માત્ર કાયદો હતો. "હું જે કાંઈ પણ કરીશ તે વિશાળ, વિશ્વ સ્તરનું અને તેના પ્રકારનું પ્રથમ હશે" અને તેમણે બનાવેલાં બંધારણને સાચું ઠેરવીને, ત્યારથી તેમણે જે કાંઈ પણ કર્યું – સામાન્ય ભારતીય રોકાણકારને શેર બજારનો પરિચય કરાવવાનું હોય, કે જામનગરમાં દુનિયાની સૌથી મોટી ઓઇલ રીફાઇનરી સ્થાપીને અને તેની "બ્રાસ સીટી" વાળી છબીને "ઓઇલ સીટી ઑફ ઇન્ડિયા"માં ફેરવીને જામનગર જેવા નાનાં ગામને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વનાં સ્થાન પર મૂકવાનું કામ હોય; રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં ઓપ્ટીક ફાઇબર દાખલ કરવા માટે ૨૫૦૦૦ કરોડ જેટલા રૂપિયાનું રોકાણ કરવાનું હોય કે આ રાષ્ટ્રના ઇતિહાસમાં સૌથી મોટાં સામ્રાજ્યોમાનું એક ઊભું કરવાનું કામ હોય, આ દરેક કાર્ય વિશ્વ સ્તરનું, તેના પ્રકારમાં પ્રથમ અને અતિવિશાળ છે. તે ઝડપ, શ્રેષ્ઠતા અને અશક્ય વસ્તુ કરવાનાં પ્રતિકરૂપ છે – અને ધીરુભાઈના જીવનના આ માર્ગદર્શક સિધ્ધાંતો હવે રીલાયન્સનું બંધારણ બની ગયા છે.

બીજા કોઈ ન કરતા હોય તેવી વસ્તુઓ કરવા માટે હિંમત, સ્વમાન્યતા અને વિચારો તથા ક્રિયાઓની સ્વાયત્તા જરૂરી છે. તમારી સ્વાયત્ત વર્તણુક તમારી આસપાસની દુનિયાને મહત્તમ થવામાં મદદ કરે છે. સ્વાયત્ત હોવાની એક પેદાશ – આદરપૂર્વકનો ડર, તમારી અંદર અને આસપાસની પ્રતિભાનું શોષણ કરે છે – લોકો પોતે જેને અશક્ય માનતા હતા તે જ તેમની પાસે કરાવે છે.

તમે બીજા લોકોના વિકાસનું કારણ બનો છો; તમે લોકોને એવી વસ્તુઓ કરવા માટે પ્રેરણા આપો છો જે તેમને આશ્ચર્ય અને આઘાત આપે છે. તેઓ પોતાને મહત્તમ બનાવે છે કારણ કે તમે 'સ્વાયત્ત' હતા અને છો.

તમારા સ્વકાયદાઓ લખો

આ સ્વકાયદાઓ શા માટે અતિઆવશ્યક છે?

સ્વકાયદાઓ લોકોને નિયમો અને કાનુનોનું એક માળખું પૂરું પાડે છે જે તેઓને જીવવાની એક ન્યાયી સંહિતા તરફ દિશાનિર્દેશ કરે છે. આ માળખાંની ગેરહાજરીમાં તેમનાં લક્ષ્ય સુધી પહોંચવા માટે લોકોનું વલણ

ખોટી રીતો, જેવી કે લાંચ, વિશ્વાસઘાત, ભ્રષ્ટાચાર વગેરે તરફ વળવાનું હોય છે; તેઓ એવા ટૂંકા માર્ગો લે છે જે લાંબા ગાળે અવળાં પરિણામો તરફ દોરી જઈ શકે. કેટલાક સંભવિત જીવન મહત્તમ કરનારાઓ જેઓ આને મોટું બનાવી શક્યા હોત, તેઓ આવી નકારાત્મક વર્તણુકને શિકાર થઈ જાય છે. ઉ.ત. પ્રતિભાશાળી ક્રીકેટરો જેમણે મેચ ફીક્સીંગમાં તેમની સમજી ન શકાય તેવી સંડોવણીને કારણે પોતાની કારકીર્દિ બરબાદ કરી નાખી, અથવા બીજા રમતવીરો જેમણે સ્કેન્ડલ તથા ગૌરવભંગ કર્યા. સ્વનિયમોની ગેરહાજરીએ તેમનાં મહત્તમ થવાને મારી નાખ્યું.

ભ્રષ્ટાચાર અથવા સમયસર કર ન ચૂકવવા જેવા મોટા નૈતિક મુદ્દાઓ હોય કે નાના દેખાતા ગુનાઓ, જેમ કે દારુની અસર હેઠળ કાર ચલાવવી, ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવું વગેરે, જો વ્યક્તિ પોતાનું બંધારણ જાહેર કરે અને તેના મુજબ જ જીવે તો જીવન યોગ્ય માર્ગ પર છે.

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે તમારા જીવનનાં દરરોજ, દર મિનિટે અને દર કલાકે આ હુકમ, આ આજ્ઞા, આ ફરમાન, આ સૂચન, આ ઇશ્વરનો નિયમ અને આ આદેશ આપવો જરૂરી છે.

સ્વાયત્ત બનો, તમારું બંધારણ આજે જાહેર કરો.

આદેશ
૫
જાહેર કરો કે તમારી આસપાસની દરેક વ્યક્તિને મહત્તમ બનાવાશે

જીવનને મહત્તમ બનાવવાનું સૌંદર્ય એ છે કે તે તમારી આસપાસનાં બધા જ માનવોના વણખેડાયેલ આંતરિક સ્વને શોધવામાં મદદ કરે છે.

આ પણે એક ટેક્નોલોજીકલ દુનિયામાં રહીએ છીએ; એક એવી દુનિયા જ્યાં સતત શોધો થયા કરે છે. જોકે, દરેક નવી સફળતા એક માણસના આત્મવિશ્વાસ તથા તેનાં જીવન, ભવિષ્ય તથા અસ્તિત્વ વિશે સાતત્યની ભાવનાને હાની પહોંચાડે છે. દરેક વ્યક્તિનું જીવન ઉત્તરોત્તર ભાખી ન શકાય તેવું થઈ રહ્યું છે. આપણી ચારે તરફ ખળભળાટ છે. આવક, રોજગારી, જીવન ધોરણ, વિચારો, વ્યુહરચનાઓ, લોકો, વફાદારી, અથવા જીવનની કોઈ સ્થિરતા નથી. આખી દુનિયામાં એક પછી એક સરકાર માનવ પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેઓ ટેક્નોલોજી વડે સર્જાયેલ અનંત કટોકટીનો રચનાત્મક રીતે પ્રત્યાઘાત આપી શકતા નથી.

મનુષ્યો સાથે બિનઅંગત વસ્તુ તરીકે વર્તન કરાય છે અને લોકો એકબીજા માટે ભાવનાશીલતા, પ્રેમ, સંભાળ અને જુસ્સો ગુમાવી રહ્યા છે. ટેક્નોલોજીને લગતાં સાધનો, પ્રક્રિયાઓ, મેન્યુઅલ્સ, પ્રોસેસીસ, સોફ્ટવેર વગેરેનું લોકો કરતાં વધુ મુલ્ય કરાય છે. માનવ સ્પર્શ ખોવાઈ ગયો છે. અહીં વિકાસ, રચનાત્મકતા અને રૂપાંતરણ અશક્ય બની જાય છે.

તો શું ટેક્નોલોજી ગુનેગાર છે? શું ટેક્નોલોજી આપણને બીનભાવનાત્મક – લાગણી શૂન્ય બનાવે છે? શું આપણે લોકોમાં વિશ્વાસ ગુમાવી રહ્યાં છીએ અને તેમની સાથે માત્ર સંખ્યાની જેમ વર્તી રહ્યા છીએ, કારણ કે આપણે ટેક્નોલોજીના અંધાપાથી પીડાઈ રહ્યાં છીએ – એક એવો રોગ જે આપણને માનવ સંબંધોના આનંદ તરફ અંધ બનાવે છે? શું આપણે આપણી આસપાસના લોકોમાં રસ, સંપર્ક અને સહાનુભૂતિ ગુમાવી રહ્યા છીએ? આપણે કઈ સંસ્કૃતિને અનુસરવું જોઈએ તે વિશે આટલા મુંઝાયેલા કેમ છીએ – ભારતીય સંસ્કૃતિ, અમેરિકન સંસ્કૃતિ, બ્રીટીશ સંસ્કૃતિ, તામીલ સંસ્કૃતિ, ગુજરાતી સંસ્કૃતિ?

એક ગુજરાતી છોકરો એક ચાઇનીઝ મુસ્લિમ છોકરીને પરણે છે, અમેરિકા જાય છે, પાંચ વર્ષ ત્યાં કામ કરે છે અને પછી પેરીસમાં સ્થિર થાય છે. તેણે ગુજરાતી સંસ્કૃતિને અનુસરવું જોઈએ કે જેને બહુલતા અને વૈવિધ્ય વડે લાક્ષણિક ગણાવાય છે તે ભારતીય સંસ્કૃતિને અનુસરવું જોઈએ? તેણે ચાઇનીઝ સંસ્કૃતિને અનુસરવું જોઈએ કે મુસ્લિમ સંસ્કૃતિને, અને તે પણ એવી કે જે ચાઇનામાં અનુસરાતી હોય? શું તેણે અમેરિકન સંસ્કૃતિ, ગુજરાતી – અમેરિકન સંસ્કૃતિ, ગુજરાતી – અમેરિકન – ચાઇનીઝ – મુસ્લિમ સંસ્કૃતિ, ગુજરાતી – અમેરિકન – ચાઇનીઝ – મુસ્લિમ – ફ્રેન્ચ – પેરીસ સંસ્કૃતિને અનુસરવું જોઈએ? આવી વિંટંબણાઓ સાથે આખી દુનિયામાં લોકો મુંઝાયેલા છે.

આપણે એક નવી દુનિયામાં રહીએ છીએ જ્યાં કામ કરવાના, વેપાર કરવાના, આદાન-પ્રદાનના તથા રહેવાના બધા જ નિયમો પડકારાય છે અને દર કલાકે નવા લખાય છે. આપણે આપણા જીવન અને ભવિષ્ય પરની પકડ ગુમાવી રહ્યા છીએ. પહેલાં સંયુક્ત પરિવારો, સમુદાયો, ધર્મો તથા રાજકીય સંસ્થાઓ આપણને આપણી પોતની પ્રતિભા શોધવાનો આત્મવિશ્વાસ આપતી, પરંતુ આ બધી સંસ્થાઓ લગભગ સંપૂર્ણપણે વિચ્છિન્ન થઈ ગઈ છે. એક નોકરી શોધવી તે એક સંઘર્ષ છે, પરંતુ શું લોકો એક સ્થાનને ચીટકી રહે છે? લાંબા ગાળાના સંબંધો જૂજ છે, દેશો ભાંગી રહ્યા છે, સરહદો ટૂટી રહી છે. આપણી આસપાસની બધી વસ્તુઓનો સતત નાશ થઈ રહ્યો છે. કંઈક હવે સુસંગત નથી લાગી રહ્યું.

તો આ છે વાસ્તવિક્તા... કે પછી આપણે હવે પહેલાં ક્યારેય હતા તેના કરતાં વધુ નિરાશાત્મક થઈ ગયાં છીએ? આપણે સતત દરેક વસ્તુ વિશે વ્યથિત છીએ, દરેક વસ્તુ વિશે ચિંતિત છીએ. આપણે દરેક વસ્તુ ઝડપથી પ્રાપ્ત કરવાના, ખૂબ ઝડપથી પ્રત્યાઘાત આપવાના, ખૂબ ઝડપથી પગલાં ભરવા માટેની પાગલ કરી નાંખતી ઉતાવળમાં છીએ અને જો આ વાસ્તવિક્તા છે તો, બીજી પણ એક વાસ્તવિકતા છે કે આ બધી મુંઝવણો અને અચોક્કસતાની મધ્યમાં આપણી પાસે એક જીવન છે અને આ જીવનને આપણે મહત્તમ બનાવવાનું છે. આપણી પાસે લક્ષ્યો છે જે સિધ્ધ કરવાં જ જોઈએ; ગંતવ્ય સ્થાનો છે, જ્યાં પહોંચવું જ જોઈએ; મહત્ત્વાકાંક્ષાઓ છે જે પરિપૂર્ણ થવી જ જોઈએ; એક ભવિષ્ય છે જેને પકડવું જ જોઈએ. આપણી પાસે માનવો છે અને તેમને મહત્તમ બનાવવા જ જોઈએ.

"પોતાની અંદર જ વિંટળાયેલો માણસ, ઘણું નાનું પોટલું બનાવેછે."

— બેન્જામીન ફ્રેન્કલીન

કહેવાયું છે તેમ, એક પાંદડું એકલું છાયો આપતું નથી. કોઈ એકલું એક સીમ્ફની-ધૂન-વગાડી ન શકે, તે વગાડવા માટે આખું વાદ્યવૃંદ જોઈએ.

તમે એક મહાન ઉદ્યોગપતિ હશો, પરંતુ તમે એકલા એક તંત્ર ઊભું ન કરી શકો; તમે એક તેજસ્વી તબીબ હોઈ શકો છો, પરંતુ એકલા એક હોસ્પીટલ ઊભી ન કરી શકો; તમે એક પ્રતિભાવાન સ્થપતિ હોઈ શકો; પરંતુ તમે એકલા એક મહાલય ચણી ન શકો; તમે એક ઉત્કટ સામાજિક કાર્યકર હોઈ શકો, પરંતુ ગરીબી સામે એકલા લડી ન શકો; તમે એક ઉત્સાહી સ્વાતંત્ર્ય સેનાની હોઈ શકો, પરંતુ તમે એકલા આઝાદી મેળવી ન

શકો; તમે એક સમર્પિત રાજદ્વારી હોઈ શકો, પરંતુ તમે એકલા એક રાષ્ટ્રને ઘડી કે રૂપાંતર કરી ન શકો.

એ મહાન તંત્ર, હોસ્પીટલ, મહાલય ઘડવા માટે, ગરીબી સામે લડવા માટે, સ્વાતંત્ર્ય મેળવવા માટે, રાષ્ટ્ર ઘડવા માટે, તમારે ટેકાની અને અનુયાયીઓની જરૂર પડે છે. તમને તેમની પ્રતિભા, શક્તિ, મહત્ત્વાકાંક્ષા, લક્ષ્યો, ઊર્જા, ઉત્સાહ, સમર્પિતતા તથા વચનબદ્ધતા મહત્તમ કરવા માટે સ્ત્રોતોની જરૂર પડે છે. લોકો જીવનને મહત્તમ કરનાર બનવા માંગતા હોય કે ન પણ માંગતા હોય, તેમનામાં ઉત્સાહ દાખલ કરવો પડશે, સફળતા માટે દબાણ કરવું પડશે, વિકાસને આગળ વધારવો પડશે, જુસ્સો દાખલ કરવો પડશે, અવરોધને પડકારવો પડશે, અને તેમનું સાદા મનુષ્યોમાંથી અસામાન્ય ઝનૂનીમાં, સંતોષી વ્યક્તિમાંથી મહત્ત્વાકાંક્ષી લોકોમાં, સામાન્ય માણસોમાંથી અસામાન્ય આત્માઓમાં, સામાન્ય જીવોમાંથી જીવનને મહત્તમ કરનારાઓમાં પરિવર્તન કરવું પડશે.

આપણે આ કેવી રીતે કરી શકીએ? અહીં બધા અગીયારે આદેશોમાંથી સૌથી વધારે શક્તિશાળી, પ્રગતિશીલ અને મહત્ત્વનો આદેશ આવે છે :

જાહેર કરો કે તમારી આસપાસની દરેક વ્યક્તિ મહત્તમ કરાશે.

મેં ૨૯ વર્ષ પહેલાં મારી જાતને આ આદેશ આપ્યો – હું મારી આસપાસના બધી વ્યક્તિઓને મહત્તમ બનાવીશ. તે મારા હાથ નીચે કામ કરનારા હોય, સહકર્મીઓ હોય, ઉપરીઓ હોય, ગ્રાહકો હોય, સ્માર્ટના કર્મચારીઓ હોય, કે તેના વરિષ્ઠ અમલદારો હોય. આગળની હરોળના વેંચાણકર્તા લોકો હોય, મારા એમડી, વીપી, સીઇઓ, ડ્રાઇવર, વોચમેન અને જેઓ રોજીંદા કાર્યો કરે છે તે છોકરીઓ તથા છોકરાઓ હોય. મેં નક્કી કર્યું હતું કે મારી અંદર અને આજુબાજુના દરેક સજીવને મહત્તમ બનાવાશે.

આ પ્રક્રિયામાં, મને ખ્યાલ આવ્યો કે આ એક સરસ, નમ્ર, મીઠા બોલા, વિનમ્ર, લાગણીશીલ, આદરપાત્ર અને વિવેકી માણસની રમત નથી, કારણ કે લોકો તેઓ જેમ છે તેમ ખુશ છે – વધારે મેળવવા નથી ઇચ્છતા, પડકાર ઉપાડવા નથી ઇચ્છતા, વિકસવા અથવા તફાવત ઊભો કરવા નથી ઇચ્છતા. અથવા કદાચ, તેઓ આ બધું જ કરવા ઇચ્છે છે, પરંતુ કેવી રીતે તે નથી જાણતા અથવા તેની કિંમત ચૂકવવા નથી માંગતા.

જો તેમને બધાંને મહત્તમ બનાવવાના હોય તો તેમણે વાસ્તવિક્તા વિશે જાગૃત થવું પડશે. તેઓ જીવનમાં કંઈક વધુ મહાન કેવી રીતે સિધ્ધ

કરી શકે, તેમની કલ્પનાથી પણ આગળ જઈ શકે, તેમની આસપાસની દરેક વસ્તુ વિશે પ્રશ્નો કરી શકે? તેમને આ કરવા માટે ધક્કો મારવો અને ફોસલાવવા જરૂરી છે અને તમારે નિષ્ઠુર અને માગણી કરનાર થવું જોઈએ. કોઈ પણ વ્યક્તિની મજબૂતાઈ ત્યારે જ જોઈ શકાય છે જ્યારે તેમને હદ બહાર દબાણ આપવામાં આવે અને ધકેલવામાં આવે.

અહીં મને વિન્સ્ટન ચર્ચિલની યાદ આવે છે જેમણે વિશ્વયુદ્ધ દરમિયાન કહ્યું હતું, "મારી પાસે લોહી, કઠોર પરિશ્રમ, આંસુ અને પરસેવા સિવાય આપવા માટે બીજું કંઈ જ નથી." હું માનું છું કે હું સૌથી લાંબા સમયથી યુદ્ધ જેવી અવસ્થામાં છું. એક યુદ્ધ કે જે મેં મને પછીનાં સ્તર પર લઈ જવા તથા લોકોને પણ મારી સાથે વધુ ઊંચાઈ પર લઈ જવા માટે જાહેર કર્યું છે અને વીન્સ્ટન ચર્ચિલની જેમ, મારી પાસે પણ આપવા માટે પડકારો, પરિશ્રમ અને જુસ્સા સિવાય, પ્રેમ, સંભાળ અને સહાનુભૂતિ જેવા શબ્દો નથી. જ્યારે તમે આવા થઈ જાવ ત્યારે લોકોની તમારા તરફની અપેક્ષા કાંતો એકદમ વધી જશે અથવા ભાંગી પડશે. ત્રીજો કોઈ માર્ગ જ નથી. જે લોકો તમારી શ્રેષ્ઠતાનાં ધોરણો સાથે મેળ ખાશે તેઓ તમારી સાથે વિકસશે, અને બાકીના લોકો ક્યારેય મહત્તમ બનવા માટે બન્યા જ નથી.

આથી, વિન્સ્ટન ચર્ચિલના શબ્દો વડે પ્રેરિત થઈને, ૨૯ વર્ષ પહેલાં હું મજબૂત બન્યો, હું નિષ્ઠુર બન્યો, હું પડકારજનક બન્યો, આલોચનાપૂર્ણ બન્યો, માગણી કરનાર બન્યો અને મેં લોકોને મહત્તમ બનાવ્યા. આને મેં એક મીશન તરીકે જોયું અને લોકોને પરિવર્તિત કરવાનો વિચાર મારામાં મજબૂત થયો. વ્યક્તિઓને મહત્તમ બનાવવી તે મારો રાષ્ટ્રીય સમય પસાર કરવાનું સાધન બન્યું. મારી નજરે પડતો દરેક સેલ્સમેન હવે મને માત્ર સેલ્સમેન નહોતો દેખાતો; મેં કામ પર રાખેલ દરેક ઑફિસ સહાયક આગળ જતાં બ્રાન્ચ મેનેજર બનતો હતો; હું જેની સાથે કામ કરતો તેવો દરેક એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ સીઇઓ બનવા તૈયાર કરાતો; દરેક VP, CEO, MD , વધુ સારું અને વધુ મોટું કરવા માટે પરિવર્તન પામતા; દરેક ગ્રાહકને સંપૂર્ણપણે મહત્તમ બનાવાતો. મેં જાહેર કર્યું કે મારી આસપાસનો દરેક સ્ત્રોત મહત્તમ બનાવવામાં આવશે – મેં તે કર્યું. મેં તે કરવાનું ચાલું રાખ્યું છે અને મારા છેલ્લા શ્વાસ સુધી હું તેને વળગી રહીશ. આ મેં જાહેર કર્યું છે અને મારા શબ્દોમાં હું પાછો ફરવાનો નથી!

તમે આ વાંચો છો ત્યારે, તમારા મગજમાં કદાચ એક અતિશય લાગણીહીન માણસની છબી ઉભરે છે, જેને લોકો માટે કોઈ પ્રેમ, લાગણી કે માન નથી – એક અત્યાચારી, સરમુખત્યાર, એક આપખુદ વ્યક્તિ – એક એવી વ્યક્તિ કે જે અમાનવીય, નિષ્ઠુર, હૃદયહીન છે. પરંતુ હું જે છું

તે શું તે છે, અથવા શું તે એ છે જે જીવનને મહત્તમ કરનારાઓ છે? શું માત્ર કઠોરતા અને લાગણીહીનતા જ છે, જે જીવનને મહત્તમ કરવા તરફ દોરી જાય છે?

જીવનને મહત્તમ કરનારાઓ તેમની આસપાસના લોકો તરફ ઘણા જ વિવેકહીન હોય છે અને તેમની આ શક્તિ તેમના લોકો તરફના પ્રેમમાંથી આવે છે. જીવનને મહત્તમ કરનારાઓ લોકોને પ્રેમ કરે છે, તેમનામાં લોકોમાં પરિવર્તન લાવવાના વિચારનો અને તેમને વધુ ઊંચાઈએ ચડાવવામાં મદદ કરવાનો નશો હોય છે. તેઓ માને છે કે દરેક વ્યક્તિ તે/તેણી ઇચ્છુક હોય કે નહીં – માં તેઓ અત્યારે જે કરે છે તેના કરતાં હજારગણું કરવાની ક્ષમતા તથા સામર્થ્ય હોય છે અને તેઓ લોકોને મહત્તમતાનાં તે સ્તરે પહોંચવામાં મદદ કરવાનું પોતાના પર લઈ લે છે.

તેઓ જાણે છે કે તેઓ જેમને મદદ કરવાનો પ્રયત્ન કરે છે, તે જ લોકો વડે તેમનો વિરોધ કરાશે. તેમના ઇરાદા સામે પ્રશ્નો કરાશે, પ્રયાસોને નકારાશે, તેમની ક્રિયાઓની મશ્કરી કરાશે. તેમના દાંત ખાટા કરી નંખાશે, પ્રચ્છન્ન હેતુ હોવાનો દોષ મુકાશે, એકલા પાડી દેવાશે, દગો થશે, અને ટેક્ન ફોર ગ્રાન્ટેડ તરીકે ગણાશે અને છતાં તેઓ છોડી દેવા, નીચા ઉતરવા, લાગણીશીલતા, માનવતા તથા તેમની પાસેથી જેની અપેક્ષા છે તે સજ્જનતા વ્યક્ત કરવા અનિચ્છુક હશે.

આ બધાં દ્વારા, લોકો ૧૯૬૮માં કેન્ટ કેઇથ વડે રજુ કરાયેલ 'ટેન પેરાડોક્ષીકલ કમાન્ડમેન્ટ્સ ઑફ લીડરશીપ' માંથી મજબૂતાઈ લેવાને બદલે, તમારી માન્યતાની ખણખોદ કરવાનો પ્રયત્ન કરશે. હું આ આદેશોનો ઉત્સુક અનુયાયી છું અને મારા જીવનના ઘણા શરૂઆતના ભાગમાં તેમના તરફ ખૂલ્લો થવા માટે પૂરતો ભાગ્યશાળી હતો.

પ્રેમપૂર્વક 'એનીવે અરાઉન્ડ વર્લ્ડ' તરીકે જાણીતા આ ૧૦ વિરોધાભાસી આદેશો જીવનનાં મહત્તમીકરણના ૫માં આદેશનો આવશ્યક ભાગ બનાવે છે :

→ લોકો અતાર્કિક, અવિવેકી તથા સ્વકેન્દ્રી હોય છે; તેમ છતાં તેમને પ્રેમ કરો.

→ જો તમે સારું કરશો તો લોકો સ્વાર્થી ગુપ્ત હેતુઓ રાખવા બદલ તમને ગુનેગાર ઠેરવશે; તેમ છતાં સારાં કામ કરો.

→ જો તમે તમારા ઘણા નજીકના મિત્રો કરતાં વધુ સફળ છો તો તમને ખોટા મિત્રો અને સાચા દુશ્મનો મળશે; ખરાબ ન લગાડો, તોપણ સફળ થાવ.

- → આજે તમે જે સારું કરશો, તે આવતી કાલે ભૂલી જવાશે; તોપણ સારું કરતા રહો.
- → પ્રમાણિક્તા અને ખૂલ્લાપણું તમને છીદ્રાળુ બનાવે છે અને લોકો તમારો લાભ ઉઠાવે છે; તોપણ પ્રમાણિક રહો.
- → સૌથી મોટા વિચારો વાળા સૌથી મોટા માણસને સૌથી નાના માણસના સૌથી નાનાં મગજ વડે પછાડી દેવામાં આવે છે; તોપણ મોટું વિચારો.
- → લોકો નાનામાણસોનો પક્ષ લે છે પરંતુ અનુસરે છે માત્ર મોટા માણસોને; તોપણ થોડા નાના માણસો માટે લડત આપો.
- → જે ઊભું કરવા પાછળ તમે વર્ષો ખર્ચો છો તે રાતોરાત નાશ પામી શકે છે; તેમ છતાં ઊભું કરો.
- → લોકોને ખરેખર મદદની જરૂર હોય છે, પરંતુ જો તમે તેમને મદદ કરો તો હુમલો પણ કરે; તેમ છતાં તેમને મદદ કરો.
- → તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો અને તેઓ તમને વળતી લાત મારશે; તોપણ તમારું શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો.

લોકો વિશે હું આ શીખ્યો છું અને મેં જાણ્યું છે!

તમારા મહાન સમયો અને મહાન યાદો લોકો વિશે જ હોવાની છે. સૌથી મુશ્કેલ, હતાશાજનક, કરુણ, દુઃખદ સમય પણ લોકો વિશે જ હોવાના. આ, લોકોનો એ જ સમુહ હોય કે ન પણ હોય. યાદ રાખો, આ નિરાશા અને મુશ્કેલીઓ છતાં, જ્યારે તમે લોકો સાથે કામ કરો, ત્યારે સંબંધો બાંધો અને તેમને તમારી દુનિયામાં લઈ આવો. લોકો તમારે માટે શું કરે છે તે જોયા વગર, લોકોનાં હીત માટે સારાં કામો કર્યા કરો, કારણ કે સારપનાં બીજ એક દિવસ ફળદ્રુપ ભૂમિ પર પડશે અને મહાન વૃક્ષમાં અંકુરિત થશે અને આ લોકો તમને નાણાકીય રીતે અને વ્યાવસાયિક રીતે આશીર્વાદ આપશે અને તમારાં જીવનમાં તફાવત ઊભો કરશે.

જો તમારે લોકો પર કામ કરવું હશે તો તેમને ચાહવા પડશે અને અપોરેશ આચાર્ય સંચાલિત MIIT અભ્યાસક્રમમાં ભાગ લેતી વખતે તેમને સેંકડો લોકોમાં પરિવર્તન લાવતા નિહાળીને હું 3A ને અનુસરીને લોકોને ચાહવાની કળા શીખ્યો :

A – એકસેપ્ટ – સ્વીકારો

A – એડજેસ્ટ – અનુકુળ થાવ.

A – એપ્રીસીએટ – પ્રશંસા કરે.

જો લોકોમાં પરિવર્તન લાવવું હોય અને તેમને મહત્તમ બનાવવા હોય તો તમારે ત્રણ વસ્તુઓ કરવી જરૂરી છે :

૧. લોકો જેવા છે તેવા તેમને સ્વીકારો.

૨. તેમની વ્યક્તિગત શૈલીને અનુકુળ થાવ.

૩. તેઓ જે કાંઈ પણ સારા ગુણો બહાર દર્શાવે તેની પ્રશંસા કરો.

સ્વીકારો

મેં હંમેશાં કહ્યું છે કે જીવન એક પેકેજ ડીલ છે અને આપણી આસપાસના લોકો એક પેકેજ તરીકે આવે છે. તેમનામાં કેટલાક પાસે વિરલ ગુણો હોઈ શકે અને કેટલાક ત્રાસ દાયક હોઈ શકે. તેઓ એક સાથે પ્રમાણિક, વિશુદ્ધ, વિચિત્ર અને ધૂની હોઈ શકે. તમે તેમની વિશુદ્ધતાને ગમાડી ન શકો અને તમને તેમનું ધૂનીપણું પસંદ ન હોય અને તમારા ગમા અને અણગમાને આધારે તમારાં મગજમાં તમે તેમના સારા, ખરાબ, અથવા કદરૂપા એવા ભાગ પાડી શકો; જો તમે તેમ કરો તો તમે તેમને ક્યારેય પ્રેમ નહીં કરી શકો અને જો તમે લોકોને પ્રેમ ન કરો તો તમે તેમનું ક્યારેય મહત્તમીકરણ નહીં કરી શકો.

જો તમે લોકોને પ્રમાણશો તો તમને ક્યારેય તેમને પ્રેમ કરવાનો સમય નહીં મળે.

— મધર ટેરેસા

જો તમારે લોકોને મહત્તમ બનાવવા જ હોય તો તેઓ જેવા છે તેવા જ તેમને સ્વીકારવા પડશે – આખા પેકેજ વાળા – તેમના બધા જ સારા – ખરાબ સાથે, અને તેમના પર કામ કરવું પડશે.

અનુકુળ થાવ

અનુકુળ થવું તે દરેક સંબંધનો પાયો છે. તમારે લોકોની વ્યક્તિગત શૈલીને, તમને કદાચ તેમના વિશે ન ગમે તેવી ખાસીયતોને, તેમના ખાસ એવા સારા નહીં તેવા ગુણોને અનુકુળ થવું પડશે અને તેમની ત્રુટિઓ વડે ફસાઈ નથી જવાનું. તેમની સાથે કામ કરવા માટે તમારી વર્તણુકને ઢાળો અને તેમનાં જીવન મહત્તમ બનાવો.

પ્રશંસા કરો

3A માં આ સૌથી મહત્ત્વનો છે. જ્યાં સુધી તમે લોકોની પ્રશંસા નહીં કરો ત્યાં સુધી તેમનાં ખરાં સૌંદર્યને ક્યારેય સમજી નહીં શકો. લોકો તેમના જે સારા ગુણધર્મ તમારી સામે લાવે છે તેની તમારે પ્રશંસા કરવી જોઈએ અને માત્ર જો તમે લોકોને સ્વીકારો અને તેમની સાથે અનુકુળ થાવ, તો જ તમે તેમની પ્રશંસા કરી શકશો.

તમારી જાતને મહત્તમ બનાવવી

જ્યારે આપણે તમારી આસપાસના બધા સ્ત્રોતોને મહત્તમ બનાવવા વિશે વાત કરીએ છીએ ત્યારે સૌથી મહાન સ્ત્રોત તો તમે પોતે જ છો અને તમારી આસપાસનાઓને મહત્તમ બનાવતી વખતે તમારે તમારી જાતને મહત્તમ બનાવવી જોઈએ. આ કરવા માટેના એક માર્ગ છે લોકો વિશે જે કાંઈ પણ સારું હોય તે માણવું અને જીવનમાં વધુ મોટી વસ્તુઓ કરવા માટે તેમનામાંથી પ્રેરણા મેળવવી.

દરેક વ્યક્તિમાં કોઈક સારા ગુણો હોય છે – કંઈક એવું જેનું મુલ્ય હોય, જે તે/તેણી દુનિયાને આપવા માંગતી હોય. એ કંઈક એવું પણ હોઈ શકે જે તમે હંમેશાં જોયું હોય, પસંદ કર્યું હોય અને તેની ઈર્ષા પણ કરી હોય; કંઈક એવું જે તમારી પાસે નથી, પરંતુ હોય તે તમને ગમે; કંઈક એવું જે તે વ્યક્તિ વિશે અદ્વિતિય હોય. આ વિશિષ્ટ ગુણોની તમને ઈર્ષા થતી હોય અને તમારામાં તે કેમ નથી તેની તમને કાયમી હતાશા રહેતી હોય, પરંતુ આ વસ્તુ તમને તે સંપાદિત કરવાની ક્યાંય નજીક નહીં લઈ જાય. તેને બદલે તમારામાં જે નથી તે તમે અન્યો પાસે જે છે તેમાં માણી શકો અને જે ક્ષણે તમે આની પ્રશંસા કરવાનું શરૂ કરો, આ ગુણ તમારામાં ખીલવા લાગે છે અને કલ્પના બહાર જીવન મહત્તમ બને છે.

મેં હંમેશાં મારી આસપાસના લોકોનો જાદુ માણ્યો છે, તેમનામાંથી પ્રેરણા મેળવી છે તથા શીખ્યો છું. તેમનો નજીકથી અભ્યાસ કર્યો છે અને મારાં જીવનને મહત્તમ બનાવવા માટે તેમનાં વલણોની નકલ કરી છે.

૨૯ વર્ષમાં ફેલાયેલી કારકીર્દિમાં, હું લાખો લોકોને મળ્યો છું, પરંતુ એવા ઘણા ઓછા છે જેમણે તેઓ જે મહાન સામર્થ્ય/ગુણો/લક્ષણો ધરાવતા હોય તેને કારણે મારા પર કાયમી અસર છોડી છે. મેં ધ્યાનપૂર્વક તેમનું અવલોકન કર્યું અને એક વધુ સારા મનુષ્ય બનવા માટે તેમના ગુણો મારી અંદર ઉતાર્યા છે. અહીં મારા વિકાસમાં જેમણે ફાળો આપ્યો છે તેવા ભૂલી ન શકાય તેવા થોડા લોકો વિશે લખું છું :

મારા પિતામાં ઘડીયાળના ટકોરે ક્યાંય પણ પહોંચવાની ક્ષમતા હતી. એક એપોઇન્ટમેન્ટ માટે મેં તેમને ક્યારેય મોડા પડતા નથી જોયા. જ્યારે હું બાળક હતો, ત્યારે મેં આ આદતને માણવાનું શરૂ કર્યું હતું કારણ કે તે સમયસર હોવા માટે જે તૈયારી કરતા તેનો અને તેઓ બીજાને તેમની નિયમિતતાની ખાતરી કરવા માટે જે શબ્દો કહેતા તેનો મને અભ્યાસ કરવા મળતો. મેં મને વધુ શક્તિશાળી અને સત્તાધારી વ્યક્તિ બનાવતી આ આદત ગ્રહણ કરી છે.

રાજેશ મલ્હોત્રા જેની સાથે કામ કરવામાં મને ઘણો જ આનંદ આવ્યો હોય તેવા સૌથી સારા ઉપરીઓમાંના એકમાં અસંખ્ય સામર્થ્ય હતાં જે મેં મારા જીવનની શરૂઆતમાં જ લઈ લીધાં. તેમનો આવો એક ગુણ કે જેણે મને સૌથી વધારે ખુશ કર્યો તે તેમની નેતાઓનું ઉત્પાદન કરવાની ક્ષમતા. તેઓ બહુ ઝડપથી લોકોને અધિકાર આપતા; તેઓ તેમની નિષ્ફળતાથી ડરતા નહીં, હકીકતમાં તેઓ યુવાનોને તેમની ઉંમર અને અનુભવ છૂટ આપે પહેલાં જ પડકારજનક કામો ઉપાડવાની પ્રેરણા આપતા, તેમને ભૂલો કરવા દેતા અને પછી તેમને તેમાંથી બહાર આવવામાં મદદ કરતા. તેમના લીલીઝંડી દર્શાવતા શબ્દો હતા, "કુછ નહીં હોતા હૈ... મેં બૈઠા હું ના." અને આ થોડા શબ્દો સાથે તેઓ આત્મવિશ્વાસ અને હિંમત પ્રેરતા અને લોકો મહાન પડકારો ઉપાડી શકતા અને વિજેતા બનીને ઉભરતા. જો કોઈક તેમની પાસે સમસ્યા લઈને આવતું તો તેઓ માત્ર તેમની સાથે વાત કરતા, તેમને તે પ્રેરણાત્મક શબ્દો કહેતા, અને તે લોકો પાછા જતા અને પોતાની મેળે જ પ્રશ્ન ઉકેલતા. હું આ વિશિષ્ટ સામર્થ્ય સમજી જવામાં ઘણો ઝડપી હતો અને "કુછ નહીં હોતા હૈ... મૈં બૈઠા હું ના." એ મારું હોલમાર્ક વિધાન બની ગયું જેના વડે મેં લોકોને મહત્તમ બનાવ્યા.

એ.ડબલ્યુ. જ્યોર્જ ટીમ પ્રોડક્ટીવીટીના જોઇન્ટ એમડી અને મારા ઉપરીઓમાનાં એક હતા. તેમનામાં તેમના તાલીમ કાર્યક્રમોમાં અને અન્ય જાહેર સભાઓમાં તેમનાં જ્ઞાન અથવા તેના અભાવ માટે જ્યારે તેમને પડકારવામાં આવે ત્યારે સ્વસ્થ રહેવાની મહાન ક્ષમતા હતી. તેઓ પરિસ્થિતિને ગૌરવ અને વિનમ્રતા સાથે સંભાળતા અને આ એક તાલીમ આપનાર, પ્રેરણા આપનાર વક્તા તથા જાહેર વ્યક્તિ તરીકે મારી સૌથી મહાન શીખ બની ગઈ.

મનીષ કૌલ રીયલ વેલ્યુ એપ્લાયન્સીસમાં મારા બીજા સુપ્રીમ ઉપરી (જ્યાં હું આગ હોલવનાર સાધન વેંચતો હતો)માં ખૂબ ઉમદા કપડાં પહેરવાનો ઝનૂની જુસ્સો હતો. મને યાદ છે ત્યાં સુધી મેં તેમને એકના એક કોટમાં ભાગ્યે જ બીજી વાર જોયા હશે. તેઓ દરેક ઇન્ટરફેસ માટે

અણીશુદ્ધ રીતે વસ્ત્ર પરિધાન કરતા – મેચીંગ એસેસરીઝ, મોજાં, બુટ, ટાઈ... તેમની ઉજ્જવલતા, પસંદગી, અને વસ્ત્ર પરિધાનની શૈલીએ મને મારાં પ્રિય કળા અને બ્લુ રંગનાં કપડાંમાથી બહાર આવવા પ્રેર્યો અને આજે મારી પાસે વિશાળ શ્રેણીનો વોર્ડરોબ છે.

ઝીગ ઝેગલર દુનિયાના સૌથી પ્રખ્યાત પ્રેરણાત્મક વક્તા અને વેંચાણમાં સર્વોચ્ચ સત્તાધારીનાં જમા ખાતામાં સેંકડો પુસ્તકો, ઓડીયોઝ અને વીડીયોઝ છે અને હું આખા જીવન દરમિયાન તેમનો પ્રખર વાચક અને અનુયાયી રહ્યો છું. તેઓ લાખો ને અબજો લોકોનું પરિવર્તન કરતા સમગ્ર વિશ્વમાં ફર્યા છે. મેં વેંચાણ અને પ્રેરણાત્મક વક્તવ્યોનાં ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓને માણી છે અને તેણે મને જુદી જુદી જગ્યાઓએ જઈને લોકોમાં પરિવર્તન લાવવાની; સેંકડો ઓડીયો-વીડીયો બનાવવાની અને એક સેલ્સ ગુરુ અને પ્રેરણાત્મક વક્તા તરીકે મારાં જીવનને મહત્તમ બનાવવાની પ્રેરણા આપી છે.

નારાયણ મૂર્તિ (ઇન્ફોસીસ) અને અઝીમપ્રેમજી (વિપ્રો), ભારતના સૌથી સરસ ઉદ્યોગપતિઓમાંના બે એ હંમશાં તેમની સાદગી, કરકસર અને વિનમ્રતાને કારણે મને મુગ્ધ કર્યો છે. તેઓ અબજોપતિ છે, ઇન્ફોસીસ અને વિપ્રો જેવાં વિશાળ સામ્રાજ્યો ચલાવે છે, છતાં મેં તેમને ક્યારેય નકામી વસ્તુઓ પર પૈસા વહાવતા જોયા નથી. તેઓ ઘણી વાર સામાન્ય માણસની બાજુમાં ઇકોનોમી ક્લાસમાં બેસીને મુસાફરી કરતા, સાદી કાર ડ્રાઇવ કરતા, સાદાં કપડાં અને કોઈ રત્નો, ઝવેરાતો વગરની સાદી ઘડીયાળો પહેરતા જોવા મળ્યા છે. આટલા બધા સફળ અને સમૃદ્ધિની ટોચ પર હોવા છતાં; તેમણે ક્યારેય સફળતાને પોતાનાં માથાં પર સવાર થઈ જવા નથી દીધી અને આ બાબતે મારી પાસે જે નામ, કીર્તિ, આબરુ અને પ્રશંસકો હતાં તે છતાં મને જમીન પર રહેવામાં મદદ કરી છે.

સુરેન્દ્ર શર્મા એક પ્રખ્યાત હિન્દી કવી અને હાસ્યકલાકાર તેમની સ્વયં સ્ફૂરણા, ત્વરિત બુદ્ધિ અને તેઓ તેમની દરેક ક્રિયામાં જે અદા લાવે છે તેને માટે જાણીતા છે. તેમણે મને અસામાન્ય ઊર્જા, ગતિશીલતા અને રમુજવૃત્તિ ઊભી કરવામાં પ્રેરણા આપી જે આજે એક તાલીમ આપનાર/ વક્તા તરીકે મારા કાર્યક્રમોના USP તરીકે ગણાય છે.

અખીલ મારફતીયા યુરેકા ફોર્બ્સના પૂર્વ એમડીમાં વેંચાણ અને વેચાણકર્તા લોકો માટે અદમ્ય જુસ્સો હતો અને અનિલ કુમાર ગુપ્તા (મારા પ્રથમ ઉપરી અને મારી શરૂઆતની વ્યાવસાયિક જીંદગીમાં સૌથી મોટો ફાળો આપનાર)માં વેંચાણ વિશે શીખવવાનો અને લોકોને તેમનાં લક્ષ્ય સિદ્ધ કરવામાં મદદ કરવાનો ઉત્સાહ હતો – તેમણે મને વેંચાણ સમુદાયના

પ્રેમમાં પાડ્યો અને તેમણે મારી પાસે તેમને વધુ ઊંચાઈએ ચડવામાં મદદ કરવી, જે હું આજે મારા જીવનમાં મારી સૌથી મોટી શક્તિ ગણું છું.

મારી એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ નૌશીન એક ૨૩ વર્ષની ચહેકતી છોકરી જેની તેનાં કામ પ્રત્યેની વચનબદ્ધતા અને સમર્પણ એ એક અન્ય ગુણ છે જે હું માણું છું. તેણીના મેઇલ્સ મને સવારમાં પાંચ વાગે અને રાત્રે બે વાગે પણ આવે છે... તેણીનો પરિશ્રમ, અનેક કાર્યો કરવાની ક્ષમતા, અનેક પડકારો ઉપાડવા, બીનશરતી પ્રેમ અને વફાદારી, મારા બધા જ પ્રયાસોમાં મને સહાય કરવાની તેણીની ઇચ્છા અને જોમ – આ બધી વસ્તુઓએ મારી અંદર યુવાની અને વાઇબ્રન્સીને પુનઃ પ્રજ્વલિત કરી, મને ફરી હું ૨૩નો થઈ ગયો હોઉં તેવું અનુભવતો કર્યો અને આમ મારી ક્ષમતા મુજબનો શ્રેષ્ઠ દેખાવ કરવામાં મને મદદ કરી.

ડેન સુલીવાન સૌથી વધુ વખણાયેલ ઉદ્યોગપતિ કોચ અને જીવનમાં મારા ગુરુ – કેટલાક માનવ વિષયોમાં સેંકડો ઓડીયો-વિડીયો અને પુસ્તકોનો પરિચય કરાવ્યો જેણે મને વણખેડાયેલું ખેડવામાં, અજ્ઞાતને જાણવામાં અને અનઅધિકાર વિસ્તારોમાં સાહસ કરવામાં મદદ કરી. આંત્રપીન્યોરશીપ પરની તેમની પકડે મને આંત્રપ્રીન્યોરશીપ વધુ સારી રીતે સમજવામાં અને મને પોતાને ઉદ્યોગપતિ માટેના કોચ બનવામાં મદદ કરી. જો મેં તેમની રચનાત્મક્તા અને તીક્ષ્ણતાને ચાહ્યા, માણ્યા કે ભોગવ્યાં ન હોત તો હું આજે જે છું તે બન્યો ન હોત.

જોએલ બાર્કર આ મહાન અમેરિકન ‘ચેન્જ’ ગુરુના રૂપાવલી, નેતાગીરી તથા બદલાવ પરના તેમના વિચારો, દૃષ્ટિ બિંદુઓ તથા ફીલોસોફીઓ મારે માટે પ્રેરણાનો સતત સ્ત્રોત રહ્યા છે જે મને નવા વિષયો રજુ કરવા પ્રેરણા આપે છે અને મારા દરેક કાર્યક્રમમાં તાજગી અને મૌલીકતાની ભાવના જાળવે છે.

વર્ગીસ કુરીયન અને ભારતમાં ડેરી વિકાસનાં ક્ષેત્રમાં તેમના વડે કરાયેલ કાર્ય એ મારા પર અમીટ છાપ છોડી છે. જ્યારે વર્ગીસ કુરીયન એક દુધ પ્રોસેસીંગ પ્લાન્ટ સ્થાપવા માટે ખેડા ડીસ્ટ્રીક્ટ કોઓપરેટીવ મીલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લીમીટેડ (KIMPUL) ના ચેરમેન શ્રી ત્રીભુવનદાસ સાથે સ્વૈચ્છીક રીતે જોડાવા માટે તેમની સરકારી નોકરી છોડી ત્યારે તેમની પાસે શું હતું? શું તેઓ જાણતા હતા કે તેમનું આ પગલું એક ૨.૧૫ બીલીયન ડોલર્સની ડેટી કોઓપરેટીવ ભારતીય બ્રાન્ડ અમુલના જન્મ તરફ દોરી જશે. ૧૯૬૫માં જ્યારે ત્યારના ભારતના વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ તેમને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) બનાવવા અને અમુલની સફળતાની આખા ભારતમાં પ્રતિકૃતિ ઊભી કરવા કહ્યું ત્યારે શું

તેઓ જાણતા હતા કે એક દિવસ તેઓ “દૂધ ક્રાંતિ અથવા સફેદ ક્રાંતિના પિતા” કહેવાશે? ૧૯૭૩માં જ્યારે ડેરી ઉત્પાદનોને બજારમાં મૂકવા માટે તેમણે ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ની સ્થાપના કરી ત્યારે શું તેઓ જાણતા હતા કે તેઓ ભારતને દુનિયાનું સૌથી મોટું દુધ ઉત્પાદક રાષ્ટ્ર બનાવતા હતા અને આ રીતે તેઓ રાષ્ટ્રના ‘દૂધવાળા’ બનતા હતા?

લી ઇયાકોકા અને યુએસએની ત્રીજી સૌથી મોટી કાર કંપની ક્રીસલરને દેવાળીયાની અવસ્થામાંથી પુનર્જિવિત કરવા તેમણે ઉપાડેલા પડકારો અને તે પણ ફોર્ડમોટર્સના હેન્રી ફોર્ડ બીજા વડે જ્યારે તેઓને ઉતારી પડાયા અને કાઢી મુકાયા હતા તેની તરત જ પછી તેમણે આ કર્યું, જેણે મને એક સ્તર પરથી બીજા સ્તર પર વિકસવા અને પડકારો ઉપાડવાની પ્રેરણા આપી.

માર્ટીન લ્યુથર કીંગ મહાન અમેરિકન એક્ટીવીસ્ટ પાસે એવો વિચાર હતો જે લાખો કાળા અમેરિકનોની જીંદગી બદલી નાખે. તેઓ આ કાળીયાઓ માટે મુક્તિ અને સમાનતા ન જીત્યા ત્યાં સુધી લડ્યા. શું હું માર્ટીન લ્યુથર કીંગ પાસેથી એક બે બોધપાઠો શીખી શકું? શું હું તેમની પરિવર્તન કરવાની ક્ષમતાને માણી શકું અને મારી જાત તથા દુનિયાનું પરિવર્તન કરીને મારાં સેંકડો લક્ષ્યો પૂરાં કરી શકું? શું તેઓ તેમનાં આદાન-પ્રદાનમાં જે તીવ્રતા લાવી શક્યા તેને લઈ શકું અને વધુ તીવ્ર માનવ બની શકું? જવાબ છે હા!

મારી માતા ઇન્દીરા નાયર અને પત્ની સિંધુ નાયર હંમેશાં ખુશ રહેવાની વિશિષ્ટ ક્ષમતા ધરાવે છે. હું સિંધુને હસતી, જીવનને માણતી અને દરેક સંજોગોમાં સંતુષ્ટ જોઉં છું. તેણી તેની આસપાસની બધી જ વસ્તુઓથી ખુશ છે. તેણી હંમેશાં ખુશ હોય છે! આ મહાન ગુણને તે મારી માતા સાથે વહેંચે છે અને ખાતરી કરે છે કે તેઓ જીવનની સૌથી મુશ્કેલ, હતાશ કરનારી અને પાટા પરથી ઊતરી જતી પરિસ્થિતિઓમાં ખુશ રહે. તેઓ મને દરેક વસ્તુની ઉજળી બાજુ તરફ જોવા ને જીવનને માણવાની પ્રેરણા આપે છે, કારણ કે જો હું ખુશ હોઈશ તો જ હું મારાં જીવનને મહત્તમ બનાવી શકીશ.

આ સૂચિ આગળ વધતી જ રહે તેમ છે. મેં આ બધા જ પ્રભાવક નેતાઓ તથા અન્ય ઘણા ઉપરીઓ, કર્મચારીઓ તથા સહકર્મીઓનાં સામર્થ્ય/ગુણો/લક્ષણો માણ્યાં છે. મેં તેમની શક્તિઓને માણી છે અને તેમની નબળાઈઓથી નારાજ હોવા છતાં મેં મારે માટે તથા દુનિયા માટે મારા જીવનને મહત્તમ બનાવ્યું છે.

આપણે બધા એવા લોકોના સંપર્કમાં આવીએ છીએ જેમની પાસેથી આપણે એક અથવા બીજું શીખી શકીએ છીએ. તે કોઈની સમર્પિતતા, પ્રમાણિક્તા, રચનાત્મકતા, વચનબદ્ધતા, બુદ્ધિ, મનોબળ, સ્વયંસ્ફૂરણા, બીનશરતી પ્રેમ કરવાની ક્ષમતા, સંભાળ, મફતમાં જ્ઞાન આપવું, તેમને જે સાચું લાગે તેને માટે ઊભા રહેવું વગેરે હોઈ શકે. કેટલાકે ભાષા પર નિપુણતા મેળવી હોય, મહાન રમૂજ અથવા કટાક્ષવૃત્તિ ધરાવતા હોય, વિવિધ પૃષ્ઠભૂ વાળા લોકો સાથે જોડાવાની ક્ષમતા ધરાવતા હોય, જ્યારે અન્યો એક કારણ માટે લડત આપવા નિશ્ચયી હોય, તેમને સામાજિક સેવા અથવા ફીલોસોફી વિશે ચિંતા હોઈ શકે. એક જીવન મહત્તમ કરનારાએ લોકો શું બહાર પાડે છે તે વિશે અતિશય સભાન હોવું જોઈએ. લોકોની વર્તણુકશૈલી ઓળખવી જોઈએ અને જ્યારે તમારું અર્ધજાગૃત મન તેની નોંધ લે છે ત્યારે આ બધી જ ગુણવત્તાઓ તમારો ભાગ બની જાય છે. એક દિવસ તમને ખ્યાલ આવશે કે તમે બદલાઈ ગયા છો, તમે કોઈક એવા છો જે બનવા તમે કાયમ ઇચ્છતા હતા.

આથી જ્યારે તમે ખૂબ ગુણો/સામર્થ્યવાળા કોઈકને જોવો ત્યારે વ્યથિત ન થશો કે ઇર્ષા ન અનુભવશો. તેમને સ્વીકારો, તેમની પ્રશંસા કરો, તેમની પાસેથી શીખવાનું માણો અને એ બધું જ તમારી પોતાની સાથે પણ બનવા દો.

આપેલ ટેબલમાં તમારા જીવન પર અસર કરી હોય તેવા ઓછામાં ઓછા દસ લોકોની સૂચિ બનાવો. તમે તેમની જે સૌથી વધારે ક્ષમતાઓ/ગુણો/લક્ષણો માણતા હોવ તેની સૂચિ બનાવો અને તેને તમારા જીવનમાં કેવી રીતે લાવશો તેનું આયોજન ઘડો. આ વાંચવા, ઓડીયો વિડીયો, તીવ્ર અવલોકન, એક કોચ/સલાહકારની નિમણૂંક કરીને, એક તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈને વગેરે દ્વારા થઈ શકે.

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે.

જાહેર કરો કે તમારી આસપાસના દરેક સ્ત્રોતને મહત્તમ બનાવશો.

નં	નિર્ણયો	તમે માણો છો તે ક્ષમતાઓ ગુણો/લક્ષણો	તમે તેને તમારા વ્યક્તિત્વમાં કેવી રીતે લાવશો ?
૧			
૨			
૩			
૪			
૫			
૬			
૭			
૮			
૯			
૧૦			

આદેશ
૬
તમારા વિચારો, શબ્દો તથા કાર્યો જાહેર કરો

લોકોની મોટાભાગની ક્રિયા સંજોગવશ હોય છે.
સાવધ રહો.

મા રી કારીકીર્દિના ઘણા જ શરૂઆતના દિવસો દરમિયાન, જ્યારે હું ભારતની સૌથી મોટી ડાયરેક્ટ સેલ્સ કંપની યુરેકો ફોર્બ્સમાં કામ કરતો હતો ત્યારે, મને દંતકથા સમાન જે.આર.ડી. તાતા (૧૯૩૨-૧૯૯૨-૬૦ વર્ષ સુધી તાતા જુથના ચેરમેન) વડે સહી કરેલી એક સીગ્નેચર કાંડા ઘડીયાળ ભેટ આપવામાં આવી હતી. એ ઘડીયાળની અંદર ત્રણ શબ્દો કોતરવામાં આવ્યા હતા. 'હુમાતા હુખ્તા હુવાર્સ્ટા' મેં ઉપરી મેનેજમેન્ટને આ શબ્દોનો અર્થ શું હતો તે સમજાવવા કહ્યું કારણ કે જો મિ.તાતા એ તેમાં સહી કરી હોય તો એ શબ્દોનો કોઈ ઊંડો અર્થ હોવો જ જોઈએ. મને કહેવામાં આવ્યું કે તેનો અર્થ હતો, "સારા વિચારો, સારા શબ્દો, સારાં કાર્યો."

જે.આર.ડી. તાતાએ ભારતનું સૌથી શ્રેષ્ઠ રીતે મેનેજ થયેલું, સૌથી આબરૂદાર અને વિશ્વસનીય ઔદ્યોગિક ગૃહ ઘડ્યું, અને આજે પણ તે દુનિયામાં અગ્રેસર છે. તેમણે જીવનને મહત્તમ કર્યું હતું. કેવી રીતે તે હું જાણી ગયો. જવાબ આ ત્રણ શબ્દો, 'સારા વિચારો, સારા શબ્દો, સારાં કાર્યો'માં પડેલો હતો. તે કુમળી વયે, આ દંતકથા સમાન માણસની ફીલોસોફીઓથી પ્રેરિત થઈને, મેં જાહેર કર્યું કે મારાં સમગ્ર જીવનમાં હું આ ફીલોસોફી વડે નિર્દેશન પામીશ!

લોકોને જીવનમાં પુષ્કળ સ્વપ્નો તથા આકાંક્ષાઓ હોય છે. તેઓ શ્રેષ્ઠ સગવડો માણવા, ઉચ્ચ શ્રેણી પ્રાપ્ત કરવા, દુનિયામાં પ્રવાસ કરવા, વ્યપારનું વિસ્તરણ કરવા, નવા માર્કેટમાં પ્રવેશવા અને તેમની કારકીર્દિની મહત્ત્વાકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા ઇચ્છે છે. તેમના પરિવાર માટે પણ તેમનાં સ્વપ્નાઓ હશે – બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવું, માતા-પિતાને શ્રેષ્ઠ જીંદગી પૂરી પાડવી વગેરે વગેરે. પરંતુ જીવન ભાખી ન શકાય તેવું, વિસ્તરતું તથા આશ્ચર્યોથી ભરપૂર અને હંમેશાં તમે આપી શકો તેનાથી વધારેની માગણી કરતું હોય છે. તે ક્યારેય સહેલું, સાદું કે સીધું નથી હોતું.

તમે કદાચ તમારું છ મહીનાનું કામ ત્રણ મહીનામાં પૂરું કરીને ઘેર પાછાં ફરવાનું નક્કી કર્યું હોઈ શકે. પરંતુ જેવા તમે તમારાં કામને અંતિમ રૂપ આપતા હો, કે તમારો અકસ્માત થઈ જાય અને તમને ચાર મહિનાનો સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવે.

એક પ્રોજેક્ટ મેળવવા માટે તમે કઠોર પરિશ્રમ કર્યો હોય અને બરાબર જ્યારે તે પ્રોજેક્ટ તમને અપાવાનો જ હોય ત્યારે તમારા ઉપરીનો પિતરાઈ ધંધામાં પ્રવેશે અને તેને પોતાના પ્રથમ પ્રોજેક્ટ તરીકે માંગી લે છે.

તમે લગભગ એક દશકા પછી તમારી પત્ની તથા બાળકો સાથે લાંબી રજાઓ ગાળવાનું આયોજન કર્યું હોય તેને માટે બરાબર તૈયારી કરી લીધી

હોય, અને બરાબર તમે નીકળવાના હોવ તે જ દિવસે, તમને એક અણધારી કટોકટીને સંભાળવા માટે કામ પર આવી જવાનું કહેવાય.

તમે તમારા સ્વપ્ન સમાન પ્રોજેક્ટ માટે મહિનાઓથી રાહ જોઈ રહ્યા હોવ અને જે દિવસે તે તમને મળે, તે જ દિવસે તમારી બાર વર્ષની પુત્રીને કેન્સર થયું હોવાનું નિદાન થાય.

આજે, વ્યાપારો બજારમાં મૂકવામાં આવે છે તેના કરતાં વધુ ઝડપથી બંધ થાય છે, દર કલાકે લોકો નોકરી ગુમાવે છે, ટપોટપ રાજીનામાંઓ અપાય છે, વ્યાપારી સોદાઓ ગુમ થઈ ગયા છે, બઢતીઓ નીચે ઊતરી છે, પ્રકાશની ઝડપે સંબંધો તૂટી રહ્યા છે અને તણાવનું સ્તર ઉપર જઈ રહ્યું છે.

આવા પડકારજનક સમય દરમિયાન, લોકોનું વલણ તેમની સંવેદના અને ભાવનાશીલતા ગુમાવી દેવાનું જ હોય છે અને તેમની પરિસ્થિતિને સંવેદનશીલ બનવાનું શરૂ કરી દે છે. તેઓ તટસ્થપણે વિચારી શકતા નથી, તેમની વાતચિત કરવાની રીત એક વ્યથિત, હતાશ, હારી ગયેલા માણસ જેવી થઈ જાય છે, અને તેમની ક્રિયાઓ પ્રેમ, જુસ્સો અને જીવનનો ઉત્સાહ ગુમાવ્યાનું દર્શાવે છે. તેઓ તેમનાં લક્ષ્યો ભૂલી જાય છે અને તેમના વર્તમાન સંજોગોની મુશ્કેલીઓ વડે ઝૂકી જાય છે અને એવા વિચારો, શબ્દો તથા કાર્યો કરે છે જે તેમને સ્વ-હારના સમુદ્રમાં તાણી જાય છે.

આ વિચારો, શબ્દો અને કાર્યો ઘણી વાર વ્યક્તિની પરિસ્થિતિથી પ્રભાવિત હોય છે. જ્યાં સુધી બધું સરળતાથી ચાલતું હોય, ત્યારે વ્યક્તિ સકારાત્મક અને પડકારો ઉપાડવા તૈયાર હોઈ શકે છે, પરંતુ જો અવળા પ્રસંગો બને, તો તેમની સકારાત્મકતા તરત જ નકારાત્મકતામાં બદલાઈ જાય છે. તેઓ જીવન માટેનો તેમનો પ્રેમ તથા જુસ્સો ગુમાવે છે અને તેમના નિર્ધાર તથા પ્રેરણા નીચાં ઊતરી જાય છે અને તેઓ તેમનાં પોતાનાં જ કોચલામાં છુપાઈ જાય છે. તેઓ સર્જન કરવાને બદલે ફરીયાદ કરવા લાગે છે, સામનો કરવાનો બદલે તડજોડ કરવા લાગે છે, પ્રશ્નો કરવાને બદલે સ્વીકારી લે છે, અને વળતી લડત આપવાને બદલે જતું કરે છે. તેઓ પૂરેપૂરું વિચાર્યા વગર કામ કરે છે, અને એ અશક્ય છે કે તેમને આનો પસ્તાવો થાય.

સ્મિતા નામની એક મહિલા મારી સ્માર્ટની એક સહકર્મી હતી, જે પહેલાં મુંબઈમાં બાળકો માટેની પ્લેસ્કૂલ ચલાવતી હતી. ૧૯૯૮ જેટલા પાછળના સમયમાં, જ્યારે પ્લેસ્કુલનો ધંધો આટલો પ્રખ્યાત તથા લોકપ્રિયા ન હોત ત્યારે, તેની પાસે બે વર્ગખંડ, ૩૪ વિદ્યાર્થીઓ અને તેણીના પગાર

પત્રક પર ચાર શિક્ષકો સાથેની સારી રીતે સ્થાપિત થયેલ ગોઠવણ હતી. તેણી સાત વર્ષથી સફળતાપૂર્વક આ વ્યવસાય ચલાવતી હતી. આ વ્યવસાયના માંધાતા, કાંગારુ ક્રીક્સે તેને ફ્રેન્ચાઇઝીની તક આપવાની વાત કરી હતી અને તેણી તેના ઘર તથા આડોશ-પાડોશનાં બંધનો છતાં તે પોતાનાં નાનાં સ્વપ્નને આગળ લઈ જવા ખૂબ જ ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી હતી.

તેણીના વ્યાપારનાં સાતમાં વર્ષો તેણીનાં સાસુ ગુજરી ગયાં અને ઘર, સસરા અને તે સમયે જે ત્રણ જ વર્ષનો હતો તેવા પુત્રને સંભાળવાની જવાબદારી તેણીના ખભા પર આવી પડી. તેણી માનતી હતી કે હવે ઘર, સસરા અને બાળક તેની પ્રાથમિક્તા હતાં. જીવનમાં આના કરતાં વધુ મહત્ત્વનું કંઈ જ ન હતું. મેં કહ્યું છે તેમ તેણે પોતાની પરિસ્થિતિને તે જેવી હતી તેના કરતાં પણ વધુ સંવેદનશીલ બનાવી દીધી અને નિમિષ માત્રમાં દુકાન બંધ કરવાનો, વિરામ લેવાનો અને તેણીની ઘરગથ્થુ ફરજોને અગ્રતા આપીને ઘરનાં મોરચા પર ધ્યાન આપવાનો નિર્ણય કરી લીધો.

માત્ર ચાર જ મહિનામાં તેણીના સસરા નવા નિત્યક્રમમાં ગોઠવાઈ ગયા, પુત્ર તેની પ્રી-સ્કુલમાં પરોવાઈ ગયો અને ફરી એક વાર તેણી પાસે પોતાની કારકીર્દિ પર ધ્યાન કેન્દ્રિત કરવાની તક હતી. પછી તેણે એક શાળામાં શિક્ષીકાની નોકરી લીધી અને જીવન આગળ વધાર્યું, પરંતુ આજ સુધી તેણી તેની પ્લેસ્કુલને બંધ કરવાના રાતોરાત લીધેલા નિર્ણય માટે પસ્તાવો કરે છે.

એ વ્યાપાર આજના કાંગારુ ક્રીક્સ, ટ્રી હાઉસ તથા યુરોકીડ્સ (ભારતમાં સૌથી પ્રખ્યાત પ્લેસ્કુલ) બની શક્યો હોત. તેણી સંજોગો અને આ સંજોગોમાંથી પરિણમેલ ભાવનાત્મક ખળભળાટની શિકાર બની ગઈ અને પોતાનાં સ્વપ્નોનો ભોગ આપ્યો અને માનવ અવગણનાની હદ એટલી મોટી છે કે જ્યાં સુધી મેં આના વિશે તેણી સાથે વાત ન કરી અને જ્યારે તેણે ટપકાં જોડીને ચિત્ર બનાવ્યું અને સંજોગો આપણા વિચારો, શબ્દો તથા ક્રિયાઓ સાથે જે રમત રમી જાય છે તે સમજી, ત્યાં સુધી તેને તેનો ખ્યાલ પણ ન આવ્યો.

લોકો તેમના સંજોગો વડે ભાવનાત્મક રીતે નિષ્ક્રીય થઈ જાય છે અને તેમની લાગણીઓને તેમનાં કાર્યોને દોરવાની છૂટ આપી દે છે. આના વિશે વિચારો, જનસંખ્યાના ૯૯% લોકો તેમની ભાવનાઓ તથા સંજોગોને આધારે નિર્ણયો લે છે. જો તમને આમાં શંકા હોય તો, પાછલા ત્રણ મહિનામાં તમારી આસાપાસના લોકોએ લીધેલા નિર્ણયો તરફ જુઓ, અને તમારે ગળે વાત ઊતરી જશે!

લોકો નોકરી છોડી દે છે કારણ કે બઢતી નથી મળી, એક મહિનો / ત્રણ મહિના ખરાબ જવાને કારણે વ્યાપાર બંધ કરી દે છે, એક સંબંધ તુટી જવાને કારણે હતાશ થઈ જાય છે, પરિવારની એક કરુણતાને કારણે જીવન છોડી દે છે, વગેરે. માનસિક, ભાવનાત્મક તથા મનોવૈજ્ઞાનિક અસહાયતાની અવસ્થા દરમિયાન લેવાયેલ નિર્ણય વિચારહીન, ટૂંકી દૃષ્ટિનો, વિનાશક અને જીવન મહત્તમ કરવામાં નિર્ણાયક છે.

એપીકટેટસે એક વખત કહ્યું છે તેમ, “આ દુનિયાની પરિસ્થિતિઓ આપણને ખલેલ નથી પહોંચાડતી, આપણી તેને જોવાની દૃષ્ટિ આપણને વ્યથિત કરે છે.” મેં એવા સેંકડો અને હજારો લોકોને તેમના સંજોગો આધીન વિચારો, શબ્દો અને કાર્યો અને તે સમયે લેવાવા જરૂરી ભાવનાત્મક નિર્ણયો, જે તેમને તેમના લક્ષ્યો તથા મહત્ત્વાકાંક્ષીઓથી દૂર ને દૂર લઈ જાય છે, તેને કારણે જીવનમાં ઘણું ગુમાવતા જોયા છે.

અને જ્યારે મેં લોકોને આને કારણે જીવનમાં ગુમાવતા જોયા તેથી મને ખ્યાલ આવ્યો કે આ એ લોકો છે જે એ નથી સમજ્યા કે જીવન બધો વખત રમત કર્યા કરે છે, અને આવા તબક્કે જતું કરવું તે પ્રયાસહીન વસ્તુ છે. તેને માટે કોઈ વિશિષ્ટ પીડા અનુભવવાની જરૂર નથી પડતી. પરંતુ આ બધા જ કોલાહલ અને ઉતાર-ચડાવ વચ્ચે, તમારી જાતને તમારાં લક્ષ્યો સાથે જોડાયેલ રાખવી અને જીવનની અનિશ્ચિતતાને તમારા હેતુઓ પર હાવી ન થઈ જવા દેવી તે સાચા જીવન મહત્તમ કરનારાઓનો હોલમાર્ક છે. તમારાં લક્ષ્યો પૂરાં કરવામાં મોડું થઈ શકે છે, પરંતુ તમારે તેમને આગળ વધારવાનું ચાલુ રાખવું જોઈએ, અને આને માટે આત્મવિશ્વાસની જરૂર પડે છે. મારી સમજણ પ્રમાણે આત્મવિશ્વાસની વ્યાખ્યા આ મુજબ છે :

આત્મવિશ્વાસ એ આપણને વિંટળાઈ વળતા ડર તથા અસુરક્ષાનો સામનો કરતી વખતે તમારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં શાંત, જાગ્રત તથા નિર્દેશિત રહેવાની ક્ષમતા છે.

(આગળ વધતાં પહેલાં આ વ્યાખ્યાને કેટલીક વાર વાંચો.)

જીવનને મહત્તમ કરનારાઓનાં જીવનમાં આવી ઘટનાઓ નથી બનતી તેમ નથી – તેઓ પણ વ્યાપાર ગુમાવે છે, રાજીનામાંઓ આપે છે, સંબંધો તુટવાથી પીડાય છે, પરિવારમાં મૃત્યુ અને જીવનની અન્ય કરુણતાઓનો સામનો કરે છે. પરંતુ તેઓએ પોતાને સૂચના આપેલી હોય છે – આદેશ, હુકમ, માગણી કરેલ હોય છે – કે તેઓ બધા જ સંજોગો હેઠળ, તેમના વિચારો, શબ્દો તથા કાર્યોમાં શાંત, જાગ્રત તથા સ્થિર રહેશે.

સૌથી મહાન પ્રેરણાત્મક વક્તાઓ પૈકીના એક એવા ઝીગ ઝેગલરે એક વખત કહ્યું છે કે, "તમારી ભાષા, તમારું શબ્દભંડોળ જ તમારી ક્રિયાઓ બનશે." કેટલું સાચું! મોટાભાગના લોકો યોગ્ય વિચારો, શબ્દો તથા કાર્યો વિશે વિચારી શકતા નથી. ઘણા કોઈક બીજાના વિચારો, શબ્દો તથા કાર્યો વડે દોરવાયેલા હોય છે. સમસ્યા તેમની ભાષામાં પડેલી હોય છે.

મને ખ્યાલ આવ્યો કે હું હાજર રહ્યો હોઉં તેવી દરેક પાર્ટી, સામાજિક મેળવડાઓ તથા કોર્પોરેટ સભાઓમાં મારા પ્રશંસકો હતા. હું જ્યાં પણ જતો, હીરો બની જતો. લોકો, જાણે મારી પાસે તેમની બધી સમસ્યાઓનો ઉકેલ હોય તેમ, મને મળવા થોડા શબ્દોની આપ-લે કરવા, અને પ્રશ્ન પૂછવા ઇચ્છતા. શા માટે તે મને ખ્યાલ આવ્યો. મારી ભાષામાં ઉત્સાહ, લડવૈયાનું જોમ, યથાવતતાને પ્રશ્ન કરવાની શક્તિ, હિંમત અને અજ્ઞાતને કરવાની શક્યતાઓ હતી, કોઈ ફરીયાદ, કોઈ પરિતાપ, કોઈ પસ્તાવો ન હતાં. એક ચોક્કસ પ્રેરણા, આશાવાદ, હિંમત અને પ્રગતિ હતાં... કોઈ પીછેહઠ ન હતી!

ઘણાં વર્ષો અગાઉ 'પ્રોગ્રેસન'નો અર્થ જાણવા મેં ઓક્ષફોર્ડ ડીક્ષનેરીમાં જોયું હતું અને હું આનો જેવો અર્થ સમજ્યો, તે મેં મારાં મનમાં છાપી દીધો છે,

પ્રગતિ : એક ગંતવ્ય અથવા એક વધુ આગળની અવસ્થા તરફ ક્રમિક ગતિ અથવા વિકાસ. એક પછી એક આવતી અસંખ્ય વસ્તુઓ.

જ્યારે મેં બંને વ્યાખ્યાઓ તરફ જોયું, તો મેં તેને મારા લાભ માટે ઉપયોગ કર્યો – એક જીવન મહત્તમ કરનારું આ જ સૌંદર્ય છે. તે એક તકવાદી છે. તે તેની જરૂરિયાત ને અનુકુળ થવા માટે અને મહત્તમ થયેલ રહેવા માટે ગમે ત્યાંથી ગમે તે ઉપાડી લે છે!

મારે માટે, આ વ્યાખ્યાનો બીજો ભાગ 'એક પછી એક આવતી અસંખ્ય વસ્તુઓ'નો અર્થ છે, એક પછી એક આવતાં ઘણાં બધાં રાજીનામાંઓ, એક પછી એક થતા અસંખ્ય ભંગાણો એક પછી એક ઊભી થતી અંગત અને વ્યવસાયિક સમસ્યાઓની સંખ્યા.

ઉદાહરણ તરીકે :

→ આજે તમારી પત્નીને કસુવાવડ થઈ ગઈ છે.

→ આવતી કાલે તમે તમારી નોકરી ગુમાવવાના છો.

- → તમારો ભાગીદાર તમારી પરવાનગી વગર તમારા જેવો જ ધંધો શરૂ કરે છે અને તમારા ધંધામાંથી પૈસા સેરવી લે છે.
- → પ્રિયજનનું મૃત્યુ.
- → ગંભીર માંદગી
- → તમારા પિતા તમને નોકરી છોડી દેવાનું અને દરરોજ સાંજે ૭ વાગે ઘેર આવી જવાનું કહે છે, અને ૨૩ વર્ષની ઉંમરે તમારી નોકરી સામાન્ય રીતે રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં પૂરી થવાની અપેક્ષા રાખે છે.
- → તમારો પતિ તમને નોકરી છોડવાનું કહે છે કારણ કે તમારી કંપનીમાં તમારી ખ્યાતિ તે સહન નથી કરી શકતો.
- → તમારા પ્રિયજન પર બળાત્કાર થાય છે.
- → તમારા શ્રમિકો યુનિયન બનાવી રહ્યા છે.
- → કારખાનું બંધ કરવાનું દબાણ છે.
- → તમારી કંપનીમાં છેતરપીંડી થાય છે.
- → એક કાયદાકીય વિખવાદમાં તમને ખોટા ચિતરવામાં આવે છે.
- → તમે શ્રેષ્ઠ હતા છતાં બઢતી નથી મેળવતા.
- → તમારા શ્રેષ્ઠ પરિણામ મેળવનારાઓમાંથી ચાર નોટીસ પીરીયેડ પૂરો કર્યા વગર એક સાથે રાજીનામું આપે છે.
- → એક વિકલાંગ બાળકને જન્મ આપવો.
- → તમારું બાળક તેના જીવનની સૌથી મહત્ત્વની પરીક્ષામાં નિષ્ફળ જાય છે.

તમને લોકો વડે નકારાય, વચનો તોડાય, વચનો ભૂલી જવાય... મારા પ્રિય મિત્રો, વ્યાપાર, નોકરી કે જીવનમાં આમાંનું કંઈ પણ બની શકે.

આવી સમસ્યાઓ પર તમારું કોઈ નિયંત્રણ નથી અને તેમને માટે તમે જવાબદાર પણ નથી, પરંતુ જ્યારે તે થાય છે, તે કોઈ પણ સમયે થઈ શકે છે.

પ્રગતિની બીજી વ્યાખ્યા મુજબ, આ અથવા બધી જ સમસ્યાઓ જીવનમાં ક્યારેય પણ થઈ શકે છે. મેં અથવા મારી નજીકના કોઈકે આમાંની કોઈક અથવા એક સમસ્યાનો સામનો કર્યો હોય છે. પરંતુ ઘણાં, ઘણાં વર્ષો અગાઉ મેં મને પોતાને આપેલ આજ્ઞા હતી કે, “સંતોષ નાયર,

જ્યારે તારે એક અથવા આ બધી જ ઘટનાઓનો સામનો કરવાનો આવે કે જે તારી ગાડી પાટા પરથી ઉતારી નાખે, તું તારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં સભાન, જાગૃત અને સ્થિર રહીશ. તું ક્યારેય પીછે હઠવાની રીતે નહીં વિચારે, તારી ભાષા ગુમાવનારની ભાષા નહીં હોય અને તું તેના જેવી ક્રિયા પણ નહીં કરે. તારું જીવન દરીયામાં તરતાં લાકડાનાં પાટીયાં જેવું નથી, તારું જીવન એક સુકાનવાળી હોડી છે અને તારું સુકાન તારી નૌકાને તું ઇચ્છીશ તે દિશામાં લઈ જશે. તું તારા જીવનમાં એક અથવા બધી જ પરિસ્થિતિઓનો સામનો કરીશ પરંતુ તારા વિચારો, શબ્દો અને કાર્યો પ્રગતિ કરનાર હશે – જે તને આગળ વધારશે."

આમ હું પ્રગતિની પહેલી વ્યાખ્યા પર અહીં પહોંચ્યો. મને ખ્યાલ આવ્યો કે સમસ્યા કોઈ પણ હોય, હું ક્રમશઃ આગળ વધીશ; હું મારાં ઇચ્છિત સ્થાન તરફ આગળ વધીશ અને મારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં એવી રીતે આગળ વધીશ કે હું મારા જીવનમાં ઇચ્છું છું તે સ્થાન પર પહોંચીશ.

આમ તમારી પાસે એ સ્પષ્ટ થાય છે કે સમયનાં કોઈ પણ બિંદુએ જીવનને મહત્તમ કરનારાઓ પાસે પહોંચવા માટે સ્પષ્ટ ગંતવ્ય સ્થાન સિધ્ધ કરવા માટે સ્પષ્ટ લક્ષ્યો અને હેતુઓ અને પૂરો કરવા માટે એક સ્પષ્ટ હેતુ હોય છે અને તેઓ જાણે છે કે જ્યારે તેઓ તેમના હેતુ તરફ આગળ વધી રહ્યા હોય ત્યારે તેમની મંજુરી/ઇચ્છા વગર એક પછી એક ઘણી બધી વસ્તુઓ બનશે અને પ્રગતિ કરવામાં જે એક માત્ર વસ્તુ તમને મદદ કરશે તે છે તેમનો ભાષા, તેમની શબ્દભંડોળ, તેમની માનસિક અવસ્થા કે જે તેમના વિચારો, શબ્દો તથા ક્રિયાઓને દિશા સૂચન કરશે.

અને આથી, હું જાહેર કરું છું કે, પરિસ્થિતિ અને મારા મનની અવસ્થા જેવી પણ હોય, હું મારા ગંતવ્ય સ્થાન તરફ આગળ વધીશ. હું નવા, અલગ અને વધુ સારા વિચારોને આગળ વધારીશ અને તેની તરફેણ કરીશ અને જીવન મને જે યથાવતતા જાળવી રાખવાનું કહે છે તેની સામે ઝૂકી નહીં જાઉં. ભાંગી પડેલી અવસ્થામાં હું નિર્ણયો નહીં લઉં, તે મને અધોગતિ તરફ દોરી જશે. હું બધા પડકારોનો માથે ચડાવીને સામનો કરીશ. હું વર્તમાન મુશ્કેલીઓની પીડા અને ચીડમાંથી પસાર થઈશ. કારણ કે હું જાણું છું કે આ તબક્કો, આ મુશ્કેલ અવસ્થા તરતમાં પસાર થઈ જશે. હું માનસિક, શારીરિક, ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક પીડા માટે તૈયાર છું. હું જીવનમાં એક લંબાણપૂર્વકની લડાઈ લડવા માટે તૈયાર છું, તૈયાર છું અને તૈયાર છું. હું લડીશ, હું મેળવીશ. હું જીતીશ! હા, હું જાણું છું કે હું ક્યારેય મારા જીવનમાં બનતી ઘટનાઓ પર નિયંત્રણ મેળવવાની

સ્થિતિમાં નહીં હોઉં; જોકે, હું મારા વિચારો, શબ્દો અને કાર્યોને ચોક્કસ નિયંત્રિત કરી શકું અને કરીશ!

૧૯૮૧ના માર્ચની ૧૦મી એ મોરીસ ઇ. ગુડમેન – એક સફળ અમેરીકન બીઝનેસમેન અને એક પાયલટ – તેનાં પોતાનાં પ્લેનમાં આનંદ યાત્રા માટે ઘર છોડી ગયો. તે તૂટી પડ્યું. તેનું જીવતાં રહેવું એક તબીબી ઇતિહાસ બની ગયો. તેને હોસ્પીટલમાં લવાયો પછી તેને જોઈને ડૉક્ટર ગુડમેનની પત્ની પાસે ધસી ગયા અને કહ્યું, "શ્રીમતી ગુડમેન, હું ઘણાં વર્ષોથી તબીબી વ્યવસાયમાં છું અને તમારા પતિ હજી સુધી જીવિત છે તે પોતે જ એક તબીબી ઇતિહાસ બનશે. મારી જાણકારીમાં ડોક તુટ્યા પછી કોઈ માણસ ક્યારેય જીવતો રહ્યો નથી. તમારા પતિની ડોક બે જગ્યાએ તુટી છે. તેની કરોડરજ્જુ ભાંગીને લગભગ ભૂક્કો થઈ ગઈ છે. તેની ડોક એટલી ગંભીર રીતે નુકસાન પામી છે કે તે ફરી ક્યારેય બોલી નહીં શકે. તે ચેતાઓનાં કાયમી નુકસાનથી પીડાય છે જે લીવર, બ્લેડર, કીડનીઓ તથા ઉદર પટલના કાર્યો બગડવા તરફ દોરી જશે, જેનો અર્થ છે કે તે રેસ્પીરેટર (શ્વસન યંત્ર) ના ઉપયોગ વગર ક્યારેય શ્વાસ નહીં લઈ શકે. તેના ગળવાના જ્ઞાનતંતુઓ એટલા ગંભીર રીતે નુકસાન પામ્યા છે કે તે ફરી ક્યારેય ખાઈ કે પી નહીં શકે. તમને આ બધું કહેવા બદલ હું દીલગીર છું પરંતુ સ્પષ્ટપણે, મને નથી લાગતું કે તે આજની રાત પણ કાઢે."

બધાએ નક્કી કરી લીધું હતું કે મોરીસ નહીં બચે, સિવાય એક વ્યક્તિ, મોરીસ પોતે. તે પોતાનું માથું પણ નહોતો હલાવી શકતો તેથી તે એક જીવન બચાવનાર શસ્ત્રક્રિયામાંથી પાર થવા માંગતો હતો કે નહીં તે પાંપણના પલકારે સૂચવવાનું તેને કહેવામાં આવ્યું. આ ઓપરેશન સફળ થવાનો દર ૧૦૦૦માંથી ૧નો હતો અને એ પણ એ સમજણ સાથે કે જો તે બચી જાય તોપણ અત્યારથી ૨૦ મહીના પછી, તેની બાકીની આખી જીંદગી માટે, તે કદાચ માત્ર વ્હીલચેરમાં બેસી શકવા જેટલો જ સાજો થાય, અને તેમ થાય તો તે પણ એક ચમત્કાર જ હશે.

પાંપણના પલકારે મોરીસે માત્ર શસ્ત્રક્રિયામાંથી પસાર થવાની સંમતિ જ ન આપી, પરંતુ પોતાને માટે એક લક્ષ્ય નક્કી કર્યું કે તે શસ્ત્રક્રિયામાંથી ઊભો થશે જ અને ૧૯૮૧ની નાતાલ પહેલાં તેના પોતાના બે પગ પર ચાલીને હોસ્પિટલમાંથી બહાર જશે. તેના વિચારો, શબ્દો અને કાર્યો એક જીવન મહત્તમ કરનારનાં હતાં!

તેનું ઓપરેશન થયું અને શસ્ત્રક્રિયા સફળ રહી હોવાથી, ડૉક્ટરો જાહેર કર્યું કે તેના જીવી જવાની આછી પાતળી શક્યતાઓ હતી. પરંતુ તેમણે સમજાવ્યું કે મોરીસ જીવનમાં ક્યારેય પણ ફરી રેસ્પીરેટર વગર તેની

પોતાની મેળે શ્વાસ નહીં લઈ શકે, કે ચાલી કે બોલી નહીં શકે. ડૉક્ટરે તેના પર એવી છાપ છોડી કે તે તેની બાકીની જીંદગીમાં એક વેજીટેબલ કરતાં વધારે કંઈ જ નહીં થઈ શકે, પરંતુ તે તેણે પોતાને માટે જોયેલ ચિત્ર ન હતું. તે પોતાનાં સમગ્ર હૃદય તથા મનથી માનતો હતો કે બહુ ઝડપથી તે પાછો સામાન્ય થઈ જશે અને જ્યારે તે આંખો બંધ કરતો ત્યારે પોતે પોતાનું સૌથી પ્રિય એરક્રાફ્ટ ઊડાતો હોય તેવું જોઈ શકતો.

તેના વિચારો, શબ્દો તથા કાર્યોમાં સકારાત્મકતા સાથે, તેણે પોતાને માટે ટૂંકા ગાળાના તથા લાંબાગાળાનાં લક્ષ્યો નક્કી કર્યાં – લાંબા ગાળાનું લક્ષ્ય હતું. તે વર્ષની નાતાલ પહેલાં તેના પોતાના પગ પર ચાલીને હોસ્પીટલમાંથી બહાર જવું અને ટૂંકાગાળાનું લક્ષ્ય મશીન વગર બોલી તથા શ્વાસ લઈ શકવો તથા ખોરાક ગળવો અને પછી હોસ્પીટલમાંથી બહાર જવું.

તેણે ચાર્ટ્સ અને ચિત્રોની મદદથી હોસ્પીટલના કર્મચારીઓ સાથે આદાન-પ્રદાન કરવાની રીતો શોધી કાઢી અને તેનું પછીનું કાર્ય સ્વતંત્રપણે શ્વાસ લેવાનું હતું. તેમ કરવાનો પ્રયાસ કરતી વખતે દરેક વાર તેણે નિષ્ફળતાનો સામનો કર્યો, પરંતુ છોડી દેવા અનિચ્છુક એવા તેણે ચાલુ જ રાખ્યું. જ્યારે તેને બીજી હોસ્પીટલમાં ખસેડાતો હતો ત્યારે, આદાન પ્રદાન માટેની તેની પસંદ કરેલી પદ્ધતિ – ચાર્ટ્સ તથા ચિત્રો વડે તેણે તેના પર શસ્ત્રક્રિયા કરનાર ડૉક્ટર માટે એક સંદેશો મૂક્યો :

"ડૉ. મેથ્યુને કહેજો કે આવતા છ મહિનામાં હું આ હોસ્પીટલમાં પાછો આવીશ અને જ્યારે હું પાછો આવીશ, ત્યારે હું ચાલતો તેમની ઑફિસમાં જઈશ અને તેમની સાથે હાથ મીલાવીશ."

હોસ્પીટલના કર્મચારીઓએ વિચાર્યું કે મોરીસ તેનું લક્ષ્ય સિદ્ધ કરી શકશે તેમ માને છે તેટલો મૂર્ખ છે અને જેઓ પ્રમાણિક હતા, જેમને તેને માટે સહાનુભૂતિ હતી. તેમણે તેને કહ્યું કે પોતાની જાતને આવા અશક્ય સ્વપ્ન વડે પીડા આપવાને બદલે આ વસ્તુ શક્ય નથી તેમ સ્વીકારી લેવું તે તેને માટે ઘણું વધારે સહેલું થઈ પડશે. પરંતુ મોરીસ જાણતો હતો કે તે આ કરશે જ અને તેની માન્યતાને સાચી પાડીને, તે વર્ષના નાતાલના દિવસ પહેલાં તે તેના પોતાના બે પગ પર ચાલીને હોસ્પીટલમાંથી બહાર નીકળ્યો. તેને જેણે આગળ વધાર્યો તે તેના વિચારો, શબ્દો અને કાર્યો હતાં.

વિચારો : તેના વિચારો એક લડવૈયાના વિચારો હતા. તે સાચા અર્થમાં માનતો હતો કે તે જીવી જશે અને આ કરુણ અકસ્માતમાંથી તે આખી જીંદગી હતો તેવો જ સામાન્ય બનીને બહાર આવશે.

શબ્દો : તેના શબ્દો પુનરુત્થાનના હતા. માત્ર આંખના પલકારે તેણે પોતાને તેમજ ડૉક્ટરોને જણાવ્યું હતું કે તે પાછો સારો થઈ જવાનો હતો. તેણે તેની પત્નીને, બહેનોને, મુલાકાતીઓને તથા હોસ્પીટલના સ્ટાફને કહ્યા કર્યું કે તે જલ્દી સારો થઈ જશે અને તેઓ બધા તેને સાજો-સારો હોસ્પીટલમાંથી બહાર આવેલો જોશે.

કાર્યો : તેનાં બધાં કાર્યો એક જીવી જનારના હતા. તે તેના ગળાં પર એક બોલ મુકીને થાક્યા વગર કે છોડી દીધા વગર અનંત કલાકો સુધી બોલવાનો પ્રયાસ કર્યા કરતો. હોસ્પીટલના ધારા ધોરણો નેવે મૂકીને તે બહારથી ખાવાનું મંગાવતો અને ફળોનો રસ પીવા પ્રયત્ન કરતો. તે ચાલવા જતાં કેટલાક અકસ્માતો થવા છતાં ચાલવાનો મહાવરો કરતો. તે ઝીગ ઝેગલરના પ્રેરણાત્મક ઓડીયો સાંભળતો જે આશા અને આશાવાદને પોષતાં, તેનાં લક્ષ્યો અને લક્ષ્યોની તાકાત તેને યાદ અપાવતાં અને આમ તે જે ઇચ્છતો હતો તે કરી શકે તેવી તેની માન્યતામાં વિશ્વાસ પ્રગટાવતાં.

તેણે જેમને પણ વિકલાંગ જાહેર કરી દેવાયા હતા તેવા તેના સાથી દર્દીઓમાં પણ આશા પુનર્જીવિત કરી, કે જો તે આવા જીવલેણ અકસ્માતમાંથી સાજો થઈ શક્યો અને પાછો સામાન્ય થવાની હિંમત કરી શક્યો તો તેઓ પણ ભલે તબીબી વિજ્ઞાન કાંઇ પણ કહેતું હોય, તેમની શારીરિક ખોડમાંથી બહાર આવી શકે અને સામાન્ય જીવન જીવી શકે. અને આમ તે કેટલાક લોકો માટે શક્તિ અને હિંમતનો સ્ત્રોત બની ગયો.

તેની આસપાસના બધા જાણી ગયા કે એક દિવસ તે તેણે પોતાને માટે જે નક્કી કર્યું હતું તે મેળવીને જ રહેશે અને તેમણે બધાએ તેનાં સ્વપ્નને ઉછેરવામાં તેમનાથી શક્ય હોય તે રીતે તેને તેની યાત્રામાં મદદ કરી. મોરીસ માત્ર તેણે જાહેર કરેલી તારીખે પોતાના બે પગ પર ચાલીને હોસ્પીટલમાંથી બહાર જ ન ગયો, પરંતુ આ સમયગાળા દરમિયાન તેને જેમનો ભેટો થયો તે બધા પર તેણે એક ચિરંજીવ છાપ છોડી, આથી જ તે આખા વિશ્વમાં "ચમત્કારી માણસ" તરીકે ઓળખાય છે.

હવે આપણે એક બીજા દંતકથા સમાન માણસની વાત દ્વારા વિચારો, શબ્દો તથા કાર્યોનું મહત્ત્વ તથા તે કેવી રીતે તમારા જીવનને બનાવી કે બગાડી શકે તે તપાસીએ. વિશ્વયુદ્ધ-૨ દરમિયાન, લાખો યહુદીઓ, પોલ્સ, રશીયન્સ તથા જીપ્સીઓને જર્મનો વડે ઘેરી લેવાયા હતા અને દયા વગર તેમને મૃત્યુ અપાયું હતું. આ સમયગાળો હોલોકાસ્ટ – નાઝી સરકાર વડે યુરોપના યહુદીઓ તથા અન્યોનો મુલોચ્છેદ – તરીકે ઓળખાય છે. જેઓ આ ક્રુર આચરણના શિકાર બન્યા તેવા લાખો લોકોમાં એક હતો વિક્ટર ફ્રાન્ક. વિક્ટર વિયેનાનો મનોવૈજ્ઞાનિક હતો. તેની સફળ પ્રેક્ટીસ હતી, સારું

જીવન જીવતો હતો, પરંતુ તે યહુદી હતો અને તેને કારણે તેને ઓશવીઝ કહેવાતા એક નાઝી કોન્સન્સ્ટ્રેશન કેમ્પમાં સજા માટે તડીપાર કરવામાં આવ્યો. જ્યારે તે ત્યાં પહોંચ્યો અને આ ભિષણ માનવ સંહારનો સાક્ષી બન્યો ત્યારે વિક્ટરે પોતાને માટે ત્રણ લક્ષ્ય નક્કી કર્યાં :

૧. જીવી જવું.

૨. પોતાની તબીબી કુનેહનો ઉપયોગ કરવો અને કરી શકાય તેમને મદદ કરવી.

૩. આ હોલોકાસ્ટની અંદર કંઈક શીખવા – સમજવાનો પ્રયત્ન કરવો. (માત્ર એક જીવન મહત્તમ કરનાર જ પોતાને માટે ગોઠવી શકે તેવું લક્ષ્ય, જ્યારે સામાન્ય લોકો મોતને ભેટવા માટે માનસિક, ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક રીતે પોતાને તૈયાર કરી રહ્યા હતા.)

વિક્ટરે સાચા અર્થમાં આ ત્રણેય લક્ષ્યો સિદ્ધ કર્યાં. તે ‘હોલોકસ્ટ સર્વાઇવર’ તરીકે અને પછીથી બેસ્ટ સેલર પુસ્તક ‘મેન્સ સર્ચ ફોર મીનીંગ’ ના લેખક તરીકે જાણીતો થયો. આ પુસ્તકમાં તેણે કોન્સન્ટ્રેશન કેમ્પના તેના અનુભવો વહેંચ્યા છે અને પૃથ્વી પરનાં તે નર્કમાંથી તે જે કાંઈ પણ શીખ્યો તેના પર પ્રકાશ ફેંક્યો છે.

તેનાં પુસ્તકમાં ફ્રાન્કે કહ્યું છે કે તેની સાથે ઓરાવીઝમાં પ્રવેશેલા મોટાભાગના કેદીઓને તેઓ આવ્યા કે તરત જ મારી નંખાયા હતા. પરંતુ તેણે પોતાના મનમાં નિશ્ચય કરેલો કે તે બચી જશે અને માત્ર તેના વિચારો, શબ્દો તથા કાર્યોની તાકાત વડે જ તેણે પોતાનું પ્રથમ લક્ષ્ય – જે તત્કાલ મૃત્યુથી ભાગી છૂટવું – મોટાભાગનાઓથી વિરુદ્ધ – અને એ ભયાનક પરિસ્થિતિમાં જેમને કામે લગાડાયા હતા તે લોકોમાં ઉલ્લેખ પામવાનું હતું – તે સિદ્ધ કર્યું.

જ્યારે ઓશવીઝમાં હતો ત્યારે વિક્ટર તેના જીવનનાં સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થયો. તેની પાસેનાં બધા આશાવાદ, સકારાત્મક તથા નિર્ધાર છતાં, આવા ભયાનક સંજોગો સામે ખૂલ્લા કરવામાં આવે ત્યારે સંવેદન અને સંવેદનશીલતા ગુમાવવી તે કોઈ પણ માણસ માટે સ્વાભાવિક હતું અને વિક્ટર તેમાં અપવાદ ન હતો. અંધારા ઓરડામાં એકલા બેઠા બેઠા, હવે પછીની વિકૃત વસ્તુ થવાની રાહ જોતાં જોતાં, તુચ્છ વિચારો તેના મનમાં આવતા – શું તેને રાત્રે ખાવાનું મળશે, શું તેણે બ્રેડના એક ટુકડાના બદલામાં સોસેજના ટૂકડાને વિનીમય કરવો જોઈએ, શું તેણે સુપના એક વાટકાના બદલામાં પોતાની સીગારેટ આપવી જોઈએ, વગેરે વગેરે.

પરંતુ તેણે જાહેર કર્યું હતું કે તે હંમેશાં એક જીવન મહત્તમ કરનાર બની રહેશે અને તે બળજબરી પૂર્વક પોતાના વિચારોને બીજે વાળતો. ઓચિંતી તેણે પોતાની જાતને વિયેનાના એક ઝાકઝમાળભર્યા ખંડમાં મંચ પર ઊભેલી અને ધ્યાનમગ્ન અને મુગ્ધ પ્રેક્ષકો સામે વ્યાખ્યાન આપતી જોઈ. તે ફરી એક વાર સ્વતંત્ર જીવન જીવતો, ખુશ અને બધી પીડાઓથી મુક્ત હતો. તે કોન્સન્ટ્રેશન કેમ્પની મનોવૈજ્ઞાનિકતા પર વ્યાખ્યાન આપી રહ્યો હતો. તેણે પોતાની જાતને કહ્યું કે આ કલ્પનાને તે સાચી પાડશે અને તે કરવા માટેના મુશ્કેલ માર્ગ પર તેણે પગલાં માંડ્યાં.

તેના વિચારો, શબ્દો અને કાર્યો એવા માણસના હતા જે નર્કમાંથી બચી જવાનો હતો. તે પરિસ્થિતિથી ઉપર ઉઠવામાં અને પીડાને જીતવામાં સફળ રહ્યો અને આ વસ્તુએ તેને પોતાને માટે ગોઠવેલા ત્રણેય લક્ષ્યો પૂરાં ન થયાં ત્યાં સુધી આ યુદ્ધ લડવાની હિંમત, ધૈર્ય અને દૃઢતા આપ્યાં.

ઘણાં વર્ષો પહેલાં આ બંને વ્યક્તિઓ પાસેથી હું જે મહાન બોધપાઠ શીખ્યો, તે એ હતો કે જો ગુડમેન અને ફ્રાન્ક જેવા કોઈક માત્ર તેમના વિચારો, શબ્દો અને કાર્યોની તાકાત પર મૃત્યુનાં મુખમાંથી છટકી શકે તો આપણે, કે જેઓ મોરીસ જેવી વેજીટેટીવ અવસ્થામાં નથી અને વિક્ટર ફ્રાન્કે અનુભવેલ અમાનવીય અને અસહાય પરિસ્થિતિથી જોજનો દૂર છીએ, તેવા લોકો આપણે પોતાને માટે તથા આપણી આસપાસના લોકો માટે ઘણું વધારે સિદ્ધ કરી અને આ દુનિયાને એક વધુ સારું સ્થળ બનાવી શકીએ અને છતાં આપણે આપણી આસપાસની નજીવી વસ્તુઓ માટે ફરિયાદ કરીને, બંધીયાર બનીને તથા તુચ્છ બાબતો પર રોદણાં રોઈને આપણું જીવન પસાર કરીએ છીએ અને છેવટે સામાન્ય જીવન બની રહીએ છીએ.

મારા પ્રિય મિત્રો, વિચારો, શબ્દો અને કાર્યો આપણે આપણા જીવનને કઈ રીતે ઢાળીએ છીએ તે નક્કી કરવામાં ઘણી મોટી ભૂમિકા ભજવે છે અને આથી દરેકને મારી મજબૂત સલાહ છે કે તમારા વિચારો, શબ્દો તથા કાર્યો પર બરાબર ધ્યાન આપવું જોઈએ અને તેમને એવો આકાર આપવો જોઈએ કે તમે સામાન્ય વસ્તુઓ પાછળ છોડી દો અને જીવનને મહત્તમ બનાવવા તરફ કાર્ય કરો.

છેક ૧૯૮૯માં જ્યારે હું યુરેકા ફોર્બ્સમાં લોકેશનનો વડો હતો ત્યારે મારું જીવનમાં લક્ષ્ય ડીવીઝનલ સેલ્સ મેનેજર બનવાનું હતું. તે દિવસો દરમિયાન, મારા તરત ઉપરના ત્રણ ઉપરીઓ હું ગુજરાતમાં બદલી લઉં તેવું ઇચ્છતા હતા. હું નરસી મોનજી ઇન્સ્ટીટ્યુટમાંથી (પાર્ટ ટાઇમ સાંજે ૭ થી ૯) મારા માસ્ટર્સ ઑફ માર્કેટીંગ મેનેજમેન્ટ (MMM) તૈયારી કરતો

હતો અને આથી તે બદલી લેવા નહોતો માંગતો. મારા ઉપરીઓ ઘણા જ વ્યથિત હતા અને હું બદલી લેવા તૈયાર ન થયો તેથી, ડીવીઝનલ સેલ્સ મેનેજરની પદવીની બઢતી મારા એક સહકર્મીને આપવામાં આવી. હું ભારતનો ૧ નંબરનો બ્રાન્ચ મેનેજર હતો અને સૌથી ઊંચાં વેંચાણના આંકડાઓ સાથે સૌથી લાયક ઉમેદવાર હતો અને છતાં બઢતી મારા ભાગમાં ન આવી. બીજા નંબરના બ્રાન્ચ મેનેજરને તે કામ ઉપાડી લેવાની તક આપવામાં આવી અને એટલું જ નહીં, તેને મારો ઉપરી બનાવવામાં આવ્યો. એક અહંભાવી માણસ માટે આ એક ઉતારી પાડવાની અને અપમાનની ક્ષણ હોઈ શકે, પરંતુ એક જીવન મહત્તમ કરનાર માટે આ એવો પ્રસંગ હતો જેને સમય જતાં ફરી જીતી લેવાય. મારા જીવનની આ ઘણી જ નાજુક ક્ષણ હતી અને આ અન્યાયથી વિચ્છિન્ન થયેલ મેં યુરેકા ફોર્બ્સમાંથી મારી બધી જ આશા તથા વિશ્વાસ ગુમાવ્યા હોત (અધોગતિનો વિચાર) મારી સાથે જે ખોટું થયું તે બધાં માટે રડ્યો હોત (અધોગતિના શબ્દો) અને નોકરી છોડી હોત (અધોગતિ કાર્ય).

આ અન્યાયી કાર્યથી ગુસ્સે થયેલ મારા બધા જ સહકર્મીઓ, હાથ નીચેના માણસો અને મિત્રો મારી સાથે ઊભા રહેવા અને મેનેજમેન્ટ સાથે લડવા તૈયાર હતા. તેમણે મને આ નિર્ણય સામે બળવો પોકારવા કહ્યું અને તેમના ટેકાની મને ખાતરી આપી. અન્ય સ્થળોના બ્રાન્ચ મેનેજરો એ મને વિરોધ કરવા પ્રોત્સાહન આપ્યું. એવા પ્રમાણિક લોકો હતા જેમને ખરેખર મારી સાથે સહાનુભૂતિ હતી અને કેટલાક એવા પણ હતા જેઓ મારાં મોજાં પર સવારી કરવા અને તેમના પોતાના સ્વાર્થ પૂરા કરવા માંગતા હતા. હું આ રાજકારણ અને લોકોની રમત પ્રત્યે અતિશય સજાગ હતો અને આવા કોઈ પણ પ્રચ્છન્ન હેતુનો શિકાર બનવાની મેં ના પાડી. ફરી, મને આ બધા લોકોના ઉપરી બનવાની મહત્ત્વકાંક્ષા હતી અને મારા કોઈ પણ નબળા વિચારો, શબ્દો કે કાર્યો ખૂલ્લાં ન કરવા માટે ખૂબ જ સાવધાન હતો, જે જો ભવિષ્યમાં તેમાંના કોઈ સાથે આવી જ પરિસ્થિતિ ઊભી થાય તો તેમની આ મદદ કે ટેકાનો બદલો વાળવા માટે મને નૈતિક રીતે ઉપકૃત કરી શકે.

તો, મેં શું કર્યું? હું મેં મારે પોતાને માટે ગોઠવેલાં લક્ષ્યો અને વહેલા કે મોડા હું જે પદ પર પહોંચવા ઇચ્છતો હતો તેના વડે નિર્દેશિત હતો અને આમાંથી કોઈને મેં મારો ઉપયોગ ન કરવા દીધો. હું અપનાવી શક્યો હોત તેવાં બે વલણો હતાં – પહેલું, હું જાણતો હતો કે મારી સાથે જે થયું તે ખોટું હતું અને તેના વિશે મને ખૂબ જ ખરાબ લાગ્યું હતું. હું મારા સહકર્મીઓ જેટલો જ, કદાચ તેમનાથી પણ વધારે ગુસ્સે હતો, પરંતુ મેં મારી નકારાત્મક ભાવનાઓને દબાવી દીધી અને મારી જાતને ઊર્જાવાન

અને સ્થિર રાખી; એવાં શક્તિશાળી કમબેક કરવા માટે તૈયાર થયેલો કે જે મેનેજમેન્ટને તેમનો નિર્ણય પાછો લેવા દબાણ કરે અને પછી યોગ્ય ક્ષણે આંખમાં આંખ પરોવીને વાત કરવા માટે તૈયાર હતો. બીજી રીતમાં, હું જે અન્યાયમાંથી પસાર થયો તેના પર નજર પણ ન કરવી, તેની નોંધ જ ન લેવી અને મનમાં કોઈ દ્વેષ કે વેરની ભાવના વગર, નવા મોટા માઇલ સ્ટોન્સ જીતવા માટે બહાર પડવું.

આગળ વાળો વિકલ્પ બુદ્ધિશાળીનો હતો અને પાછળ વાળો ડહાપણવાળો હતો. મેં ડાહ્યા બનવાનું પસંદ કર્યું!

મેં નિમિષ માત્ર માટે પણ નકારાત્મક ભાવનાઓને મને કચડી નાંખવાની છૂટ ન આપી અને બદલો લેવાના કે બળવો કરવાના વિચારો મને ક્યારેય ન આવ્યા કારણ કે મેં વર્ષો અગાઉ મારી જાતને સૂચના આપી હતી કે આવા બનાવો વખતે હું અવિચળ રહીશ. હું હંમેશાં જેવો જ પ્રેરિત, સમર્પિત અને નિર્દેશિત રહ્યો. કારણ કે મારું ધ્યાન હજી પણ ડીવીઝનલ સેલ્સ મેનેજર બનવાનાં મારાં લક્ષ્ય પર કેન્દ્રિત હતું. હકીકતમાં મેં બીજા જ દિવસથી મારું કામ – દેખાવ બમણો કરી નાંખ્યો અને મારાં લક્ષ્ય તરફ વધુ કઠોરતાપૂર્વક કામ કરવાનું શરૂ કર્યું. મેનેજમેન્ટે આની નોંધ લીધી, પ્લોટ સમજી ગયા, અને મને મારા લક્ષ્ય તરફ દોરી ગયા. મારે માટે આગળ વધવું તે સૌથી મહત્ત્વની વાત હતી અને મેં સંજોગો અને ભાવનાઓ વડે મારી પ્રગતિને રૂંધાવા ન દીધી.

હું હેન્રી ફોર્ડે જે કહ્યું છે તેમાં માનતો હતો, "જો તમે વિચારો, તો તમે કરી શકો; અને જો તમે વિચારો કે ન કરી શકો, તો બંને રીતે તમે સાચા જ છો." એક વેંચાણકર્મી તરીકે, જો તમે એવા વિચાર સાથે તમારા વિસ્તારમા જાંવ કે કંઈ વેંચાવાનું નથી, તો તમે ચોક્કસ ખાલી હાથે પાછા ફરશો. જો તમે એમ માનીને વાટાઘાટ શરૂ કરશો કે તમે ઇચ્છો છો તેટલી કિંમત ઘટાડી નહીં શકો તો તમારી સામે વાળા કિંમત મેળવી જશે. જો તમે માની લીધું છે કે તમારી સગવડો માત્ર ૫૦૦ ટન ઉત્પાદન કરી શકે છે, વધારે નહીં, તો તમે ૭૫૦ ટન માટે પણ પ્રયત્ન નહીં જ કરી શકો. તમે જેવું માનો, તે મુજબ જ બને છે! તમારા વિચારો તમારી જીત કે હાર નક્કી કરે છે અને જો જીવનને મહત્તમ બનાવવાનું જ હોય તો, તમારે કલાકના ધોરણે જીતવું પડશે, કારણ કે જીતવાનો એકઠો કરાયેલ અનુભવ ઘણો મહત્ત્વનો છે. આથી તમારા બધા વિચારો, શબ્દો તથા કાર્યો જીતવાની દિશામાં હોવા જોઈએ.

આવતાં ૨૦, ૩૦, ૪૦, ૫૦ વર્ષોમાં તમારા જીવનમાં તમારા પરિવાર, મિત્રો, કારકીર્દિ, ભવિષ્ય, વ્યાપાર, સંબંધો આરોગ્ય વગેરેને લગતી જે

કાંઈ પણ સૌથી ખરાબ બાબતો બનવાની હોય તેની સૂચિ બનાવો.

ઉપરની બધી જ મુશ્કેલીઓનો અથવા તેમાંથી કોઈનો પણ સામનો કરતી વખતે તમારા વિચારો, શબ્દો, કાર્યો કેવાં હશે તે અને તમે કેવી રીતે કેન્દ્રિત રહેશો અને આગળ વધશો તે જાહેર કરો :

એવા સમયો હોય છે જ્યારે હું સંપૂર્ણપણે નિભ્રાંત, નાસીપાસ તથા અંદરથી હચમચી ગયેલો હોઉં છું અને આવા સમયો મારી સાથે એટલા જ આવે છે જેટલા અન્ય કોઈની પણ સાથે આવે છે પરંતુ આ હતાશાની ક્ષણોને હું અઠવાડિયાંઓકે મહિનાઓ સુધી તો નહીં જ પરંતુ કલાકો, મીનટો કે ક્ષણો કરતાં વધારે લાંબા ટકવા દેતો નથી.

હું એ સમજવામાં ઘણો ઝડપી હતો કે જ્યારે તમે હતાશ, અપ્રેરિત તથા વિખરાયેલા હોવ ત્યારે માત્ર એક જ વ્યક્તિ તમને આ અવસ્થામાંથી બહાર કાઢી શકે છે, તમે પોતે જ. તમે, જ્યારે તમે જાણો છો કે તમે અને માત્ર તમે જ તમારી જાતને હતાશામાંથી બહાર કાઢી શકો તેમ છો, તો મારો પ્રશ્ન એ છે કે, “સૌથી પહેલાં તો તમે હતાશામાં જાવ છો જ શું કામ?” આમ આજીવન પ્રેરિત અને સતતપણે શ્રેષ્ઠ ઉત્સાહમાં રહેવા માટે, વ્યક્તિએ એક મીકેનીઝમ વિકસાવવું જોઈએ – એક એવી સપોર્ટ સીસ્ટમ જે આ પ્રક્રિયાને સાદી બનાવવામાં મદદ કરે.

આ મીકેનીઝમ નીચેના ત્રણ તત્વોનું બનેલ છે :

૧. લોકો

૨. પુસ્તકો, ઓડીયોઝ, વીડીયોઝ

૩. ભૂતકાળ સાથે જોડાવું.

લોકો

મેં મારી આસપાસના લોકોમાંથી મારી સપોર્ટ સીસ્ટમ બનાવી લીધી છે. મેં મારા જીવનમાં થોડાક પસંદગીના લોકોને ઓળખી લીધા છે – મારી માતા જે જીવનમાં મારી સૌથી મોટી પ્રેરણાદાતા છે, મારી પત્ની સિંધુ, મારી એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ નૌશીન અને કેટલાક નજીકના સહકર્મીઓ તથા મિત્રો – અને તમને મારા CMO s (ચીફ મોટીવેટીંગ ઑફિસર્સ) તરીકે તૈયાર કર્યા છે. હું જાહેર કરું છું કે જ્યારે હું નિર્ભ્રાંત, નાસીપાસ કે વિચ્છીન્ન થઈશ ત્યારે માત્ર તેમની જ પાસે જઈશ, કારણ કે હું જાણું છું કે તેમની મારા માટેની માન્યતા મારી પોતાની મારા માટેની માન્યતા કરતાં વધુ મજબૂત છે અને તેઓ મારી હતાશા, પ્રેરણાના અભાવ અને વિખૂટા પડી જવાની ભાવનાને ત્વરિત પ્રેરણા, આશાવાદમાં ફેરવી નાંખશે. આ વસ્તુ મને જીવન તરફ નવી ઊર્જા, ઉત્સાહ તથા આત્મવિશ્વાસ વડે જોવા પ્રેરિત કરશે. મારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં સાકારાત્મકતા તથા પ્રગતિ લાવશે.

પુસ્તકો, ઓડીયોઝ તથા વીડીયોઝ

જેણે મારી કારીકીર્દિના શરૂઆતમાં દિવસો દરમિયાન મારા વિચારો, શબ્દો તથા કાર્યો ઘડ્યાં છે તેવાં પુસ્તકો, ઓડીયોઝ તથા વીડીયોઝમાં મેં દિલાસો શોધ્યો છે. ડોન લેવરેજની 'ધ એચીવમેન્ટ ચેલેન્જ', દિપક ચોપરાની 'સ્પીરીચ્યુઅલ લોઝ ઑફ સક્સેસ', જોનાથન લીવીંગ્સટનની 'સીગલ' અને રીચાર્ડ બાકની 'ઇલ્યુઝન' એ એવાં કેટલાંક પુસ્તકો છે જે આજની તારીખ સુધી પ્રેરણા અને આશાવાદનાં મારા કાયમી સ્ત્રોત રહ્યા છે. હું જ્યારે મારી જાત સાથે નિરાશ કે નાખુશ હોઉં, ત્યારે આગળનો માર્ગ દેખાડવા માટે હું આ પુસ્તકોના હાથમાં મારી જાતને સોંપી દઉં છું અને મારે હજી એવા પ્રસંગનો અનુભવ કરવાનો છે જ્યારે આ પુસ્તકો મને મારી સમસ્યાનો ઉકેલ ન આપી શકે.

ભૂતકાળ સાથે જોડાવું

મારું છેલ્લું અને અંતિમ પ્રેરણાદાયી મીકેનીઝમ મારા ભૂતકાળ સાથે જોડાવામાં રહેલ છે. જેમાં મારી વ્યાવસાયિક જીંદગીના શરૂઆતના દિવસોમાં મારા સૌથી વધારે સંઘર્ષો, પરિવર્તન તથા સફળતાની જગ્યાઓએ હું જાઉં છું. જ્યારે હું ભાવનાત્મક રીતે ઢીલો હોઉં ત્યારે હું ઘણી વાર અંધેરી ઇસ્ટ (મુંબઈ)ના સુકન્યા બારમાં જાઉં છું જ્યાં હું એક

સેલ્સ મેનેજર તરીકે જ્યારે ફીલ્ડમાં લાંબો અને થકાવટ ભર્યો દિવસ ગાળ્યા પછી બેસતો અને પીતો; પારસી કોલોનીનો ખુશરો બાગ, જ્યાં યુરેકા ફોર્બ્સમાં હતો ત્યારે મેં સૌથી વધુ સંખ્યામાં વેક્યુમ ક્લીનર વેંચ્યાં છે. હું લોકલ ટ્રેઇન, બસમાં મુસાફરી કરીને ગ્રાન્ટ રોડ ઇસ્ટના પ્રોક્ટર રોડથી સ્લેટર રોડની શેરીમાં આંટા મારું છું જે એક સમયે મારો વેંચાણ વિસ્તાર હતો, અથવા ઢાકે કોલોનીથી અંધેરી સ્ટેશન સુધી જ્યાં હું રોજ ૪૦ પૈસા બચાવવા ચાલી નાંખતો.

આ દરેક સ્થળ મને યુરેકા ફોર્બ્સના સેલ્સમેન તરીકે બારણે બારણે ફરવાથી જે મેં શરૂઆત કરી હતી તેની મને યાદ અપાવે છે; અને સુકન્યામાં પીણું પીતી વખતે હું મારા જીવન તરફ નજર કરું છું – એક પ્રમાણમાં સગવડભર્યું ઘર, બહાર ઊભેલી એસ-ક્લાસ મર્સીડીસ, જીવનની સુખ સગવડો તથા સમૃદ્ધિ, સ્માર્ટ, પરિવર્તન પામેલી લાખો જીંદગીઓ અને મેળવેલ માન તથા આબરુ – ત્યાંથી આજે હું જ્યાં ઊભો છું ત્યાં સુધી જીવનમાં પ્રમાણમાં ઘણું મોટું મેળવ્યાનો સમજણ, મારામાં એ હિંમત, માન્યતા અને આત્મ-વિશ્વાસ દાખલ કરે છે કે આગળનો માર્ગ પણ કંઈ ખાસ જૂદો નથી.

આજની દુનિયામાં એકલી છોડી દેવાયેલ વ્યક્તિ જીવનનો ઉત્સાહ ગુમાવે છે, નકારાત્મક શબ્દો, વિચારો તથા કાર્યો વિકસાવે છે અને વિધ્વંસક નિર્ણયો કરે છે જે જીવનને સંપૂર્ણપણે બદલી નાખી શકે. પરંતુ જીવનને મહત્તમ બનાવનાર માટે, તમારે એવી સપોર્ટ સીસ્ટમ અને મીકેનીઝમ તમારી ફરતે બનાવવા પડે જે ખાતરી રાખે કે સૌથી હતાશાત્મક પરિસ્થિતિઓમાં પણ તમે સકારાત્મક અને પ્રગતિશીલ રહો.

તમારા CMO $_s$ (ચીફ મોટીવેટીંગ ઑફિસર્સ), પુસ્તકો, ઓડીયોઝ, વીડીયોઝ અને ભૂતકાળ સાથે જોડાવાના માર્ગો મારા કરતાં ખૂબ જુદા હોઈ શકે, આથી હું એવા કોઈ પુસ્તકો, અથવા ઓડીયો કે વીડીયોની ભલામણ નથી કરતો જે તમારા મીકેનીઝમ તરીકે કામ કરી શકે. તમારી પોતાની સપોર્ટ સીસ્ટમ વિકસાવો જે તમને ક્ષણિક નિર્લેપતા તથા દુઃખોથી બહાર કાઢી શકે.

તમને તમારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં પ્રેરિત રહેવા માટે તમે જેનો ઉપયોગ કરશો તેવા તમારા CMO $_s$, પુસ્તકો, ઓડીયોઝ તથા વીડીયોઝ અને ભૂતકાળ સાથે જોડનાર માર્ગોની સૂચિ બનાવો.

CMO $_s$

____

____

પુસ્તકો, ઓડીયોઝ, વીડીયોઝ :

ભૂતકાળ સાથે જોડનાર :

જ્યારે તમે નાહિંમત થાવ ત્યારે આ મીકેનીઝમનો ઉપયોગ કરવાનું યાદ દેવાનો આદેશ તમારે તમારી જાતને આપવાનો છે અને છતાં તમારું મગજ યુક્તિઓ કરશે, તમને આ માર્ગોથી દૂર રાખશે, પરંતુ તમારા આદેશની તાકાત એટલી હોવી જોઈએ કે તે આવા અવરોધોથી ઉપર ઊઠી શકે.

તમે જ્યારે જીવનના પડકારજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યા હોવ ત્યારે તમે આ આદેશ આપી ન શકો. તે તમારે આજે જ આપવા પડે અને દરરોજ તમારી જાતને તે યાદ અપાવ્યા કરવું પડે. જેથી આપણને ઘેરી વળતા ભયો તથા અસલામતીઓનો સામનો કરવો પડે ત્યારે તમે તેને સમર્પિત રહી શકો.

મેં જ્યારે મારી યુરેકા ફોર્બ્સમાં કારકીર્દિ શરૂ કરી ત્યારે ૪, ઓક્ટોબર, ૧૯૮૫ના દિવસે મારી જાતને આ આદેશો આપ્યા. હું જ્યારે ૧૯,૨૯,૩૯,૪૫ અને આજે ૪૯નો છું ત્યારે આ સિદ્ધાંતોને અનુસર્યો છું. જીવન મારા તરફ જે પણ પડકાર ફેંકે તેની સાથે લડવા માટે હું સંપૂર્ણ ઉત્તેજીત અને ઊર્જાવાન છું અને આખી દુનિયા જીતવા માટે તૈયાર છું.

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે. અગીયારમાંનો છઠ્ઠો આદેશ :

તમારા વિચારો, શબ્દો તથા કાર્યો જાહેર કરો.

આદેશ
૭
આજીવન નેતા બનવાનું જાહેર કરો

હેતુહીન જીવન કોઈના પર અસર છોડતું નથી.

આ પુસ્તકની શરૂઆતમાં મેં કહ્યું છે તેમ આ પુસ્તક સામાન્ય સંજોગો હેઠળ સામાન્ય જીવન જીવતા સામાન્યજન માટે નથી. તે એવા લોકો માટે છે જેમનામાં કંઈક અસામાન્ય કરવાની હિંમત અને ગટ્સ હોય અને આ કરવાની પ્રક્રિયા, યથાવતતાને છોડવી, સ્વીકારેલા ધોરણો તોડવાં, તેમના અંગત અને વ્યાવસાયિક પડકારોને લડત આપવી અને એવી રીતે નામ, કીર્તિ અને આબરૂ ઘડવાં કે જે દુનિયા પર એવી કાયમી છાપ છોડી શકે કે તે તેમની આ ગ્રહની લીધેલી મુલાકાત ધ્યાન પર લે. લોકોનો આવો "પ્રકાર" "નેતાઓ" તરીકે જાણીતો છે.

જોએલ બાર્કરે કહ્યું છે તેમ,

"એક નેતા એ એવી વ્યક્તિ છે જેને તમે એવા સ્થળે જવા માટે પસંદ કરો છો જ્યાં તમે તમારી મેળે નહીં જાવ."

આગળ વધતાં પહેલાં આ વ્યાખ્યા ઓછામાં ઓછી ચાર વાર વાંચો.

આ એક સામાન્ય વિચારક અથવા દાર્શનિક વડે કરાયેલ કોઈ સામાન્ય વિધાન નથી. આ નેતાગીરી પરની સૌથી મહાન અધિકાર પાત્ર વ્યક્તિ, જોએલ બાર્કર વડે વ્યક્ત કરાયેલ ખૂબ જ ગહન વ્યાખ્યા છે. એક એવી વ્યાખ્યા જેને જો સારી રીતે સમજવામાં અને પાકી કરવામાં આવે તો અત્યાર સુધીનો નેતાગીરી પરનો સૌથી મહાન "ગુરુમંત્ર" બની શકે તેમ છે અને સર્વના લાભાર્થે હું તે ફરી કહીશ,

"એક નેતા એ એવી વ્યક્તિ છે જેને તમે એવા સ્થળે જવા માટે પસંદ કરો છો જ્યાં તમે તમારી મેળે નહીં જાવ."

જ્યાં તમે તમારી મેળે જવાની હિંમત ન કરો તેવાં સ્થળ વિશેનાં કોઈ વિચાર કર્યા છે? સૌથી સર્વ સામાન્ય જવાબ છે "ભવિષ્ય".

તો પછી તેના પછીનો પ્રશ્ન છે, "શા માટે તમે ભવિષ્ય પાસે તમારી મેળે નહીં જાવ?" તમારા વતી હું જ જવાબ આપી દઉં – ભવિષ્ય ડરામણું છે, તે અજ્ઞાત અને ચકાસ્યા વગરનું છે. તે શંકાસ્પદ, કંપારી ઉપજાવે તેવું અને બિહામણું, અચોક્કસતા અને અસલામતીથી ભરપૂર, જોખમો તથા ડરથી ભરપૂર છે. ભવિષ્યનો અર્થ મૃત્યુ અથવા સંપૂર્ણ વિનાશ પણ થઈ શકે છે. આ કોઈ સામાન્ય રમત નથી, અને જે લોકો જીવનમાં અસામાન્યતા પ્રાપ્ત કરવા માંગે છે, જેની કલ્પના કરી શકે છે પરંતુ એકલા પ્રાપ્ત કરી શકતા નથી તેવી મહત્ત્વાકાંક્ષાઓ તથા ઇચ્છાઓ સુધી પહોંચવા માટે તેમને એક નેતાની જરૂર પડે છે – એક એવી વ્યક્તિ જેને અનુસરવાનું તેઓ "પસંદ" કરે છે – અહીં "પસંદ" શબ્દ જ ઘણો તફાવત ઊભો કરે છે.

હું ઘણા લોકોને – એટલે કે નેતાઓને – તેમનાં સૂચનો ન સાંભળવા માટે અથવા તેમના આદેશોને ન પાળવા માટે તેમના હાથ નીચેના માણસો પર વ્યથિત અને ગુસ્સે થતા જોવું છું. તેઓ એ સમજવામાં નિષ્ફળ જાય છે કે અનુયાયી તેમને અનુસરે તે માટે તેમના પર પ્રભાવ પાડવાનું નેતાઓના હાથમાં નથી પરંતુ એ સ્પષ્ટ રીતે અનુયાયીની પસંદ છે કે જેને તે નેતા ગણે છે તે વ્યક્તિને તેણે અનુસરવી કે નહીં અને આથી, તમારા જીવનને મહત્તમ બનાવવા માટે તમારે એ જાહેર કરવું જોઈએ કે તમે આજીવન નેતા બની રહેશો.

અને લોકો જેને અનુસરવાનું પસંદ કરે તેવા એક નેતા હોવા માટે, તમારે એવી વિશિષ્ટ ક્ષમતાઓ, સામર્થ્ય અને ગુણો વિકસાવવા પડશે જે લોકોને પ્રભાવિત કરે. તમારે એટલું મજબૂત ચારિત્ર્ય ઘડવું પડશે કે લોકો તમારી સાથે હોવા ઇચ્છે; તમારે એવી ભાષા વિકસાવવી પડશે જે એટલી ચેપી હોય કે લોકો તમારી સ્પર્ધા કરવા ઇચ્છે. નેતાગીરીનાં અસાધારણ લક્ષણો પ્રદર્શિત કરવાં જ પડશે.

વ્યક્તિ યોગાનુયોગે નેતા નથી બની શકતી. તેને માટે આયોજન કરવું પડશે. એ એક વખતનો નિર્ણય નથી, પરંતુ એક આજીવન જાહેરાત છે જે માત્ર તમારાં મૃત્યુ સાથે જ બદલાશે અને તેમ કરવા માટે તમારે ૨૬,૩૫,૪૩ અથવા તમારી જે કોઈ પણ ઉંમર હોય ત્યારે, જાહેર કરવું પડશે કે તમે આજીવન નેતા બની રહેશો અને આ જવાબદારીના માર્ગમાં જે કાંઈ પણ આવે તેને ન્યોચ્છાવર કરવા ઇચ્છુક છો!

મેં છેક ૧૯૮૫માં જ્યારે મેં યુરેકા ફોર્બ્સમાં મારી કારકીર્દિની શરૂઆત કરી ત્યારે આવો નિર્ણય કર્યો હતો અને ૧૯૯૨માં જ્યારે હું મારી થનાર પત્ની સિંધુને મળ્યો ત્યારે તે જાહેરાતની શું અસર થઈ તે તમને જણાવું. અમે પરણ્યા તે પહેલાં, સગાઈના શરૂઆતના દિવસોમાં, મને યાદ છે કે હું તેને કહેતો, “સિંધુ, તું કોઈ સામાન્ય માણસને નથી પરણવાની. હું એક નેતા છું અને મારું જીવન લોકોમાં પરિવર્તન લાવવાનાં કામને સમર્પિત છે. સામાન્ય પતિ દેવોની જેમ હું સાંજે ૫-૩૦ વાગે ઘેર આવું, શની રવિમાં તને ફીલ્મ જોવા તથા જમવા માટે બહાર લઈ જાઉં, અને જ્યારે પણ તું નાદુરસ્ત હોય ત્યારે તારી પડખે રહું તેવી અપેક્ષા ન રાખતી. તને મારો એટલો જ સમય મળશે જેટલો બીજા લોકોને મળતો હોય, કારણ કે મારી પાસે પરિપૂર્ણ કરવા માટે એક ઉદ્દેશ છે, સિદ્ધ કરવાનું એક મિશન છે, એક દુનિયા બદલવાની છે અને તે હંમેશાં મારી પ્રાથમિક્તા રહેશે.”

અને તે દિવસથી આજ સુધી મેં એક નેતાની જેમ કામ કર્યું છે, એક નેતાની જેમ વર્તન કર્યું છે, એક નેતાની જેમ જીવ્યો છું અને હું મારા છેલ્લા

શ્વાસ સુધી એક નેતા જ રહેવાનો છું.

નેતાઓની વ્યાખ્યા આ રીતે પણ થઈ શકે, **"વ્યક્તિઓ કે જેઓ સામાન્ય લોકોને જીવનનાં દરેક ક્ષેત્રમાં નિર્દેશન આપી શકે – અંગત, વ્યાવસાયિક તથા આધ્યાત્મિક – અને આમ કરીને સ્વીકારી લીધેલ ધોરણો, ફીલોસોફીઓ, રિવાજો, સંસ્કૃતિ તથા સમાજની ગોઠવાયેલી રીતોને પડકારે."**

ઉપરની વ્યાખ્યાને લખું છું ત્યારે, અને તેના એક એક શબ્દને વાંચતી વખતે મને એક મહિનાની યાદ આવે છે જે આ વ્યાખ્યાના દરેકે દરેક શબ્દના દષ્ટાંતરૂપ છે; હકીકતમાં મારે માટે એમ કહેવું ખોટું નહીં હોય કે તેનાં જીવને મને આ વિચાર-ઉશ્કેરનાર વ્યાખ્યા લખવા માટે પ્રેર્યો છે.

કેટલાક પ્રતિષ્ઠિત એવોર્ડસ તથા માનઅકરામોનાં વિજેતા મેડમ ક્યુરી નોબેલ પ્રાઇઝ જીતનાર પ્રથમ મહિલા, અને બે જુદાં જુદાં ક્ષેત્રોમાં તે જીતનાર એક માત્ર મહિલા હતાં અને બે વિજ્ઞાન (ભૌતિક શાસ્ત્ર તથા રસાયણ શાસ્ત્ર)માં ઇનામ જીતનાર તેઓ એક માત્ર વ્યક્તિ છે. તેણીની જાતિને કારણે તેનાં માદરેવતન પોલેન્ડમાં ઉચ્ચ અભ્યાસથી વંચિત હોવાથી, ક્યુરીએ સ્વીકારેલાં ધોરણો, ફીલોસોફીઓ, રિવાજો તથા સમાજની ગોઠવાયેલી રીતોને પડકારી અને પોતાના ભૌતિકશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર તથાગણિતના રસને આગળ વધારવા માટે પેરીસ ચાલ્યાં ગયાં.

તેમના પતિ પીયરે ક્યુરીની સાથે સાથે તેમણે પણ કેટલાક અંગત અને વ્યાવસાયિક આઘાતો તથા પતનોનો સામનો કર્યો, પરંતુ તેણે વર્ષો સુધી કુદરતી વિજ્ઞાનમાં સંશોધનો કરવાનું ચાલુ રાખ્યું અને દુનિયાને બે મહત્ત્વની રેડીયો એક્ટીવ શોધો 'પોલોનીયમ' તથા 'રેડીયમ'ની ભેટ ધરી.

આ ગ્રહ પરના તેમના ટૂંકા વસવાટમાં તેણીએ 'રેડીએશન'ને એવા માર્ગ તરીકે રજુ કર્યા જેના વડે સફળતાપૂર્વક કેન્સરની સારવાર થઈ શકે, આમ કેન્સરના શરૂઆતના તબક્કામાં શક્ય સારવાર દાખલ કરી.

તે સમયે આયોનાઇઝીંગ રેડીએશનની નુકસાનકર્તા અસરોથી અભાન અને તેના વિશે જાણવા માટે પરવા પણ કર્યા વગર; તેણીએ સલામતીનાં કોઈ પગલાં લીધા વગર ખૂલ્લા રોડ્સમાં પોતાનું સંશોધન કાર્ય કરવાનું ચાલું રાખ્યું. તેણી પોતાનાં ખીસ્સામાં રેડીયોએક્ટીવ આઇસોટોપ્સ ભરેલી ટેસ્ટ ટ્યુબ લઈ જતી, અને તે જાણે સામાન્ય કણો હોય તેમ તેમને ટેબલનાં ખાનામાં સંગ્રહ કરતી, પરંતુ તેણે આ બીમારીનાં જોખમ અથવા મૃત્યુના ભયને ક્યારેય પોતાને અટકાવવાની છૂટ ન આપી અને આ પ્રક્રિયામાં તેણી પોતે લાંબા ગાળા સુધી રેડીએશન તરફ ખૂલ્લા રહેવાને કારણે થતી

એપ્લાસ્ટિક એનીમીયા નામની બીમારીનો ભોગ બની અને આજ સુધી જે વહાલો લાગે છે તેવો વારસો પાછળ છોડીને ૬૬ વર્ષની વયે મૃત્યુ પામી.

જે રેડીયો એક્ટીવીટી હેઠળ તેણીએ કામ કર્યું તેનું સ્તર એટલું બધું ઊંચું હતું અને તેની અસર એટલી બધી જીવલેણ હતી કે ૧૮૯૦થી તેમનાં જે સંશોધન પત્રો હતા તેમને હજી સુધી જમીનની નીચે ખોખાંઓમાં રખાયાં છે અને જેઓને તે જોવાની જરૂર પડે છે અને તેઓ તેના સીધા સંપર્કમાં આવતાં પહેલાં રક્ષણાત્મક વસ્ત્રો પહેરે છે પરંતુ જ્યારે મેડમ ક્યુરી રેડીયોએક્ટીવીટીની તેમની શોધની તૃષામાં હતાં ત્યારે આમાંનાં કોઈ સલામતી પગલાં હતાં જ નહીં. તેમની આ શોધ તેમનાં મૃત્યુ પછી આવનારાઓ માટે આ દુનિયાને એક વધુ સારું સ્થાન બનાવવા માટે દુનિયાને કંઈકની ભેટ આપવા માટે હતી.

નેતાઓની તીવ્રતા, સમર્પિતતા તથા વચનબદ્ધતા એવી છે જે કે જ્યારે તેઓ તેમનો ઉદ્દેશ આગળ વધારે ત્યારે જીવન પોતે પણ બીનમહત્ત્વનું લાગે છે.

તેણી સાચા અર્થમાં એક આગેવાન હતી અને તેણી આ ગ્રહ પર જીવી ત્યાં સુધી દુનિયાએ તેને અનુસરવાનું પસંદ કર્યું. તેણીએ પોતાની શોધ કરી ત્યારથી લાખો સામાન્ય માણસો જનમ્યા છે અને મૃત્યુ પામ્યા છે, અને તેમણે તેમની આસપાસ રહેલાઓ ઉપર પોતાની હાજરી પણ વરતાવા નથી દીધી.

આગેવાનો આ એક જ જીવનમાં જે કરવાનું નક્કી કરે છે, તે તેમને સામાન્યજનથી જુદા પાડે છે, અને એજ વસ્તુ તેમને અવિસ્મરણીય બનાવે છે. તેઓ પણ અસંખ્ય આઘાતો અને નિષ્ફળતાઓનો અનુભવ કરે છે, પરંતુ તેઓ આ નિરાશાઓને પોતાને અટકાવવાની છૂટ નથી આપતા. તેઓ નેતાઓના આ સૌથી મહત્ત્વના ગુણમાં દૃઢતાપૂર્વક માને છે.

જલદી સફળ થવા માટે ઝડપથી નિષ્ફળ થાવ!

નેતાઓની ખૂબી એ છે કે સામાન્ય માણસ જેની હિંમત પણ ન કરે તેવા પડકારો ઉઠાવવા તેઓ તૈયાર હોય છે અને તેઓ તેમના અંગત અને વ્યાવસાયિક દેખાવના ક્ષેત્રમાં કસોટીરૂપે થવા માટે ઇચ્છુક હોય છે અને પછી તે સફળતા તથા નિષ્ફળતાનો ઉપયોગ તેમની નિષ્ફળતા તથા સફળતામાં સુધારો કરીને પછીનાં સ્તર પર જવામાં કરે છે. તેઓ ચકાસાવા, મપાવા તથા મજાક બનવા ઇચ્છુક હોય છે અને જ્યારે દુનિયા વડે તેમને મપાશે ત્યારે જે સત્ય બહાર આવશે તેનાથી તેઓ ડરતા પણ નથી હોતા. તેઓની ઠઠ્ઠા મશ્કરી થાય, નબળા આવડત વગરના તરીકે

ખૂલ્લા કરવા મહત્ત્વાકાંક્ષી મૂર્ખાઓ ગણાવા ઇચ્છુક હોય છે અને છતાં તેમનો સર્જનનો, શ્રેષ્ઠતાનો ઉદ્દેશ આગળ વધારવાનું ચાલુ રાખે છે. તેઓ હાર સ્વીકારવા અને બધું નવેસરથી શરૂ કરવા તૈયાર હોય છે. તેઓ તેમના ઉદ્દેશ માટે તેમનો વર્તમાન મોભો, તેમની સલામતી, તેમની આત્મ છબી ગુમાવવાથી ડરતા નથી અને આ રીતે તેઓ આગેવાનો બને છે – જીવનને મહત્તમ કરનારાઓ!

ઘટનાઓની આ શ્રેણી પર નજર કરો :

૧૮૩૧ – નોકરી ગુમાવી.

૧૮૩૨ – ઇલીનોઇસ સ્ટેટ લેજીસ્લેચરની દોડમાં હાર થઈ.

૧૮૩૩ – વ્યાપારમાં નિષ્ફળ ગયા.

૧૮૩૪ – ઇલીનોઇસ સ્ટેટ લેજીસ્લેચરમાં ચૂંટાયા

૧૮૩૫ – પ્રિય મિત્ર મૃત્યુ પામી.

૧૮૩૬ – નર્વસ બ્રેક ડાઉનનો ભોગ બન્યા.

૧૮૩૮ – ઇલીનોઇસના હાઉસ સ્પીકરની દોડમાં હાર્યા.

૧૮૪૩ – યુ.એસ. કોંગ્રેસમાં નોમીનેશન રાતની દોડમાં હાર્યા.

૧૮૪૬ – કોંગ્રેસમાં ચૂંટાયા.

૧૮૪૮ – રીનોમીનેશન ગુમાવ્યું.

૧૮૪૯ – લેન્ડ ઑફિસરના હોદ્દા માટે નકારાયા.

૧૮૫૪ – યુ.એસ.ના સેનેટની દોડમાં હાર્યા.

૧૮૫૬ – વાઇસ પ્રેસીડન્ટ માટે નોમીનેશનની દોડમાં હાર્યા.

૧૮૫૮ – યુ.એસ.ના સેનેટ માટેની દોડમાં ફરી હાર્યા.

૧૮૬૦ – યુનાઇટેટ સ્ટેટ ઑફ અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા.

(રોન કુર્તુસ, સ્કુલ ફોર ચેમ્પીયન્સ એજ્યુકેશનલ એન્ડ પર્સનલ ડેવલપમેન્ટ વેબસાઇટના સ્થાપક દ્વારા)

આ વાત યુનાઇનટેડ સ્ટેટ ઑફ અમેરિકાના વહાલા અને સફળ તથા રીપબ્લીક પાર્ટીમાંથી આવતા પ્રથમ પ્રમુખ અબ્રાહમ લીંકનની છે. લીંકન નિષ્ફળતાથી ક્યારેય ડર્યા નહીં; ખરેખર તો તેમનું જીવન નિષ્ફળતાઓની

શ્રેણી છે. જેણે તેમને એવી વ્યક્તિમાં બદલી નાખ્યા જેણે આ નિષ્ફળતાઓને ભાવિ સફળતાઓ માટેનું પગથીયું બનાવી દીધી.

હવે આપણે કોર્પોરેટ દુનિયામાં આવીએ, જે નિષ્ફળતા તથા સફળતાઓનો મહાસાગર છે. આજે વ્યાપાર ચુંબક, ફીલેન્થ્રોપીસ્ટ તથા સામાજિક ઉદ્યોગપતિ તરીકે જાણીતા હેન્રી ફોર્ડ તેમનાં જીવનમાં ખરેખર કેટલીક વખત નિષ્ફળ ગયા હતા:

- → જ્યારે તેમણે પ્રથમ વાર ડેટ્રોઇટ ઓટોમોબાઇલ કંપની શરૂ કરી, ત્યારે વેંચી શકાય તેવી એક પણ કારનું ઉત્પાદન કર્યા વગર જ્યારે ફોર્ડે ૮૬૦૦૦ ડોલર્સ ખર્ચી નાખ્યા તે પછી તેમના રોકાણકારોનું પ્રથમ જુથ પાછું ખસી ગયું.
- → છેવટે તેમણે એક કારનું ઉત્પાદન કર્યું અને શેર મુડીમાં બીજા ૬૦,૦૦૦ ડોલર્સ ઊભા કર્યા પરંતુ ૧૯૦૧માં ઊંચી કિંમત અને નીચી ગુણવત્તાની ગ્રાહકોની ફરિયાદને કારણે ડેટ્રોઇટ ઓટોમોબાઇલ કંપનીએ દેવાળું ફૂક્યું.
- → તેમણે શરૂ કરેલી બીજી કંપની, હેન્રી ફોર્ડ કંપની, ભાગીદાર સાથેની લડાઈને કારણે પડી ભાંગી.
- → ૧૯૨૦ના પાછલા ભાગમાં ફોર્ડે મોડેલ T કારને અપડેટ કરવાની અથવા કોઈ નવાં મોડેલો બહાર પાડવાની ના પાડી, જે તેમની ત્રીજી કંપની, ફોર્ડ મોટર કંપનીને નીચાં વેંચાણને કારણે તુટી પડવા તરફ દોરી ગઈ.
- → તેમણે રાજકીય કારકીર્દિ બહાર પાડવાનું નક્કી કર્યું પરંતુ ક્યારેય સફળ ન થયા.
- → તેઓ તેમની ઉદ્યોગપતિ તરીકેની યાત્રામાં નિષ્ફળ ગયા અને પાંચ વખત પડી ભાંગ્યા.

અને છતાં આ એજ હેન્રી ફોર્ડ છે જેઓ કાર એન્જીનીયરીંગ, એસેમ્બલી લાઇન પ્રોડક્શન, વ્યાપાર, વ્યાપારમાં સામાજિક નેતાગીરી, શિક્ષણ અને અન્ય ક્ષેત્રોમાં ક્રાંતિ લાવનાર તરીકે પ્રખ્યાત છે અને તેમણે સેંકડો નિષ્ફળતાઓને જીતીને છેક ૧૯૦૩માં શરૂ કરેલી ફોર્ડ મોટર કંપની ૨૦૧૦ના વાહન વેંચાણને આધારે આજે, યુ.એસ. બેઝડ ઓટોમેકરમાં બીજી સૌથી મોટી અને દુનિયામાં પાંચમી સૌથી મોટી કંપની છે. તેઓ નિષ્ફળ ગયા, નિષ્ફળ ગયા અને નિષ્ફળ ગયા અને આ બધી નિષ્ફળતાઓ વચ્ચે તેમણે તેમની સફળતા માટેનો માર્ગ કંડાર્યો, પરંતુ

ક્યારેય કોઈ વસ્તુને તેમને અટકાવવાની અથવા તેમની ક્ષમતાને પડકાર ઉપાડવા દેવાની મનાઈ કરવાની છૂટ ન આપી!

નિષ્ફળતાએ માત્ર આ વખતે વધુ બુદ્ધિપૂર્વક ફરી શરૂ કરવા માટેની તક છે.

— હેન્રી ફોર્ડ

બીજો માણસ જે આજે અમેરિકાના સૌથી સરસ ફિલ્મ પ્રોડ્યુસર્સ, ડાયરેક્ટર્સ, સ્ક્રીન રાઇટર્સ, વોઇસ એક્ટર્સ, એનીમેટર્સ, ઉદ્યોગપતિઓ, મનોરંજકો તથા ફીલોસોફીસ્ટસ પૈકીના એક તરીકે ઓળખાય છે તેનો નિષ્ફળતાનો ઇતિહાસ હેન્રીફોર્ડ કરતાં ખાસ અલગ નથી અને નંબરમાં ઘણો વધારે વિસ્તૃત છે :

→ વોલ્ટ ડીઝનીને તેનામાં કલ્પનાશક્તિનો અભાવ અને તેની પાસે કોઈ સારા વિચારો ન હોવાને કારણે એક વર્તમાનપત્રના તંત્રી વડે કાઢી મૂકાયા હતા.

→ ૨૨ વર્ષની ઉંમરે કેન્સાસ સીટીમાં એક કાર્ટુન શ્રેણીની નિષ્ફળતા પછી તેણે દેવાળીયા થવાનો અનુભવ કર્યો હતો.

→ ‘ઓસ્વાલ્ડ ધ લકી રેબીટ’ (તેનાં સફળ કાર્ટુ પાત્રોમાંનું એક) સાથે સફળતાની દોડમાં, વોલ્ટે જાણ્યું કે માત્ર તેના ડીસ્ટ્રીબ્યુટર્સે જ અન્યાયી રીતે આ પાત્રની માલીકી નહોતી મેળવી લીધી, પરંતુ જે કલાકારો તેની સાથે કામ કરતા હતા, તેમાંના મોટાભાગનાએ પણ તેને બદલે ડીસ્ટ્રીબ્યુટર સાથે કામ કરવાનું વચન આપી દીધું હતું. મૂળભૂત રીતે, વોલ્ટનું આખું તંત્ર તેની પાસેથી લઈ લેવાયું હતું અને તેને પોતાને માટે ભરણપોષણ કરવા તથા બધું નવેસરથી શરૂ કરવા છોડી દેવાયો હતો.

→ ઓસ્વાલ્ડનું સ્થાન લેવા માટે તેણે મીકીમાઉસમાં નવાં પાત્રનું સર્જન કર્યું અને જ્યારે તેણે ૧૯૨૭માં મીકીમાઉસને વેંચવા માટે MGM સ્ટુડીયો મેળવવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેને કહેવામાં આવ્યું કે તેનો વિચાર ક્યારેય કામ નહીં કરે. પડદા પર એક વિશાળ કાય ઉંદર મહિલાઓને ડરાવી દેશે.

→ જ્યારે તેણે પ્રથમ વખત ડીઝની લેન્ડની વિચારની વિભાવના તૈયાર કરી અને તેને દુનિયા સામે પ્રગટ કરી ત્યારે આ પાર્કને અનાહેઇમ શહેર વડે એ મુદ્દા પર નકારવામાં આવ્યો કે તે માત્ર રઝળતા લોકોને જ આકર્ષશે.

→ તેણે ડીઝનીલેન્ડ ઊભું કર્યું તે પહેલાં કેટલીક વખત તે દેવાળીયો બન્યો, પરંતુ તે વળગી રહ્યો.

વોલ્ટે છોડી દેવા સિવાય બધું જ કર્યું. લાંબાગાળે તેના જમા ખાતે ૮૧ ફીચર ફીલ્મ્સ અને સેંકડો ટૂંકી ફિલ્મો સાથે ચોક્કસપણે તે સફળ રહ્યો છે. તેણે ૪૮ એકેડમી એવોર્ડસ અને ૨૨ ઓસ્કર એવોર્ડસ સહીત કુલ ૯૫૦ એવોર્ડસ મેળવ્યા છે અને કેલીફોર્નિયા ઇન્સ્ટીટ્યુટ ઑફ આર્ટસની સ્થાપના પણ કરી છે.

અબ્રાહમ લીંકન, હેન્રી ફોર્ડ અથવા વોલ્ટ ડીઝની, તેઓ બધા કેટલીક વખત નિષ્ફળ ગયા અને તેમનાં જીવન તથા તેમની કંપનીઓ/ઉદ્દેશોને ફરી સજીવન કર્યા અને તેમને અકલ્પનીય ઊંચાઈ સુધી લઈ ગયા. આજે તેઓ તેમની સફળતાઓ તથા સિદ્ધિઓ માટે પ્રખ્યાત છે. તેમના હંગામી આઘાતો કે નિષ્ફળતાઓ માટે નહીં.

માત્ર જેઓ મહાનતાપૂર્વક નિષ્ફળ જવાની હિંમત કરે છે
તેઓ જ મહાનતાપૂર્વક સિદ્ધ કરે છે.

— રોબર્ટ એફ. કેનેડી.

તમારા જીવનની મોટી નિષ્ફળતાઓ, તે દરેકમાંથી તમે શીખેલો એક બોધપાઠ અને ભવિષ્યમાં જ્યારે એવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડે ત્યારે તમારું વલણ કેટલું જૂદું હશે તેની સૂચિ બનાવો.

નિષ્ફળતાઓ	શીખેલ બોધપાઠ	નવું વલણ

'પ્રતિશોધની શક્તિ' : એક નેતાની સૌથી આવશ્યક ખાસીયત

'પ્રતિશોધ' શબ્દને ઘણી વાર ગુજરાતી ભાષામાં, 'વેર' 'પ્રતિહિંસા' અથવા 'પ્રતિકાર'ની નકારાત્મક રીતે લેવામાં આવે છે. એક પ્રતિશોધપૂર્ણ વ્યક્તિને મોટેભાગે ખરાબ દૃષ્ટિથી જોવામાં આવે છે અને આંખ સાટે આંખ લેવા માટે કૃતનિશ્ચયી, માફી ન આપનાર જીવ ગણાય છે. અત્યાર સુધી આપણે જેની ચર્ચા કરતા આવ્યા છીએ તેના કરતાં ઘણી દૂરની વ્યક્તિ.

અને છતાં આ એજ 'પ્રતિશોધ' છે જે એક નેતાને બનાવવા માટેની સૌથી આવશ્યક સામગ્રી છે. એક 'આંતરિક પ્રતિશોધ' વગરની વ્યક્તિ એ એક એવા નેતા જેવી છે જેના પેટમાં લોકોને દોરવા માટે, સમસ્યાઓ ઉકેલવા માટે, અને દુનિયાને બદલવા માટે જરૂરી આગ નથી. અહીં આપણે એક નેતાનાં જીવનમાં પ્રતિશોધ જે સકારાત્મક અસર સર્જે છે તેની વાત કરીએ છીએ.

પ્રતિશોધ એ એક અંગત ગુસ્સો છે જે તમને જે કાંઈ પણ કહેવાયું છે અથવા દોષારોપણ કરાયું છે તેને ન સ્વીકારવા માટે તથા વળતી લડત આપવા માટે ખૂબ જ સભાનપણે, ખૂબ જ ઇરાદાપૂર્વક તમે તમારી અંદર ઉત્પન્ન કરો છો.

હું આને તમારા માટે વિસ્તૃત કરીશ.

પ્રતિશોધ એ એક ખાનગી ગુસ્સો જેને 'તમે' ઉત્પન્ન કરો છો. તે આકસ્મીક કે સહઆકસ્મિક કે કોઈકના વડે તમારા પર દબાણપૂર્વક લદાયેલ નથી; આ એક અતિશય સભાન અને ઇરાદાપૂર્વકની પસંદગી છે. એ જાણે લોકો તમારે માટે મુશ્કેલીઓ ઊભી કરે તેની રાહ જોતા હો તેવું છે – જાણે કોઈક તમને કહે કે તમે આ ન કરી શકો. તમે આને લાયક નથી – અને ખરેખર જે ક્ષણે તમે જે સાંભળવાની રાહ જોતા હતા તે કાંઈક તમને કહે ત્યારે તમે તમને જે કરવાની મનાઈ કરવામાં આવી છે અથવા જે તમારા સ્તરે શક્ય નથી તેમ કહેવાયું છે, તે કરવા માટે તમારી અંદર એક વિશિષ્ટ પ્રકારનો ગુસ્સો પ્રગટાવો છો.

ભલે આ એક નકારાત્મક વલણ છે જે વેર-બદલો લેવાનું દર્શાવે છે, પરંતુ તે તમે શેને લાયક છો તે દુનિયા પાસે સાબિત કરવા માટે તમારા આંતરિક નિર્ણયને માર્ગ આપે છે. આ 'પ્રતિશોધની શક્તિ' તરીકે ઓળખાય છે, જે એક નેતામાં હોવી અતિઆવશ્યક છે. તે દુનિયાને વધુ સારું સ્થળ બનાવવા માટે તથા આસપાસની વસ્તુઓમાં પરિવર્તન લાવવા માટે જરૂરી કઠીનતા, નિષ્ઠુરતા તથા ચાલકબળને બહાર લાવે છે.

મને તે પરવડે તેમ ન હોય તેવા કારણથી અથવા કોઈકને લાગે કે હું તેને લાયક નથી તેથી મને કોઈ પણ વસ્તુની ના પાડવામાં આવતી તે દરેક વખતે, તેણે તે વસ્તુ પ્રાપ્ત કરવાના મારા નિર્ણયને માત્ર મજબૂત કર્યો છે અને મારા આંતરિક પ્રતિશોધની શક્તિનો ઉપયોગ કરીને મેં મારી જાતને તેમ કરવા માટે વધુ ઉગ્ર બનાવી છે.

છેક ૧૯૮૦માં, જ્યારે હું મારી કિશોરાવસ્થાના અંતભાગમાં હતો, મારા મકાનમાં એક માણસ રહેતો હતો. અમે બાળપણના મિત્રો હતા અને

એક જ મકાનમાં રહેતા હોવાથી અમારી વચ્ચે ઉષ્માભર્યા સંબંધો હતા. તેને ઘણો વહેલો શાળામાંથી કાઢી મૂકાયો અને હું ચાલુ રહ્યો અને મારું સ્નાતકનું ભણતર પૂરું કર્યું. તેણે કેન્ડીવાઇન્સ (દારુની દુકાન)માં સ્પોટ-સેલીંગ એજન્ટ તરીકે કામ કર્યું અને તે નોકરીમાંથી સારું કમીશન રળતો હતો. તે દિવસોમાં ૫૦CC નાં વાહનો નવાં જ બહાર પડ્યાં હતાં અને તેણે તાજેતરમાં જ પોતાની કમાણીમાંથી એક TVS 50 ખરીદ્યું હતું. તેને તે મકાનના દરવાજાની બરાબર સામે પાર્ક કરતો. એક દિવસ હું મકાનમાં પ્રવેશતો હતો ત્યારે મેં તેને તેનું વાહન પાર્ક કરતો જોયો, મારાં હૃદયમાં ઓચિંતી તે ચલાવવાની ઇચ્છા જાગી અને મેં તેના વાહન પર એક ચક્કર મારવા દેવાની તેને વિનંતી કરી.

એક ક્ષણ તેણે મને જાણે મેં કોઈક ગુનો કર્યો હોય તેમ પગથી માથા સુધી જોયો, પછી તેનાં વાહન સામે જોયું અને પછી મોટેથી તે વાહનની કિંમત જાહેર કરીને બોલ્યો, 'ઇસકો ચલાનેકી તેરી ઔકાત નહીં હૈ.' તે દિવસે મેં સખત પરિશ્રમ કરવાનું, ખૂબ પૈસા બનાવવાનું અને એક મોટર સાયકલ ખરીદવાનું નક્કી કર્યું અને બે મહિના પછી હું યુરેકા ફોર્બ્સમાં જોડાયો. મેં મારી લાયકાત પુરવાર કરી, બધા રેકોર્ડસ તોડી નાખ્યા, પૂરતા પૈસા બચાવ્યા અને એક નવું નક્કોર ૧૭૫CC ટેલીસ્કોપીક સસ્પેન્શન મોટરબાઇક, રાજદૂત, ખરીદ્યું. (મારા મિત્રનાં મોપેડ કરતાં ઘણું વધારે સારું) અને તેને તેનાં વાહનની બરાબર બાજુમાં પાર્ક કર્યું અને તેની સાથે ખભાથી ખભો મીલાવીને ઊભો રહ્યો.

મારા મિત્ર વડે મારી નામોશી કરાઈ હતી, ઉતારી પડાયો હતો, પડકારાયો હતો અને અતિશય ધકેલાયો હતો, અને મેં મારા જીવનમાં વધુ ઊંચાઈઓ સર કરવા માટે મારી પ્રતિશોધની શક્તિનો સકારાત્મક ઉપયોગ કર્યો હતો.

એક વખત જ્યારે હું ટીમ પ્રોડક્ટીવીટીમાં વાઇસ પ્રેસીડન્ટ – ઓપરેશન્સ તરીકે કામ કરતો હતો ત્યારે મારા જોઈન્ટ એમ.ડી. મિ.એ.ડબલ્યુ જ્યોર્જ ને એક સૌથી જાણીતા અને આદરપાત્ર ભારતીય વ્યાપાર ગૃહના વાઇસ પ્રેસીડન્ટ સાથે મીટીંગ હતી અને તેમણે મને તેમને કંપની આપવા કહ્યું. આ વાઇસ પ્રેસીડન્ટ એક મોટા માણસ હતા અને મેં તક ઝડપી લીધી. જોકે, જ્યારે જ્યોર્જે ટીમ પ્રોડક્ટીવીટીના વાઇસ પ્રેસીડન્ટ તરીકે મારો પરિચય કરાવ્યો તો સામા માણસે ખૂબ તોછડાઇપૂર્વક કહ્યું, 'મને નથી લાગતું કે તમે કોઈ પણ રીતે અમારા મુલ્યમાં વધારો કરી શકો. મિ.નાયર, તમને બહાર રાહ જોવામાં કંઈ વાંધો છે?'

તે દિવસે મેં નક્કી કર્યું કે હું કોર્પોરેટ ટ્રેઇનીંગની દુનિયામાં એટલું પ્રખ્યાત નામ થઈશ કે આ વ્યાપાર ગૃહને મને તેમના કર્મચારીઓનાં મુલ્યમાં ઉમેરો કરવા માટે બોલાવવાની ફરજ પડશે અને તેના પછી મેં ત્યાર પછીનાં વર્ષોમાં તેમને માટે કેટલીક વર્કશોપ્સ કરી.

તેવી જ રીતે મને એક ભારતીય લગેજ સામ્રાજ્યના વાઇસ પ્રેસીડન્ટ – એચ આર વડે કાઢી મૂકાયો હતો અને પછી એક ટેલીકોમ્યુનિકેશન દિગ્ગજના સેલ્સ કન્ટ્રોલર વડે, જેના સેક્રેટરીએ હું જ્યાં તેમની રાહ જોતો હતો તે રીસેપ્શન પાસે આવીને મને કહ્યું હતું, "સેલ્સ કન્ટ્રોલર કોઈ અજાણ્યાને નથી મળતા, મિ.નાયર, તમે અહીંથી જશો?" અને છતાં એક દિવસ આ બધા લોકોને તેમનાં તંત્રો માટે મારી સેવાઓ લેવા માટે પાછાં મારી પાસે આવવાની ફરજ પડી હતી. કારણ કે મેં ઉપરની દરેક ઘટનાનો ઉપયોગ મારી પોતાની આવડતો તથા ક્ષમતાઓને અપગ્રેડ કરવા માટે મારી તરફેણમાં અને શ્રેષ્ઠતાથી નીચું કંઈ નહીં એવી તોફાની માર્કેટ આબરૂ સર્જવામાં કર્યો હતો કે તેમની પાસે કોઈ વિકલ્પ જ રહ્યો ન હતો. આ દરેક ઘટના પછીનાં કેટલાંક વર્ષો માટે, હું આ કંપનીઓના બધા જ વિભાગો માટે ચીફ સેલ્સ એન્ડ લીડરશીપ ટ્રેઇનર રહ્યો હતો.

અત્યારે હું માત્ર એટલું જ કહી શકું કે હું પેલા વાઇસ પ્રેસીડન્ટ, એચઆર વડા, સેલ્સ કન્ટ્રોલર અને જેમનો મારા જીવનમાં સામનો કરવો પડ્યો તેવા તેમના જેવા સેંકડો મિત્રોનો હું તેમણે કરેલા મારા ગર્વભંગ, અપમાન માટે આભારી છું. કારણ કે જો તેઓ ન હોત તો હું કદાચ એક સામાન્ય માણસ જ રહી ગયો હોત. પરંતુ પ્રતિશોધ અને તેમને ખોટા સાબિત કરવાની મારી આકાંક્ષાને કારણે, હું વધુ સિદ્ધ કરવા મથ્યો અને તેણે મને આજે હું જે છું તે બનાવ્યો છે.

જ્યાં તમને ઉતારી પાડવામાં આવ્યા હોય તેવી પાંચ ઘટનાઓ અને તમે તમારો આત્મવિશ્વાસ ફરી જીતવા માટે 'પ્રતિશોધની શક્તિ'નો કેવી રીતે ઉપયોગ કરશો તે લખો.

માનહાની	પ્રતિશોધન માટેનું આયોજન	સમયમર્યાદા

તો શું એનો અર્થ એવો થાય છે કે જો લોકોને જીવનમાં મુશ્કેલ અને પડકારજનક પરિસ્થિતિઓમાં મૂકવામાં આવે તો જ તેઓ નેતા બનીને ઉભરે? તો પછી જેઓ આદર્શો અને નેતાઓ તરીકે ગણાય છે તેવા અમિતાભ બચ્ચન, એ.પી.જે અબ્દુલ કલામ (પૂર્વ રાષ્ટ્રપતિ – ભારત), સ્ટીવ જોબ્સ, માર્ગારેટ થેચર (ઇંગ્લેન્ડના પ્રથમ મહિલા વડાપ્રધાન) ચંદા કોચર (સીઇઓ અને એમડી ICICI બેંક-ભારત), વિશ્વનાથન આનંદ (ચેસ ગ્રાન્ડ માસ્ટર) અને અન્ય તેમના જેવા લોકોનું શું?

નેતાઓ એ લોકો છે જેમનાં જીવન એક ઉદ્દેશને સમર્પિત હોય છે.

નેતાઓ એક ઉદ્દેશ માટે જીવે છે – એવો ઉદ્દેશ જે તેમનાં જીવન કરતાં મોટો હોય. જીવનમાં તેમનો એક હેતુ હોય છે – એક હેતુ જે તેમના કરતાં,

તેમના ગમા/અણગમાઓ/સગવડો, જીંદગીઓ અને તેમના નજીકના મિત્રો અને પરિવારની જીંદગીઓને પેલે પાર હોય.

→ થોમસ આલ્વા એડીસન માટે ઉદ્દેશ હતો, શોધ, શોધ અને શોધ!

→ એડમંડ હીલેરી માટે માઉન્ટ એવરેસ્ટ સર કરવો તે.

→ સચિન તેંડુલકર માટે ક્રિકેટમાં શ્રેષ્ઠતા.

→ નારાયણ મૂર્તિ માટે, દુનિયાની શ્રેષ્ઠ IT કંપની ઊભી કરવી તે.

→ હેન્રી ફોર્ડ માટે, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીની શોધ.

→ રતન તાતા માટે તાતા એન્ડ સન્સ.

→ અમિતાભ બચ્ચન માટે પોતાના કામ વડે લોકોને આશ્ચર્ય પમાડવું.

→ ઝાકીર હુસેન માટે તબલાં વડે જાદુ સર્જવો તે.

તેઓ તેમનો ઉદ્દેશ જ ખાય છે, પીવે છે, શ્વસે છે અને જીવે છે. તેઓ તેમની ફરજની માંગથી આગળ જાય છે, તેમના ક્ષેત્રનાં દરેક પાસાં ખુંદી વળે છે, આંતરિક સંઘર્ષોમાંથી પસાર થાય છે અને એવા તબક્કે પહેંચે છે જ્યાં તેમનું નામ તેમના ઉદ્દેશનો પર્યાય થઈ જાય છે.

સામાન્ય લોકો સમસ્યાઓ સાથે વ્યવહાર કરે છે, તેઓ પોતાનું જીવન માણે છે, પરણે છે, બાળકો પેદા કરે છે, દુનિયામાં ફરે છે, સુખ સગવડો માણે છે અને એક મજબૂત અને સ્થિર નિવૃત્તિનું આયોજન કરે છે. નેતાઓ પણ આ બધું જ કરે છે, પરંતુ તે તેમનું જીવન નથી બની જતું, તે માત્ર તેમના અસ્તિત્વનો એક ભાગ જ રહે છે કારણ કે તેમના જીવનનો ઉદ્દેશ, તેમના જીવનનો હેતુ તેમને આગળ ચલાવે છે.

તમારો ઉદ્દેશ તમારા કરતાં મોટો હોવો જોઈએ. તમારો ઉદ્દેશ શું છે?

વર્ષો અગાઉ, મેં પાંચ પ્રશ્નોનો સામનો કર્યો જેણે મને અંદરથી હચમચાવી નાખ્યો અને મારું જીવન કેટલું સામાન્ય છે તેનો મને ખ્યાલ આવ્યો અને તમારા બધાના લાભાર્થે હું જેને હવે હું પાંચ જાદુઈ પ્રશ્નો કહું છું તેને તમારી સામે પ્રગટ કરીશ :

પાંચ જાદુઈ પ્રશ્નો

૧. શા માટે તમે દરરોજ સવારે પથારીમાંથી ઊભા થાવ છો?

૨. તમારાં જીવનની સૌથી મહત્ત્વની વ્યક્તિઓ કોણ છો?

૩. તમારાં જીવનમાં તમારે માટે મહત્ત્વનું શું છે?

૪. તમારાં જીવન વિશે તમને ખરેખર સૌથી વધારે શું ગમે છે?

૫. આ દુનિયાને છોડી જાવ તે પહેલાં તમને શું કરવાનું ગમશે?

આ પ્રશ્નો ઘણા જ સાદા દેખાય છે તેઓ તમને નેતાનો અર્ક દેખાડશે, અને બધા નેતાઓ જીવન મહત્તમ કરનારાઓ હોય છે. ઘણાં વર્ષો પહેલાં મેં મારી જાતને આ પ્રશ્નો પૂછ્યા હતા અને સમયાંતરે જવાબો બહાર આવ્યા છે.

૧. શા માટે હું દરરોજ સવારે પથારીમાંથી બહાર આવું છું?

ઘણાં વર્ષો અગાઉ, દુનિયા ગઈકાલે હતી તેના કરતાં તેને વધુ સારી બનાવવા માટે હું પથારીમાંથી દરરોજ સવારે બહાર આવતો હતો.

આજે, હું લોકો તથા સંસ્થાઓને તેમને મર્યાદિત કરતા અવરોધોથી ઉપર ઊઠીને સફળતાની વાર્તા ઘડવા સક્ષમ કરવા માટે દરરોજ સવારમાં પથારીમાંથી બહાર પડું છું અને એ રીતે સતતપણે દુનિયાને બદલીને સમૃદ્ધ થાઉં છું.

સ્માર્ટમાં કામ કરતાં સેંકડો લોકોનાં અસ્તિત્વ માટેનો ઉદ્દેશ એવી આ વસ્તુ સાહજિક રીતે મારી કંપની સ્માર્ટનો મધ્યહેતુ બની ગઈ છે.

એ જવાબ ફરી એક વાર વાંચો. જે કામ માટે હું બહાર પડ્યો છું તેનો ક્યારેય અંત નહીં આવે! જ્યાં સુધી પૃથ્વી પર માણસો છે, મારું કામ ચાલતું રહેશે – હું સફળતાની વાર્તાઓ બનાવ્યા કરીશ. કેવી રીતે? લોકોને તથા સંસ્થાઓને તેમને મર્યાદિત કરતી રૂપાવલીઓથી ઉપર ઊઠાવીને. તેને કારણે શું બનશે? તે લોકોને આ સતત બદલાતી દુનિયામાં માત્ર ટકી જવા માટે જ નહીં પરંતુ આબાદ થવામાં મદદ કરશે. આ અનંત, સમયહિન કાર્ય માત્ર એક કામ નથી પરંતુ મારા જીવન અને મારાં અસ્તિત્વનો હેતુ છે.

જો આ જ પ્રશ્ન એક જીવન મહત્તમ ન કરનારને પૂછવામાં આવે તો વિવિધ જવાબો મળે. મારાં વ્યવસાયિક જીવનનાં પાછલાં ૨૯ વર્ષોમાં મેં તે કર્યું છે અને એક સ્તરથી બીજા સ્તર સુધીના જવાબો મેળવ્યા છે. ઉદાહરણ તરીકે :

→ હું મારાં બાકી રહેલાં કામો પૂરાં કરવા માટે દરરોજ સવારે પથારીમાંથી બહાર પડું છું.

→ ઑફિસે/કારખાને જવા માટે.

→ આજીવિકા રળવા માટે જેથી હું મારું તથા મારા પરિવારનું ભરણપોષણ કરી શકું.

→ હું દરરોજ સવારે પથારીમાંથી બહાર નીકળું છું કારણ કે મારી પાસે આખા દિવસ માટે એપોઇન્ટમેન્ટ પડેલી હોય છે અને લોકો મને મળવાની રાહ જોતા હોય છે.

→ હું દરરોજ સવારે પથારીમાંથી ઉઠું છું કારણ કે હું છેલ્લાં ૪૯ વર્ષથી તે રીતે કરવા ટેવાયેલો છું.

→ હું દરરોજ સવારે પથારીમાંથી બહાર નીકળું છું કારણ કે મને વધારે ઊંઘ નથી આવતી.

→ હું દરરોજ સવારે પથારીમાંથી બહાર પડું છું કારણ કે હું આગલે દિવસે મૃત્યુ પામ્યો નથી હોતો.

આ બધા જ લોકો માત્ર તેમનું જીવન પસાર કરવા માટે પથારીમાંથી બહાર આવે છે. તેમની પાસે સિદ્ધ કરવા માટે એક ઉદ્દેશ/હેતુ નથી હોતો દુનિયામાં ફાળો આપવા માટે કંઈ નથી હોતું જેથી તેમનું જીવન અન્યો માટે અર્થપૂર્ણ બને.

૨. તમારાં જીવનમાં સૌથી મહત્ત્વની વ્યક્તિઓ કોણ છે?

એક જીવન મહત્તમ ન કરનાર માટે આ પ્રશ્નનો જવાબ આવો હશે :

→ હું પોતે.

→ મારી પત્ની, મારાં બાળકો, મારા મિત્રો, મારો પરિવાર.

→ મારા કર્મચારીઓ, મારા ગ્રાહકો, મારા સપ્લાયર્સ.

મારે માટે આ ગ્રહ પર હાજર દરેક માનવ મહત્ત્વનો છે અને હું તેને/તેણીને રૂપાંતર કરી નાખવા, તેને/તેણીનાં લક્ષ્યની નજીક લઈ જવા, તેમને વધુ અર્થપૂર્ણ જીવન જીવવામાં મદદ કરવા, તેમનાં જીવનને મહત્તમ બનાવવા અને તે રીતે મારું પોતાનું પરિવર્તન કરવા માટે શક્ય તે બધું જ કરીશ. ટૂંકમાં, ‘માનવતા’.

૩. તમારાં જીવનમાં તમારે માટે શું મહત્ત્વનું છે?

મારે માટે, એક સૂચક અને પરિવર્તનકારી જીવન જીવવું અને દુનિયામાં ફાળો આપવો તે મહત્ત્વનું છે. લોકો પડકારો ઉપાડે કારણ કે હું તેમનાં જીવનમાં આવ્યો છું, કારણ કે હું એક જીવન શક્તિ, ઊર્જા અને જુસ્સાની જીંદગી જીવું છું અને લોકોને વિપુલતા, સિદ્ધિ અને ગર્વની જીંદગી

જીવવામાં મદદ કરું છું તે મહત્ત્વનું છે. એ મહત્ત્વનું છેકે લોકો તેમના પોતાનામાં અને તેમનાં સામર્થ્યમાં વિશ્વાસ ધરાવે અને તેમનું પોતાનું સંપૂર્ણ મહત્તમીકરણ કરે; હું ક્યાંયથી પણ જે કાંઈ પણ મેળવું તેના કરતાં વધારે પાછું આપું છું; જ્યારે પડકારો અને અવરોધોનો સામનો થાય ત્યારે હું છોડી નથી જતો; હું લોકોને અધિકાર આપું છું અને તેમને તેમનાં સ્વપ્ન, કલ્પનાઓ તથા જીવનનાં લક્ષ્યો સિદ્ધ કરવામાં મદદ કરું છું. મારે માટે લોકોને વિચારતા કરવા અને તેમને પોતાના વિશે, તેમના ભવિષ્ય તથા વર્તમાન વિશે અતિશય શક્તિશાળી અને પ્રેરણાત્મક આદાન-પ્રદાન દ્વારા તેમને પ્રબુદ્ધ કરવા તે મહત્ત્વનું છે. છેવટે, હું તેમનામાં કામ કરવાની આઝાદી, મુક્તિ તથા આત્મવિશ્વાસ દાખલ કરવા માંગું છું.

એક જીવનને મહત્તમ ન કરનાર માટે આ પ્રશ્નનો જવાબ આવો હોઈ શકે.

મારે માટે સાંજે છ વાગે ઘેર પાછાં ફરવું, મારા મિત્રો તથા પરિવાર સાથે શાંતિ અને ખુશીની જીંદગી જીવવી; ૫૦ વર્ષ સુધીમાં નિવૃત્ત થઈ જવું; મારી બાકીની જીંદગી શહેરથી દૂર એક નાના ફાર્મહાઉસમાં વિતાવવી; દુનિયાનો પ્રવાસ કરવો; શ્રેષ્ઠ સગવડો, એશોઆરામ અને સંપત્તિ માણવી એ બધું મહત્ત્વનું છે.

આ પ્રશ્ન માટે તમારો જવાબ શું છે તે હું નથી જાણતો. જો તમે એક જીવનને મહત્તમ કરનારા છો (તમારે હોવું જ જોઈએ) તો તમારો જવાબ તેના કરતાં વધુ મોટો અને વધુ સારો હશે – એવો જે તમારી ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને સગવડોથી આગળ હોય. જો તમે તેવા નથી. તો આ જ ક્ષણથી તમારાં અસ્તિત્વ માટેનું કારણ-ઉદ્દેશ બદલો.

૪. તમારાં જીવન વિશે તમને ખરેખર સૌથી વધારે શું ગમે છે?

→ મારાં જીવન વિશે મને સૌથી વધારે ગમતી બાબત એ છે કે વેંચાણ કરતી વખતે છેલ્લાં ૨૯ વર્ષમાં મેં મારા ગ્રાહકોને એક પણ જુઠાણું કહ્યું નથી.

→ મારાં આખાં જીવન દરમિયાન દરેક ગ્રાહક સાથેની મીટીંગ માટે હું હંમેશાં સમયસર હતો.

→ જીવનમાં સૌથી હતોત્સાહ કરનાર અને પડકારજનક પરિસ્થિતિઓ હેઠળ હું હંમેશાં ઉત્પાદક રહ્યો છું.

→ મેં મારાં માતા-પિતા, પત્ની, બાળકો અને મારી નજીક છે તેવા બધાંને સુંદર જીવન આપ્યું છે.

→ હું ક્યારેય સ્થિર નથી રહ્યો અને મેં સતતપણે, રોજ, અઠવાડિયે તથા કલાકના આધારે મારી આસપાસની યથાવતતાને પડકારી છે.

→ મેં સતતપણે મારા જ્ઞાનને અપગ્રેડ કર્યું છે, મારાં વલણોમાં પરિવર્તન કર્યું છે, પુષ્કળ નવી આવડતો વિકસાવી છે, નવી અને પ્રગતિકારક આદતો બનાવી છે અને દર વર્ષે જીવન જીવવા માટેની તથા વ્યાપાર ચલાવવાની બધી વ્યુહરચનાઓ બદલી છે.

→ હું મારા બધાં લક્ષ્યોને બીનશરતી તાબે થયો છું.

→ દેખાવ ન કરવા બદલ મેં ક્યારેય કારણો નથી આપ્યાં.

→ મારી સમગ્ર વ્યવસાયિક જીંદગી દરમિયાન મેં મારા બધા ઉપરીઓને માન આપ્યું છે.

→ યુરેકા ફોર્બ્સ માટે હું ભારતનો નં.૧ વેક્યુમ ક્લીનરનો સેલ્સમેન, નં.૧ ગ્રુપલીડર, નં.૧ સેલ્સ સુપરવાઇઝર, નં.૧ બ્રાન્ચ મેનેજર રહ્યો છું. મારા અંગત તથા વ્યવસાયિક જીવનમાં મેં જે કાંઈ પણ કર્યું છે તે બધામાં હું પહેલાં નંબર પર જ રહ્યો છું.

→ હું મારી આખી જીંદગી મારી પોતાની તથા અન્યોની સાથે કઠીન રહ્યો છું.

→ મેં હજારો લોકોને પોતાની જાતમાં માનતા કર્યા છે, લોકો પાસેથી શ્રેષ્ઠની માગણી કરી છે, તેમને ચાહ્યા છે, તેમની સંભાળ લીધી છે, કોઈ શરત વગર મારું જ્ઞાન આપ્યું છે અને તેમને જીતવા દીધા છે.

→ મને ક્યારેય ડર નથી લાગ્યો કે કોઈક મારી પાસેથી શીખશે, ચાલ્યા જશે અને જીવનમાં મારાથી પણ મોટા બની જશે.

→ મને નિષ્ફળતાનો ડર નથી અને હિંમત તથા અટલ શ્રદ્ધા સાથે તેના વિશે બોલી શકું છું.

→ મને મારાં જીવન વિશે જે ગમે છે તે એ છે કે મેં ૨૦ લાખ કરતાં વધુ લોકોને તાલીમ આપી છે અને તેમનાં જીવન પર આજીવન ટકે તેવી છાપ તથા નિશાની છોડી છે.

→ મેં લાખો શક્યતા વિચારકો બનાવ્યા છે, મારી આસાપનાસ લોકોના વિચારો, શબ્દો તથા કાર્યો બદલ્યાં છે.

→ લાખો લોકોએ મને ચાહ્યો છે મારી સંભાળ લીધી છે અને મને માન આપ્યું છે.

→ ૨૯ લાંબા વર્ષો સુધી કામ કર્યા પછી હું કંટાળ્યો નથી.

→ ૪૯ વર્ષની વયે હજી હું યુવાન છું, ઊર્જાવાન છું, ઉત્તેજિત છું અને મારાં જીવનના દરેક નવા દિવસે વધુને વધુ બોજ ઉપાડવા તૈયાર છું.

→ હું હજી લડવૈયો છું.

→ મારી પાસે એક રોલમોડેલ માતા, પ્રેમાળ પત્ની, અદ્‌ભૂત બાળકો, મહાન સહકર્મીઓ તથા કર્મચારીઓ, કાયમ ટેકો આપનાર ગ્રાહકો, વેન્ડર્સ, સપ્લાયર્સ અને અસંખ્યા શુભેચ્છકો છે અને આ સૂચિ આગળને આગળ વધ્યા જ કરે છે.

એવું શું છે જે તમને તમારાં જીવન વિશે સૌથી વધારે ગમે છે? મને ખાતરી છે કે તમારી પાસે એક સૂચિ છે જે વધારે નહીં તો થોડાંક પાનાં સુધી આગળને આગળ વધ્યા કરે છે અને તમારે દરરોજ, અઠવાડિયે, મહિને, ત્રણ મહિને, વર્ષે, દશકા પછી દશકાએ પૂછતા રહેવો જોઈએ અને જો તમને તમારાં જીવન વિશે ઘણું બધું ન ગમતું હોય તો આ ગ્રહની તમારી મુલાકાત નકામી છે. તમારું જીવન ક્ષુદ્ર છે અને :

એક ક્ષુદ્ર જીવન કોઈને પ્રેરણા આપતું નથી.

૫. તમે આ દુનિયા છોડી જાવ તે પહેલાં તમને શું કરવાનું ગમશે?

જો તમે મને પૂછો, તો હું આખું પેન્ડોરા બોક્ષ ખોલી શકું તેમ છું. આ દુનિયા છોડી જાઉં તે પહેલાં હું :

→ સો પુસ્તકો લખવા ઈચ્છું છું.

→ હજાર ઓડીયો, વિડોયી બનાવવા.

→ એક ટોક્શોના યજમાન બનવા.

→ દસ નવી ભાષાઓ શીખવા.

→ પાંચ પિક્ચરોમાં કામ કરવા.

→ મારો પોતાનો સ્ટુડીયો બનાવવા.

→ સંતોષ નાયર્સ નોલેજ પ્રોડકટ્સ એન્ડ મર્ચેન્ડાઇઝ કંપની દ્વારા મારા ઓડીયો – વીડીયો, આખી દુનિયામાં ઉપલબ્ધ કરાવવા.

→ સ્માર્ટને દુનિયાની સૌથી સરસ વ્યક્તિગત/ઉદ્યોગપતિની/એન્ટર પ્રાઈઝ પરિવર્તન કંપની બનાવવા.

→ અમારા બધા કર્મચારીઓ માટે સાથે રહેવા તથા સાથે વૃદ્ધ થવા માટે સ્માર્ટ ટાઉનશીપ ઊભી કરવા.

→ વિશેષાધિકાર વગરનાં બાળકો તથા મહિલાઓ માટેની જરૂરિયાતો સંતોષવા માટે સ્માર્ટ ફાઉન્ડેશન બનાવવું અને તેમનામાં ઉદ્યોગ ઊભો કરવાનો જુસ્સો દાખલ કરવો.

→ સ્માર્ટના બધા કર્મચારીઓ, ભાગીદારો તથા સહાયકો માટે ઉજ્જવળ અને ઝળહળતું ભવિષ્ય ઘડવું.

→ તેમનાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવું.

→ આખી દુનિયામાં લોકોનાં માનસિક તથા શારીરિક પુનર્જીવન માટે સંતોષ નાયર્સ સેલ્સ, લીડરશીપ અને T.I.G.E.R. ક્લબ શરૂ કરવી.

→ લોકોને નિડર અને આત્મવિશ્વાસુ થવા માટે શિક્ષિત બનાવવા માટે આખી દુનિયાનો પ્રવાસ કરવો.

→ લોકોને તેમના આકસ્મિક મૂળમાંથી ઉપર ચડવામાં મદદ કરવી.

→ લોકોને ભાવિ-કેન્દ્રિત અને સ્વપરિવર્તનકર્તા બનાવવા, તેમને બદલાવ પર સમૃદ્ધ થવામાં મદદ કરવી.

→ યુનાઇટેડ નેશન્સ સાથે કામ કરવું, દુનિયાના વડા પ્રધાનો તથા પ્રમુખો સાથે વાત કરવી.

→ પરસ્પર વૈમનસ્ય રાખનાર જુથો વચ્ચે મુખ્ય વાટાઘાટ કરનાર બનવું.

→ દેશો વચ્ચે શાંતિ લાવવી – પાકીસ્તાન, મધ્યપૂર્વ વગેરે.

→ દુનિયાના સ્તરે લાંબાગાળાની ટકાઉ શાંતિ ઊભી કરવી.

→ ભારત, પાકીસ્તાનને એક રાષ્ટ્ર બનાવવાં.

→ લોકોને ટેક્નોલોજીની ખરાબ અસરો શીખવવી.

→ આખી દુનિયામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોરમમાં બોલવું.

→ ભારત તથા દુનિયામાંથી ગરીબી દૂર કરવી.

→ એવા ઓછામાં ઓછાં એક હજાર મુદ્દાઓના મૌલિક વિચારક બનવું જે દુનિયાને ધ્રુજાવી રહ્યા છે.

→ ૧૨૦ વર્ષની ઉંમરે જ્યારે હું મૃત્યુ પામું ત્યાં સુધી સક્રિય અને યુવાન રહેવું.

→ છેવટે, દુનિયા માટે જેનામાં વિશ્વાસ મુકાય, જેની તરફ નજર કરાય અને જેને અનુસરાય તેવા રોલમોડલ બનવું.

શું તમે પોતાને આ પાંચ જાદુઈ પ્રશ્નો પૂછ્યા છે? જો નહીં તો આજે જ આ નવું જીવન શરૂ કરવાનો સુંદર દિવસ છે. તમને પોતાને આ પાંચ પ્રશ્નો પૂછો અને એવા જવાબો મેળવો જે જીવનને જીવવા લાયક બનાવે. આ જવાબોને તમારાં જીવનમાં લાગુ કરો અને તેમને સાચા પાડો. જીવનને અર્થપૂર્ણ અને સૂચક બનાવો અને દુનિયામાં ફાળો આપો. તમે તમારી જાતને અને દુનિયાને પ્રેમ કરશો. શરૂ કરો!

શા માટે તમે દરરોજ સવારે પથારીમાંથી ઊભા થાવ છો?

તમારાં જીવનની સૌથી મહત્ત્વની વ્યક્તિઓ કોણ છો?

તમારાં જીવનમાં તમારે માટે મહત્ત્વનું શું છે?

તમારાં જીવન વિશે તમને ખરેખર સૌથી વધારે શું ગમે છે?

આ દુનિયાને છોડી જાવ તે પહેલાં તમને શું કરવાનું ગમશે?

એક અસામાન્ય જીંદગી જીવતી વખતે એવા થોડાક નેતાઓ હોય છે જેઓ નેતાગીરીના વિચારને પસાર કરી જાય છે અને રોલ મોડેલ્સ તરીકે

બહાર આવવા માટે તેનાથી ઘણા આગળ જાય છે.

રોલ મોડેલ્સ એ નેતાઓની સૌથી ઉચ્ચ આવૃત્તિ છે. તેઓ તેમની આસપાસના અન્યાયો તથા દુષ્કર્મોથી વ્યથિત, દુ:ખી અને ક્રોધિત થઈ જાય છે અને દુનિયામાં પરિવર્તન લાવવાનું પોતાના પર લઈ લે છે. અન્ના હજારે જેવા લોકો, કે જેઓ ભારતમાં વધતા ભ્રષ્ટાચારથી વ્યથિત થઈ ગયા હતા, તેમણે ભ્રષ્ટાચારમુક્ત ભારત બનાવવાનું પોતાના પર લઈ લીધું છે. મહાત્મા જ્યોતિબા ફૂલે છોકરાઓ તથા છોકરીઓ વચ્ચે પ્રવર્તતી અસમાનતાથી વ્યથિત થયા અને છેક ૧૯૪૮માં સ્ત્રી શિક્ષણ અને સશક્તિકરણ માટે લડ્યા હતા. ડૉ. બાબા સાહેબ આંબેડકર હિન્દુ જ્ઞાતિ પ્રથા અને સામાજિક ભેદભાવ, જેણે થોડાક નીચલા વર્ગના હિન્દુ પંથોને અસ્પૃશ્યની શ્રેણીમાં મૂક્યા હતા તેના વડે ગુસ્સે ભરાયા હતા અને દલિતો માટે યોગ્ય રીતે, સમાન આદર અને માન સાથે વર્તન કરવા માટે અને આ રીતે હંમેશાં માટે 'અસ્પૃશ્યતા'ના ખ્યાલને દૂર કરવા માટે મથ્યા હતા.

રોલ મોડેલ્સને ઘર, પરિવારને કે તેમની પોતાની જીંદગી નથી હોતી. તેમનું રાષ્ટ્ર જ તેમનું ઘર છે, તેમના દેશવાસીઓ તેમનો પરિવાર છે અને તેમનો ઉદ્દેશ તેમનું જીવન છે. તેઓ તેમની બધી જ દુન્યવી સમૃદ્ધિ, સગવડો, આકાંક્ષાઓ કારકીર્દિ, વ્યાપાર અને વ્યવસાયને તેમના ઉદ્દેશને પરિપૂર્ણ કરવાની તરસમાં પાછળ છોડી દે છે અને મૃત્યુથી પણ ડરતા નથી. તેમની પાસે હંમેશાં ચાર બાળકોના પિતા બનવા અથવા રાષ્ટ્રના પિતા બનવા વચ્ચે પસંદગી હોય છે; અને તેઓ મહાત્માગાંધીની જેમ અનિવાર્યપણે પાછલો વિકલ્પ પસંદ કરે છે.

જ્યારે તમે એક રોલ મોડેલ છો, તો લોકો તમારી અને તમારા ઉદ્દેશ પાસે પોતાની જાતને ધરી દે છે.

૭ જુન ૧૮૯૩ના દિવસે એક ઈંગ્લેન્ડમાં શિક્ષણ લીધેલ કાયદાવિદ્ દક્ષિણ આફ્રિકામાં પ્રથમ વર્ગની ટીકીટ સાથે ડર્બન (દક્ષિણ આફ્રિકા)થી પ્રીટોરીયા (દક્ષિણ આફ્રિકાના ડચ સંચાલિત ટ્રાન્સવાલ પ્રોવિન્સની રાજધાની) ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યો હતો. એક યુરોપીયન રેલ્વે અમલદારે તેને ત્રીજા વર્ગમાં કમ્પાર્ટમેન્ટમાં ચાલ્યા જવા કહ્યું કારણ કે તે 'ભારતીય' હતો અને 'કુલીઓ' બીનગોરાઓને દેખીતી રીતે જ પ્રથમ વર્ગના કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરવાની મંજુરી ન હતી. જ્યારે તે યુવાને ના પાડી ત્યારે તેને ટ્રેનમાંથી બહાર ફેંકી દેવાયો અને તેનો સામાન પણ પ્લેટફોર્મ પર ફેંકી દેવાયો. તે દિવસે એક માણસ તેની આસપાસના અન્યાયથી વ્યથિત, દુ:ખી તથા ક્રોધિત થયો હતો. તેણે દુનિયામાં પરિવર્તન લાવવાનું પોતાનાં પર લીધું અને તેમાંથી મહાત્માગાંધી બહાર આવ્યા જેણે તેમની કાયદાની

પ્રેક્ટીસ છોડી દીધી અને ૨૧ વર્ષ લાંબો કાર્યાકાળ સાઉથ આફ્રિકામાં ભારતીય સમુદાયના હક્કો માટે વંશીય ભેદભાવ સામે લડવામાં સેવા આપી અને પછી ભારત માટે આઝાદી જીતવા માટે ગૃહભૂમિ પર પાછા ફર્યા.

૧૯૪૦માં એક શાળાની શિક્ષીકા કલકત્તા (ભારત)ની શેરીમાંથી પસાર થઈ રહી હતી જ્યારે તેણે એક કંગાળ સ્ત્રીને મદદ માટે રડતી જોઈ. એ જાણીને કે આ સ્ત્રી મરવાની અણી પર હતી, તેણી એક હોસ્પીટલમાં ધસી ગઈ જ્યાં તેને બેસવાનું તથા રાહ જોવાનું કહેવાયું. તેણીની કટોકટીભરી હાલત એટલી ખરાબ હતી કે તેણીને તાબડતોબ બીજી હોસ્પીટલમાં લઈ જવાઈ પરંતુ ફરી આ સ્ત્રીના નીચલા વર્ગે તેણીને દરદીઓની સૂચિમાં છેક તળીયે મૂકી. તે રાત્રે મોડેથી આ સ્ત્રી તે શિક્ષીકાના હાથમાં મૃત્યુ પામી. તે દિવસે એક સામાન્ય નન પોતાની અસહાયતથી વ્યથિત, દુ:ખી અને ક્રોધિત થઈ અને તેમાંથી મધર ટેરેસા બહાર આવી, જેણે ગરીબો તથી બીમારોનાં કલ્યાણ તથા ઉન્નતિ માટે અને ખરાબ રીતે બીમાર લોકોને ગૌરવપૂર્વક મૃત્યુ પામવામાં મદદ કરવા માટે પોતાની જાતને સમર્પિ દીધી.

આ કેથોલીક શિક્ષીકાથી ઘણે દૂર, મહારાષ્ટ્રના વર્ધા જીલ્લામાં એક શ્રીમંત જમીનદારનો વકીલ પુત્ર હતો. દુનિયાની બધી જ સંપત્તિ અને સગવડો વચ્ચે ઉછરેલો તે છોકરો તેની ૧૪ વર્ષની ઉંમરથી પોતાની બંદુક ધરાવતો હતો અને જ્યારે તે કાર ચલાવી શકવા જેવડો થયો ત્યારે તેને અજગરની ચામડીનાં કવર ચડાવેલ તકીયાવાળી સીંગર સ્પોર્ટસ કાર આપવામાં આવી હતી. ફિલ્મોમાં ઘણો જ રસ હોવાથી તે જ્યારે પણ ફિલ્મ જોવા જતો ત્યારે બે ટીકીટ ખરીદતો – એક આગળની અને એક પાછળની – પાછળવાળી બેસવા માટે અને આગળવાળી તેને પગ લંબાવવા માટે – આટલો તેનો ઘનવ્યય હતો અને એક દિવસ, શેરીના ખૂણામાં ભારે વરસાદથી પલળેલા એવા તેણે રક્તપિત્તથી પીડાતા એક માણસને તેના છેલ્લા શ્વાસ લેતો જોયો. આ દશ્યએ તેની કરોડ રજ્જુમાં ઉપરથી નીચે સુધી કંપારી ફેલાવી દીધી. તેની દુન્યવી સંપત્તિ અને સુખ સગવડો અચનાક અસંગત થઈ ગયાં, તે અંદરથી હચમચી ગયો અને તેમાંથી બાબા આમટે બહાર આવ્યા જેમણે પોતાના પરિવારનો વ્યવસાય છોડી દીધો અને તેમનું સમગ્ર જીવન રક્તપિત્તથી પીડાતા લોકોના પુનર્વસવાટ તથા સશક્તિકરણ માટે સમર્પિત કરી દીધું.

આ બધા લોકોમાં એકસમાન ખાસીયતો તથા ગુણો છે. આ લોકોમાંથી દરેક :

૧. તેમના વિરોધીઓ, મુશ્કેલીઓ તથા અંગત કરુણતાઓથી ઉપર ઉઠ્યા.

૨. તેમણે પડકારજનક સમયમાંથી સામાન્ય લોકોને નિર્દેશન આપ્યું.

૩. તેમણે બીજા લોકોના પડકારો ઉપાડી લીધા અને તેમને જીતાડ્યા.

૪. જ્યારે બીજા લોકો મુંજાયેલા અને દિશાહીન હતા ત્યારે તેમણે પરિસ્થિતિનો હવાલો લીધો.

૫. તેઓ તેમનાં કાર્યો માટે જવાબદાર હતા.

૬. તેમણે બધાએ હલ્લા બોલ કર્યું – તેમણે સાચું લાગ્યું તેને માટે ઊભા રહ્યા.

આ એક રોલ મોડેલની લાક્ષણિક્તાઓ કે ગુણો છે જેમને અંદર ઉતારવા જરૂરી છે. નેતાઓ અને રોલ મોડેલ્સ વચ્ચે ઘણી પાતળી ભેદ રેખા છે. આ એક યાત્રા છે, એક નેતા હોવામાંથી એક રોલ મોડેલ હોવાં તરફની ક્રમશઃ પ્રગતિ જ્યાં તમારો બંગલો, તમારી એસ ક્લાસ મર્સીડીસ, અંગત જેટ, મલ્ટી મીલીયન ડોલર વ્યાપાર, રોલેક્ષ ઘડીયાળ, થ્રી પીસ ટક્ષેડો બધું જ વ્યર્થ લાગે છે. આ બધા જ પુરુષો તથા મહિલાઓ, તેમણે તેમના ઉદ્દેશ માટે તેમનાં જીવનને ૧૦૦% સમર્પિત કરી દેવાનું નક્કી કર્યું તે પહેલાં તેમના જીવનમાં તેઓ નેતાઓ હતાં અને આ રીતે તેઓ નેતા હેવામાંથી રોલ મોડેલ થવા તરફ આગળ વધ્યાં.

હું મારી જાતને એક નેતા અને એક રોલમોડેલની વચ્ચે ક્યાંક રહેતો અને રોલ મોડેલના કાઠાં સુધી પહોંચવા મથતો, ગણું છું જ્યાં હું મારી બધી જ દુન્યવી સંપત્તિ, સુખ સગવડો અને આકાંક્ષાઓનો ત્યાગ કરીશ અને ભારતના અંતરીયાળ ભાગમાં પ્રવાસ કરીશ – દૂર દૂરનાં શિક્ષણથી વંચિત સ્થળોએ જ્યાં હું યુવાન સ્ત્રી-પુરુષોને તેમની ખરી શક્તિ ઓળખવા તથા તેમનાં સ્વપ્નાઓ સુધી પહોંચવા માટે જાગૃત કરીશ. મેં ગ્રામ્ય ભારતમાં રહેતા આવતીકાલના યુવાનો માટે કરેલ અંતહીન કાર્યને કારણે એક રાષ્ટ્ર તરીકે ભારત એક વિકસિત દેશ બનશે. આ એક લાંબી યાત્રા છે પરંતુ હું તે કરીશ. કારણ કે હું જીવનને મહત્તમ બનાવનાર છું.

ઉપર વર્ણવેલ જીવન એક નેતાનું જીવન છે – જે એક આદર્શ બનવાના માર્ગ પર છે – અને એક જીવવા યોગ્ય જીવન છે. એક નેતા હોવું અને તમે આજીવન નેતા રહેશો તે જાહેર કરવું તે એક જીવન મહત્તમ કરનારા માટે આવશ્યક અને ફરજીયાત છે.

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ

આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે.
અગીયારમાંનો સાતમો આદેશ :

જાહેર કરો કે તમે આજીવન નેતા રહેશો.

આદેશ
૮
ભાવનાત્મક રીતે વહાવી જનાર વિક્ષેપો (ઈ.ડી.ડી.) ને વિદાય આપો

વધારે પડતી લાગણીઓ બુદ્ધિમાં હસ્તક્ષેપ કરે છે.

ભાગ – ૧

ભારતનો આગળ પડતો બેટ્સમેન સચિન તેંડુલકર ૧૯૯૯ના ક્રિકેટ વર્લ્ડ કપમાં રમી રહ્યો હતો ત્યારે તેને તેના પિતાનાં અકાળ અવસાનના સમાચાર મળ્યા. આઘાતની અવસ્થામાં તેંડુલકર તેના પિતાના અંતિમ સંસ્કાર કરવા ભારત આવ્યો. ત્રણ દિવસ પછી ભારતની કેન્યા સામે મેચ હતી, એક મહત્ત્વની મેચ જેમાં રાષ્ટ્રનો આ બેટ્સમેન પીચ પર હોય તે જરૂરી હતું. તેંડુલકરે પોતાનો સામાન પેક કર્યો અને તેના જીવનની સૌથી મોટી ખોટના ૭૨ કલાકની અંદર, પોતાના દેશ માટે રમવા માટે તે પાછો ફર્યો. તે એક સદી ફટકારીને – ૧૦૧ બોલ માં ૧૪૦ રન અને વર્લ્ડકપ સાથે પાછો ફર્યો. આ તેની અત્યાર સુધીની શ્રેષ્ઠ ઇનીંગ હતી. તેણે આ સદી તેના પિતાને સમર્પિત કરી. તેણે તેની ટીમને ગૌરવ અપાવ્યું, તેનાં રાષ્ટ્રને ગૌરવ અપાવ્યુ અને સૌથી વધુ તો તેના પિતાને ગૌરવ અપાવ્યું.

વિરાટ કોહલી, નવા ભારતીય સનસનીખેજ બેટ્સમેને જ્યારે તે દિલ્હી માટે ઓવરનાઇટ બેટ્સમેન હતો તેવી કર્ણાટક સામેની કટોકટીભરી રણજી ટ્રેફીની ટાઇની મધ્યમાં ૨૦૦૬ની ૧૯મી ડિસેમ્બરે સવારે બે વાગે તેના પિતાને ગુમાવ્યા. તેની ટીમ-લાગણીશીલ, સંભાળ રાખનાર, સરસ માણસોનાં જુથે તેને પોતાના પરિવાર પાસે જવા કહ્યું, પરંતુ તે જાણતો હતો કે તેમની જીત માટે તેની હાજરી અનિવાર્ય હતી. તેની રમત પ્રત્યેની તેની વચનબદ્ધતા અને તેની પરિવારની અવસ્થા વચ્ચે વહેંચાયેલા ૧૮ વર્ષના વિરાટ કોહલીએ ત્યાં રહેવાનું અને તેનાં રાજ્ય માટે રમવાનું નક્કી કર્યું. તે માત્ર તે રાત્રે રમ્યો જ નહીં, તેણે માની ન શકાય તેવા ૯૦ રન ફટકાર્યા અને તેની ટીમને જીત તરફ લઈ ગયો અને ૯૦ રન કર્યા પછી સીધો તેના પિતાના અંતિમ સંસ્કાર માટે પહોંચ્યો. આ મેચ તેનાં જીવનનો વળાંક બની!

અનુ આઘા, થર્મેક્ષની પૂર્વ ચેરપર્સન, (પૂણે સ્થિત ઇજનેરી કંપની)ને ૧૯૯૬માં તેના પતિનાં ઓચિંતા મૃત્યુ પછી ચેરમેનશીપનું સ્થાન લઈ લેવા કહેવાયું હતું. બોર્ડે નક્કી કર્યું કે વર્ષોપરાંત તેના પિતા વડે ઊભો કરાયેલ અને પતિ વડે ઘડાયેલ એક રાષ્ટ્રીય આબરૂ ધરાવનાર એન્જીનીયરીંગ કંપનીના તેમના વ્યાપારને હવે તેણીનાં નિર્દેશનની જરૂર હતી અને તેણીએ તેના પતિનાં મૃત્યુના ૪૮ કલાકની અંદર ધૂરા સંભાળી લીધી. તેને શોક કરવાનો પણ સમય ન મળ્યો. એક જ વર્ષની અંદર જ્યારે તેણી એક બીઝનેસ મીટીંગમાંથી પાછી ફરતી હતી ત્યારે તેણે તેના એક માત્ર પુત્રને

એક કાર અકસ્માતમાં ગુમાવ્યો. હજી પણ તેણે ગઢ સાચવી રાખ્યો અને એટલી જ માત્રામાં સમર્પણ અને ઉત્સાહ સાથે તેણીની વ્યવસાયિક જવાબદારીઓ નિભાવી. એક અઠવાડિયાંની અંદર તેણે પોતાનાં સાસુ અને પ્રિય કૂતરાને ગુમાવ્યાં – એક ૫૫ વર્ષની મહિલા માટે પૂરતો આઘાત.

થર્મેક્ષને બદલી નાખવાના ઉદ્દેશ સાથે પોતાની જાતને ફરી સમર્પિત કરીને તેણે ખૂબ જ છટાપૂર્વક અને ગૌરવપૂર્વક તેના જીવન પરના પડકારને ઉપાડ્યો. તેણી એક પરદેશી સલાહકાર લાવી, કંપનીનું પુનઃનિર્માણ કર્યું, બોર્ડનું પુનઃનિર્માણ કર્યું અને થર્મેક્ષને તેની ૧૪ દેશોમાં હાજરી સાથે ઉદ્યોગો માટે ઇજનેરી ઉત્પાદનો તથા સીસ્ટમના આગળ પડતા ઉત્પાદક બનાવીને તેનો દેખાવ કેટલાક ગણો સુધાર્યો. આ વસ્તુને કારણે તેણીને કેટલાક બીઝનેસ એવોર્ડસ અને વ્યાપારમાં ૨૫ સૌથી શક્તિશાળી મહિલાઓની સૂચિમાં સ્થાન અપાવ્યું.

શું તેંડુલકર અને કોહલી તેમના પિતાના મૃત્યુથી નિર્લેપ હતા કે શું અનુ આઘા તેના પરિવારને પૂરતો પ્રેમ નહોતી કરતી? એક સામાન્ય માણસ કદાચ આ રીતે વિચારી શકે પરંતુ માત્ર જીવનને મહત્તમ કરનારાઓ જ તેમણે પ્રદર્શિત કરેલ શ્રેષ્ઠતા તથા ઉદારતા સમજી શકે.

આપણી આસપાસની દુનિયા સમસ્યાઓથી ભરપૂર છે. એવી એક પણ વ્યક્તિ નથી જે ચિંતાઓ, મુશ્કેલીઓ કે દુઃખથી મુક્ત હોય. ગરીબ હોય કે તવંગર, સમકાલીન કે રૂઢિગત, વૃદ્ધ કે યુવાન, બધા લોકોને વારંવાર જીવનની નબળી ક્ષણોનો સામનો કરવો પડે છે – એવી ક્ષણો જે તેમને ઉદાસ બનાવે છે, તોડી નાખે છે, અંદરથી હલાવી નાખે છે અને સંપૂર્ણપણે છીન્ન-વિચ્છિન્ન કરી નાખે છે. આ એક પ્રિયજનનું મૃત્યુ, પરિવારની કરુણતા, પરિવારમાં વિખવાદ, એક વૃદ્ધ વાલીની ભયંકર બીમારીનું નિદાન, દાંપત્યજીવનનો વિસંવાદ જે અલગ થવા તરફ દોરી જાય, એક મિત્ર વડે વિશ્વાસઘાત, તમારા માણસોનું દૂર થઈ જવું, તમારા પતિનો તમારા ખાસ મિત્રને કારણે દગો કરવો, તમારાં બાળકનું ખૂન... આ સૂચિ અનંત છે.

આ બધી ભયાનક ઘટનાઓ મારી સાથે અથવા મારી નજીકના કોઈક સાથે બની છે. આ બધી એવી ઘટનાઓ છે જે તમને તમારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ દેખાવ કરતાં અટકાવે છે. તે તમને દુનિયા તથા તેની પાસે તમારા માટે શું છે તે બાબત તરફ અંધ બનાવે છે. તે તમને જીવનમાં તમારી ખરી લાયકાત સુધી પહોંચવામાંથી અટકાવે છે, તમને સ્થગિત બનાવે છે, જીવનના હેતુમાંથી તમને વિચલિત કરે છે, અને તમને ક્યારેય મીનીંગફૂલ સ્પેસીફીક ન બનવા દઈને માત્ર એક વોન્ડરીંગ જનરાલીટી બનાવી રાખે છે. તે તમને વધુ સારાં ભવિષ્યની કલ્પના કરવામાંથી તથા અસ્તિત્વ માટેના

તમારા ઉદ્દેશને અનુસરવાથી નિરુત્સાહ કરીને તમને વર્તમાન ગુંચવણોમાં ગુંચવી શકે છે.

જીવનને મહત્તમ કરવાની મારી દુનિયામાં આ ઘટનાઓને હું

ભાવનાત્મક રીતે વહાવી જતા વિક્ષેપો
Emotional Draining Distractions (E.D.D.)

નામ પોતે જ સૂચવે છે તેમ, ભાવનાત્મક રીતે વહાવી જનાર વિક્ષેપો એવી ઘટનાઓની વાત કરે છે જે તમને ભાવનાત્મક રીતે વહાવી જાય છે, તમારાં મગજને વિકલાંગ બનાવીને તમને હંમેશાં માટે નબળા બનાવી દેછે. તમે આ અવસ્થામાં જેટલો વધુ સમય રહો, તેટલા તમે જીવન મહત્તમ થવાની વધુ દૂર જાવ છે.

ભારતીય પરિવારમાં મૃત્યુ પછી ઓછામાં ઓછી ૧૩ દિવસની વિધિ કરાય છે જે પરિવારને કોઈ પણ પ્રકારની દુન્યવી બાબતોમાં ભાગ લેવાની મનાઈ કરે છે. જો એક છૂટાછેડા એક મોટી ઘટના હોય તો તે માણસને અઠવાડિયાંઓ અને મહિનાઓ સુધી હતાશામાં ફંગોળી શકે છે. જો એક બીમારીને વધુ પડતી ગંભીરતાથી લેવાય તો તે મૃત્યુ કરતાં પણ મોટી બની જાય છે.

આવા સમય દરમિયાન તમારી જાતને દુનિયાથી અલિપ્ત કરી દેવી અને લાંબા સમય સુધી તેજ ક્ષણમાં રહેવું તે માત્ર મહત્તમીકરણને જ નહીં, જીવનને પણ મુશ્કેલ યાત્રા બનાવી દે છે.

જો સચિન તેંડુલકરે તેના પિતા કેમ ગુજરી ગયા તે વિચાર્યા કર્યું હોત તો તેણે પોતાની ક્રિકેટર તરીકેની ધાર ગુમાવી હોત; જો વિરાટ કોહલી લાંબો સમય તેના પિતાની રાખ સામે બેસી રહ્યો હોત તો તેણે તેનો જુસ્સો મારી નાંખ્યો હોત; જો અનુ આઘાએ આવી કરુણ જીંદગી માટે તેનાં ભાગ્યને શ્રાપ આપ્યો હોત તે તેણી ક્યારેય પોતાની ખરી શક્તિને ઓળખી ન શકી હોત.

આ દરેક લોકો માટે, જ્યારે તેમણે આ પરિસ્થિતિઓનો સામનો કર્યો ત્યારે જીવન છુટું પડી ગયું અને કેમ ન હોય; છેવટે તો તે ભાવનાત્મક રીતે પડકારજનક ક્ષણો હતી. પરંતુ મેં કહ્યું છે તેમ, **'વધારે પડતી લાગણીઓ બુદ્ધિમાં હસ્તક્ષેપ કરે છે.'** આ લોકોએ તેમની લાગણીઓ પર કાબુ રાખ્યો, પરંતુ તેઓ તેમના હેતુઓમાં સ્થિર હતા. તેમણે આ ભાવનાત્મક ક્ષણોને તેમની બુદ્ધિ પર કબજો ન જમાવવા દીધો અને પોતાને માટે જીવનનું મહત્તમીકરણ કર્યું!

આજની કરુણતાનું સૌંદર્ય એ છે કે તે ગઈકાલની કરુણતાને ઘટાડે છે.

જ્યાં સુધી વ્યક્તિ આ EDD ને પોતાના જીવનમાં અકબંધ રાખે છે, જીવનનું મહત્તમીકરણ ક્યારેય ન થઈ શકે. જીવનને મહત્તમ બનાવવા માટે, તમારે EDD ને વિદાય આપવી પડે.

હું એમ નથી કહેતો કે વ્યક્તિએ આવી ગંભીર ઘટનાઓની પરવા ન કરવી જોઈએ અથવા તેમને તુચ્છ સમસ્યાઓ ગણવી જોઈએ, પરંતુ તેમને તમારા જીવવાના મકસદ પર કબજો ન જમાવવા દેવો જોઈએ. જીવન અટકી ન શકે, અને આથી જ કહેવાય છે કે, 'શો ચાલતો જ રહેવો જોઈએ.'

'વીનીંગ ઝીગ ઝેગલર' નામની પોતાની સીડીમાં દુનિયાના આ સૌથી મોટા પ્રેરણાત્મક વક્તા '૨૪ કલાક' કહેવાતો એક ખ્યાલ સમજાવે છે. તમારા જીવનની કોઈ પણ ઘટના – મોટી કે નાની, કરુણ કે આનંદપ્રદ, જીત અપાવનાર કે હરાવનાર, નિષ્ફળતા કે સિદ્ધિ, ટીકા કે વધાવી લેતી – ને ૨૪ કલાકથી વધારે સમય સુધી ધ્યાન આપવું જોઈએ નહીં. વસ્તુની ગમે તેટલી હદ કે તીવ્રતા હોય, જીવનમાં કોઈ પણ વસ્તુને ૨૪ કલાકથી વધારે સમય ન આપો! ૨૪ કલાક સુધી તે ક્ષણમાં રહો, પરંતુ જેવો ૨૫મો કલાક શરૂ થાય કે ઊભા થાવ અને નવેસરથી શરૂ કરો.

તમારાં અંગત જીવનમાં કંઈક ભાંગી પડવાને કારણે તમારી વ્યવસાયિક જીંદગીને એક તરફ ધકેલી દેવી તે મોજાંઓ શમી ગયા પછી તમને કિનારે લઈ જનાર વહાણની દિવાલોને તોડી નાખવા બરાબર છે. જ્યારે જીવનનું એક પાસું તમને હરાવે છે ત્યારે બીજાં પાસાં પર વધુ મજબૂતાઈથી ધ્યાન કેન્દ્રિત કરો. તમારી જાતને કામ, શોખ, લોકો, સમાજ વગેરેમાં પરોવી દો. તમારા હેતુને સિદ્ધ કરવા માટે અગાઉ ક્યારેય ન મથ્યા હોવ તેટલું મથો, વધુ દૃઢતા સાથે તમારાં સ્વપ્નોનો પીછો કરો, અને તમારી જાતને તમારા હેતુ માટે પુનઃસમર્પિત કરો. તમને આનંદ આપે તેવી વસ્તુઓ કરો, તમારા કામમાં આશ્વાસન શોધો, તમારા જીવનમાં એટલા ઓતપ્રોત થઈ જાવ કે તમારાં દુઃખને વ્યક્ત કરવાનો જ નહીં તેમાં ડુબકી મારવાનો પણ સમય ન રહે.

જે ચાલ્યું ગયું છે તેને તમે પાછું ન લાવી શકો અથવા જે બની ગયું છે તેને ન બનેલું ન કરી શકો પરંતુ તમે વધુ સારી આવતીકાલ તો ઘડી જ શકો. તમારા ભૂતકાળ પર તમારું કોઈ નિયંત્રણ નથી પરંતુ ભવિષ્ય હજી તમારા હાથમાં છે. તો પછી રાહ શેની જુઓ છો? તમારી અંગત

કરુણતાઓ વડે લવાયેલી વ્યથાને વળોટી જાવ અને પાછી તમારી પરિસ્થિતિ, તમારા સંજોગો તથા તમારું જીવન ફરી ઘડો!

જ્યારે હું દુબઈમાં મારી એક મિત્રની પુત્રીનાં લગ્નમાં ભાગ લઈ રહ્યો હતો ત્યારે મેં મારા પિતાને ગુમાવ્યા. જ્યારે ભારતમાંના મારા પરિવારે મને આ સૂચના આપી ત્યારે હું મારી પત્ની સિંધુ સાથે ઘેર ધસી ગયો, પરિસ્થિતિનો હવાલો સંભાળી લીધો, છેલ્લી વિધિઓ કરી અને જેણે મને મારા જીવનના ઉત્કૃષ્ઠ પાઠ શીખવ્યા હતા તે માણસને વિધિવત વિદાય આપી. બે દિવસ પછી મારે ગોવામાં ટાટા હાઉસીંગ માટે એક જુથને સંબોધવાનું હતું; એવું નથી કે અંગત કારણોસર મારી ગેરહાજરી માટે તાતા હાઉસીંગ મારા નામ પર ચોકડો મારી દેત, પરંતુ આ કાર્યક્રમ માટે મેં પૈસા લીધા હતા, મારી હાજરીનું વચન આપ્યું હતું અને આખા દેશમાંથી સેંકડો લોકો મને સાંભળવા માટે ત્યાં આવવાના હતા.

ઘણા લોકોની સલાહની સામે પડીને, મેં પહેલી ફ્લાઇટ પકડી અને શ્રોતાગણને વધુ ઉચ્ચ દેખાવ કરવા માટે પ્રેરણા આપતો હું તેમની સામે ઊભો હતો. ભાગ્યે જ એક વર્ષ પછી મેં મારા મોટા બનેવીને ગુમાવ્યા અને મારી ક્રિયામાં કોઈ ફરક ન હતો. મારી પત્નીને મોટો અકસ્માત થયો, મારી ત્રણે પુત્રીઓ દેવીકા, માલ્વીકા અને રાધીકા હું એક તાલીમ કાર્યક્રમને સંબોધતો હતો ત્યારે જન્મી છે, પરંતુ આમાંની એક પણ ઘટના – કરુણ કે આનંદની ક્ષણોએ મને એક તાલીમ આપનાર અને પ્રેરણાદાયી વક્તા તરીકેનો મારો ઉદ્દેશ આગળ વધારવામાંથી મને વિચલિત કર્યો નથી.

શું હું મારા પિતાને ઓછો પ્રેમ કરતો હતો, શું મારા બનેવીનું મૃત્યુ મારે માટે મહત્ત્વનું ન હતું, કે મને મારી પત્ની કે મારાં ત્રણ બાળકોના જન્મનું મુલ્ય ન હતું? ચોક્કસ નહીં જ! પરંતુ હું એક જીવન મહત્તમ કરનાર છું અને મેં મારી જાતને સૂચના આપી હતી, આદેશ આપ્યો હતો, આજ્ઞા આપી હતી અને માગણી મૂકી હતી કે હું EDDs થી દૂર રહીશ અને કોઈ પણ અંગત કે વ્યાવસાયિક કરુણતા કે આનંદની ક્ષણોને મારી જીંદગીને પાટા પરથી ઉતારવાની છૂટ નહીં આપું.

તમે કરવાનો પ્રયાસ કરી રહ્યા છો તેવી મોટી વસ્તુઓની વચ્ચે, તમારાં બાળકોનો જન્મ થશે, કેટલીક કરુણતાઓ પણ બની શકે છે. જો તમે તે દિવસે ઉપલબ્ધ હો તો તમારે તમારા બાળક સાથે હોવું જ જોઈએ, પરંતુ જો તમારે એક વચનબદ્ધતાને માન આપવાનું હોય તો તેને બાજુ પર મૂકી ન શકાય કારણ કે એક જાહેર વચનબદ્ધતાએ ખાનગી કરુણતા કે આનંદ કરતાં ઘણી વધુ મોટી છે અને જો તમારે જીવનને મહત્તમ બનાવવું હોય તો તેને વધુ મુલ્ય આપવું જ પડે.

તમે હાલમાં પસાર થઈ રહ્યા હોવ તેવા ત્રણ ઈડ્ડૂ લખો અને તેમાંથી બહાર આવવાનું આયોજન ઘડો.

નં.	EDD	આયોજન
૧		
૨		
૩		

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે.

ભાવનાત્મક રીતે વહાવી જનાર વિક્ષેપોને વિદાય આપો.

ભાગ – ૨

આ પણે લઘુત્તમ સમય અને લઘુત્તમ પ્રયાસો વડે મહત્તમ પરિણામો આપવાં જોઈએ. કામના સ્થળે અથવા ઘરમાં આપણે જો વિક્ષેપો વડે તણાઈ ન જઈ એ તો જ આપણે ઉત્પાદક રહી શકીએ. ચિડ, વ્યગ્રતા, ગુસ્સો, હતાશા, દુઃખ, નાખુશી, ઈર્ષા, શંકા, દુશ્મનાવટ, દોષિતપણું, અસહાયતા, નિરાશા, નકાર, અવગણના, અહમ, લોભ, વગેરે બધા જ ૧૦૦% વિક્ષેપો છે. એક વાર આપણે આમાંની કોઈ પણ અથવા બધી જ લાગણીઓ અનુભવવાનું શરૂ કરીએ એટલે આપણાં લક્ષ્ય પરથી આપણું ધ્યાન ખસી જાય છે. જીવનની સૌથી હતાશ કરતી સ્થિતિઓ છતાં ઉત્પાદક રહેવા માટે, આપણે આપણી લાગણીઓ વિશે સભાન રહેવું જોઈએ.

કેટલીક લાગણીઓ તમને લડત આપવામાં અને આગળ વધવામાં મદદ કરે છે.... આ બધી ઊર્જા વધારનાર લાગણીઓ છે.

બીજી તરફ, કેટલીક લાગણીઓ તમને ઉદાસ, ક્રોધિત, હતાશ, વ્યગ્ર, ગુનાહિત બનાવે છે... આ ઊર્જા ઘસડી જનાર, આત્મવિધ્વંસક લાગણીઓ છે.

જ્યારે જીવનમાં કંઈક ખોટું બને ત્યારે લાગણીઓ તમારા મનની અને તમારા હિતની અવસ્થા નક્કી કરે છે અને જીવનમાં ખરાબ ઘટનાઓ બને જ છે, તો આવા સમયે તમારી લાગણીઓ કેવી હોવી જોઈએ?

મેં હંમેશાં કહ્યું છે કે તમારે નીચેની ચાર લાગણીઓ અથવા મનની અવસ્થાઓ ધરાવવી જોઈએ.

→ રમુજવૃત્તિ

→ આનંદીપણું

→ આત્મવિશ્વાસ

→ ઉત્સાહ

આ બધા એક જીવન મહત્તમ કરનારના હોલમાર્ક છે.

તમારે જે જાહેર કરવાની જરૂર છે કે જીવનમાં જે કાંઈ પણ બનશે :

૧. **હું મારી રમુજવૃત્તિને ઘટવા નહીં દઉં હું તેને હંમેશાં જીવંત રાખીશ.** સમસ્યાઓને ઉકેલવા માટે તમારામાં રમૂજવૃત્તિ હોવી જરૂરી છે –

તમારી પોતાની ઉપર અને આખી દુનિયા પર હસી શકવાની આવડત. તમારે જીવન અને તે જે કાંઈ પણ સારું કે ખરાબ, આપે છે તેના પર આશ્ચર્ય પામવું જરૂરી છે.

૨. **હું આનંદી રહીશ – એક દશકા પછી નવી મોટી વસ્તુ સર્જવા કે ઉત્પાદન કરવા ખુશ અને તૈયાર!**
પ્રશ્નો ઉકેલવા માટે તમારે આનંદી હોવું જરૂરી છે – બધો સમય સારા જુસ્સામાં રહેવું, આશાવાદી, તેજસ્વી તથા ખુશનુમા બનવું.

૩. **હું આત્મશ્રધ્ધાવાન રહીશ અને મારી જાતને યાદ કરાવીશ કે માત્ર આત્મશ્રદ્ધા જ મને કાંઈ પણ શીખવામાં, કાંઈ પણ સાથે તડજોડ કરવામાં અને જીવનમાં કાંઈ પણ પૂર્ણ કરવામાં મદદ કરશે!**
ખાસ કરીને જ્યારે વસ્તુઓ તમારી તરફેણમાં ન હોય ત્યારે, આત્મવિશ્વાસ વગર તમે તમારા વિચારો, શબ્દો અને કાર્યોને તમારા એક પતન પછી નવી મોટી વસ્તુ સિદ્ધ કરવા માટે નિર્દેશન આપવાની સ્થિતિમાં નહીં હોવ.

૪. **હું જીવન વિશે ઉત્સાહી, વાઇબ્રન્ટ અને ઉત્તેજીત રહીશ. હું મારી જાતને સતતપણે યાદ અપાવીશ કે ભલે મારી આસપાસની ઘણી વસ્તુઓ વિખેરાયેલી છે તોપણ, મારી પાસે હજી જીવનમાં ઘણી વસ્તુઓ અકબંધ રહી છે અને મોટાં લક્ષ્યો સિદ્ધ કરવાનાં છે!**
પ્રશ્નો ઉકેલવા માટે તમારે ઉત્સાહી રહેવું જરૂરી છે. મને વર્ષો અગાઉ કહેવામાં આવ્યું હતું કે એક ઉત્સાહી વ્યક્તિ ભગવાન વડે સ્વસ્થ રખાયેલ – કબજો રખાયેલ – માણસ છે. આથી જાણે તમે ભગવાનના કબજામાં હો તેમ તમારે રહેવું જોઈએ.

તમારું વ્યક્તિત્વ એવું હોવું જોઈએ કે જ્યારે લોકો તમને જોવે, તમારી સાથે વાતચિત કરે, ત્યારે તેમને એવું લાગવું જોઈએ કે તમે આનંદ માટે બૂમો પાડી રહ્યા છો. તમારા તરફ જોઈને લોકો પોતાનાં દુઃખ ભૂલી જવા જોઈએ. તમારું અસ્તિત્વ દરેકને આરામ અને શાંતિ આપવું જોઈએ. તમને મળવું તે તહેવાર – એક ઉજવણી, આનંદની ક્ષણ જેવું લાગવું જોઈએ.

જીવનની ઘેલછામાં તમારી પદ્ધતિ શું છે!

આ પદ્ધતિ એ તમારી જાહેરાત છે કે, *"સૌથી વધુ હતાશાજનક સંજોગોમાં પણ, જીવનમાં હું યોગ્ય લાગણીઓ વડે શાસિત થઈશ."*

વિલીયમ શેક્સપીયરે કહ્યું છે તેમ, “આ દુનિયામાં કંઈ જ સારું કે ખરાબ નથી... તમારા વિચારો તેને તેવું બનાવે છે!”

આપણે બધાજ બુદ્ધિશાળી માણસો છીએ, જોકે, ડાહ્યા છીએ કે નહીં તે શંકાસ્પદ છે. તો આપણે બધા બુદ્ધિશાળી લોકો છીએ તેવી માન્યતા સાથે આગળ વધીએ.

તેનો અર્થ છે કે આપણી બધાની પાસે આપણી સમસ્યાઓ દૂર કરવાની, મુશ્કેલી કે અવરોધોનો સામનો થાય ત્યારે આપણા જીવનનું પુરુત્થાન કરવાની ક્ષમતા છે. જોકે ૨૯ ભવ્યવર્ષોના કારકીર્દિના ગાળામાં મેં સૌથી બુદ્ધિશાળી લોકોને મૂર્ખ વસ્તુઓ કરતા અને ભાંગી પડતા જોયા છે. હંમેશાં નવાઈ પામ્યો છું કે આમ શા માટે થાય છે?

તેઓ બધાં જ એવી લાગણીઓથી ભરપૂર છે જે તેમને આગળ વધવા દેતી નથી. વ્યગ્રતા, ગુનાહિતતા, દુશ્મનાવટ, હતાશા, નિરાશા, ક્રોધ, વિષાદ વગેરે જેવી લાગણીઓ. આપણે આપણી ઇકોસીસ્ટમ પાસેથી જે માગણીઓ કરીએ છીએ તેને કારણે આ લાગણીઓ બને છે.

આપણી ઇકોસીસ્ટમ લોકો અને વસ્તુઓથી બનેલી છે. હવે જો તમે ‘લોકો’ને જાણતા હો અને ‘વસ્તુઓ’ને જાણતા હો તો તે મોટેભાગે ખોટું પડે છે. દુર્ભાગ્યે આપણી ઇકોસીસ્ટમમાં આપણે પોતે પણ આવી જઈએ છીએ. આમ સરવાળે આપણી ઇકોસીસ્ટમ આપણે, અન્યો અને આપણી આસપાસની વસ્તુઓ ધરાવે છે. આ ત્રણેય ઘટકો તરફથી આપણી પાસે જે માગણી થાય છે તે જ સૌથી મોટી સમસ્યા છે :

ઇકોસીસ્ટમની સૌથી પહેલી માગ છે ‘હું સંપૂર્ણ હોવો જોઉં.’ બીજી માગણી છે કે, ‘મારી આસપાસના અન્યો સંપૂર્ણ હોવા જોઈએ.’ ત્રીજી માગણી છે કે ‘મારી આસપાસની વસ્તુઓ સંપૂર્ણ હોવી જોઈએ.’

હવે અહીં એક સમસ્યા છે :

માગણીઓ વિરુદ્ધ અપેક્ષાઓ

માગણીઓ એ એવો દાવો છે જે તમે ઇકોસીસ્ટમ પર કરો છો – એ કંઈક એવું છે જે તમે ઇચ્છો છો અને તે મેળવવા માટે તમારો હક્ક રજુ કરો છો. બીજી તરફ અપેક્ષાઓ એ તમારી આકાંક્ષાઓ છે, અને જો તે પરિપૂર્ણ થશે તો તમે ખુશ થશો.

આથી કાંતો આપણે પોતાની પાસેથી, અન્યો પાસેથી અને આપણી આસપાસની વસ્તુઓ પાસેથી કંઈકની માગણી કરી શકીએ, અથવા

આપણે આપણી પાસેથી, અન્યો પાસેથી તથા આપણી આસપાસની વસ્તુઓ પાસેથી અપેક્ષા રાખી શકીએ. માગણીએ સમસ્યા છે. જો માગણીને બદલે અપેક્ષા હોત તો આપણે આપણી ચાર ઉપયોગી લાગણીઓ – આનંદીપણું, આત્મવિશ્વાસ, ઉત્સાહ અને રમુજવૃત્તિ સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું હોત.

બધા જીવનને મહત્તમ કરનારાઓ પોતાના તેમજ અન્યોના અનુભવોને કારણે સમજ્યા છે કે માનવો અપૂર્ણ લોકો છે જેઓ તેમના જેટલી જ અપૂર્ણ દુનિયામાં વસે છે. એક અપૂર્ણ દુનિયામાં વસતા લોકો પાસેથી સંપૂર્ણતાની માગણી કરવી તે માત્ર મૂર્ખતા નથી પરંતુ પોતાના હેતુમાંથી ચલિત થવાની ખાતરીબંધ ફોર્મ્યુલા પણ છે. જીવન મહત્તમ કરનારાઓ એવું પણ સમજ્યા છે કે 'વસ્તુઓ' ખોટી પડી શકે છે અને પડશે અને આથી, એવી 'માગણી' કરવી કે વસ્તુઓ વ્યક્તિની માગણી મુજબ બને તે વધારે પડતું અવાસ્તવિક છે!

ઇકોસીસ્ટમ માગણી – ૧

તમે તમારી પોતાની પાસેથી સંપૂર્ણતાની માગણી કરો છો અને તે અવાસ્તવિક સ્વ-માન્યતાઓ તરફ દોરી જાય છે :

→ મારે બધાંને ખુશ કરવા જોઈએ.

→ હું કોઈને પણ માટે તૈયાર હોવો જોઉં.

→ મારાં બાળકોએ મને માન આપવું જોઈએ.

→ મારા સહકર્મીઓએ મને માન આપવું જોઈએ.

→ મારે મને આજે સોંપવામાં આવેલી ૨૦ પ્રવૃત્તિઓ પૂરી કરવી જોઈએ (જ્યારે ખરેખર તમે પાંચ પણ ન કરી શકો.)

→ મારે કશાયની ના ન પાડવી જોઈએ.

→ હું બીજાઓને ઉપયોગી અને લાયક હોવો જોઉં.

→ મારે કોઈભૂલો ન કરવી જોઈએ.

→ હું એક પારંગત પુત્ર, એક પારંગત પુત્રી, એક ક્ષતિરહિત પત્ની, એક યથાર્થ પતિ, એક પારંગત ભાઈ, એક પારંગત પિતા, એક પારંગત ઉપરી, એક પારંગત કર્મચારી, એક પારંગત વહુ, એક પારંગત માતા, એક પારંગત માણસ હોવો જોઉં.

જે લોકો આ ક્ષતિરહિતતાના વિચારોનાં વર્ચસ્વ હેઠળ છે તેઓ વ્યગ્રતા અને ગુનાહિતતાથી પીડાય છે :

૧. તેમનાં ભવિષ્ય અંગેની વ્યગ્રતા.

૨. તેમના ભૂતકાળ અંગેની ગુનાહિતતા.

ઉદાહરણ તરીકે, એક વિદ્યાર્થી તેની પોતાની પાસેથી પારંગતતાની માગણી કરે છે અને કહે છે, "મારે ૯૬% મેળવવા જોઈએ અને મારા શિક્ષકો, આચાર્ય, વાલીઓ, મિત્રો વગેરેની પ્રશંસા જીતવી જોઈએ." જો તેને ૮૫% આવે તો તે આને સ્વીકારી નથી શકતો અને વ્યગ્રતા ઘર કરી જાય છે. તે પોતાના વિશે નકારાત્મક વિચારવા લાગે છે. "મારાં ભવિષ્યનું શું થશે?, મારું જીવન નકામું છે, મારું જીવન બરબાદ થઈ ગયું છે, લોકો મારા વિશે શું વિચારશે? હું દુનિયાને કેવી રીતે મોઢું બતાવીશ? હું મારાં વાલીઓનો સામનો કેવી રીતે કરીશ? આ જીવન જીવવા લાયક નથી!"

આ વસ્તુ આપઘાત જેવાં સ્વ વિધ્વંસક પગલાંઓ તરફ દોરી જઈ શકે છે, જે તાજેતરના સમયમાં ઘણાં જ સામાન્ય થઈ ગયાં છે.

આ લોકો તેમનાં ભવિષ્ય વિશે વ્યગ્ર હોય છે અને આ વ્યગ્રતા તેમની બુદ્ધિમાં હસ્તક્ષેપ કરે છે અને તેઓ તેમનાં જીવન તથા કારકીર્દિ બરબાદ કરે છે. ફરી એક વાર, તમને યાદ કરાવી દઉં.

વધારે પડતી લાગણીઓ બુદ્ધિમાં હસ્તક્ષેપ કરે છે.

'હું સંપૂર્ણ હોવો જોઉં' વાળા લોકો હંમેશાં ભવિષ્યમાં રહેનારા હોય છે અને તેમની લાગણીઓ તેમની આસપાસની ઘટનાઓ વડે આદેશ પામેલી હોય છે. જો એ ઘટનાઓ તેમના કહેવાતા "ક્ષતિરહિત ધોરણો" મુજબ ન હોય તો તેઓ પોતાની જાત સાથે ગુસ્સે થઈ જાય છે અને એક વખત ગુસ્સો (નકારાત્મક લાગણી) ઘર કરી જાય પછી તેઓ કેન્દ્રિત થઈ શકતા નથી, કામ કરી શકતા નથી અથવા જીવનમાં એકાગ્ર નથી થઈ શકતા. આ વસ્તુ તેમને પાંગળા બનાવી દે છે અને પછી થતી બધી ક્રિયાઓ તથા નિર્ણયો તેમની લાગણીઓનું પરિણામ હોય છે.

જે વ્યાવસાયિકો જીવનમાં ક્ષતિરહિતતાની માગણી કરે છે તેઓ પણ આવી જ લાગણીઓથી પીડાતા હોય છે :

→ મારે ક્ષતિરહિત રજુઆત કરવી જોઈએ.

→ મારે કામમાં કોઈ ભૂલ ન કરવી જોઈએ.

→ હું જે કાંઈ પણ કરું તેમાં શ્રેષ્ઠ હોવો જોઉં.

→ મારી સમર્પિતતા, જુસ્સો અને વચનબદ્ધતા માટે મારી પ્રશંસા થવી જોઈએ. જો હું આ પ્રશંસા ન મેળવું તો હું નકામો છું.

વ્યગ્રતા અને ક્ષતિરહિતતા વડે આદેશ અપાયેલ કોઈ પણ માણસ જ્યારે વસ્તુઓ તેનાં સંપૂર્ણતાના ધોરણો સાથે મેળ ન ખાય ત્યારે પોતાની જાતનું સમતોલન નથી કરી શકતો. મારા વ્હાલા મિત્રો મને તમને કહેવા દો કે તમે હંમેશાં સંપૂર્ણ નથી થઈ શકવાના.

જો લોકો પોતાની પાસેથી ક્ષતિરહિતતાની માગણી કરે છે તેઓ કોઈને કે કશાયને ના નથી કહી શકતા. તમે તેમની પાસે કોઈ પણ પ્રકારનું કામ કે નોકરી લઈને જશો તો તેઓ તરત જ તે લઈ લેશે કારણ કે તેઓ સંપૂર્ણ હોવાના વિચારથી ઘેરાયેલા છે. તેઓ 'ના' નથી પાડી શકતા અને કારણ કે તેઓ 'ના' નથી કહી શકતા તેથી તેઓ ખરેખર ખાઈ શકે તેના કરતાં પોતાના ડીશમાં વધારે પડતું લઈ લે છે, અને જ્યારે તમે સંભાળી શકો તેના કરતાં વધુ લઈ લો છો ત્યારે તમે ભૂલો કરવાના જ છો.

જ્યારે આવા સંપૂર્ણતાવાદીઓ ભૂલો કરો છે ત્યારે તેઓ વધુ એક લાગણીથી પીડાય છે – ગુનો કર્યાની. ભૂતકાળ વિશેની ગુનાહિતતા – મેં આ નોકરી કેમ લીધી, મેં કેમ ના ન કહી, વગેરે.

આમ, જે લોકો પોતાની પાસેથી સંપૂર્ણતાની માગણી કરે છે તેઓ બે લાગણીઓથી પીડાય છે :

૧. ભૂતકાળ વિશે ગુનાહિતતા

૨. ભવિષ્ય અંગેની વ્યગ્રતા

આને કારણે તેઓ ભાવનાત્મક રીતે ઘસડાઈ ગયેલા અને વિચલિત થયેલા રહે છે અને જે વ્યક્તિ આવી હોય તે ક્યારેય એક જીવનને મહત્તમ કરનાર ન હોઈ શકે.

ઇકોસીસ્ટમ માગણી-૨

તમે અન્યો પાસેથી ક્ષતિરહિતતાની માગણી કરો છો અને જ્યારે તમે અન્યો પાસેથી ક્ષતિરહિતતાની માગણી કરો છો ત્યારે, આ વિચારો તમારાં મનમાં દોડે છે :

→ અન્યો પણ મારા જેવા જ હોવા જોઈએ.

→ તેમણે મને સમજવો જોઈએ.

→ તેમણે મારા પડકારો તથા મુશ્કેલીઓ જાણવાં જોઈએ અને મને હું સંભાળી શકું તેટલું જ આપવું જોઈએ.

→ અન્યોએ મને બીનશરતી પ્રેમ કરવો જોઈએ.

→ તેઓ માગણી કરે તેવા ન હોવા જોઈએ.

→ તેમણે મારા નિર્ણય, મારાં દૃષ્ટિ બિંદુઓ, મારા વિચારોની કિંમત કરવી જોઈએ.

→ રસ્તા પરના લોકોએ જ્યારે હું ડ્રાઇવીંગ કરતો હોઉં ત્યારે લેન ન કાપવી જોઈએ કે મને ઓવરટેક ન કરવો જોઈએ.

→ મારી પત્નીએ બહાર જતાં પહેલાં મને જાણ કરવી જોઈએ.

→ તેણે મને મારાં વ્યાપાર સાહસમાં ટેકો આપવો જોઈએ.

→ તેણે મને સમજવો જોઈએ અને દરેક વખતે... બધી વખત મારા દૃષ્ટિબિંદુઓને માન આપવું જોઈએ.

→ મારી દિકરી બહિર્મુખી હોવી જોઈએ.

→ મારા દિકરાને ખ્યાલ આપવો જોઈએ કે જો તેને ૯૫% નહીં આવે તો મારું હૃદય ભાંગી જશે. આથી તેણે ૯૫% લાવવા જ જોઈએ.

→ તેણે બધો સમય ફેસબુક પર ન રહેવું જોઈએ.

→ મારા મિત્રો અને મહેમાનો સામે મારાં બાળકોએ સારી વર્તણુક રાખવી જોઈએ.

→ મારા ઉપરીએ ઘરમાંની મારી મુશ્કેલીઓ સમજવી જોઈએ અને મારા પર નવાં કામો ન લાદવાં જોઈએ.

→ મારા હાથ નીચેના માણસોએ સખત કામ કરવું જોઈએ અને તેમને સોંપાયેલા કામ પૂરું ન થાય ત્યાં સુધી ઘેર ન જવું જોઈએ.

→ તેઓ બધો સમય સમર્પિત, વફાદાર અને વચનબદ્ધ હોવા જોઈએ.

→ મારા સહકર્મીઓએ મને બધું જ કહેવું જોઈએ.

→ મારા ઉપરી અથવા સહકર્મીઓએ મને પ્રશ્નો ન પૂછવા જોઈએ.

→ મારાં માતાપિતા સ્વાર્થી તથા સ્વકેન્દ્રી ન હોવાં જોઈએ.

→ તેમણે એવું કંઈ ન કરવું જોઈએ જે મને ન ગમે.

→ મારી કંપનીએ મારી બદલી ન કરવી જોઈએ.

→ મારી કંપનીએ મુશ્કેલીના સમયે મને મદદ કરવી જોઈએ.

→ મારી સંસ્થા ગમે તે મુશ્કેલી ભોગવતી હોય, મારું કમીશન સમયસર ચૂકવવું જોઈએ.

→ વર્ષની મધ્યમાં મારું ટાર્ગેટ વધારાવું ન જોઈએ.

→ મારી પાસેથી અપેક્ષા હતી તે બધું જ મેં ન કર્યું હોય તોપણ મને બઢતી મળવી જોઈએ.

→ કોઈ મારી વિરુદ્ધ ન હોવું જોઈએ, નહીં તો હું લાયક નથી.

અન્યો પાસેથી સંપૂર્ણતાની આ માગણીને કારણે લોકો બે લાગણીઓથી પીડાય છે.

૧. વેરભાવ – દુશ્મનાવટ

૨. હતાશા

દુશ્મનાવટ

જ્યારે તમારી આસપાસના લોકો તમારાં ક્ષતિરહિતતાનાં ધોરણો મુજબ કામ નથી કરતા ત્યારે તેઓ તમને અને તમારી લાગણીઓને સમજતા ન હોય તેવું દેખાવાને કારણે તમે વિરોધી અને ગુસ્સે થઈ જાવ છો. આવી પરિસ્થિતિઓમાં તમે ખરેખર હિંસક અને આક્રમક થઈ જઈ શકો છો. છેવટે તમે લોકોને મારી નાખી શકો છો, તેમને વગાડી શકો છો, ફટકારી શકો છો અને તેમનો નાશ કરી શકો છો. સૌથી વાસ્તવવાદી અને ડાહ્યા લોકો વડે પણ મોટાભાગનાં ખૂન આવી ગુસ્સાની ક્ષણો દરમિયાન થતાં હોય છે. રસ્તા પરનો પ્રકોપ, જ્યાં લોકો લડાઈ કરવા માટે તેમની કારમાંથી ઊતરી જાય છે. થોડાક પૈસા માટે શાકભાજીના ફેરીયાઓ સાથે ઝઘડો કરે છે, રેસ્ટોરન્ટમાં બાર ટેન્ડર કે વેઇટ્રેસ સાથે દલીલો કરે છે, આ બધું આવી દુશ્માનવટ તથા ગુસ્સાનું પરિણામ છે.

હતાશા

સમય જતાં જ્યારે આ લોકોનાં જીવનમાં નકારાત્મક ઘટનાઓની શ્રેણી બને છે અને જ્યારે તેમને લાગે છે કે અન્યો, જેમ કે તેમના પુત્રો, પુત્રીઓ, જીવનસાથી, કર્મચારીઓ, મિત્રો, સમુદાયો, પરિવારના સભ્યો વગેરે તેમના વિચારો અથવા દૃષ્ટિબિંદુઓ સાથે જોડાતા દેખાતા નથી ત્યારે તેઓ બીજી જોખમી લાગણી, હતાશામાં આવી જાય છે.

તેમને નકામાપણાની લાગણીનો અનુભવ થાય છે. તેઓ ઉદાસ અને ઉત્સાહહીન થઈ જાય છે અને આવી લાગણીઓ તેમની ઊર્જા શોષી લે છે

અને તેઓ તેમની ચાર હકારાત્મક લાગણીઓ અથવા મનની સ્થિતિ ગુમાવે છે.

૧. તેઓ તેમની રમુજવૃત્તિ ગુમાવે છે જે આગળ વધવા માટે ખૂબ જ જરૂરી છે.

૨. તેઓ આનંદમાં રહી શકતા નથી.

૩. તેમને પોતાની ક્ષમતામાં શંકા થાય છે અને તેઓ આત્મવિશ્વાસ ગુમાવેછે.

૪. તેઓ તેમના ઉત્સાહને જીવંત રાખી શકતા નથી અને લોકો તેમના માટે જે મુશ્કેલીઓ તથા સંજોગો સર્જે છે તેના વડે નિર્દેશિત થાય છે.

વિરોધ અને હતાશા વડે આદેશ અપાયેલ માણસ ક્યારેય જીવનને મહત્તમ કરનાર ન હોઈ શકે.

તે લોકોની સ્વીકારવાની, અનુકુળ થવાની તથા પ્રસંશા કરવાની ક્ષમતા ગુમાવે છે – આપણે આદેશ-૫ માં જોયા તે જીવનને મહત્તમ કરનારની ત્રણ મહત્ત્વના ગુણો.

ઇકોસીસ્ટમ માગણી – ૩

તમે લોકો પાસેથી નહીં, તમારી આસપાસની વસ્તુઓ પાસેથી ક્ષતિરહિતતાની અપેક્ષા કરો છો અને જ્યારે આવી માગણીઓનું તમારા મન પર વર્ચસ્વ હશે ત્યારે તમારા વિચારો આવા હશે.

- હું રસ્તા પર જાઉં ત્યારે ટ્રાફીક ન હોવો જોઈએ.
- કોઈ મોટા ખાડા ન હોવા જોઈએ.
- મારા વ્યાપારમાં સ્પર્ધા ન હોવા જોઈએ.
- સરકારે તેના નાગરિકોનાં જીવન સરળ બનાવવાનાં પગલાં લેવાં જોઈએ.
- મારી કંપનીએ શનિ-રવિની રજા રાખવી જોઈએ.
- શક્ય હોય તો શુક્રવારની પણ રજા રાખવી જોઈએ.
- હું સવારે ૧૦ વાગે ઉઠતો હોવાથી મારી કંપનીએ મને ૯.૩૦ ને બદલે ૧૨ વાગે કામ શરૂ કરવાની છૂટ આપવી જોઈએ.
- હું પ્રવેશ કરું ત્યારે લીફ્ટ ચાલવી જોઈએ.
- હું ખરીદી કરવ જાઉં ત્યારે મને પાર્કીંગની જગ્યા મળવી જોઈએ.

- તાપમાન ૧૬ ડીગ્રી હોવું જોઈએ કારણ કે મને ૧૬ ડીગ્રી થી ઉપર કે નીચે કંઈ ગમતું નથી.
- હું મુસાફરી કરતો હોઉં ત્યારે વરસાદ ન પડવો જોઈએ.
- ટ્રેન સમયસર આવવી જોઈએ.
- દુનિયાએ મને સમજવો જોઈએ અને એવા સંજોગો તથા પરિસ્થિતિ સર્જવા જોઈએ જે મને સાનુકુળ હોય.

આ લોકો ચીડ, સતામણી વગેરે સહિતની અતિશય નકારાત્મક લાગણીઓ અનુભવશે. તેઓ આ લાગણીઓ સાથે કઈ હદ સુધી વેઠી શકે છે તે બધો તફાવત ઊભો કરે છે. કેટલાક લોકો માટે આવી લાગણીઓને સ્વીકારવાની ક્ષમતા ઊંચી હોય છે. જ્યારે કેટલાક માટે તે નીચી હોય છે.

જે લોકોમાં ખોટી પડી શકે તેવી વસ્તુઓ સ્વીકારવાની ક્ષમતા નીચી હોય છે તેઓ એવી કોઈ વસ્તુ સહન નથી કરી શકતા જે તેમની ઇચ્છા મુજનબી ન હોય. તેઓ “૩”ને સંભાળી નથી શકતા જેમ કે વસ્તુઓને જેવી છે તેવી સ્વીકારી નથી શકતા, પરિસ્થિતિ સાથે મેળ નથી પાડી શકતા અને આ દુનિયાની બધી સુંદર વસ્તુઓને વખાણી નથી શકતા. તેઓ મોટા ભાગનો સમય અને મોટાભાગની પરિસ્થિતિઓમાં ચીડાયેલા, વ્યથિત, વિક્ષેપ પામેલા અને ગુસ્સામાં હોય છે. **તેઓ સતતપણે ભાવનાત્મક રીતે ઘસડાયેલા અને વિચલિત હોય છે** .

બીજી તરફ, જે લોકોમાં ખોટી પડી શકે તેવી વસ્તુઓ તરફ સ્વીકારની ક્ષમતા ઉંચી હોય છે. તેઓ અતિશય ચીડ, સતામણી સહન કરી શકે છે અને છતાં તેમના વિચારો, શબ્દો, કાર્યોમાં શાંત, સ્વસ્થ, સજાગ અને સ્થિર રહી શકે છે. તેમણે એ હકકીત સ્વિકારી લીધી છે કે તેઓ ક્ષતિરહિત ન બની શકે. તેમણે દુનિયાની ક્ષતિઓ સાથે મેળ પાડી લીધો હોય છે અને આ દુનિયાને જે કાંઈપણ આપવાનું હોય તે બધાના વખાણ કરવાની કળામાં તેમણે નિપુણતા મેળવી હો છે. **તેઓ જીવનને મહત્તમ કરનારાઓ છે.**

આપણે બધા આ ત્રણ ઇકોસીસ્ટમ માગણીઓ પૈકીની દરેકને જુદી જુદી રીતે તોલીએ છીએ. જીવનમાં જુદા જુદા સમયે આપણી લાગણીઓને સંભાળવાની આપણી ક્ષમતાને આધારે, તેમાંની એકનું પ્રભુત્વ હોય છે.

ઇકોસીસ્ટમ માગણી નં.૧ થી પીડાતા લોકો આ અચોક્કસ દુનિયામાં ચોક્કસપણે તેમના પોતાના વિશે માંગણી કરશે અને પરિણામે :

- તેઓ તેમના પોતાના વિશે બધી વસ્તુઓનો ખેદ કરે છે.
- તેઓ આધિનતાના ભાવથી કામ કરે છે.
- તેઓ પોતાના તરફ ખૂબ જ અન્યાયી હોય છે.
- તેઓ બધો સમય સહન કરે છે.
- તેઓ વ્યથિત અને હતાશ થાય છે કે દુનિયાએ તેમનું શોષણ ક્યું છે.

ઇકોસીસ્ટમ માગણી નં.૨ થી પીડાતા લોકો તેમની અન્ય લોકો પાસેથી સંપૂર્ણતાની માગણીને કારણે અન્ય લોકોની સાથે જોડાઈ શકતા નથી. પરિણામે :

- તેમને બીજાની પડી હોતી નથી.
- તેઓ લોકો સાથે અધીરા હોય છે.

ઇકોસીસ્ટમ નં. ૩ થી પીડાતા લોકો જીવનમાં કોઈપણ અગવડનો સામનો કરવા નથી માગતા પરિણામે :

- તેઓ આવતીકાલના બરાબર સમય માટે બધું મુલત્વી રાખે છે.
- તેઓ દુનિયા વડે સતત નાહિંમત અને હતાશ હોય છે.

જો તમે તમારી જાતને ભાવનાત્મક રીતે વહાવી દેવા ન માગતા હો અને સફળતા અને જીવન મહત્તમ કરવાના માર્ગ પર કેન્દ્રિત રહેવા માગતા હો તો લોકોને મારી સલાહ છે કે :

ઇકોસીસ્ટમ નં. ૧ સાથે આ રીતે વ્યવહાર કરવો.

૧. કૃતનિશ્ચયી રહો. પાડવી જ પડે ત્યારે ના પાડો.

૨. જો તમે લોકોની માગણીઓ મુજબ કામ કરી શકો તેમ ન હોવ તો તેમને “ના” કહીને નારાજ કરો, એ રીતે લોકો જાણશે કે તમારામાં “ના” કહેવાની ક્ષમતા છે. આ સોનેરી શબ્દો યાદ રાખો :

- તમે બધો વખત બધા લોકોને રાજી ન કરી શકો.
- તમે બધો સમય એક મણસને પણ રાજી ન કરી શકો.

૩. તમે જે પૂછવા માગતા હોય તે પૂછો અને જે ઇચ્છો તે મેળવો. માત્ર તમે નકારાવા ન મગાતા હો તેથી પૂછતાં ડરો નહી.

૪. તમારી જાતને પહેલાં ખુશ રાખો.

૫. તમારી જાતને પ્રેમ કરો. એ રીતે તમારી પાસે તમને પ્રેમ કરતી ઓછામાં ઓછી એક વ્યક્તિ જતો હશે.

ઇકોસીસ્ટમ નં. ૨ સાથે વ્યવહાર કરવો.

૧. એ સમજો કે લોકોને તેમની પોતાની ઓળખ, ગતિ અને કામ કરવાની શૈલી હોય છે. લોકોને તે મુજબ કામ કરવાની છૂટ આપો.

૨. અન્યો સાથે ધૈર્યવાન બનો.

૩. પાછળથી નિરાશા ટાળવા માટે અન્યોની સલાહ લઈને અપેક્ષાઓ ગોઠવો.

૪. અવજ્ઞા/અસ્વીકારની ધારણા કરો અને તેને માટે તૈયાર રહો.

૫. અન્યો સાથે એ વસ્તુઓ ન કરો જે તમારી સાથે થાય તેવું તમને ન ગમતું હોય.

ઇકોસીસ્ટમ નં. ૩ સાથે વ્યવહાર કરવો.

૧. એ સમજો કે સફળ માણસો અને જીવનને મહત્તમ કરનારાઓ પાસે ખોટી પડે તેવી વસ્તુઓને સ્વીકારવાની અને આગળ વધવાની મહાન ક્ષમતા હોય છે.

૨. યાદ રાખો કે દુનિયામાં પરિસ્થિતિઓ આના કરતાં ક્યારેય વધુ સારી ન હતી. આજે જીવનમાં બધાં પાસાંઓ અને ક્ષેત્રોમાં તમારી પાસે શ્રેષ્ઠ વસ્તુઓ છે તેને માણો.

૩. કાંઈ પણ કરવાનો સમય અત્યારે છે. મોડુ ન કરો તે કરી લો.

૪. શારિરીક, માનસિક, ભાવનાત્મક અને મનોવૈજ્ઞાનિક પીડા કોઈપણ સૂચક સિદ્ધિની ચાવી છે.

આમાં કઈ ત્રણ ઇકોસીસ્ટમ માગણી તમારાં વ્યક્તિત્વમાં પ્રભુત્વ ધરાવે છે, ચાર ઉદાહરણ આપો.

____
____
____
____
____
____
____
____
____

સામેનાં ખાના પરનાં ટેબલમાં તમે તમારી પોતાની / અન્યોની વસ્તુઓની પાસેથી માગતા હો તેવી ચાર ક્ષતિરહિતતા અને તેમાંથી

બહાર આવવા માટે તમે કયાં પગલાં લેશો તે લખો.

નં.	તમારી માંગણીની ક્ષતિરહિતતા	બહાર આવવા માટે તમે લેશો તે પગલાં	તમે તે કવી રીતે કરશો
૧			
૨			
૩			
૪			

ઇકોસીસ્ટમ માગણીઓ સાથે થતી સમસ્યા :

મારા વહાલા મિત્રો, આપણી બુધ્ધિ, અનુભવો અને ડહાપણ એ સમસ્યા ઉકેલવા માટેનાં સાધનો છે.

મેં શરૂઆતમાં કહ્યું તેમ, વધારે પડતી લાગણીઓ આપણી સમસ્યાને ઉકેલવાની ક્ષમતામાં હસ્તક્ષેપ કરે છે. જો આપણે આપણી ઇકોસીસ્ટમ પર માંગણી ન કરી હોત તો આપણ ઘણા, ઘણા પડકારો તથા સમસ્યાઓ ખોરવાઈ ગયા વગર ઉકેલી શક્યા હોત. આપણે “ના” કહેવાની ક્ષમતા વિકસાવી હોત, આપણે ભાવનાત્મક રીતે વહાવી જતા વિક્ષેપોને આવજો કહેવાની ક્ષમતા વિકસાવી હોત.

જે ક્ષણે આપણે “અપેક્ષા” કરવાને બદલે માંગણી કરવાનું શરૂ કરીએ છીએ કે તે પોતાની જાત સાથે અવાસ્તવિક અને નકારાત્મક વાતો કરવાને જન્મ આપે છે અને તે થાય છે તે જ ક્ષણે, આપણે આપણા નિશ્ચિત સ્થાન પર પહોંચવામાંથી ખોરવાઈ જઈએ છીએ. આવી રીતે તમે હો, અન્યો હોય કે વસ્તુઓ, તમારે ધ્યાન કેન્દ્રિત રહેવું જરૂરી છે. તમારી ઇચ્છાઓ અને આકાંક્ષાઓ જ મહત્ત્વનાં છે, અને તે કરવા માટે, તમારે તમારા જીવનમાં દરરોજ દર કલાકે, દર મિનિટે આ હુકમ, આ સૂચન, આ આજ્ઞા, આ ફરમાન, આ ઈશ્વરનો નિયમ, આ આદેશ આપવો જરૂરી છે.

ભાવનાત્મક રીતે વહાવી જતા વિક્ષેપોને વિદાય આપો.

આદેશ

૯

એકલવાયા બનવા માટે તૈયાર રહો

જીવનને મહત્તમ કરનાર બનવા માટે તમારે અસામાન્ય બનવું પડશે.

કે ટલીક વાર મને લાગે છે કે આ દુનિયામાં હું એક અસામાન્ય પ્રજાતિ છું. મારા વિચારો, ફીલોસોફીઓ, આદર્શો મારી ખૂબ નજીકની ઇકોસીસ્ટમ ના લોકો કરતાં વધુ પડતા જુદા છે. હું મારી કંપનીના દરેક સહાયકને અપગ્રેડ કરવા માંગુ છું. મારું સ્વપ્ન છે કે મારી ઑફિસની મદદગાર મુમતાઝે તેનો પોતાનો ચાનો ગલ્લો નાખવો જોઈએ અને મારી આજુબાજુની બધી ઑફિસોમાં તેણે ચા પૂરી પાડવી જોઈએ. હું મારા બધા જ .. માઈક્રો, સ્મોલ, એન્ડ મીડીયમ એન્ટરપ્રાઇઝ ગ્રાહકોને વિશ્વસ્તરીય કોર્પોરેશનમાં તબદીલ કરવાનું ધ્યેય રાખું છું. એક સ્પાર્ટન (અંકે રૂા. ૯૫ કરોડની કંસ્ટ્રકશન ઇક્વીપમેન્ટ ટ્રેડીંગ એન્ડ મેન્યુફેકચરીંગ કંપની) એક કેટરપીલર આઈએનસી (૬૦ બિલિયન અમેરિકન ડોલરની આવક સાથેની કંસ્ટ્રકશન એન્ડ માઈનીંગ ઇક્વીપમેન્ટ બનાવતી દુનિયાની સૌથી મોટી કંપની). એક વોલપ્લાસ્ટ (રૂા. ૩૦૦ કરોડની વોલ પુટ્ટી કંપની) ને એશીયન પેઈન્ટસમાં (ભારતની સૌથી મોટી પેઈન્ટ કંપનીઓ પૈકીની એક), ગોલ્ડમાઈન (રૂા. ૨૦ કરોડની ઈન્ટીરીયર ડીઝાઈનીંગ એન્ડ આર્કીટેક્ચરલ ફર્મ)ને ઝાહા હદીક આર્કીટેકચરમાં (તેમનાં સમકાલીન, આધુનિક અને અદ્દુન્યવી સર્જનો માટે જાણીતી પ્રખ્યાત લંડન સ્થિત આર્કીટેકચર અને ઈન્ટીરીયર ડીઝાઈનીંગ ફર્મ) રૂપાંતર કરવાનું મારું ધ્યેય છે. હું માનું છું કે સ્માર્ટના બધા કામોને આઉટસોર્સ કરી શકાય અને સ્માર્ટ ઓછી કિંમતમાં ઊંચો નફો કરનાર મૉડેલ પર ચાલી શકે. હું ઇચ્છું છું કે સ્માર્ટનો દરેક કર્મચારી કંપનીમાં ભાગીદાર અને સહમાલિક બને. હું બધા જ રસ ધરાવતા ઉમેદવારોને ઈન-હાઉસ ઉદ્યોગપતિ બનવાની તક પૂરી પાડવા અને તેમને આજીવન મારી સાથે બાંધી રાખવા ઇચ્છું છું.

મારા કર્મચારીઓ સાથે જ વૃદ્ધ થવાનું અને જેને આપણે સ્માર્ટ ટાઉનશીપ કહીએ, તેમાં તેમની સાથે રહેવાનું મારું સ્વપ્ન છે. હું માનું છું કે હું જે ગલીમાં રહું છું તેની બરાબર બહાર બેસતી શાકવાળી, તેની પોતાની રીતે ઉદ્યોગપતિ બની શકે, શાકભાજીના ફેરીયાઓની એક ચેઈન બનાવી શકે અને એક સફળ વ્યાપાર ચલાવી શકે જે સાતત્ય અને શાશ્વતતાની ખાતરી આપે અને તેણી તેમ કરે તે માટે મદદ કરવાની તીવ્ર ઇચ્છા છે. હું એક વખતે સંયુક્ત હતાં તે બે રાષ્ટ્રો ભારત અને પાકીસ્તાન ને પાછાં એક કરવા અને તેને એક દેશ બનાવવા ઇચ્છું છું. સૂચિ અનંત છે.

એકદમ ભાગ્યે જ મેં આ વિચારો લેનાર મેળવ્યા છે. મારી કંપનીની અંદરના અને જેઓ નેતાગીરીનાં સ્થાન પર છે તેવા લોકોને પણ કેટલીક વાર આ વિચારો સાથે મેળ પાડવાનું મુશ્કેલ લાગે છે અને હું મારી જાતને પૂછું છે – શું તેમનામાં કંઈક ખૂટે છે કે મારી અંદર કોઈ સમસ્યા પડેલી છે.

આ પ્રશ્નના એકમાત્ર જવાબ આ રીતે આપી શકાય :

જીવનને મહત્તમ કરનારાઓ તેમની જીવનને મહત્તમ કરવાની આ યાત્રામાં એકલવાયા હોય છે.

એક જીવનને મહત્તમ કરનાર વ્યક્તિ ટ્રેનને ચોક્કસ ગંતવ્યવસ્થાન તરફ લઈ જતાં એન્જિન જેવો હોય છે. જુદાં જુદાં સ્ટેશનો પરથી લોકો ટ્રેનમાં ચડે છે. લાંબો સમય રહેવાનું વચન આપે છે, કેટલીક વાર પોતાનાં નિશ્ચિત સ્થાને પહોંચે ત્યાં સુધી રહે છે ને કેટલીક વાર અધવચ્ચે ઊતરી પડે છે. કેટલાક લોકો ટૂંકા અંતર માટે તેમાં હોય છે, કેટલાક પછીનાં જ સ્ટેશને ઊતરી જાય છે અને કેટલાક અનંતકાળ સુધી ચાલુ રાખે છે. રસ્તામાં ચડતા કે ઉતરતા લોકો તરફ લક્ષ આપ્યા વગર, એન્જીન પોતાની ગતિએ તેની યાત્રા ચાલુ રાખે છે, કારણકે એ એન્જીન છે જે ટ્રેનને ચલાવે છે, તેમાં રહેલાં લોકો નહીં.

પુષ્કળ લોકો મારી યાત્રામાં મારી સાથે રહ્યા છે. કેટલાકે કહ્યું છે તેઓ આજીવન મારી સાથે રહેશે અને પછીના જ સ્ટેશને ઊતરી ગયા, કેટલાકે કહ્યું કે તેઓ પછીના સ્ટેશને ઊતરી જશે, પરંતુ થોડું વધારે રોકાયા, અને કેટલાક શરૂઆતથી જ મારી સાથે છે. જેમણે કહ્યું છે કે તેઓ આગલા સ્ટેશને ઊતરી જશે તેમને સાથે આવવાની છૂટ આપીને હું તે લોકો તરફ નારાજ નથી થતો અને જે લોકો લાંબો સમય મારી સાથે રહેવાનું કહે છે તેઓ આજીવન સાથે રહેશે તેવું માનીને, તેમને વધારે પડતી ગંભીરતાથી પણ નથી લેતો. કોઈપણ રીતે, મેં મારે પોતાને માટેની જીવનને મહત્તમ કરવાની પ્રક્રિયામાં અવરોધ ઊભો કર્યો હોત – જો મેં માનવાનું શરૂ કર્યું હોત કે લોકો આજીવન મારી સાથે રહેશે, તેઓ ચાલ્યા જાત ત્યારે હું તુટી જાત (જે અનિવાર્ય છે) અને બીજી તરફ અને જો તેઓ ચડ્યા ભેગા જ ઊતરી જવાનું વિચારતા હોવાને કારણે મેં લોકોને સાથે આવવાની છુટ ન આપી હોત તો હું તેમનામાં જે શ્રેષ્ઠ છે તેને બહાર ન લાવી શક્યો હોત, જેણે મારાં જીવનનાં મહત્તમીકરણમાં પણ અસર કરી હોતાં. આથી મેં લોકોને તેમની સગવડે, તેમના જોડાવાની દીર્ઘકાલીનતા સાથે લેવા દેવા વગર, જોડાવાની છુટ આપી અને તેમની સાથે મને જેટલો સમય મળ્યો તેટલામાં તેમને તથા મને પોતાને મહત્તમ બનાવવાનો મારાથી શ્રેષ્ઠ પ્રયાસ કર્યો.

અને હું એક જીવન મહત્તમ કરનાર હોવાથી, કોણ આવે છે અને કોણ ચાલ્યું ગયું છે તેનાથી અસર પામ્યા વગર, આજે પણ મેં એન્જિન રહેવાનું અને મારી સાથે ડબ્બાઓ ખેંચવાનું ચાલુ રાખ્યું છે. એક એન્જિન, બધા જ ડબ્બાઓ સાથે જોડાયેલું હોવા છતાં, કોઈક રીતે હજી અલિપ્ત રહે છે.

એન્જિનની શક્તિ બધા ડબ્બાઓને ભેગા મૂકતાં થતી શક્તિ કરતાં વધારે હોય છે. એન્જિનની ગેરહાજરીમા બધા ડબ્બાઓ સ્થિર ઊભા રહે છે, પરંતુ એક અથવા બધા જ ડબ્બાઓ વગર, એન્જિન ગંતવ્ય સ્થાને પહોંચી શકે છે.

જ્યારે બહાર રહેલી દુનિયા હસવા માટે ઊભી છે. ત્યાર એક વિવેચક બનો, ટીપ્પણીઓ કરો, કોઈ આગળ આવવા અને ટ્રેન ચલાવવા તૈયાર નથી. એ હવાલો માત્ર એન્જિન વડે લેવાયો છે. આમ, એન્જિન જ જીવનમાં અર્થ લાવે છે, મુંઝવણમાં સ્પષ્ટતા લાવે છે, સત્તાહીનોને સત્તા, દિશાહીનોને દિશા, પ્રેરણાહીનોને પ્રેરણા, નબળાને આત્મવિશ્વાસ, અસમર્થને સામર્થ્ય વગેરે લાવે કે આપે છે. તે દિશા નિર્દેશ, જવાબદારી અને નેતાગીરીની લીફ્ટ છે. તે એક જવાબદારી છે, વિશેષાધિકાર નહીં, અને એન્જિન હંમેશાં તેની યાત્રામાં એકલું જ હોય છે અને આથી, ઘણાં વર્ષો પહેલાં, મેં મારી જાત પાસે જાહેર કર્યું કે હું ક્યારેય ટ્રેનનો ડબ્બો નહી બનું. પરંતુ આજીવન એક એન્જિન બની રહીશ અને એક એન્જિન બનવા માટે તમારે જીવનમાં એકલવાયા થવા માટે તૈયાર રહેવું જોઈએ.

આ ધ્યેય પર હોય ત્યારે દુનિયાની સામે યુદ્ધ લડતાં લડતાં વ્યક્તિ પ્રચંડ આત્મશંકા, ખચકાટ, અચોક્કસતા અને ગેરમાન્યતામાંથી પસાર થાય છે. મેં અગાઉ કહ્યું છે તેમ, દુનિયાની ૯૫ ટકા જનસંખ્યા વોન્ડરીંગ જનરાલીટી છે અને માત્ર ૫ ટકા જ મીનીંગફૂલ સ્પેસીફીક છે. જ્યારે તમે એ દલીલ સાથે આજુબાજુ નજર કરો ત્યારે, દુનિયા સામાન્ય સ્ત્રોતો સાથે, સામાન્ય જીવન જીવતા, સામાન્ય લોકોથી ભરેલી છે, તેમણે તેમનાં જીવનમાં કોઈ વસ્તુને પડકારી નથી અને દાયકાઓથી યથાવત જીંદગી જીવે છે. તેઓ ભીડ છે, તેઓ ટોળાં છે અને ટોળાં અથવા ભીડનું સૌંદય શું છે?

એક ટોળું એ ઘવાયેલા લોકોનું જુથ છે, તે સંખ્યાઓમાં છૂપાયેલું છે, તે બીજા કોઈને દિશા નિર્દેશ, આશા કે આત્મવિશ્વાસ આપી શકતું નથી. તેને નિષ્ણાતોના ટેકાની જરૂર પડે છે. તેને તેના પોતાના કોઈ સિધ્ધાંતો, ફીલોસોફીઓ અથવા દૃષ્ટિબિંદુઓ હોતાં નથી. તેને તેના પોતાના વિચારો કે વ્યૂહ રચનાઓ હોતી નથી. તેને ચહેરો નથી હોતો. તે મહોરું છે, તે દાયકાઓથી એવું જ રહ્યું છે અને આવનાર સદીઓ સુધી એવું જ રહેવાનું છે.

ટોળું લઘુત્તમ જરૂરી હોય તેટલું જ કરવામાં, જોખમો ન લેવામાં અને સલામત રમત રમવામાં માને છે. તેમાનામાં બહાર આવવાના અને કંઈક જુદું કરવાના આત્મવિશ્વાસનો અભાવ હોવાને કારણે તેઓ સ્વીકાર્ય

ધોરણો હોય તે મુજબ નિશ્ચિત શૈલીને અનુસરીને બીજા બધા જેમ કરતાં હોય તેમ કરવાનું વધુ પસંદ કરે છે. આ ચહેરા વિહીનતા જે સલામતી આપે તે તેમને ગમે છે ને આ કોચલાંમાંથી તેમને જે બહાર ફંગોળી દે તેવું કંઈપણ કહેવા, કરવા કે વિચારવા પણ ઇચ્છતા નથી.

જીવનને મહત્તમ કરનારાઓ જાણે છે કે જ્યાં સુધી તેઓ ટોળાંનો એક ભાગ બની રહેશે ત્યાં સુધી તેમની અંદરનો માણસ કયારેય જાગશે નહિં. તેઓ અન્યો વડે પ્રભાવ પામેલા વિચારો, શબ્દો અને ફીલોસોફી ઓ સાથે સામાન્ય જીવન આગળ વધારવાનું ચાલુ રાખશે. તેમની મૌલિકતા ક્યારેય બહાર નહીં આવે અને ટોળાંના ભાગ તરીકે ખોવાઈ જશે, તેઓ દુનિયામાં કોઈ બદલાવ નહિ લાવે, તેઓ કોઈ તફાવત ઊભો નહીં કરે, આ ગ્રહ પર તેમનું આવવું અને રહેવું જાણે કોઈ સૂચિતાર્થ નહીં હોય અને તેઓ ક્યારેય જીવનને મહત્તમ નહીં બનાવી શકે.

અને આથી, જીવનને મહત્તમ બનાવવા માટે, તેઓ ટોળાંથી અલગ રહેવાનો ખૂબ જ બુદ્ધિશાળી અને સભાન નિર્ણય લે છે. તેઓ જાણે છે કે તેમના વિચારો, ફીલોસોફીઓ તથા નિર્ણયો દુનિયા સાથે મેળ નહીં ખાય પરંતુ તેઓ એ પણ જાણે છે કે દુનિયાને તેમની ઉદ્દામ વિચારસરણીની જરૂર છે, દુનિયાને તેમની અસામાન્ય ફીલોસોફીઓની અને તેમના હિંમતભર્યા નિર્ણયોની જરૂર છે, કારણકે માત્ર આ જ ઉદ્દામ વિચારસરણી અસામાન્ય ફીલોસોફીઓ તથા હિંમતભર્યા નિર્ણયો છે જે વધુ સરાં જીવત માટે, નવી ક્રાંતિ શરૂ કરવા માટે અને આ દુનિયાને વધુ સારું સ્થળ બનાવવા માટે માર્ગ કંડારશે.

૧૯૯૮માં તાતા જુથના વડા રતન તાતા, જેઓ તાતા મોટર્સ ચલાવતા હતા, તેમણે ૧૯ વર્ષથી ખોટ ખાતું એકમ JLR (જેગુઆર એન્ડ લેન્ડરોવર) ખરીદવાનો નિર્ણય કર્યો, જે તાતા મોટર્સને ઓગાળી નાખી શક્યું હોત અને તેના માથા પર તાતા બ્રાન્ડ ઉછાળી શક્યું હોત. એ એવું પગલુ હતું જે કોઈ શાણા માણસે ભર્યું ન હોત. તેમણે ચોક્કસ તેમના પોતાના માણસોના વિરોધનો સામનો કર્યો જ હશે, પરંતુ તેમની દૃષ્ટિ અને એકલવાયાના જોમ સાથે, રતન તાતા આગળ વધ્યા અને JLR ખરીદી. આજે તેણે તેમની આવકમાંથી બે તૃતિયાંશ અને તેમના નફામાંથી ત્રણ ચતુર્થાંશનો ફાળો આપીને તાતા મોટર્સને બચાવી લીધી છે.

આ અનુભવ પછી થોડા જ વખતમાં, ૨૦૦૯માં જ્યારે બધા ઓટોમોબાઈલ જાયન્ટસ વધુ મોટી લક્ઝરી કાર પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા હતા ત્યારે રતન તાતા એ 'તાતા નેનો' કાર બહાર પાડી – મધ્યમવર્ગ માટે દુનિયાની સૌથી વધુ પરવડી શકે તેવી કાર, જેણે રતન તાતાનાં સમગ્ર

સામર્થ્યને દાવ પર લગાડી દીધું. એક તરફ (નીચી કિંમતને કારણે) દેખીતી ટેક્નીકલ મર્યાદાઓ અને બીજી તરફ રાજકીય દબાણ સાથે, તેમણે વિશાળ વિરોધનો સામનો કર્યો. લોકો તેમના પર હસ્યા તેમને કહ્યું કે, આ અમલમાં મુકવું અશક્ય એવું ધ્રુષ્ટ આયોજન હતું. પરંતુ રતન તાતા વળગી રહ્યા.

કોઈ શાણા માણસે દુનિયા સામે આ આયોજન જાહેર કરવાની હિંમત ન કરી હોત અથવા તેના પર ખાનગીમાં પણ કામ ન કર્યું હોત. આ યાત્રામાં રતન તાતા એકલવાયા હતા, પરંતુ તેમના ઉદ્દામ વિચારો, અસામાન્ય ફીલોસોફીઓ તથા હિંમતભર્યા નિર્ણયો વડે માર્ગદર્શિત થઈને તેમણે આ કર્યું. તેમણે ઓટોમોબાઈલ ઉદ્યોગના ઇતિહાસમાં પ્રથમ ૧,૨૦,૦૦૦ રૂપિયા (૩૦૦૦ યુ.એસ. ડોલર)માં દુનિયાની સૌથી સસ્તી કાર બહાર પાડી.

ભલે એક પ્રોજેક્ટ તરીકે તાતા નેનો સફળ નથી રહી, છતાં રતન તાતાએ ચોક્કસપણે આખી દુનિયામાં ક્રાંતિની ચિનગારી પ્રગટાવી છે અને હવે તેમની શોધને અનુસરીને, ઓટોમોબાઈલ ઉદ્યોગના સેંકડો ખેલાડીઓ, આવા જ પ્રકારનાં સર્જનનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ તાતા નેનોની તેમની પોતાની આવૃત્તિ સાથે બહાર પડશે અને રતન તાતાના અનુભવો તથા ભૂલોમાંથી શીખીને, તરતમાં નેનો કરતાં વધુ અસરકારક મોડેલ પણ બનાવી શકે છે. પરંતુ આ વિચારને ધારણ કરવાનું શ્રેય હંમેશાં રતન તાતા સાથે જ રહેશે.

બે વર્ષ કરતાં પણ ઓછા સમયમાં, તેઓ બીજા સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ “તાતા મેગાપીક્ષેલ કન્સેપ્ટ કાર” પર ચડ્યા છે. જેના પરથી તેમણે જીનેવા મોટર શૉ માં પડદો ઉપાડ્યો છે. આ કાર ૧૦૦ કિ.મી.ની સરેરાશ પર દોડે છે. તે ટેકનોલોજીઓ નાં અદ્વિતીય સંયોજનનો ઉપયોગ કરશે અને ત્રણ વર્ષમાં બહાર આવશે. જેના વિશે સાંભળ્યું નથી, તેવો ખ્યાલ અને ક્રાંતિ. આ યાત્રામાં તેઓ એકલા જ છે.

ચાલો થોડીવાર માટે આપણે કોર્પોરેટ દુનિયામાંથી રાજકીય દુનિયામાં પ્રવેશીએ આંગ સાન સૂ કી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત રાજકારણી બર્મા (હવે મ્યાનમાર)ની લોકશાહી તરફી નેતા છે. તેણી બર્માના સ્વાતંત્ર્ય હીરો આંગ સાનની પુત્રી છે, જેમને તેણી માત્ર બે વર્ષની હતી ત્યારે ફાંસી દેવાઈ હતી. તેના પિતાનાં મૃત્યુ પછી તેણી તેની માતા સાથે ભારત આવી ગઈ, જેને તે સમયે ભારત તથા નેપાળના બર્મીઝ-રાજદ્વારી તરીકે ચૂંટવામાં આવી હતી. તેણીએ બર્મા, ભારત અને યુનાઇટેડ કીંગડમમાં શિક્ષણ મેળવ્યું. જ્યાં તેણી તેના પતિ માઇકલ એરીસને મળી અને ૧૯૭૨માં તેઓ

લગ્નગ્રંથીથી જોડાયાં અને ત્યાર પછી તરતમાં બે પુત્રોનાં ગર્વીષ્ઠ માતા-પિતા બન્યા.

ત્યાં સુધી તેણી એક સામાન્ય કન્યા હતી, તેણીના પિતા વડે તેણીમાં અસધારણતા રોપવામાં આવી હતી જેણે તેના દેશ તથા દેશવાસીઓ માટે તેમનું જીવન ન્યોછાવર કરી દીધું હતું.

તેણી પોતાની આખી જીંદગી બર્માની બહાર જ રહી પરંતુ એવું કંઈક હતું જેણે તેને તેની ગૃહભૂમિ સાથે જોડી રાખી અને ભાગ્યવશાત, આંગ સાન સુ કી તેની મરણોન્મુખ માતાની ચાકરી કરવા ૧૯૮૮માં બર્મા પાછી ફરી. બર્મામાં સૈન્યથી ગુસ્સે થયેલ જનતા રાજ પ્રવર્તતું હતું. તે તરત જ દેશની રાષ્ટ્રવ્યાપી, લોકશાહીની નવજાગૃતિ માં વ્યસ્ત થઈ ગઈ અને અને તે જ વર્ષે માનવ અધિકારો માટે લડવા માટે નેશનલ લીગ ફોર ડેમોક્રેસી નામના લોકશાહી તરફી પક્ષની સ્થાપના કરી.

૧૯૮૮ થી તેણીએ પોતાની બધી જ વ્યક્તિગત આકાંક્ષાઓને બાજુમાં મૂકી દીધી છે અને બર્મીઝ રીપબ્લીકનો એકમાત્ર ઉદ્દેશ ઉપાડ્યો છે. તેણે આ ચળવળ શરૂ કરી ત્યારથી તેની કેટલીક વખત અટકાયત કરવામાં આવી છે. તેણે ૧૫ થી વધુ વર્ષો અટકાયતમાં વિતાવ્યાં છે. જેમાંથી મોટા ભાગનાં નજર કેદનાં હતાં. પરંતુ આ વસ્તુએ રાષ્ટ્ર માટે લડવાના તેણીના નિર્ણયને ડગાવ્યો નહીં. નજરકેદ હેઠળ હતી ત્યારે, તેણે પોતાનો સમય ફીલોસોફીઓ, રાજકારણ તથા આત્મકથાઓ વાંચવામાં વિતાવ્યો જે તેને તેના ઉદ્દેશની વધુ નજીક લઈ ગયા અને તેને મુક્ત કરાઈ તે દરેક વખતે તેણી આખા દેશમાં પ્રચાર કરીને, કેટલાક પ્રસંગોએ વ્યાખ્યાનો આપીને અને બર્મીઝ જનસંખ્યાને લોકશાહી માટે ઊભા થવાનું આવાહન આપીને, જનતાનાં ધૈર્યની મર્યાદા ચકાસતી.

તેણીને ૧૯૯૧માં સૌથી પ્રતિષ્ઠિત નોબેલ શાંતિ પુરસ્કાર વડે પણ નવાજવામાં આવી. ૧૯૯૭માં તેના પતિને પ્રોસ્ટેટ કેન્સર હોવાનું નિદાન થયું, જે જીવલેણ નિવડ્યું. યુનાઇટેડ સ્ટેટ્સ, યુએનના સેક્રેટરી જનરલ કોફી અન્નાન અને પોપ જહોન પોલ બીજા સહિતની આગળ પડતી વ્યક્તિઓ તથા સંસ્થાઓની અપીલ છતાં, બર્મીઝ સરકારે તેમને તેમની પ્રિય પત્નીને છેલ્લી વખત મળવા માટે વીસાની મંજુરી ન આપી. ભલે આંગ સાન સુ કીને જવાની અને તેના મરણોન્મુખ પતિને મળવાની તક આપી હતી. છતાં તેણીએ બર્મા છોડવાની આ તક સ્વીકારવાની ના પાડી. કારણેકે તે તેણીનાં લોકોને છોડી ને નાસી જઈ ન શકે. તેણી જાણતી હતી કે એક વખત તેણી બર્મા છોડશે પછી તેને પાછાં ફરવાની છૂટ નહીં મળે અને આ રીતે તેણીને હંમેશ માટે તેના ઉદ્દેશથી છુટી પાડી દેવાશે. નજરકેદ

હેઠળ હતી ત્યારે તેણીને તેનાં બાળકોથી પણ અલગ કરી દેવી હતી, જેઓ યુનાઇટેડ કીંગડમમાં રહેતા હતા, પરંતુ સુ કી એ જતું ન કર્યું.

તેણી પાસે હંમેશાં પોતાના માર્ગ બદલવાની અને તેણીના બીમાર પતિ અને સુંદર બાળકો સાથે રહેવાની તક હતી. પરંતુ તેણીને પોતાના પરિવાર સાથેના સંબંધો છોડવાનું સ્વીકાર્ય હતું, પરંતુ તેણીને પોતાના ઉદ્દેશથી અળગા થવાનું પોસાય તેમ ન હતું. તેણીનો ઉદ્દેશ બર્મા માટે સ્વતંત્રતા – તેના પતિની, તેના બે પુત્રોની અને તેની પોતાની જિંદગી કરતાં ઘણો વધારે મહત્ત્વનો હતો અને તેણીએ અંગત જીવનમાં કરેલા ત્યાગ વિશેના પ્રશ્નોના જવાબમાં હંમેશાં એવું કહીને પ્રત્યાઘાતો આપ્યા છે કે બર્માના લોકોની યાતનાઓની સરખામણીમાં આ કંઈ જ નથી.

આ લડાઈમાં આંગ સાન સુ કીએ શું મેળવ્યું? જ્યારે તેણી શક્તિશાળી મીલીટરી રાજ સામે ઊભી થઈ ત્યારે તેના ટેકામાં કે તેની બાજુમાં કોણ હતું? જ્યારે તેણીની જીંદગીનો ચોથો ભાગ તેણીને નજરકેદ રાખવામાં આવી ત્યારે તેની પડખે કોણ હતું? પરંતુ આ ક્ષુદ્ર વિચારો વડે તેના જોમ કે નિર્ણય એક વાર પણ ડગમગ્યાં ન હતાં. કારણકે તેણી જાણતી હતી કે તે એક જીવનને મહત્તમ કરનાર છે અને જીવનને મહત્તમ કરતા લોકો તેમની યાત્રામાં એકલવાયા હોય છે.

અઢાર વર્ષ એ નાનો સમય નથી. પંરતુ તેણે જીવનનો જે માર્ગ પસંદ કર્યો છે તે બર્માના લોકો માટે આશાની દીવાદાંડી છે. આજે પણ તેણી રાષ્ટ્ર માટેની વચનબદ્ધતા માટે સુદૃઢ છે, પરંતુ હજી પણ તે એકલી છે. તેણી જતું નહીં કરે, સમાધાન નહીં કરે કે તેની આસપાસનાં ટોળામાં સમાઈ નહીં જાય!

જીવનને મહત્તમ કરનારાઓ અંદરથી એકલા હોય છે. તેમની આસપાસ લોકો હશે – સંબંધો હશે જેનું તેમને મહત્ત્વ હોય, માલમત્તા હશે જેનું તેમને મુલ્ય હોય, છતાં તેઓ એકલા છે. તેમનો એક માત્ર સંબંધ એ તેમનો ઉદ્દેશ છે અને તેમના ઉદ્દેશ સાથે જોડાયેલા રહેવા માટે, તેઓ માણસ તરીકે અલિપ્ત રહે છે. જ્યારે તમે તમારી આસપાસના લોકો, તમારો પરિવાર, મિત્રો, બાળકો વગેરે સાથે અથવા વસ્તુઓ, જેમ કે, ઘર, ઑફિસ, અથવા કાર વગેરે સાથે જોડાયેલા હો છો ત્યારે તમારું મગજ અગાઉથી જ વ્યસ્ત હોય છે અને આ વસ્તુ તમને જીવનનાં મહત્તમીકરણથી વિચલિત કરે છે. જોકે, જીવનને મહત્તમ કરનારાઓ ભલે તેમના પરિવાર, બાળકો, ઘર, ઑફિસ કે કાર સાથે જોડાયેલા હોય, છતાં તેમના બધા સંબંધોથી અલિપ્તતાની એક ભાવના જાળવી રાખે છે.

જીવનને મહત્તમ કરનારાઓ એકલા તરીકે શ્રેષ્ઠ કામ કરે છે કારણ કે એકલા હોવું તે તેમને તેમના ઉદ્દેશ વિશે વિચારવા માટે તથા તેની નજીક જવા માટે અવકાશ, સમય અને તક આપે છે. જ્યારે તે/તેણી એકલા હોય છે ત્યારે ત્યારે એક જીવન મહત્તમ કરનાર અને તેના ઉદ્દેશ વચ્ચે એક ખાનગી આદાન-પ્રદાન થાય છે. એક ચોક્કસ પ્રેમ છે જે સપાટી પર આવે છે, એક સંબંધ વિકસે છે અને માત્ર આ જ સંબંધ છે જેને તેઓ તેમનાં આખાં જીવન દરમિયાન ઉછેરે છે, જ્યારે બીજાં બધાં જ દુન્યવી જોડાણો તેઓ હોવા જોઈએ તેટલા જ સૂચક રહે છે. જે એક જીવન મહત્તમ કરનારને વહી જવા નથી દેતા અને તેમના ઉદ્દેશમાંથી ચળવા દેતા નથી.

આમ, મારા વ્હાલા મિત્રો, એક ‘એકલવાયા’ હોવું એ એક જીવન મહત્તમ કરનાર હોવાનું પરિણામ અથવા જ્યારે તમે જીવનને મહત્તમ કરવા તરફ કામ કરી રહ્યા હો ત્યારે લોકો વડે એકલા પાડી દેવાવાનું પરિણામ નથી, પરંતુ એક જીવન મહત્તમ કરનાર તરીકે પોતાની જાતને દુનિયાથી દૂર કરી દેવાનું એક ખૂબ જ ઇરાદાપૂર્વકનું કૃત્ય છે!

આવતાં એક અઠવાડિયાંમાં, તમારી આસપાસનાં ટોળાનાં વિચારો, શબ્દો અને ક્રિયાઓ કરતાં જુદી રીતે વિચારવા, બોલવા તથા કરવાનો સભાન પ્રયાસ કરજો.

મારા વ્હાલા મિત્રો, જો તમે એક જીવન મહત્તમ કરનાર બનવા માંગતા હો તો તમારે એકલા બનવું પડશે, એકલા બનવું પડશે અને એકલા બનવું જ પડશે. આ સમજો, સ્વીકારો અને તેને માટે તૈયાર રહો! આખી દુનિયા સામે આ જાહેર કરો. જો લોકો તમારા વિચારો સાથે સંમત થાય અને તમારી સાથે ચાલે તો તે બોનસ છે. પરંતુ તેને એક શરત તરીકે ન રાખશો. મેં કહ્યું છે તેમ, દુનિયા ટોળાંમાંથી આવતા લોકોથી ભરેલી છે. તેઓ માત્ર ત્યારે જ તમારી સાથે જોડાશે જ્યારે તમે સાચા સાબિત થયા હશો, કારણ કે ટોળું સાબિતી, સંમતિ અને ખાતરી માંગે છે.

એક જીવન મહત્તમ કરનાર ક્યારેય આની પરવા કરતો નથી. તે ક્યારેય ધમકીઓ કે મૃત્યુથી ડરતો નથી. તે તેના વિચાર માટે મૃત્યુ પામશે, પરંતુ ટોળાં વડે ક્યારેય તેનું મૃત્યુ લાવી શકાશે નહીં.

જ્યારે ૧૬મી સદીમાં ગેલીલીયોએ જાહેર કર્યું કે પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે અને તેનાથી ઉલટું નથી ત્યારે તેની હાંસી ઊડાવાઈ હતી. ત્રાસ આપવામાં આવ્યો હતો અને તેની પાસે તેનું વિધાન પાછું ખેંચાવવા માટે તેને ધમકીઓ અપાઈ હતી. જોકે, તે એકલો હતો છતાં, તેનામાં સ્થાપિત હિતોને પડકારવાની હિંમત હતી. આજે, તેના ગયા

પછી સેંકડો વર્ષો પછી, આપણે બધા જાણીએ છીએ કે તે સાચો હતો; વિજ્ઞાને તે પૂરવાર કર્યું છે અને પૃથ્વી પરનું દરેક બાળક આ હકીકત જાણે છે.

જીવનને મહત્તમ કરનારનું સૌંદર્ય એ છે કે તે ટોળાંને પડકારે છે અને લાંબા સમય સુધી તેમ કરવાનું ચાલુ રાખે છે. જ્યારે તેને/તેણીને લાગે છે કે આ મુશ્કેલ છે, કિલ્લાને ટકાવી રાખવાનું અશક્ય છે ત્યારે તે ટોળાંનો સભ્ય હોવાનો દેખાવ કરે છે. પરંતુ સત્ય એ છે કે તે ઢોંગ કરે છે, સમય ખરીદે છે. તે ટોળાંમાં બેસશે અને શક્તિશાળી રીતે પાછાં ફરવા માટે એક નવી વ્યુહરચના વિચારશે. ઇતિહાસે હંમેશાં આ સાબિત કર્યું છે. ગેલીલીયોના કિસ્સામાં આ બન્યું છે અને બનતું રહેશે, કારણ કે જીવનને મહત્તમ કરનારાઓ ક્યારેય છોડી દેતા નથી અને ક્યારેય પાછું વાળીને જોતા નથી. તેમની પાસે ક્યારેય પસ્તાવો કરવાનો સમય હોતો નથી!

આ બધાજ મહાન પુરુષો તથા મહિલાઓનાં ઉદાહરણ પરથી – પછી તે રતન તાતા હોય, આંગ સાન સુ કી હોય, ગેલીલીયો હોય કે આ પુસ્તકમાં ઉલ્લેખ થયેલ બીજા કોઈ પણ હોય – હું એટલું શીખ્યો કે જો તમે જીવનને મહત્તમ કરવા માગતો હો, તો તમે એક ટોળાંનો ભાગ બનવા માગો છો કે તેની બહાર રહેવા માગો છો તે નક્કી કરવું પડશે, અને મેં એકલા બનવાનું જાહેર કર્યું.

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે. અગીયારમાંનો નવમો આદેશ :

એકલવાયા હોવા માટે તૈયાર રહો.

આદેશ

૧૦

જાહેર કરો કે તમે હંમેશાં માટે જીવંત રહેશો.

**તમે માત્ર ત્યારે જ 'હંમેશાં માટે જીવંત' રહી શકો,
જો તમારે જીવનમાં કંઈક અર્થસભર કરવાનું હોય.**

જીવનનું મહત્તમીકરણ એ શક્યતાઓથી આગળનું વિચારીને અને ભાવનાત્મક રીતે વહાવી જતા વિક્ષેપોથી તમારી જાતને દૂર લઈ જઈને સતતપણે તમારા વર્તમાન સ્વનું સમાપન કરવાની એકલવાયી લાંબી પ્રક્રિયા છે. તમારી આસપાસના બધા સ્ત્રોતોને એક હાથે મહત્તમ કરીને એવી રીતે તમારી નૌકાને મધદરીયે ઝૂકાવે કે તમે એવું જીવન જીવી શકો જે:

- **સ્વાયત્ત**
- **હંમેશ માટે જીવંત**
- **બળવાન શબ્દો, વિચારો તથા કાર્યો વડે આગળ વધારેલ**
- **એક નેતાનું હોય તેવું**
- **જેની પ્રતિકૃતિ કરવી મુશ્કેલ હોય તેવું.**

અને એ રીતે આજીવન જીંદગીને મહત્તમ કરનાર હોય.

તમે આગળ વધો તે પહેલાં ઉપરની વ્યાખ્યા ઓછામાં ઓછી પાંચ વખત વાંચી જવાની હું તમને વિનંતી કરીશ.

આ એક અંતહીન રમત છે અને આ રમતમાં સુસંગત રહેવા માટે તમારે તમારાં આરોગ્ય વિશેનો તમારો ઇરાદો જાહેર કરવો જોઈએ કારણ કે સારાં આરોગ્ય વગર એક જીવનને મહત્તમ કરનાર વ્યક્તિ આખા જીવનમાં જેટલું કરે છે તેનો ૧% પણ તમે કરી ન શકો.

મારા મત મુજબ જીવન છે અને તેના પછી મૃત્યુ છે, જેમ કે તમે ૨૯ સપ્ટેમ્બર ૧૯૬૪ના રોજ જનમ્યા છો અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૮૪ના રોજ તમે મૃત્યુ પામશો. જન્મ નિશ્ચિત છે, મૃત્યુ નિશ્ચિત છે. તમે બાળપણ, કિશોરાવસ્થા, પુખ્ત અવસ્થા, મધ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા...માંથી પસાર થશો, પરંતુ તેનાથી કોઈ ફરક પડતો નથી. જીવન જન્મ અને મૃત્યુની વચ્ચે એક જ ટૂકડા તરીકે જીવાવું જોઈએ.

જીવનને તબક્કાઓમાં ન જીવો. જીવન એક આખો ટૂકડો છે. ૧૨૦ વર્ષ માટેનો આખો ટૂકડો. તેને તેવી રીતે જીવો.

મેં એવું નથી કહ્યું કે હું ૩૫,૪૭,૫૯ કે ૮૯ વર્ષની વય સુધી જીવન મહત્તમ કરનાર હોઈશ. હું મૃત્યુપર્યંત જીવનને મહત્તમ કરનાર હોઈશ! અને

જીવનને મહત્તમ કરવા માટે તમારે પણ આ પ્રતિજ્ઞા લેવી પડશે, કારણ કે જીવનનાં મહત્તમી કરણનો અંત માત્ર મૃત્યુ સાથે જ આવે છે.

- દેવઆનંદ, મહાનભારતીય અભિનેતા અને નિર્દેશકનું મૃત્યુ તેની અંતિમ ફિલ્મ રીલીઝ થયાના થોડા મહિના પછી ૮૮ વર્ષની વયે થયું.
- મહાન ભારતીય ગાયક કિશોર કુમાર ૫૮ વર્ષ સુધી જીવ્યા.
- એમ.એફ. હુસેન, મહાન ભારતીય ચિત્રકાર, સર્વકાલીન મહાન ભારતીય ચિત્રકારો પૈકીના એક હોવાની પ્રતિષ્ઠા રળીને ૯૫ વર્ષની વયે આ દુનિયા છોડી ગયા.
- મહાન ભારતીય ઉદ્યોગપતિ જે.આર.ડી. તાતા એ ૮૯ વર્ષની વયે વિદાય લીધી.
- મહાન મેનેજમેન્ટ ગુરુ પીટર ડ્રકર ૯૫ વર્ષની વય સુધી જીવ્યા અને તેમનાં અંતિમ દિવસો સુધી લખતા રહ્યા.
- કવીન એલીઝાબેથ ૮૬ વર્ષની વયે હજી અડીખમ છે.
- મહાન સિતાર વાદક પંડિત રવીશંકર, તેઓ ૯૨ વર્ષની વયે મૃત્યુ પામ્યા ત્યાં સુધી હજી સંગીતનું સર્જન કરતા હતા.
- મહાન અભિનેત્રી, ઝોહરા સહેગલ ૧૦૦ વર્ષ હજી જીવી અને કામ કરી રહ્યાં હતાં, હાલમાં જ તેમનું ૧૦૨ વર્ષે અવસાન થયું.
- આશા ભોંસલે, ખ્યાતનામ ભારતીય ગાયીકા તેમની ૭૯ વર્ષની ઉંમરે તેના ગીતો વડે લોકોને મંત્રમુગ્ધ કરી રહ્યાં છે.
- એ.પી.જે. અબ્દુલ કલામ, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ હજી ૮૦ વર્ષે પ્રેરણા આપી રહ્યા છે.
- ૧૪માં દલાઇ લામા ૭૬ વર્ષે જીવનથી ભરપૂર છે.
- મહાન બ્રીટીશ ઉદ્યોગપતિ રીચાર્ડ બ્રાન્સન ૬૧ વર્ષના થઈ રહ્યા છે.
- માર્ટીના નવરાતીલોવા, મહાન ટેનીસ ખેલાડી, ૫૫ વર્ષની ઉંમરે રમી રહી છે.
- હેમામાલીની અને રેખા, બે મહાન ભારતીય અભિનેત્રીઓ, ક્રમશઃ ૬૩ અને ૫૭ ઉંમરે વાઇબ્રન્ટ અને ઉત્સાહપૂર્ણ છે.

આ વ્યક્તિઓનું સૌંદર્ય એ છે કે મૃત્યુની પહેલાં તેઓ મૃત્યુ નથી પામ્યા. જે જીવે છે તે જીવંત છે... એ જ હંમેશાં જીવંતનો અર્થ છે!

તમે ક્યારે અને કેવી રીતે મૃત્યુ પામશો એ તમે પસંદ નથી કરી શકતા; તમે માત્ર કેવી રીતે જીવશો તે જ પસંદ કરી શકો છો.

— જોન બેઝ

એક દિવસ મેં મારી જાતને પૂછ્યું, "હું કેટલું લાંબુ જીવવાનું આયોજન કરું છું?" કોઈ આ પ્રશ્ન નથી પૂછતું કારણ કે તેમને લાગે છે કે તે અપશુકનીયાળ છે, ક્ષોભજનક છે, 'એ મારા હાથમાં નથી.' કેટલાક એમ માનીને આ પ્રશ્ન નથી પૂછતા કે તેઓ મરશે જ નહીં.

હું હજી માનું છું કે આપણા દરેકનાં મગજમાં એક તારીખ હોય છે. આથી ચિંતા ન કરો, તમારા ડરને મારી નાખો અને તમારી જાતને પૂછો, 'હું કેટલું લાંબુ જીવવાનું આયોજન કરું છું?' આ પ્રશ્ન પૂછો અને નીચેના બ્લોકમાં તમારા મનમાં આવતી ઉંમર લખો :

હું............ વર્ષ સુધી જીવીશ.

મેં જ્યારે ઘણાં વર્ષો અગાઉ મારી જાતને આ પ્રશ્ન પૂછ્યો, ત્યારે મેં પોતાને કહ્યું,

હું ૯૫ વર્ષ સુધી જીવીશ.

હવે તમારી જાતને બીજો પ્રશ્ન પૂછો, 'તમારા મૃત્યુનાં એક વર્ષ પહેલાં તમારું જીવન કેવું હશે?' નીચેની કલ્પના કરો, તમારું :

- શરીર
- માનસિકતા
- સંપત્તિ
- સંબંધો
- તે વર્ષે તમે શું કરતા હશો?

જ્યારે મેં મને પૂછ્યું કે ૯૪ વર્ષે હું કેવો હોઈશ, તો મને મળેલા જવાબો હતા :

શરીર – કોઈ માંદગી નહીં, સરસ સ્થિતિ, પ્રવાસમાં

માનસિકતા – ખૂબ જાગૃત, શક્તિશાળી, મને પોતાને અપગ્રેડ કરતી, પડકારો ઉપાડતી.

સંપત્તિ – દર વર્ષે દાનમાં ૧૦ કરોડ આપવા

સંબંધો – શક્તિશાળી અને અતૂટ, મારા બધા મિત્રો, પરિવાર તથા આખી દુનિયાને જોડતા.

તે વર્ષે હું શું કરતો હોઈશ :

- બેલ્ટસેલર પુસ્તકો લખતો હોઈશ.
- નવા વિષયો પર નવા ઓડીયો, વિડીયો બનાવતો હોઈશ (તે સમયે લોકપ્રિય હોય તે ફોર્મેટ)
- દુનિયાને શિક્ષિત બનાવવા પ્રવાસ કરતો હોઈશ.
- આખી દુનિયામાં લાખો લોકોને પ્રેરણા આપતો હોઈશ.
- એક નેતા બનીને અને લોકોને દિશા નિર્દેશ આપીને મુલ્ય સર્જીશ.
- લોકોના એક આખા નવા સમુદાય સાથે જોડાવું અને તેમને આત્મવિશ્વાસ આપવો.
- નવા સર્જનાત્મક વિચારો પેદા કરવા અને લોકોને વધુ સક્ષમ બનાવવા.

હું આ ક્યારેય નહીં કહું :

- હવે હું ૫૦નો કે ૬૦ નો થયો.
- હું ઘણો વૃદ્ધ છું.
- મેં મારી બધી જ દુન્યવી જવાબદારીઓ પૂર્ણ કરી છે.
- મેં મારાથી બનતું શ્રેષ્ઠ કર્યું છે.
- હું આ દુનિયામાંથી વિદાય લેવાની રાહ જોઈ રહ્યો છું.
- હું ઈશ્વરનાં તેડાંની રાહ જોઉં છું.

જે લોકો આ કહે છે તેઓ તેમનો ઉત્સાહ, દૃઢતા, જવાબદારી, વચનબદ્ધતા, હેતુ, પૈસા, મિત્રો અને બધા જ સંબંધો ગુમાવે છે.

જો તમે માનવા લાગો કે તમે વૃદ્ધ છો અથવા વૃદ્ધ થઈ રહ્યા છો અને હવે વધારે વિકસી શકો કે ફાળો આપી શકો તેમ નથી, તો પ્રકૃતિ તમારા શરીરનાં તંદુરસ્ત ભાગો લઈ લેવાનું શરૂ કરે છે અને તમે ખરેખર વૃદ્ધ થવા લાગો છો અને પોતાની જાત પાસે તથા તમારી આસપાસના લોકો પાસે

નકામા બનવા લાગો છો અને જે ક્ષણે તમે પોતાની પાસે તથા તમારી આસપાસની દુનિયા પાસે નકામા બની જાવ છો, તમારાં સગાં વહાલાં સહિતની દુનિયા તમને અવગણવાનું શરૂ કરી દે છે.

જીવનને મહત્તમ કરનારાઓ સમજ્યા છે કે જ્યાં સુધી તમે તમારી આસપાસની દુનિયા માટે લાભકર્તા છો અને જો તમે ઇકોસીસ્ટમમાં તેની પ્રગતિ માટે ફાળો આપી શકતા હો ત્યાં સુધી જ દુનિયાને તમારી કિંમત છે. આથી તેઓ હંમેશાં માટે જીવંત રહેવાનું નક્કી કરે છે.

આ પુસ્તકમાં ઉલ્લેખ કરાયેલ દરેક વ્યક્તિએ તેમનાં જીવનના અંતિમ દિવસ સુધી દુનિયામાં સૂચક ફાળો આપ્યો છે. જેઓ જીવતા છે તેઓ આજના દિવસે પણ ફાળો આપી રહ્યા છે અને અસ્તિત્વ હશે ત્યાં સુધી ફાળો આપનાર રહેશે.

જીવનને મહત્તમ કરનારાઓ તેમનાં જુસ્સામાં જીવતા રહે છે.

જીવનને મહત્તમ કરનારાઓ જુસ્સામાં કેવી રીતે જીવે છે?

૧. તેઓ બાબતોને અલગ રીતે જુએ છે.

૨. તેઓ ભવિષ્ય વિશે અલગ રીતે અનુભવે છે.

૩. તેઓ ભવિષ્ય વિશે અલગ રીતે વિચારે છે.

૪. તેઓ ભવિષ્ય વિશે અલગ રીતે આદાન-પ્રદાન કરે છે.

૫. તેઓ ભવિષ્ય વિશે અલગ રીતે કામ કરે છે.

૧. બાબતોને અલગ રીતે જોવી

- તેઓ ભવિષ્યને અનંત મહાસાગર તરીકે જુએ છે.
- તેઓ પોતાને ૧૦૦-૧૫૦ વર્ષ સુધી આસપાસ જીવતા જોઈ શકે છે.

૨. ભવિષ્ય વિશે અલગ રીતે જોવું.

- તેઓ તેમની યુવાની અને વાઇબ્રન્સી હંમેશાં માટે જાળવે છે.

૩. ભવિષ્ય વિશે અલગ રીતે વિચારવું.

- તેઓ પોતાનાથી આગળનું વિચારે છે.
- તેઓ જ્યાં સુધી જીવે ત્યાં સુધી અને પોતાનાં મૃત્યુ પછી પણ એક તફાવત ઊભો કરી શકે છે.

૪. ભવિષ્ય વિશે અલગ રીતે આદાન-પ્રદાન કરવું.

- તેઓ જુસ્સા સાથે એવી રીતે આદાન-પ્રદાન કરે છે કે લોકોને કામ કરવાની ફરજ પડે છે.

૫. ભવિષ્ય માટે અલગ રીતે કામ કરવું.

- તેઓ ઝડપથી કામ કરે છે અને નવા પ્રોજેક્ટસ ઉપાડે છે.
- તેઓ જોખમ લેવાથી તથા ગુમાવવાથી ડરતા નથી.
- તેઓ એવી રીતે કામ કરે છે જાણે કોઈ તેમને અટકાવનાર નથી.
- તેઓ એવી માન્યતા સાથે કામ કરે છે કે તેઓ:
  - દુનિયા બદલી શકે
  - દુનિયાને સાજી કરી શકે
  - દુનિયાને વધુ સારું સ્થાન બનાવી શકે
  - દુનિયા પર છાપ પાડી શકે.
- તેમનાં સ્વપ્નો પૂરાં કરવા માટે વિશ્વ પાસેથી જરૂરી ટેકો મેળવી શકે.

તેઓ ભવિષ્યને પોતાના હાથમાં લઈ લે છે અને એવી રીતે વર્તે છે જાણે ભવિષ્ય તેમની મિલ્કત હોય. નિત્ય યુવાન અને સદા ઊર્જાવાન જીવનની તેમની માન્યતા નીચેનાં ત્રણ વલણોમાંથી આવે છે :

૧. **વયહીન હોવાનું વલણ :** જીવનને મહત્તમ કરનારાઓ તેઓ કેટલી ઉંમરના છે. તેના વિશે ખાસ પરવા કરતા નથી કારણ કે તેઓ માને છે કે એવી કોઈ ઉંમર નથી જ્યારે વ્યક્તિ જીવનને મહત્તમ કરવાનું શરૂ કરી શકે કે અટકાવી શકે. તમે કોલોનેલ સેન્ડર્સના જીવનને બીજી કઈ રીતે સમજાવી શકો, જેણે ૭૯ વર્ષની વયે પ્રખ્યાત ફાસ્ટ ફૂડ ચેઇન KFC (કેન્ટુકી ફ્રાઇડ ચીકન) શરૂ કરી – એક એવી ઉંમર જ્યારે સામાન્ય માણસો જો પથારીવશ ન થઈ ગયેલા હોય તો કદાચ ધાર્મિક યાત્રા પર જતા હોય.

૨. **નિવૃત્ત ન થવાનું વલણ :** જીવનને મહત્તમ કરનારાઓ ક્યારેય નિવૃત્ત નથી થતાં. તેઓ એક ચોક્કસ ઉંમરે તેમની નોકરી/ધંધામાંથી નિવૃત્ત થઈ શકે છે. પરંતુ નિવૃત્તિની આ અવસ્થા તેમના જીવનને મહત્તમ કરવાના માર્ગમાં આવતી નથી. રેલ્વે ઇજનેર શ્રીધરને તેમની નિવૃત્તિનાં વર્ષો પછી દિલ્હી મેટ્રો બનાવવાનો પડકાર ઉપાડ્યો અને ૭૦ ઉપરની ઉંમરે દિલ્હી મેટ્રો પ્રોજેક્ટના મેનેજીંગ ડાયરેક્ટર બન્યા. તે સમયે તેઓ

મેટ્રો રેલ્વે સીસ્ટમ ગોઠવવાના પગ – માથું કંઈ જ જાણતા ન હતા. પરંતુ તેઓ આગળ વધ્યા અને તેમણે જેમાં ઝંપલાવ્યું હતું તે નવી રમતના નિયમો શીખ્યા અને એટલા સફળ થયા કે લોકો તેમને 'મેટ્રો મેન' કહે છે. ૮૦ની ઉંમરે તેઓ વિવિધ રાજ્ય સરકારોના સલાહકાર છે.

3. **આજીવન ઉપયોગીતા :** જીવનને મહત્તમ કરનારાઓમાં તેમનું હૃદય ચાલતું હોયત્યાં સુધી ઉપયોગી રહેવાની અને દુનિયામાં ફાળો આપવાની ઇચ્છા હોય છે. ૮૮ વર્ષની ઉંમરે જ્યારે બ્રીજ મોહન મુંજાલ હીરો હોન્ડાની સફળતા પર જ આબાદ થવાનું ચાલુ રાખી શક્યા હોત ત્યારે તેમણે ભારતમાં સ્વતંત્રપણે દ્વિચક્રી વાહનો પેદા કરતી હીરો મોટરકોર્પ તરીકે પોતાની સ્થાપના કરવાનું ગંભીર પગલું ભર્યું અને આમ આજીવન ઉપયોગીતા અને હંમેશાં માટે જીવંત રહેવાની ફીલોસોફી અપનાવી.

આ બધાથી ઉપર, જીવનને મહત્તમ કરનારાઓ ઘટતાં વળતરના નિમયને પડકારે છે. તેઓ માત્ર ઉંમરમાં ઘરડા થાય છે. જેમ તેમની ઉંમર વધતી જશે તેમ તેઓ જરાય ઓછો ફાળો આપશે તેવું તેઓ નથી માનતા. ઉલટાના તેઓ તેનાથી વિરુદ્ધ માને છે, જેમ કે, દુનિયામાં દર વર્ષે તેમનું પ્રદાન આગલા વર્ષ કરતાં વધુ હશે.

હવે આપણે પાછા મારા પ્રશ્ન પર આવીએ. કેટલાક સમય પહેલાં મેં તમને પૂછેલું કે, "તમારા મૃત્યુના એક વર્ષ પહેલાં તમારું જીવન કેવું હશે?" એટલે કે તમારું શરીર, માનસિક્તા, સંપત્તિ, સંબંધો કેવા હશે, અને તમે તે વર્ષે શું કરતા હશો? મને ખાતરી છે કે હવે તમારા જવાબો તૈયાર હશે.

હવે મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, જો તમે આ હકારાત્મક અને પ્રગતિશીલ રીતે જીવન જીવો; તો શું તમને લાગે છે કે તમે તમારી નક્કી કરેલ ઉંમરે મૃત્યુ પામશો?

દેખીતો જવાબ છે 'ના'

મારો ચોથો પ્રશ્ન છે, જો તમે તમારી નક્કી કરેલી ઉંમરે મૃત્યુ નહીં પામો તો તમે કેટલું લાંબુ જીવશો?

જ્યારે થોડાં વર્ષો પૂર્વે મેં આ પ્રશ્ન મારી જાતને પૂછ્યો, તો મેં મને કહ્યું, ***હું ૧૨૦ વર્ષ જીવીશ.***

આ વધારાનાં ૨૫ વર્ષને હું ***યાત્રાનું વિસ્તરણ કહું*** છું.

મુંબઈમાં (જ્યાં હું રહું છું), જ્યારે તમારી પાસે 'અ' સ્થળથી 'બ' સ્થળ સુધીનો મહિનાનો રેલ્વેનો પાસ હોય અને તમે થોડેક આગળ 'ક' જગ્યા સુધી જવા માંગતા હો તો તમે 'બ' થી 'ક' સુધી 'યાત્રા વિસ્તરણ' ટીકીટ લઈ શકો છો. આમ મારી યાત્રા વિસ્તરણનાં ૨૫ વર્ષો સાથે, હું ૧૨૦ વર્ષ જીવીશ.

મારો પાંચમો અને અંતિમ પ્રશ્ન, આ ***'વધારાનાં ૨૫ વર્ષોમાં સંતોષ નાયર શું કરશે?'***

અને મારો જવાબ :

- નોબેલ પ્રાઇસ જીતશે
- દુનિયાનો સૌથી સત્તાશીલ અવાજ બનશે.
- ૯૫ સુધીમાં હું ૧૦૦૦ વીડીયો – ઓડીયો બનાવવાનો હતો તેને બદલે ૧૫૦૦ બનાવીશ.
- ૯૫ સુધીમાં ૧૦૦ પુસ્તકો લખવાનો હતો તેને બદલે ૧૫૦ પુસ્તકો લખીશ.
- સ્માર્ટને વ્યક્તિગત, ઉદ્યોગપતિ માટેની અને એન્ટરપ્રાઇઝમાં પરિવર્તન લાવનાર દુનિયાની સૌથી મોટી કંપની બનાવીશ.
- મેં પ્રકરણ-૭માં પ્રશ્ન માટે લખેલાં લક્ષ્યો સિદ્ધ કરીશ (હું આ દુનિયા છોડી જાઉં તે પહેલાં મને શું કરવું ગમશે?)

ઉપર વર્ણવેલ રીતે જીવન જીવવું તે હંમેશાં માટે જીવંત હોવા તરીકે ઓળખાય છે. પરંતુ જીવનની બધી જ રોજીંદી ગુંચવણોની વચ્ચે, આ ચિત્ર બહુ જલ્દીથી ભૂલી જવાય છે અને આથી, સમયાંતરે તમને તમારાં લક્ષ્યોની યાદ અપાવવી જરૂરી છે અને આ વસ્તુ તમારા પોતાનાથી કે તમને યાદ અપાવવા માટે નિમણૂંક કરાયેલ તમારા સહાયક વડે કે ટેક્નોલોજીના ઉપયોગ વડે ન થઈ શકે. આ ફીલોસોફીમાં તમારી સાથે હોય તેવા લોકોનું એક ગ્રુપ તમારે બનાવવું જોઈએ અને અહીં જ આપણે સૌથી મહત્ત્વના ખ્યાલ પર આવીએ છીએ – **યાત્રા વિસ્તરણ કરનારાઓનું જુથ.** આ એવા લોકોનું જુથ છે જેઓ તમારા જેવા છે – તંદુરસ્ત, સદાય જીવંત, મૃત્યુ સુધી જીવન જીવનારા. આ લોકોએ પણ તમારી જેમ જીવનને મહત્તમ કરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે અને તેમના સાંનિધ્યમાં રહેવું તે તમને તમારા સદાય જીવંત રહેવાનાં લક્ષ્યની વધુ નજીક લઈ જશે. એક અથવા બીજાં કારણસર આ જુથ નાનું થતું જાય તેવું બની શકે છે,

પરંતુ જુથના સ્વયં સ્થાપિત નેતા તરીકે, જુથ વિકસતું રહે તેની તમારે ખાતરી રાખવી પડશે. જો એક સભ્ય છોડી જાય તો બીજા ત્રણનો ઉમેરો થવો જ જોઈએ અને જુથનો ઉત્સાહ તથા યુવાની જીવંત રાખવાં પડશે.

તમારા યાત્રા વિસ્તરણ જુથના ભાગ બની શકે તેવા ચાર લોકોની સૂચિ બનાવો અને તમે તેમની સાથે કેવી રીતે વાતચિત કરશો અને સદાય જીવંત રહેશો તે વર્ણવો.

____
____
____
____
____
____
____

વૃદ્ધાવસ્થા એ વીસમી સદીનો ખ્યાલ છે. તે એક સ્વ-પરિપૂર્ણતાની આગાહી છે. તમે મોટેભાગે જેવું વિચારો છો તેવા થાવ છો. જો તમે વિચારો કે તમે વૃદ્ધ છો, તો તમે વૃદ્ધ છો; જો તમે વિચારો કે તમે સદાય જીવંત છો, તો તમે સદાય જીવંત રહેશો. તમારા વિચારો, આદાન-પ્રદાન તથા ક્રિયાઓ દ્વારા લોકોને દેખાડો કે તમે ૧૦૦ વર્ષથી પણ આગળ, મોટા માણસ જેવું જીવન જીવશો. તમારી આસપાસનાં બધાંને આ જોવા દો, અનુભવવા દો, માનવા દો અને ચાહવા દો. તમારા મહાન ભવિષ્યની આગાહી કરો અને સર્જો. તમારું મહાન ભવિષ્ય જીવો! સમય, સ્ત્રોતો, તકો ને મહત્તમ બનાવો... જીવનને મહત્તમ બનાવો!

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરીછે. અગીયારમાંનો દસમો આદેશ :

જાહેર કરો કે તમે હંમેશાં માટે જીવંત રહેશો.

આદેશ

૧૧

નકલ કરવી મુશ્કેલ હોય તેવું જીવન જીવો

જો તમારું જીવન સહેલાઈથી નકલ કરી શકાય તેવું છે,
તો તમે જીવનને મહત્તમ કરવાવાળા નથી.

મારા વ્હાલા મિત્રો, આપણે અંતિમ પ્રકરણ પર આવી ગયા છીએ. આ અગીયાર આદેશોમાંનો છેલ્લો આદેશ જે હું મારાં જીવનમાં શીખ્યો છું અને જેનો ઉપયોગ મેં મને પોતાને તથા મારી આસપાસના લોકોને મહત્તમ બનાવવામાં કર્યો છે અને હું કહીશ કે આ આગળના ૧૦મા આદેશની પરિસીમા સિવાય બીજું કંઈ જ નથી!

મેં આ પુસ્તકનાં સૌથી પહેલાં પ્રકરણમાં જ 'જીવન જીવવા અને વિતાવવા' વચ્ચેના તફાવત વિશે કહ્યું છે. તે વખતે તેનો શું અર્થ થાય તે સફળતાપૂર્વક સમજાવી શકવાની સ્થિતિમાં હતો કે નહીં તે હું નથી જાણતો, પરંતુ જો હું તેમ નથી કરી શક્યો, તો આપણે ફરી એક વાર જોઈએ.

મોટાભાગના લોકો વસ્તુઓનો વપરાશ કરવામાં જીવન વિતાવે છે, પરંતુ જેમને હવે આપણે જીવન મહત્તમ કરનાર તરીકે ઓળખીએ છીએ, તેઓ સર્જન કરનારા છે. સર્જનારાઓ વપરાશ નથી કરતા અને વાપરનારાઓ સર્જન નથી કરતા.

સર્જન કરનારાઓ કોર્પોરેશન્સ, સંસ્થાઓ, રાષ્ટ્રો તથા સ્મારકો સર્જે છે. બીજી તરફ, વપરાશ કરનારાઓ – સામાન્ય માણસો – આ કોર્પોરેશન્સ કે સંસ્થાઓ માટે કામ કરે છે; આ રાષ્ટ્રો અથવા સ્મારકોનાં સર્જનનો ભાગ બનો અને સર્જકો વડે ઉત્પાદિત કરાયેલ ઉત્પાદનો તથા સેવાઓનો ઉપયોગ કરો.

જેઓ જીવનને મહત્તમ કરનારાઓ છે તેઓ તેમનાં જીવનની શરૂઆતમાં જ ખૂબ સજાગ નિર્ણય લે છે – તેઓ સર્જનકર્તા બનવાનું નક્કી કરે છે, ગ્રાહકો નહીં અને આથી તેઓ એવી જીંદગી જીવે છે જેની સહેલાઈથી નકલ ન કરી શકાય.

અને એક માણસને સર્જનકર્તા બનવા માટે, તેણે પૃથ્વી પર સમયના લાંબા ગાળા સુધી રહેવાની જરૂર નથી. તેની જીંદગી પણ અન્ય કોઈના પણ જેટલી ટૂંકી હોઈ શકે છે. છતાં તે આ એક જીવનકાળમાં તે એ કરી શકે છે જેને અન્ય માણસ માટે સદીઓમાં પણ નકલ કરવી મુશ્કેલ છે.

આપણે 'એપલ'નો દાખલો લઈએ – એક નવસર્જન માટે પાગલ કંપની. એપલની પાછળ સ્ટીવ જોબ્સ નામનો માણસ હતો જેની આ પૃથ્વી પરની મુલાકાત માત્ર ૫૬ વર્ષ માટે હતી અને આ ટૂંકા સમયગાળામાં તેણે ચાર કંપનીઓને ધરમૂળથી બદલી નાંખી. એક જીવનકાળમાં એક કંપની બદલવી પણ મુશ્કેલ છે અને તેણે ચાર બદલી – આઇટ્યુન્સ સાથે

સંગીત ઉદ્યોગ; પીક્ષર સાથે ફિલ્મ ઉદ્યોગ; આઇપેડ/મેક વડે કોમ્પ્યુટર ઉદ્યોગ; આઇફોન વડે ટેલીકોમ્યુનીકેશન ઉદ્યોગ.. અને પછીની રમત બદલનાર વસ્તુ માટેની તરસ તેના જીવનના અંત સુધી ચાલુ રહી.

કોલેજ છોડી દીધેલા સ્ટીવ જોબ્સે એક મિત્ર સ્ટીવ વોઝનીયાક (વોઝ તરીકે જાણીતો) સાથે મળીને ૧૯૭૬માં એપલની સહસ્થાપના કરી અને સ્ટીવનાં પરિવારના ગેરેજમાં શરૂઆત કરી. વોઝની સાથે મળીને સ્ટીવે તેના પ્રથમ પ્રેમ એપલને ઊભું કરવામાં તેનું હૃદય તથા આત્મા રેડી દીધાં, અને દસ વર્ષની અંદર તે ૪૦૦૦ કર્મચારીઓ સાથે ૨ અબજ ડોલર્સની કંપની તરીકે વિકસી. ત્યાં સુધીમાં સ્ટીવ ૩૦ વર્ષનો થયો હતો. યથા સમયે, તેમણે એક માણસને કામ પર રાખ્યો જેના વિશે સ્ટીવને લાગ્યું કે તે પોતાની સાથે મળીને કંપની ચલાવશે, પરંતુ તેમનાં પ્રથમ વર્ષ પછી જ, ભવિષ્ય વિશેની તેમની દૃષ્ટિ સમાન ન હતી, અને તેમની વચ્ચે ઝઘડો થયો. બોર્ડ ઑફ ડાયરેક્ટર્સે પેલા માણસને ટેકો આપ્યો અને સ્ટીવને કાઢી મૂક્યો.

તેને તેની પોતાની કંપનીમાંથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને તેનાં સમગ્ર પુખ્ત જીવનનું જે એક માત્ર કેન્દ્ર હતું તે થોડીક ક્ષણોમાં છીન્ન વિચ્છીન્ન થઈ ગયું. પરંતુ સ્ટીવે જીવન પર છોડી ન દીધું. તેણે બે નવાં સાહસો શરૂ કર્યાં, પીક્ષર સ્ટુડીયો જે ૨૦૦૬માં સ્ટીવ જોબ્સને ડીઝનીનો સૌથી મોટો શેર ધારક બનાવીને વોલ્ટ ડીઝનીમાં ભળી ગઈ, તેણે દુનિયાની પ્રથમ કોમ્પ્યુટર એનીમેનેટેડ ફિલ્મ *ટોય સ્ટોરી* અને અન્ય ફિલ્મોનું સર્જન કર્યું; બીજી કંપની Next નામની કોમ્પ્યુટર હાર્ડવેર તથા સોફ્ટવેર કંપની હતી, જે ઘટનાઓના બીજા વળાંકમાં, એપલ વડે ખરીદી લેવાઈ અને આમ સ્ટીવ જોબ્સને ફરી એક વાર CEO તરીકે તેના પ્રથમ પ્રેમ પાસે પાછી લઈ આવી.

એપલમાં તેની બીજી ઇનીંગ વખતે, તેણે ચોંકાવનારી ઝડપે, અદ્‌ભૂત ઉત્પાદનો આપ્યાં – નકલ કરવાનું મુશ્કેલ!

એપલ એક નવું ઉત્પાદન રજુ કરે તે પછી લગભગ તરત જ સ્પર્ધકો તેની સરખામણીમાં ઊભી રહી શકે તેવી ટેક્નોલોજી ઉત્પાદિત કરવા ધક્કા મુક્કી કરતા, પરંતુ આગળ રહેવામાં ક્યારેય સફળ ન થયા. સ્ટીવે મેકબુક એર, આઇપોડ અને આઇફોન જેવા ક્રાંતિકારી ઉત્પાદનો રજુ કર્યાં, જે બધાંએ આધુનિક ટેક્નોલોજીની ઉત્ક્રાંતિ પર વર્ચસ્વ ધરાવ્યું છે અને તેની અસર એટલી બધી છે કે તેના આઇફોન-૫ના ૨૦ લાખ પીસ તેના બહાર પાડવાના દિવસે જ વેંચાઈ ગયા – ઓહ... શું તે ખરેખર શક્ય છે?

‘જો તમે દરેક દિવસ તમારો છેલ્લો દિવસ હોય તે રીતે જીવો તો કોઈક દિવસ એકદમ ચોક્કસપણે તમે સાચા પડશો.’ આ ઉક્તિ તેણે ૧૭ વર્ષની ઉંમરે સાંભળી અને તે તેના જીવનનો પાયો બની ગઈ. તે દરેક દિવસ તેનો છેલ્લો દિવસ હોય એ રીતે જીવ્યો અને તેના જીવનના છેલ્લા દિવસ સુધી તેણે કામ કર્યું. કારણ કે તે તેનાં કામને માણતો હતો અને દુનિયાની કોઈ પણ વસ્તુ કરતાં તેને વધારે ચાહતો હતો. જ્યારે તેને પેનક્રીયાસનું કેન્સર હોવાનું નિદાન થયું ત્યારે વર્ષો સુધી તે પોતાની પીડા પર જીત મેળવતો રહ્યો, તેના જીવનની બધી ખુશીઓ કુરબાન કરી દીધી, અને તેના પોતાના કરતાં વધુ મોટા ઉદ્દેશ માટે જીવ્યો.

સ્ટીવ જોબ્સને સામાન્ય લોકોથી જેણે જુદો દેખાડ્યો તે તેના બે પાયાના ગુણો હતા :

૧. અવિચારીપણું

૨. અવ્યવહારુતા

મારા મહાન મિત્ર અને ભારતીય આધ્યાત્મિક ગુરુ ટી.ટી. રંગરાજન વડે અવ્યવહારુતાની વ્યાખ્યા આ મુજબ થઈ છે :

અવ્યવહારુતાએ એક મામૂલી વ્યક્તિનો શબ્દ છે જે અમલીકરણની જવાબદારી લેવા નથી માંગતો.

સ્ટીવ જોબ્સ તેનાં કામ સાથે પ્રેમમાં પડેલો એક અવ્યવહારુ ઝનૂની માણસ હતો. તે જે વસ્તુઓનાં સર્જનમાં માનતો તેને માટેની સંપૂર્ણ જવાબદારી લેતો; તેણે પોતાના દૃષ્ટિકોણનાં અમલીકરણ માટેની જવાબદારી લીધી અને સામાન્ય માણસોએ જેને અવ્યવહારુ સ્વપ્ન તરીકે લીધું તેને તેણે વ્યવહારુ વાસ્તવિક્તામાં બદલી નાખ્યું. એપલ, જે આજે દુનિયાની સૌથી મુલ્યવાન કંપની છે, તેનું માર્કેટ મુલ્ય ૬૫૬ અબજ ડોલર્સ છે.

વ્યક્તિના જીવનની ગુણવત્તા મહત્ત્વની છે, દીર્ઘાયુષ્ય નહીં.

— માર્ટીન લ્યુથર કીંગ જુનિ.

માર્ટીન લ્યુથર કીંગ જુનીયરના શબ્દો સાથે જતાં, સ્ટીવ જોબ્સ લાંબું નહીં, પરંતુ ગુણવત્તા સભર જીવન જીવ્યો અને આ પ્રક્રિયામાં તેણે શારીરિક, માનસિક અને મનોવૈજ્ઞાનિક પીડાઓ પર વિજય મેળવ્યો. તેણે લાગણીઓને જીતી. તેણે દિવસ અને રાત્રી પર વિજય મેળવ્યો, તેણે થોડુંક વધારાનું કામ કર્યું અને સામાન્ય પરિસ્થિતિઓને અસામાન્ય બનાવી.

તેણે વધારાનું કામ કર્યું, વધારાની મુસાફરી કરી, વધારાનું બોલ્યો, વધારાનું વાંચ્યું, વધારાનું ઊભું કર્યું, વધારાની ક્ષમતાઓ તથા આવડતો વિકસાવી. તેનામાં પુષ્કળ જુસ્સો, નિર્ણયાત્મક્તા, સમર્પણ, ગંભીરતા, શિસ્ત અને ઉત્તેજના હતાં અને તે એક અસામાન્ય વ્યક્તિ બન્યો – એક જીવનને મહત્તમ બનાવનાર! તેનાં જીવનની પ્રતિકૃત્તિ બનાવવી મુશ્કેલ છે અને આ એ અંતિમ આદેશ છે જે તમારે તમને પોતાને આપવાનો છે. તેના તરફ સભાનપણે અને સક્રિયપણે કામ કરવાનું યાદ રાખો!

આખા જીવનકાળ માટે જીવનને મહત્તમ બનાવવા માટે તમારે આ હુકમ, આ સૂચના, આ આજ્ઞા, આ ફરમાન, આ ઇશ્વરનો નિયમ, આ આદેશ, તમારા જીવનમાં દરરોજ, દર કલાકે, દર મિનિટે આપવો જરૂરી છે.

એવું જીવન જીવો જેની નકલ કરવી મુશ્કેલ હોય.

ઉપસંહાર

મિત્રો, આપણે પુસ્તકના અંત સુધી આવી પહોંચ્યાં છીએ. આ અગીયાર પ્રકરણો દ્વારા મેં જે આદાન-પ્રદાન કર્યું તે સૈધ્ધાંતિક ફીલોસોફીઓ નહીં, પરંતુ મારા જીવનનો અર્ક છે. મેં રજુ કરેલ દરેક આદેશ મારા જીવનનો માર્ગદર્શક સિદ્ધાંત છે. તેમણે મેં જે કાંઈ પણ પ્રાપ્ત કર્યું છે તેનો પાયો ઘડ્યો છે અને મારાં જીવનનાં બાકીનાં લક્ષ્યો મારી પહોંચની અંદર છે કારણ કે હું તેમાં અને તમારી સાથે મેં વહેંચ્યું છે. તે બધાં જ આદાન-પ્રદાનમાં વિશ્વાસ ધરાવું છું.

કદાચ બધા નહીં તો થોડા આદેશોએ તો ચોક્કસપણે તમને મુગ્ધ કર્યા હશે અને જુદી રીતે તમારા જીવનને જોવા માટે દબાણ કર્યું હશે. તેમાંથી કેટલાકનું આચરણ કરવાનું તમે શરૂ કરી દીધું હશે, અથવા આવનારા દિવસોમાં તમે જીવનનો વધુ નજીકથી સામનો કરશો ત્યારે ટૂંક સમયમાં થોડા આદેશોનું આચરણ શરૂ કરશો. પરંતુ તમે તેમ કરો તે પહેલાં હું તમને આ પુસ્તકની શરૂઆતમાં પાછાં જવાની અને અત્યાર સુધી તમે વાંચેલા અગીયારે અગીયાર આદેશોને ફરી જોઈ જવાની વિનંતી કરીશ, મેં વાંચેલા કહ્યું છે – અંદર ઉતારેલા નહીં.

જીવનને મહત્તમ કરવાનો અર્ક આ પુસ્તકની સમગ્રતામાં પડેલો છે – અગીયારે અગીયાર આદેશોમાં એક/બે/પાંચ આદેશમાં નહીં.

આ અગીયારે આદેશ એકબીજા સાથે વણાયેલા તથા પરસ્પર સંકળાયેલા હોવાને લીધે તેમની સંગઠિત શક્તિ વડે જાદુ સર્જાયો હોવાથી, આ ફીલોસોફીઓમાંથી થોડીક પસંદ કરીને તેમને અનુસરવાથી તમે જીવનને ક્યારેય મહત્તમ નહીં બનાવી શકો અને જ્યારે તમે આ દરેક આદેશને અનુસરશો, સ્વીકારશો, તમારી માનસિક્તામાં તેમને શોષી લેશો અને તેમને એવી રીતે અંદર ઉતારી લેશો કે તમે આ આદેશોનું જીવતું જાગતું ડેમોન્સ્ટ્રેશન બની જાવ, ત્યારે તમે જીવનને મહત્તમ બનાવ્યું હશે.

તમારું જીવન ડહાપણ, શક્યતા વિચારસરણીનો સંક્ષેપ હશે, મધદરીયે વહાણ ઝૂકાવવાનો, સ્વાયત્તાનો ટૂંકસાર હશે તેમજ સ્ત્રોતોના મહત્તમીકરણનો, તમારા વિચારો, શબ્દો તથા કાર્યોમાં સકારાત્મકતાનો, નેતાગીરીનો, ભાવનાત્મક રીતે વહાવી જતા વિક્ષેપોથી પોતાને દૂર રાખવાનો, એકલવાયાપણાનો અને છેવટે એક નકલ ન થઈ શકે તેવી જીંદગી જીવવાનો સંક્ષેપ હશે. તમે એવું જીવન જીવશો જેની પ્રતિકૃતિ

કરીને જીવતાં માણસને ૪૦ જીવનકાળ લાગે, અને જીવનનાં મહત્તમી કરણની આ સાચી પરાકાષ્ઠા છે!

જ્યારે હું એક સાથે અગીયારે આદેશો તરફ નજર કરું છું, ત્યારે ખ્યાલ આવે છે કે એક માણસ એવો છે જેણે આ બધાંને અપનાવ્યા હતા, જેનો ઇતિહાસ આપણે અગીયારમાં પ્રકરણમાં જોયો. તે માત્ર અગિયારમો આદેશ જ નહીં, પરંતુ જીવનના મહત્તમીકરણના અગીયારે અગીયાર આદેશો જીવ્યો છે અને તે દરેકનો તે વિશુદ્ધ પ્રતિનિધિ છે, સ્ટીવ જોબ્સ!

ઉપસંહારમાં હું આ ‘ઇનોવેશન જીનીયસ’ને શ્રદ્ધાંજલી અર્પવા ઇચ્છીશ જે જીવનના મહત્તમીકરણના મૂળ અર્કને ધારણ કરે છે, જે આપણે અત્યાર સુધીમાં શીખ્યા તે બધા જ અગીયાર આદેશોમાં સજીવારોપણ કરે છે. તેણે આ કેવી રીતે કર્યું તેના તરફ નજર કરીએ :

→ સ્ટીવને તે જે કરતો હતો કે તે જ્યાં હતો તેનાથી જરાપણ સંતોષ ન હતો. તે સતતપણે પોતાના સ્વનું સમાપન કરતો રહ્યો અને જેનાં કોઈએ સ્વપ્ન પણ નહોતાં જોયાં તેવાં ઉત્પાદનોની શોધ કરતો રહ્યો. તે દંતકથા સમાન થોમસ એડીસન પછી બીજો સૌથી મહાન નવસંશોધક હતો.

→ તે શક્યતા વિચારક હતો. તેણે પોતાના પિતાના ગેરેજમાંથી એપલની શરૂઆત કરી અને તેને અબજો ડોલર્સની કંપની બનાવી.

→ તેણે પોતાની નાવ મધદરીયે ઝૂકાવી. કોમ્પ્યુટર ઉદ્યોગમાં સફળ સાહસની આગેવાની કરી રહ્યો હતો ત્યારે, તેણે ટેલીકોમ્યુનીકેશન, ફિલ્મ તથા સંગીત ઉદ્યોગમાં, તે તેની વર્તમાન ગૌરવ તથા સફળતા પર કેવી અસર કરશે તેનાથી ડર્યા વગર ઝંપલાવ્યું અને છતાં તેના બધા પ્રયાસોમાં તે વિજેતા તરીકે બહાર આવ્યો.

→ તે એક સ્વાયત્ત વ્યક્તિ હતો. તેને જેવો ખ્યાલ આવ્યો કે કોલેજનાં શિક્ષણનું કોઈ મુલ્ય નથી, કે તરત જ તેણે કોલેજ છોડી દીધી અને તેને બદલે તેણે એવી વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કરી દીધું. જેણે તેને આજે તે જે છે તે બનાવ્યો. તે તેણે પોતાના પર લાદેલા નિયમો મુજબ જ જીવ્યો અને સંપૂર્ણપણે કંઈ જ ન હતું તેમાંથી દુનિયાની સૌથી મુલ્યવાન કંપની બનાવી.

→ તેણે તેની આસપાસના બધા સ્ત્રોતોનું મહત્તમીકરણ કર્યું અને એક એવી સંસ્થા ઊભી કરી, જે ૬૦,૦૦૦થી વધુ કર્મચારીઓ ધરાવે છે.

→ તે હંમેશાં તેના વિચારો, શબ્દો તથા કાર્યોમાં સકારાત્મક અને પ્રેરણાત્મક રહ્યો હતો. તેને તેની પોતાની કંપનીમાંથી બહાર ફેંકી દેવામાં આવ્યો, પરંતુ તે વિખેરાઈ ન ગયો. તેણે પોતાની જાતને પોતે

પહેલાં કર્યું હતું તેનાથી પણ કંઈક મોટું અને વધુ સારું કરવામાં ગોઠવી દીધી.

→ તે તેનાં સમગ્ર જીવન દરમિયાન એક આગેવાન રહ્યો અને તેના ઉદ્દેશ માટે મથતો રહ્યો, જે હતો નવસંશોધન, નવસંશોધન અને નવસંશોધન!

→ તેણે ભાવનાત્મક રીતે વહાવી દેતા વિક્ષોપોથી અંતર જાળવ્યું. તે એક કુંવારા દંપતિનો પુત્ર હતો જેમણે તેને જન્મ પછી તરત જ દત્તક આપી દીધો. તેની વીસીની મધ્યમાં તેને આ બાબતની જાણકારી મળી અને તે તેનાં જન્મદાતા માતા-પિતાને મળ્યો પણ ખરો, પરંતુ તેણે આ સત્યને કારણે ક્યારેય પોતાને ભાવનાત્મક રીતે તૂટી જવા ન દીધો.

→ તે જીવનમાં એકલવાયો હતો. તે વિચિત્ર વિચારો, તરંગી ફીલોસોફીઓ તથા હિંમતભર્યાં પગલાંઓ માટે જાણીતો હતો અને આખી દુનિયાથી અલિપ્ત રહ્યો, જ્યારે તેનું એક માત્ર જોડાણ તેના ઉદ્દેશ – એપલ સાથે જ રહ્યું.

→ તે હંમેશાં માટે જીવંત હતો. પેનક્રીયાસનું કેન્સર મારી હઠાવાય તેવું ન હોવા છતાં, તેણે જીવન છોડી ન દીધું. આ જીવલેણ બીમારી સાથે તે એટલી સુંદર રીતે લડ્યો કે તે મૃત્યુ પામ્યો ત્યાં સુધી, છેલ્લા દિવસ સુધી કામ કરતો કરતો જીવ્યો.

→ તે એવું જીવન જીવ્યો જેની નકલ કરવી મુશ્કેલ છે. તેના ટૂંકા જીવનગાળા દરમિયાન તેણે ચાર ઉદ્યોગોમાં પરિવર્તન આણ્યું અને દુનિયાની સૌથી ચમત્કારીક કંપની સર્જી જે તેનાં મૃત્યુનાં ઘણાં વર્ષો પછી પણ જીવંત રહેશે.

બીજું 'એપલ' ઊભું કરવા માટે એક સામાન્ય માણસે કેટલા જન્મ લેવા પડશે?

મને લાગે છે કે ૪૦ જીવનકાળ લાગશે. શું સ્ટીવજોબ્સનાં જીવનની પ્રતિકૃતિ થઈ શકે?

મુશ્કેલ છે.

તેણે આ દુનિયામાં તફાવત ઊભો કર્યો અને જગત તેને હંમેશાં માટે યાદ રાખશે.

શું તમે એના જેવાં જીવન વિશે વિચારી શકો? તમે ત્યાં પહોંચવા માટે તમારાં વર્તમાન સુખ-સગવડને દાવ પર લગાવવા તૈયાર છો?

જો આ નિષ્ફળ જાય તો તમે નવેસરથી શરૂ કરવા તૈયાર છો?

તમે તેને આગળ વધારવા તૈયાર છો?

તમે એ જીવનને નિહાળી શકો છો?

તમે તેનો પ્રયત્ન પણ કરી શકો છો?

જો ઉપરના પ્રશ્નોનો જવાબ 'હા' છે તો આ ગ્રહ પરની તમારી મુલાકાત યોગ્ય અને ફાળો આપનાર છે; જો નહીં તો તમે અત્યાર પછીની કોઈ પણ ક્ષણે ગુજરી જઈ શકો છો કારણ કે તમારું જીવન જીવવા યોગ્ય નથી!

જીવન મહત્તમ કરવા માટે શુભેચ્છા

સંદર્ભો

→ એકોફ આર. એલ. 'ફ્રોમ ડેટા ટુ વિઝડમ' જર્નલ ઑફ એપ્લાઇઝ સીસ્ટમ એનાલીસીસ, વોલ્યુમ ૧૬,૧૯૮૯ પાનાં 3+

→ 'ઇન્ફોર્મેશન, પ્રેફરન્સીસ એન્ડ નોલેજ. એન ઇન્સ્ટ્રેસ્ટીંગ ઇવોલ્યુશન ઇન થોટ' – આદમ મારીયા ગડોમ્સ્કી

→ 'ધ ઓરીજીન ઑફ ધ ડેટા ઇન્ફોર્મેશન નોલેજ વીઝડમ હાઇઆર્કી' – નીખીલ શર્મા

→ wikipedia.org

→ http://www.thecolorsofindia.com/dadasaheb.pharke/father.indian.cinema.html

→ 'ધ પાવર ઑફ વિઝન' જોએલ બાર્કર

→ 'ધ બીઝનેસ ઑફ પેરાડાઇમ્સ' જોએલ બાર્કર

→ 'ધ મીરેકલ મેન' – મોરીસ ગોડમેન

→ ધ ઇકોનોમીક ટાઇમ્સ આર્ટીકલ્સ

→ http://www.vridhamma.org/meditation-camp-in.tihar.jair

→ http://business.mapsofindia.com/business.readers/dhirubhai.ambani.html

→ http://www.communityoflchrist.net/photpourri/10_paradoxical.commandments/10_paradoxical_commandments.html

→ webster's Dictionary & Oxford Dictionary

→ http://www.spartacus.schoolnet.co.uk/usafard.html

→ http://grasshopper.com/blog/2011/11/the.early.fairures.of.famous.enterepreneurs.and.what.the.rearned.3/

→ http://beyondbelief2010.wordpress.com/2011/01/25/tailures.at.bill.gutes.henry.ford.and.other.famous.entreprenures/

- http://www.des.emory.edu/mfp/efficacynotgiveup.html
- http://www.mouseplanet.com/9365/of_failureand_success_the_journey_at_walt_disney .
- http://www.entrepreure.com/slideshow/219445
- http://www.progress.org/gandhi/gandhi03.html
- http://barnpowerful.com/2010/11/mother.teresa.her.heroic.heart.inspired.many/
- http://www.afternoondc.in/sports/mother.told/me.to.play.for.the.country.after.fathers.death.tendalkar/article_17098
- http://www.indianexpress.com/news/father-dead.he.bats.to.save.delhi/18988/
- http://articles.timesatindia.indiatimes.com/2008-03.03/top-stories/27755869_1_virat.kohri.ranji.criminal.rawyer .
- http://www.theweekendleader.com/success/1298/change.within.html
- http://www.womensweb.in/articles/inspiring.woman.anu.agu/
- http://www.burmacumpaign.org.uk/index.php/burma/about.burma/about.burma/a.bioyraphy.of.aung.san.suu.kyi .
- http://www.ted.com/tarks/steve_jobs_how_to_live_before_you_dir.html .
- http://www.biography.com/people/steve.jobs.9354805
- http://www.articles.bussinessinsider.com/2011-10-06/tech/30249828_1_collage.tation.calligraphy.adoption

Smmart વિશે

સ્માર્ટ ટ્રેનીંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વિસીસ પ્રા.લિ. સંતોષ નાયરનું માનસ બાળક છે અને ભારતની સૌથી સરસ આંત્રપ્રીન્યોર ટ્રાન્સફોર્મોશન કંપનીઓ પૈકીની એક છે.

કોર્પોરેટ ટ્રેનીંગ કંપની તરીકે શરૂ થયેલી સ્માર્ટે છેલ્લાં ૧૩ વર્ષોમાં મોટીવેશનલ પેપ ટોક્સ, ક્લાસરૂમ ટ્રેનીંગ પ્રોગ્રામ, આઉટબાઉન્ડ ટ્રેનીંગ ઇન્ટરેક્ટીવ/એક્ટીવીટી આધારીત વર્કશોપ્સ, આંત્રપ્રીન્યુરીઅલ ટ્રેનીંગ વગેરે સહિતના તાલીમ પ્રકારો તથા વિવિધ ઉદ્યોગોને આવરી લેવા માટે પોતાની પાંખો પ્રસારી છે.

સ્માર્ટની તજજ્ઞતા નીચેનાં ક્ષેત્રોમાં છે.

૧. પ્રેરણા આપતા કાર્યક્રમો

૨. વેંચાણ તાલીમના ટૂંકા અને લાંબા ગાળાના, સમયાંતરે તપાસ સાથેના કાર્યક્રમો

૩. વાટાઘાટ

૪. નેતાગીરી વિકાસ

૫. મુખ્ય હિસાબ વ્યવસ્થાપન

૬. સંસ્થાની જરૂરિયાત મુજબ તૈયાર કરાયેલ કોઈ પણ આવડત કે વલણને લગતો કાર્યક્રમ

7. CEO કોચીંગ તથા મોનીટરીંગ

૮. સમયાંતરે તપાસ સાથેના ટૂંકા તથા લાંબા ગાળાના ઉદ્યોગપતિના વિકાસને લગતા કાર્યક્રમો

૯. નાની અને મધ્યમ કદના ઉદ્યોગપતિઓ માટે વ્યક્તિગત કોંચીગ, સલાહ અને પ્રેરિત કરવા

૧૦. નાના અને મધ્યમકદની સંસ્થાઓના સમગ્ર વિકાસ તથા સીસ્ટમ્સ તથા પ્રોસેસીસને સંસ્થાગત કરવી.

સ્માર્ટ વડે તાલીમ અપાયેલ સરસ કોર્પોરેશન્સ પૈકીનાં કેટલાંક :

૧. એપટેક લી.

૨. એશીયન પેઇન્ટસ (ઇન્ડીયા) લી.

૩. અવીવા લાઇફ ઇન્સ્યોરન્સ.

૪. એક્સીસ બેંક

૫. બજાજ એલાયન્સ

૬. ભારતી AXA

૭. ભારતી સેલ્યુલર લી. (એરટેલ)

૮. બીરલા મ્યુચ્યુઅલ ફંડ

૯. બીરલા સનલાઇફ ઇન્સ્યોરન્સ

૧૦. કોકાકોલા

૧૧. ડીએલએફ લી.

૧૨. ડન એન્ડ બ્રાડસ્ટ્રીટ

૧૩. ફોર્ડ મોટર્સ

૧૪. હિન્દુસ્તાન લીવર

૧૫. એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઇફ

૧૬. એચએસબીસી બેંક

૧૭. હુન્ડાઇ મોટર્સ

૧૮. આઇસીઆઇસીઆઇ બેંક

૧૯. આઇડીયા સેલ્યુલર

૨૦. આયોન એક્સચેન્જ

૨૧. આઇટીડબલ્યુ ઇન્ડીયા લી.

૨૨. જહોન દીરે

૨૩. કોટક લાઇફ ઇન્સ્યોરન્સ

૨૪. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા

૨૫. મેક્ષ લાઇફ ઇન્સ્યોરન્સ લી.

૨૬. મેટ લાઇફ

૨૭. ન્યુ હોલાન્ડ ટ્રેક્ટર્સ

૨૮. ઓમ કોટક મહિન્દ્રા

૨૯. ફિલીપ્સ

૩૦. પ્રોક્ટર એન્ડ ગેમ્બલ

૩૧. રીલાયન્સ લાઇફ ઇન્સ્યોરન્સ

૩૨. સેન્ટ ગોબાઇન ગ્લાસ

૩૩. સોડેક્ષો

૩૪. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક

૩૫. સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા

૩૬. એસબીઆઈ લાઇફ ઇન્સ્યોરન્સ

૩૭. એસકેએફ બેરીંગ

૩૮. તાતા – એજીઆઈ

૩૯. તાતા સ્કાય લી.

૪૦. તાતા વીએસ એન.એલ.

૪૧. વોડાફોન એ.સાર.લી.

૪૨. કેટલાક નાનાં – મધ્યમ કદના એન્ટરપ્રાઇઝ

અમારા તાલીમ કાર્યક્રમો વિશે વધુ જાણવા માટે અથવા તમને પોતાને કે તમારી સંસ્થાને પરિવર્તિત કરવા માટે અમારી સેવાઓ લેવા માટે તમે અમારો સંપર્ક કરી શકો છો :

smmart ટ્રેનીંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વીસીસ પ્રા. લી.

૫૦૬, આકૃતિ આર્કેડ

વાડીયા સ્કૂલ સામે, જે.પી. રોડ,

અંધેરી (વેસ્ટ),

મુંબઈ – ૪૦૦૦૫૩,

ભારત.

ફોન – ૦૨૨ ૬૭૭૨૯૦૦૦

www.smmart.co.in

સંતોષ નાયર્સ નોલેજ પ્રોડક્ટસ એન્ડ મર્ચન્ડાઇઝ પ્રા. લીમીટેડ

સંતોષનાયર્સ નોલેજ પ્રોડક્ટસ એન્ડ મર્ચન્ડાઇઝ પ્રા. લીમીટેડ એ સંતોષ નાયરનો શ્રેષ્ઠતા તથા પરિવર્તન માટે પ્રેરણા આપવાનો પ્રયાસ છે. આ સંસ્થા નોલેજ પ્રોડક્ટસ તથા મર્ચન્ડાઇઝ સાથે કામ કરે છે.


'સંતોષ નાયર' નામની બ્રાન્ડ એક શક્તિશાળી નોલેજ બેંક અને ઓડીયો, વીડીયો તથા પુસ્તકો તથા આખા દેશમાં ઉપલબ્ધ એવા સંતોષ નાયરનાં ટાંચણોવાળા મગ, કેલેન્ડર્સ, ટી-શર્ટસ જેવી મર્ચન્ડાઇઝ રજુ કરે છે.

આ દરેક નોલેજ પ્રોડકટ્સ અને મર્ચન્ડાઇઝ એક વિજળીની જેમ કામ કરે છે જે લોકોને તેમની વર્તમાન વાસ્તવિક્તાઓ સામે જાગૃત કરીને પોતાની જાત સામે બળવો પોકારવા માટે પ્રેરિત કરે છે અને તેમની ખરી શક્તિને બહાર લાવવામાં મદદ કરે છે.

સંતોષ નાયર વડે બહાર પડાયેલ કેટલાક બેસ્ટ સેલીંગ ઓડીયો – વીડીયો છે :



આત્મવિશ્વાસ વધારનાર : આપણને ઘેરી વળેલ ડર તથા અસલામતીનો સામનો કરતી વખતે આપણા વિચારો, શબ્દો તથા કાર્યોમાં સ્વસ્થ, સજાગ અને નિર્દેશિત રહેવા માટે આત્મવિશ્વાસ એ શાશ્વત ક્ષમતા છે. ચાર કલાકના આ સ્વ-સશક્તિકરણ કાર્યક્રમમાં સંતોષ નાયર આત્મવિશ્વાસના અર્થ તથા મહત્ત્વ વિશે પ્રેરણાત્મક વ્યાખ્યાન આપે છે; આત્મવિશ્વાસવાળા લોકો કરતા હોય તેવી પાંચ વસ્તુઓ તથા આત્મવિશ્વાસુ વ્યક્તિના ત્રણ આવશ્યક ગુણધર્મો આ રીતે જોનારને તેમના આત્મવિશ્વાસનું રક્ષણ કરવા તથા તેને વધારવા સક્ષમ બનાવે છે.



ભવિષ્યને અનેકગણું કરનાર : આપણું ભવિષ્ય એ આપણી પોતાની મિલ્કત છે અને તેના મહત્તમ લાભ લણવા માટે આપણે તેની સારી સંભાળ લેવી જરૂરી છે. સંતોષ નાયર જીવનની યુનિવર્સિટી અને પોતાનાં ભવિષ્યને વધારવા માટે વ્યક્તિએ નક્કી કરવા જોઈએ તથા સિધ્ધ કરવા જોઈએ તેવાં ૧૨ લક્ષ્યોની વાત કરે છે.



સફળતા અનેક ગણી કરનાર : ઘણા લોકો પાસે સફળતા સ્વાભાવિક રીતે નથી આવતી. જીવનમાં સફળ થવા માટે ચોક્કસ પૂર્વનિર્ધારિત ફોર્મ્યુલાઓ હોય છે જેને સમજવી પડે તથા આચરણમાં મૂકવી પડે. આ ચાર કલાકની પેપ ટોકમાં સંતોષ નાયર તેના શ્રોતાગણને વ્યક્તિ જીવનનાં દરેક પાસામાં સફળ કેવી રીતે થઈ શકે તે વિશે પ્રબુદ્ધ કરે છે અને સફળતા માટેની છ ફોર્મ્યુલાઓ પરથી પડદો પણ ઉપાડે છે!



જીવનને મહત્તમ કરવાના અગીયાર આદેશો : તમારા હાથમાં છે તે આ પુસ્તકની પ્રેરણા એવી આ CD અગીયાર આજ્ઞાઓ, ફરમાનો, માંગણીઓ, સૂચનો અથવા ‘ઇશ્વરના નિયમો’ સમજાવે છે. જેને વ્હાલથી ‘જીવનને મહત્તમ કરવાના અગીયાર આદેશો’ કહ્યા છે અને જે વ્યક્તિએ જીવનની દરેક ક્ષણે, દરેક મીનીટે, દર કલાકે, દરરોજ ને મહત્તમ બનાવવા માટે અનુસરવા જરૂરી છે. ખાસ કરીને આ પુસ્તક વાંચ્યા પછી ચોક્કસ જોવી જોઈએ તેવી CD .



ઉત્પાદકતા વધારનાર : આ એક અંતરદૃષ્ટિ વાળો અને પરસ્પર પ્રક્રિયાવાળો કાર્યક્રમ છે જે ખાતરી કરશે કે જીવનમાં સૌથી હતાશાજનક અને પડકારજનક પરિસ્થિતિઓ હોય તો પણ તમે ઉત્પાદક, આત્મવિશ્વાસુ તથા ખુશ રહો. તે તમને ABCDE અને રેશનલ ઇમોટીવ બીહેવીયર થેરાપીની સૌથી આગળ વધેલ ટેક્નિક દ્વારા આ સાધનને ઉત્પાદક રીતે ઓળખતાં તથા ઉપયોગ કરતાં શીખવશે જેથી તમે દરેક નકારાત્મક ભાવના અને માન્યતાને સકારાત્મક વડે બદલી શકો.



વેંચાણ વધારનાર : બધા માણસોએ જીવનમાં કંઈક વેંચવાનું હોય છે; તે ઉદ્યોગપતિ હોય, સેલ્સમેન હોય, શિક્ષક હોય, બાળક હોય, વાલી હોય, ઉપરી હોય કે કર્મચારી હોય. આ શક્તિથી છલોછલ CD માં વેંચાણમાં દંતકથા સમાન સંતોષ નાયર શ્રોતાને સમય ઘટાડવાની, ગતિ વધારવાની ટેક્નિકો વિશે પ્રબુદ્ધ કરે છે અને એક વિચાર, ઉત્પાદન, આઇડીયા વેંચતી વખતે અર્થપૂર્ણ પરિવર્તન લાવવા વિશે અને આ રીતે જીવનને વધુ સરળ, વાઇબ્રન્ટ, પ્રગતિશીલ તથા સફળ બનાવવા વિશે કહે છે.



તક વધારનાર : આ ચાર કલાકના જીવનનું પરિવર્તન કરી નાખતા ચમત્કારમાં સંતોષ નાયર એવા બે રોગ વિશે વાત કરે છે જેનાથી આપણામાંના મોટાભાગના લોકો પીડાઈએ છીએ : ૧૦૦% ક્ષતિરહિત સીન્ડ્રોમ (જો ભી કરુંગા પરફેક્ટ કરુંગા) અને ક્રોનિક **ટુ મોરો** સીન્ડ્રોમ (જો ભી કરુંગા કલસે કરુંગા) આ રોગોનું એક માત્ર મારણ છે ધ સ્માર્ટ ૭૫% ઓપોર્ચ્યુનીટી મંત્ર જે તમને તમારા વ્યાપાર, આરોગ્ય, સંપત્તિ, સંબંધો, સામર્થ્ય તથા જીવનને વધારવા માટે તમે બધી જ તકો કેવી રીતે ઝડપી લઈ શકો તે દર્શાવશે.



વિશ્વાસ વધારનાર : એક વસ્તુ જે સફળતા માટે જરૂરી છે તે છે વિશ્વાસ. જો સારી રીતે પોષવામાં આવે તો તે મહાન વ્યક્તિત્વ તરફ દોરી જઈ શકે અને જો ગુમાવી દેવાય તો તે સફલ કોર્પોરેશન્સ અથવા સંબંધોનો હંમેશ માટે નાશ કરી નાખે. વિશ્વાસ વધારનાર તમને અપનાવવામાં સરળ પડે તેવી ટેક્નિક્સ અને જીવનમાં કાયમ માટે DTR બનવાના ગુણો આપે છે : ડીપેન્ડેબલ, ટ્રસ્ટવર્ધી અને રીલાયેબલ (આધાર રાખી શકાય તેવા, વિશ્વાસ પાત્ર અને ભરોસાપાત્ર).



નેતાગીરી વધારનાર : આ જ્વલંત કાર્યક્રમમાં સંતોષ નાયર નીચેના વિશે પ્રબુદ્ધતા આપે છે :

- નેતા કોણ છે?
- નેતા કેવી રીતે ઉત્પન્ન કરાય છે?
- એક નેતાના ગુણધર્મો
- નેતાગીરીનાં પાંચ સ્તર
- પ્રભાવી નેતાગીરી માટેના ૧૪ પાઠો



બદલાવ વધારનાર : આપણી આસપાસની દુનિયા બદલાઈ રહી છે. લોકો, સંબંધો, ઉદ્યોગો, અર્થશાસ્ત્ર, લોકો પહેલાં જેમાં કામ કરતા હતા તે પરિસ્થિતિઓ તથા સંજોગો, બધું જ બદલાઈ રહ્યું છે! આ બદલાતા સમય સાથે ગતિ જાળવી રાખવા માટે અને દુનિયા સાથે સુસંગત રહેવા માટે તમારે બદલાવના DNA ઘડવા પડે અને બદલાવ વધારનાર બનવું પડે. બદલાવને અનેક ગણો કરવાની કળા સંતોષ નાયર પાસેથી શીખો. સંસ્થામાં બદલાવ આગળ વધારવા માટે આઠ મુદ્દાનો ગેમપ્લાન સમજો.



વિશિષ્ટ લક્ષણ વધારનાર : તમારે માત્ર એ જ કરવું જોઈએ જે કરવાનું તમને ગમે છે અને જો તમે ૧૦ વર્ષ કે ૧૦,૦૦૦ કલાકો આ કામ કરશો તો તમારાં ક્ષેત્રમાં તમે જીનીયસ બની જશો. આ જીવનમાં પરિવર્તન લાવનાર પ્રગટીકરણમાં સંતોષ નાયર સમજાવે છે કે :

- વિશિષ્ટ લક્ષણોનો અર્થ શું છે?
- DFF – વિશિષ્ટ લક્ષણ ડર જે તમને તમારાં વિશિષ્ટ લક્ષણથી દૂર રાખે છે.
- વિશિષ્ટ લક્ષણની પાંચ શક્તિશાળી પ્રક્રિયાઓ: તમારાં વિશિષ્ટ લક્ષણને ઓળખવું.

- વિશિષ્ટ લક્ષણ દળ : તમારાં વિશિષ્ટ લક્ષણ માટેની તમને ટેકો કરનાર ટીમ.



જવાબદારી વધારનાર : જવાબદારી ટાળવી તે જીવનનો નિર્ધારિત માર્ગ છે ન્યુરોસીસ છે, સાયકોસીસ છે, પીધેલા હો તેવી પરમશાંતિની અવસ્થા છે જ. તે તમારી ફીલોસોફીમાં એટલો ઊંડો ઊતરી ગયેલો પદાર્થ છે કે તમે જવાબદારી ટાળો છો તે હકીકત તમને લાગતી પણ નથી; છેવટે તે તમારી પોતાની તથા તમારી આસપાસનાની પ્રગતિ અટકાવે છે. આ કાર્યક્રમમાં સંતોષ નાયર જાવબદારી ટાળનાર અને જવાબદારી અનેકગણી કરનાર વચ્ચે ભેદ પાડે છે, તે જવાબદારી ટાળનારનાં ૧૧ લક્ષણોને હાઇલાઇટ કરે છે અને તમને જવાબદારી વધારનાર બનાવવા માટે છ ફોર્મ્યુલા દર્શાવે છે.



અચોક્કસ સમયમાં જીતવું : વર્તમાનમાં આપણે બધા અચોક્કસ સમયનો સામનો કરીએ છીએ. આ સમયને અંગત તેમજ વ્યાવસાયિક ખળભળાટનો સમય કહી શકાય : મુંઝવણ, પેરાનોઇઆ, આશાવિહીનતા, વ્યગ્રતા, હતાશા, પીડા તથા તણાવનો સમય. આ ચાર કલાકના પાવર પેક્ડ કાર્યક્રમમાં સંતોષ નાયર જીતવા વિશે અને અચોક્કસ સમય છતાં વિજેતા બનવા માટે જરૂરી આઠ ફોર્મ્યુલાઓ વિશે કહે છે.



ઉદ્યોગપતિઓ કેમ પાછળ રહી જાય છે :

- તમને લાગે છે કે તમે સફળ ઉદ્યોગપતિ છો?
- તમારો વ્યાપાર વર્ષોવર્ષ વધે છે?
- તમે તમારાં તંત્રને પછીનાં સ્તર સુધી લઈ જાવ છો?

આ પ્રશ્નોના તમારા જવાબો ‘હા’ હોય કે ‘ના’ આ કાર્યક્રમ આંખો ખોલી નાખનાર બનશે, તમને ઉદ્યોગપતિને લગતી શ્રેષ્ઠતાના માર્ગ પર લઈ જશે, અને દરેક પસાર થતી ક્ષણ સાથે તમને ઉદ્યોગપતિપણું માણવામાં મદદરૂપ થશે.

આમાંથી કોઈ પણ ઓડીયો કે વીડીયો ઓર્ડર કરવા માટે અથવા અમારી નોલેજ પ્રોડકટ્સ તથા મર્ચન્ડાઇઝ વિશે જાણવા માટે તમે અમારો સંપર્ક કરી શકો છો :

smmart ટ્રેઇનીંગ એન્ડ કન્સલ્ટન્સી સર્વીસીસ પ્રા.લી.

૫૦૬, આકૃતિ આર્કેડ,

વાડીયા સ્કૂલ સામે, જે.પી. રોડ, અંધેરી (વેસ્ટ)

મુંબઈ – ૪૦૦૦૫૩,

ભારત.

ફોન – ૦૨૨ ૬૭૭૨૯૦૦૦

www.smmart.co.in